શાસનપતિ પરમાત્મા મહાવીરદેવ અવધિજ્ઞાની
'શિષ્ય ધર્મદાસગણિ' વિરચિત ગ્રન્થનું વિવેચન...

# ઉપદેશમાળા

## ભાગ - ૪

ભાગ ૧માં - ૧ થી ૮૧ શ્લોકોનું વિવેચન
ભાગ ૨માં - ૮૨ થી ૧૪૭ શ્લોકોનું વિવેચન
ભાગ ૩માં - ૧૪૮ થી ૨૦૫ શ્લોકોનું વિવેચન
ભાગ ૪માં - ૨૦૬ થી ૨૭૦ શ્લોકોનું વિવેચન

પં. ચન્દ્રશેખરવિજયજી

૩૨૧

કમલ પ્રકાશન ટ્રસ્ટ
ઝવેરીવાડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧

**પ્રકાશક :**
**કમલ પ્રકાશન ટ્રસ્ટ**
જીવતલાલ પ્રતાપશી સંસ્કૃતિભવન,
૨૭૭૭, નિશાપોળ, ઝવેરીવાડ,
રિલીફ રોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧
**ફોન :** ૫૩૫ ૫૮ ૨૩
૫૩૫ ૬૦ ૩૩

**લેખક-પરિચય :**
સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવન્ત શ્રીમદ્ વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના વિનેય
**પં. શ્રી ચન્દ્રશેખરવિજયજી**

પ્રથમ સંસ્કરણ : નકલ ૨૦૦૦
વિ. સં. ૨૦૫૭, ૧૦-૪-૨૦૦૧

**મૂલ્ય :** ૩૫-૦૦

**ટાઈપસેટિંગ :**
**ટાઈપોગ્રાફર્સ,**
ડી-૨૨, મહાવીર ચેમ્બર્સ, રિલિફ રોડ,
અમદાવાદ-૧. **ફોન નં.** ૫૫૦ ૪૯ ૨૮.

**મુદ્રક :**
**ભગવતી ઓફસેટ,**
૧૫/સી, બંસીધર એસ્ટેટ,
બારડોલપુરા,અમદાવાદ-૪.

# લેખકીય પ્રસ્તાવના

તપોવન (અમીઆપુર)ના ચાતુર્માસોમાં મારા શિષ્યોને તથા સાધ્વીજી મહારાજ સાહેબોને ઉપદેશમાળા ગ્રન્થ ઉપર હું રોજ જે વાચના આપતો હતો તે તરત જાતે લખી દેતો હતો.

એને પાછળથી વિવેચનરૂપે લખી દેતો.

શ્લોક ૧ થી ૮૧નું વિવેચન ભાગ-૧ રૂપે બહાર પડી ગયું હતું
શ્લોક ૮૨ થી ૧૪૭નું વિવેચન ભાગ-૨ રૂપે બહાર પડી ગયું હતું
શ્લોક ૧૪૮ થી ૨૦૫નું વિવેચન ભાગ-૩ રૂપે બહાર પડી ગયું
શ્લોક ૨૦૬ થી ૨૭૦ નું વિવેચન ભાગ-૪ રૂપે બહાર પડી રહ્યું છે.

જો આ રીતે નિરંતર લખાણ ચાલુ રહે તો પાંચ ભાગોમાં પુસ્તકરૂપે બહાર પાડી શકાશે.

લિ.
**પં. ચન્દ્રશેખરવિજય**
તપોવન

# અનુક્રમણિકા


| | | પૃષ્ઠ નં |
|---|---|---|
| ૧. | શ્લોક-૨૦૬ | ૧ |
| ૨. | શ્લોક-૨૦૭ | ૭ |
| ૩. | શ્લોક-૨૦૮ | ૧૦ |
| ૪. | શ્લોક-૨૦૯ | ૧૨ |
| ૫. | શ્લોક-૨૧૦ | ૧૬ |
| ૬. | શ્લોક-૨૧૧ | ૨૦ |
| ૭. | શ્લોક-૨૧૨ | ૨૯ |
| ૮. | શ્લોક-૨૧૩ | ૩૨ |
| ૯. | શ્લોક-૨૧૪ | ૩૪ |
| ૧૦. | શ્લોક-૨૧૫ | ૩૫ |
| ૧૧. | શ્લોક-૨૧૬ | ૩૭ |
| ૧૨. | શ્લોક-૨૧૭ | ૪૨ |
| ૧૩. | શ્લોક-૨૧૮ | ૪૫ |
| ૧૪. | શ્લોક-૨૧૯ | ૪૫ |
| ૧૫. | શ્લોક-૨૨૦ | ૪૬ |
| ૧૬. | શ્લોક-૨૨૧ | ૫૨ |
| ૧૭. | શ્લોક-૨૨૨ | ૫૬ |
| ૧૮. | શ્લોક-૨૨૩ | ૫૮ |
| ૧૯. | શ્લોક-૨૨૪ | ૫૯ |
| ૨૦. | શ્લોક-૨૨૫ | ૬૦ |
| ૨૧. | શ્લોક-૨૨૬ | ૬૧ |
| ૨૨. | શ્લોક-૨૨૭ | ૬૪ |
| ૨૩. | શ્લોક-૨૨૮ | ૬૬ |
| ૨૪. | શ્લોક-૨૨૯ | ૭૧ |
| ૨૫. | શ્લોક-૨૩૦ | ૭૩ |
| ૨૬. | શ્લોક-૨૩૧ | ૭૫ |

| | | પૃષ્ઠ નં |
|---|---|---|
| ૨૭. | શ્લોક-૨૩૨ | ૭૭ |
| ૨૮. | શ્લોક-૨૩૩ | ૭૭ |
| ૨૯. | શ્લોક-૨૩૪ | ૭૯ |
| ૩૦. | શ્લોક-૨૩૫ | ૭૯ |
| ૩૧. | શ્લોક-૨૩૬ | ૮૧ |
| ૩૨. | શ્લોક-૨૩૭ | ૮૪ |
| ૩૩. | શ્લોક-૨૩૮ | ૮૫ |
| ૩૪. | શ્લોક-૨૩૯ | ૮૮ |
| ૩૫. | શ્લોક-૨૪૦ | ૮૮ |
| ૩૬. | શ્લોક-૨૪૧ | ૮૯ |
| ૩૭. | શ્લોક-૨૪૨ | ૯૦ |
| ૩૮. | શ્લોક-૨૪૩ | ૯૨ |
| ૩૯. | શ્લોક-૨૪૪ | ૯૨ |
| ૪૦. | શ્લોક-૨૪૫ | ૯૪ |
| ૪૧. | શ્લોક-૨૪૬ | ૯૬ |
| ૪૨. | શ્લોક-૨૪૭ | ૯૯ |
| ૪૩. | શ્લોક-૨૪૮ | ૧૦૪ |
| ૪૪. | શ્લોક-૨૪૯ | ૧૧૦ |
| ૪૫. | શ્લોક-૨૫૦ | ૧૧૨ |
| ૪૬. | શ્લોક-૨૫૧ | ૧૧૪ |
| ૪૭. | શ્લોક-૨૫૨ | ૧૧૮ |
| ૪૮. | શ્લોક-૨૫૩ | ૧૨૧ |
| ૪૯. | શ્લોક-૨૫૪ | ૧૨૨ |
| ૫૦. | શ્લોક-૨૫૫ | ૧૨૪ |
| ૫૧. | શ્લોક-૨૫૬ | ૧૨૬ |
| ૫૨. | શ્લોક-૨૫૭ | ૧૨૬ |
| ૫૩. | શ્લોક-૨૫૮ | ૧૨૯ |
| ૫૪. | શ્લોક-૨૫૯ | ૧૩૨ |
| ૫૫. | શ્લોક-૨૬૦ | ૧૩૫ |

| | | પૃષ્ઠ નં |
|---|---|---|
| ૫૬. | શ્લોક-૨૬૧ | ૧૩૬ |
| ૫૭. | શ્લોક-૨૬૨ | ૧૩૯ |
| ૫૮. | શ્લોક-૨૬૩ | ૧૪૦ |
| ૫૯. | શ્લોક-૨૬૪ | ૧૫૦ |
| ૬૦. | શ્લોક-૨૬૫ | ૧૫૧ |
| ૬૧. | શ્લોક-૨૬૬ | ૧૫૪ |
| ૬૨. | શ્લોક-૨૬૭ | ૧૫૭ |
| ૬૩. | શ્લોક-૨૬૮ | ૧૫૯ |
| ૬૪. | શ્લોક-૨૬૯ | ૧૬૧ |
| ૬૫. | શ્લોક-૨૭૦ | ૧૬૨ |

**ઉમળકાભર્યા હૈયે અમે સ્વીકારીએ છીએ આપનું સ્નેહભર્યું સૌજન્ય.**

પૂજ્યપાદ પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના પુનર્મુદ્રિત થનારા પુસ્તકો અને પ્રકાશિત થનારા નૂતન પુસ્તકોમાંથી આપે આ પુસ્તક પસંદ કર્યું અને અમને આપના ઔદાર્યને વ્યક્ત કરતી (વગર વ્યાજની લોન) બે વર્ષ માટે - આપી...

ખૂબ ખૂબ ધન્યવાદ.

પૂજ્યશ્રી તરફથી આપના પરિવારને ખૂબ ખૂબ આશીર્વાદ.

: સૌજન્ય :

**મફતલાલ સી. જોગાણી - નવસારી**

**દિનેશભાઈ ડી. અંગારા - નવસારી**

## દાનવીરો ! બીજા તપોવનમાં આપનું મોટું ઔદાર્ય દાખવો.

રૂા. એક લાખનું દાન આપીને તપોવનના પ્રવેશદ્વારની સામે ઊભા થનારા વિરાટ-મારબલ ઉપર **જીવનદાતા** તરીકે આપનું નામ લખાવો.

આપનું દાન કલમ ૮૦-જી મુજબ કરમુક્ત રહેશે. **જીવન જાગૃતિ ટ્રસ્ટ** એ નામથી આપનો ચેક કે ડ્રાફ્ટ નીચેના સરનામે મોકલો.

**જી. પ્ર. સંસ્કૃતિ ભવન, ૨૭૭૭, નિશા પોળ,**
**ઝવેરીવાળ રિલીફ રોડ, અમદાવાદ-૧**
**ફોન : ૫૩૫૫૮૨૩, ૫૩૫૬૦૩૩**

# ઉપદેશમાળા વિવેચન : ૪

**दुप्पयं चउप्पयं बहुप्पयं च अपयं समिद्धमहणं वा ।**
**अणवकए वि कयंतो हरइ हयासो अपरितंतो ।। 206 ।।**

**અર્થ :** જે યમરાજ સર્વ જીવોની આશાઓને હણી નાંખે છે તે યમરાજ બે પગવાળા, ચાર પગવાળા કે ઘણા પગવાળા અથવા પગ વિનાના, શ્રીમંતોને કે ગરીબોને સઘળા જીવોને – તેમણે આ યમનું કશું બગાડયું નથી છતાં – જરાક પણ થાકયા વિના માર્યે જાય છે.

**વિવેચન :** જીવમાત્રને કેટકેટલી આશાઓ હોય છે ! તેની પૂર્તિ થતી નથી કેમકે તે આશાઓ (ઈચ્છાઓ) આકાશની જેમ અનંત છે. એટલે આશા – પૂર્તિ થતી નથી અને અચાનક યમરાજ ત્રાટકીને તેની આશાઓના ચૂરા કરી નાંખે છે.

લગભગ તમામ જીવો આ રીતે અતૃપ્ત અવસ્થામાં જ મરતા હોય છે. કોઈને મરવું જ નથી અને મરી ગયા વિના છૂટકો નથી. આથી જે એકદમ સંતૃપ્ત સાધુ છે તેની વાત જવા દઈએ પણ બાકીના તમામ આત્માઓનું મોત – અતૃપ્તિના કારણે – ઈષ્ટવિયોગ થતાં આર્ત્તધ્યાનમાં જ થતું હોય છે. આવા લાખો બાલમરણ થાય ત્યારે એકાદ સંતૃપ્ત આત્માનું પંડિતમરણ થાય.

મોતનું આ ચિંતન કે તે અચાનક ત્રાટકીને બધા ભાવી સ્વપ્નોને અને વર્તમાન સત્યોને રમણભમણ કરી દે છે તે – પરપદાર્થોથી વૈરાગ્ય પેદા કરવા માટે ઉત્કૃષ્ટ છે.

પરપદાર્થથી વૈરાગ્ય પાંચ રીતે થઈ શકે. :

(૧) પરપદાર્થોમાં આસક્ત નહિ થવાની આત્માની જન્માંતરના સંસ્કાર ગત સહજ સ્થિતિ. દા.ત. સીતા, પદ્મિની અથવા પરમસમતાના ધારક મહામુનિઓ.

તેમને પૂછીએ કે "તમે કેમ રાવણ, ભોજન વગેરે પરપદાર્થોમાં આસક્ત થતા નથી ?"તેઓ એક જ જવાબ દેશે કે, "અનાસક્તિ·એ અમારો સહજ ભાવ – સ્વભાવ – છે."

ઢેફાં તે ખવાતા હશે ?

આગમાં કાંઈ હાથ નંખાતો હશે ?

પરમાં આસકત થવાતું હશે ?

ના. ના. ના. કેમ ? ઉત્તર : "એવું થાય જ નહિ."

(૨) કેટલાક કહેશે કે અરિહંતદેવની આજ્ઞા છે કે, "કયાંય આસક્ત થવું નહિ." માટે અમે આસક્ત થતા નથી. (આજ્ઞાવિચય ધર્મધ્યાન.)

(૩) કેટલાક કહેશે કે આસક્તિ કરવી તે પાપ છે. પાપ કરવાથી પરલોકે કટૂ પરિણામો (વિપાકો) ભોગવવા પડે. એ દુઃખોને સહવાની અમારામાં લેશ પણ તાકાત નથી માટે અમે આસક્તિ કરી શકીએ તેમ નથી.

(૪) કેટલાક કહે છે કે આંખ સામે ખડો રહેલો યમરાજ જોતાં જ આસક્તિ કરવાની અમારી હોંશ ખતમ થઈ જાય છે.

અમને એવો વિચાર આવે છે કે જો મોત દ્વારા બધું વિસર્જન પામી જનાર હોય તો આસક્તિ કરીને - અતૃપ્ત દશામાં મરીને દુર્ગતિમાં જ જવાનું ને ? ના, તેવું કેમ થાય ?

(૫) કેટલાકને આસક્તિમાં આરોગ્ય, આબરૂ અથવા સંતાનસંસ્કારક્ષયનો ડર લાગે છે તેથી તેઓ આસક્ત થતાં નથી.

આસક્તિ રોગો ઉત્પન્ન કરે.

આસક્તિ આબરૂને ક્ષીણ કરે.

વડીલોની આસક્તિ સંતાનોમાં (કે શિષ્યોમાં) ઊતરી જાય છે. આ વાતના ડરથી વડીલો આસક્તિ કરતા નથી.

આસક્તિને ખતમ કરવા માટે ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં મૃત્યુને લક્ષમાં લાવવાનું જણાવે છે.

જો મોત નજરમાં આવી જાય તો સંસારની ઘણી બધી આસક્તિઓ ખતમ થઈ જાય.

જન્મ પામતાંની સાથે દીકરો ચોવીસે ય કલાક રડવા લાગતાં માતા મદાલસાએ તેને સવાલ કર્યો કે, "બેટા ! શું તને જમડો દેખાઈ ગયો છે ? એથી તું ભયભીત થઈને સતત રડ્યા કરે છે ?

પણ દીકરા ! કોઈ રડે એટલે દયા કરીને જમડો પાછો ફરી જતો નથી. જો તારી એવી ઈચ્છા હોય કે જમડાનો મારી ઉપર કોઈ અધિકાર ચાલવો ન

જોઈએ તો દીકરા ! તું અજન્મા બની જા : મોક્ષમાં પહોંચી જા. ત્યાં જમડો ત્રાટકી શકતો નથી.''

બ્રિટનની કેબિનેટના પ્રધાન ડલેસને કેન્સર થયું. તેને મોત દેખાવા લાગ્યું. પણ તેને મરવું ન હતું. આથી તેણે જાહેર કર્યું કે, ''જે મારું કેન્સર મટાડી દેશે તેને હું એક લાખ ડોલરનું ઈનામ આપીશ.'' હાય, તો ય ડલેસ ઉપર જમડો ત્રાટકયો. ડલેસ મરી ગયો.

ગાયકવાડ મૃત્યુથી બહુ ડરતા. કોક ધૂતારાએ મોત ઉપર વિજય મેળવવા માટે રોજ સવાસો રૂપિયાનું ઈંજેકશન આપવાનું શરૂ કર્યું.

શરીર એકદમ ગંધાઈ ઊઠ્યું.

પુષ્કળ રોગો અને રિબામણ થઈ.

ગાયકવાડ મરી તો ગયા જ.

ચંગીઝખાન ક્રૂર સરદાર હતો. તેણે પુષ્કળ દુશ્મનો કર્યા હોવાથી કોક તેને મારી નાંખશે એવી લાગણી સતત રહેતી. એમાં ય રાતે મોત થવાની શક્યતા વધુ જણાતી એટલે તે આખી રાત જાગતો બેસી રહેતો. ડરનો માર્યો ચારે બાજુ જોયા કરતો.

એક દિ યુદ્ધક્ષેત્રમાં તંબૂ તાણીને - તેમાં - ખાન બેઠો હતો. રાત પડી હતી. ચારે બાજુ બાજનજર ફરતી રહેતી હતી. એકાએક ખખડાટ થયો. (એ અવાજ દોડતી બિલાડીનો હતો.) ખાન અત્યન્ત ભયભીત થઈને દોડ્યો. તંબૂના ખીલે પગ ભરાયો. ખીલા સાથે માથું અથડાઈને ફાટી ગયું.

હાય, ચંગીઝખાન મોતને નિવારી ન શક્યો.

ગ્રન્થકારશ્રી સાચું જ કહે છે કે, ચાર પગવાળા, બે પગવાળા, પગ વિનાના, વળી શ્રીમંતો અને ગરીબો - ટૂંકમાં કોઈને પણ યમરાજ છોડતો નથી.

વળી, બધાની આશાઓને અડધેથી જ તોડી નાંખે છે : હણી નાંખે છે.

વિશ્વવિજેતા બનવા માટે વિદાય થતાં સિકંદર માતા પાસે ગયો. તે વખતે માએ કહ્યું કે, ''તારે મને એક વાર મળવા આવવું.''

અફસોસ ! સિકંદર તે વચન પાળી શક્યો નહિ. તે માતાથી દસ ગાઉ જ દૂર હતો અને તેની ઉપર જમડો ત્રાટકયો. સિકંદરે વૈદ્યોને કહ્યું, ''મને થોડોક વધુ સમય જીવતો રાખો. હું મારી માને મળી લઉં અને વચનપાલન કરું.''

પણ સિકંદરની આશાના યમરાજે ચૂરેચૂરા કરી નાંખ્યા.

મરતી વખતે દરેક આત્માને ઘણી બધી આશાઓ પૂરી કરવાની બાકી રહે છે. યમરાજ તેને અધૂરી રખાવીને ઉપાડી જાય છે.

આ યમરાજ તો એક મહિના પહેલાં, એક મિનિટ પૂર્વે પણ ઉપાડી જવાની નોટિસ પણ આપતો નથી. જ્યારે ઉપાડે છે ત્યારે આખોને આખો જીવ ઉપાડે છે. પાછળ જરીક પણ બાકી મૂકતો નથી. વળી લાખોની સંપત્તિ, ચાર-આઠ સંતાનો વગેરેમાંથી એકાદને પણ સાથે લઈ જવા દેતો નથી.

આથીસ્તો મરતી વખતે સિકંદરે પોતાના મૃતકના હાથ ખુલ્લા રાખવાનું પોતાના સાગરિતોને સૂચન કર્યું હતું. આથી તે દુનિયાને એવું જણાવવા માંગતો હતો કે જેવી ખુલ્લી મૂઠીએ સિકંદર જગતમાં આવ્યો હતો તે ઘણું બધું ભેગું કરી લીધા પછી ખુલ્લી મૂઠીએ જ જગતમાંથી વિદાય થઈ રહ્યો છે.

તેણે પોતાનો જનાજો વૈદ્યો ઉપાડે તેવી ઈચ્છા વ્યક્ત કરી હતી. જેથી લોકોને ખબર પડે કે "ધુરંધર વૈદ્યો ચોવીસ કલાક જેની સેવામાં ઊભા હતા તેઓ સિકંદરને જીવાડી શક્યા નથી."

મૃત્યુ દ્વારા એક વાત એ બને છે કે જીવે જે કાંઈ ભોગસુખની સામગ્રી – મોટર, બંગલા, ઘરેણાં, સંતાનો વગેરે – એકઠી કરી હોય તે તમામનો વિયોગ થાય છે. આ રીતે સુખવિયોગ થાય છે. વળી મૃત્યુ બાદ – આ ભવમાં ભોગ – સુખ પામવા માટે જીવ જે ઢગલાબંધ ખોટાં કામો (પાપો) કરે છે તેનું ફળ દુઃખ – તેનો પરલોકે સંયોગ થાય છે. અરે, ત્યાં દુઃખોના વાવાઝોડાં તેની ઉપર ધસી આવે છે.

આ રીતે મૃત્યુ બાદ દુઃખસંયોગ થાય છે. મૃત્યુ પહેલાંની અને પછીની આ સ્થિતિની કલ્પના કરતાં જીવ અત્યન્ત ઉદ્વિગ્ન થઈ જાય છે : મુંઝાઈ જાય છે. કાશ ! હવે આમાંથી ઉગરવાનો કોઈ રસ્તો તેની પાસે રહેતો નથી.

ટૂંકમાં, મૃત્યુ એટલે સુખવિયોગ અને દુઃખસંયોગ.

આ કાળમાં તો ભર જુવાન વયમાં પણ માથે ધોળા વાળ આવતા હોય છે. પણ ભૂતકાળમાં તો મોત નજીક આવવાનું હોય ત્યારે જ – મોટી ઉંમરમાં – મોતની પાયલોટ કારની જેમ ધોળા વાળ આવતા. એ જોતાં જ ડાહ્યા માણસો સમજી જતાં કે યમરાજની ઘંટડી (વોર્નિંગ બેલ) વાગી ગઈ છે. હવે આપણે મોહનિદ્રામાંથી બહાર નીકળીને પરલોક કેવી રીતે સુધરે ? તેની ચિંતા ગંભીરપણે

શરૂ કરી દેવી જોઈએ..

ફારસી ભાષાની આ કહેવત છે કે, "ધોળા વાળ જેવો કોઈ બીજો ઉપદેશ નથી."

એક રાણીએ તેને યમદૂત કહ્યો હતો. પતિના વાળ સમારતાં તે દેખાયો કે તરત બોલી, "યમદૂત આવી ગયો છે. ચાલો હવે વાનપ્રસ્થ સ્વીકારીએ."

જો છેલ્લે છેલ્લે પણ માણસ ચેતી જાય તો ય વીતેલા પાપી જીવનને બંધ કરીને ધર્મમય જીવન જીવવા લાગી જાય. એટલું બધું ઉન્નત જીવન તે જીવે કે મરતી વખતે તેને ભારે પ્રસન્નતા રહે. તે સહુને કહે, "જાપ કરો. લો, હવે હું જાઉં છું."

*એટલું કહેતાં તેના પ્રાણ નીકળી જાય.*

*કહ્યું છે કે :*

***જબ તુમ આયે જગતમેં જગત હસત તુમ રોય.***
***અબ કરણી ઐસી કરો તુમ હસત જગ રોય.***

સુંદર જીવન જીવનારને મોતનો ડર હોય નહિ. પરલોકે દુર્ગતિ થવાનો ભય પણ હોય નહિ.

મોત એટલે એક જીર્ણ થયેલું વસ્ત્ર બદલીને નવું વસ્ત્ર પહેરવાની પ્રક્રિયા.

કુદરતરૂપ સ્ત્રીના બે સ્તન છે. જેમનાં નામ છે; જીવન અને મરણ.

જીવન નામના સ્તનથી ધાવવાનું બંધ કરીને મરણ નામના સ્તનને ધાવવાનું શરૂ કરવું તેનું નામ મોત. એક સ્તનનું ધાવણ ઘટી જાય તો બીજા સ્તનથી ધાવવામાં શું અફસોસ !

અરે ભલા, મુંબઈથી ઉપડેલી ટ્રેઈન વીરમગામ સ્ટેશને બદલવાની હોય તો કેવી હોંશથી બદલી નંખાય છે. બાબો, બેબી, ભાભી, બા... સહુ પહેલી ટ્રેઈનનો સામાન થોડો થોડો ઊંચકીને હસતા – ખીલતા નવી બીજી ટ્રેઈનમાં પોતાનું રીઝર્વેશન કાર્ડ જોઈને તે ડબ્બામાં ચડી જાય છે. જરા વારમાં તો તે ડબ્બાને પોતાનું ઘરનું ઘર બનાવી લઈને વ્યવસ્થિત બની જાય છે.

એક જીવનમાંથી બીજા જીવનમાં જવું એટલે ઉપર્યુક્ત રીતે ગાડી બદલવી.

પણ સબૂર ! આવું તેને જ માટે બની શકે જે સુંદર જીવન જીવ્યો હોય : હાય, પાપો કરનારો શ્રીમંત તો મરવા શી રીતે તૈયાર થાય ? કેમ કે તેને તો

પરલોકે પાપોના ફળ રૂપે કાતીલ દુઃખોના વાવાઝોડાં ધસી આવતા જોવાના છે.

એક વાર દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવ પાસે ત્રણ વ્યક્તિઓ બેઠી હતી; રાજા શ્રેણિક, ધર્માત્મા અભયકુમાર અને કાલસૌરિક કસાઈ.

તે વખતે એક દેવ આવ્યો. તે પ્રભુના અંગ ઉપર ચંદન લગાડતો હતો પણ રાજાને લાગ્યું કે તે ગુમડાની રસી લગાડે છે. આથી રાજા તેની ઉપર ઉશ્કેરાઈ ગયો. એ ઉશ્કેરાટના પ્રતિભાવરૂપે દેવે રાજાને કહ્યું, તમે મરતા નહિ : જીવતા જ રહેજો.

પ્રભુને કહ્યું, તમે મરી જાઓ.

અભયકુમારને કહ્યું, તમે મરો કે જીવો – બે ય – ચાલશે.

કસાઈને કહ્યું, તમે ન મરો, ન જીવો.

શ્રેણિકને મરીને નરકમાં જવાનું હતું એટલે જીવતા રહીને સુખો ભોગવવાની વાત કરી.

પ્રભુને જે 'મોક્ષ' પામવો હતો તે મૃત્યુ (નિર્વાણ) બાદ મળવાનો હતો એટલે તેમને "મરો" એમ કહ્યું.

અભયકુમાર વર્તમાન જીવનમાં ધર્મી તરીકેનું મસ્ત જીવન જીવતા હતા તો પરલોકે પણ સદ્‌ગતિ પામવાના હતા. આથી દેવે કહ્યું, "મરો તો ય વાંધો નહિ. જીવો તો ય વાંધો નહિ."

કસાઈ વર્તમાનમાં પાપી હતો અને મરીને સાતમી નારકનો દુઃખી જીવ થનાર હતો એટલે તેને કહ્યું, "તમે મરો કે જીવો - બે ય નકામાં છે."

મરવાની તૈયારી તે જ મહાત્માને હોય જેનું જીવન ઉજવળ હોય.

પેલો રાજા ! આઠ રાણીઓમાં રાત ને દિ પાગલ હતો. જ્યારે તેના બૌદ્ધ ગુરુએ તેને કહ્યું કે "તમે મરીને તમારી રાણીઓના મળ-મૂત્રથી ઊભરાયેલી ખાળમાં પચરંગી કીડો બનવાના છો." ત્યારે રાજા ધ્રૂજી ગયો હતો. અવાચક બની ગયો હતો.

ખરી વાત એ છે કે જો પરલોકે સારી જગ્યા જોઈતી હોય તો આ લોકે પાપો નહિ કરવા જોઈએ. પાપોના ફળ તરીકે દુઃખો ત્રાટક્યા વિના રહેવાના નથી.

દરેક દુઃખભીરૂ અને સુખકામી જીવે ખૂબ પુણ્ય બાંધવું જોઈએ.

કાશ ! જીવને પાપો તો કરવા જ છે, પણ તેનું ફળ દુઃખ જોઈતું નથી.

પુણ્ય કરવું જ નથી, અને સુખ તો જોઈએ જ છે.

આ બે વાત શી રીતે બની શકે ?

ગ્રન્થકારશ્રી કહે છે કે તમામ સંસારી જીવોનો યમરાજ કોળીઓ કરીને જ રહેવાનો છે.

તે કોળીઓ ન કરે તો ઘડપણ આવી જવાનું છે. અરે, ઘડપણ ન આવે તો રોગો તો ત્રાટકવાના જ છે.

આ ત્રણ - રોગ, ઘડપણ અને મોત નામના ડાકુઓ જીવની પાછળ પડ્યા છે. જીવને મોત પકડી લેશે. તે પૂર્વે ઘડપણ ત્રાટકશે. તેની પૂર્વે રોગો ત્રાટકશે.

આ સ્થિતિમાં જીવે ધર્મ કરીને મોક્ષમાં પહોંચી જવું એ જ સારી વાત ગણાય.

કાકા લક્ષ્મણનું અકાલીન મોત જોઈને લવ-કુશે સંયમધર્મની વાટ પકડી લીધી.

કંચુકીનું ઘડપણ જોઈને મહારાજા દશરથે મહાભિનિષ્ક્રમણ કર્યું.

રોગોને ધસી આવતા જાણીને સનતચક્રીએ મહાપંથે પ્રયાણ કરી દીધું.

કહેવાય છે કે, ''કાળા માથાનો માનવી ધારે તે કરી શકે.''

આ કહેવત તદ્દન ખોટી છે; કેમકે તે ગમે તેટલું ધારે તો ય રોગ, ઘડપણ અને મોત - ત્રણેયને નિવારી શક્તો નથી.

* * *

**न य नज्जइ सो दियहो मरियव्वं वावसेण सव्वेण ।**
**आसापासपरद्धो न करेइ य जं हियं बज्झो ।। 207 ।।**

**અર્થ :** જીવ તે દિવસ જાણતો નથી કે તેણે ક્યારે મરવાનું છે ? પણ તે એટલું તો નિશ્ચિત જાણે છે કે અમારે સહુએ મરવાનું તો છે.

આમ છતાં આશાના પાશમાં બંધાયેલો, યમરાજના વધસ્તંભની પાસે આવીને ઊભેલો પોતાનું હિત કરતો નથી.

**વિવેચન :** જ્ઞાનીઓએ બે પ્રકારના મરણ જણાવ્યા છે. એક મરણ આપણે જાણીએ છીએ તે. બીજું મરણ તે આવીચિમરણ કહેવાય છે.

આવીચિ એટલે નદીજળના તરંગો.

તે જેમ એક પછી એક પસાર થાય છે તેમ જીવનની દરેક ક્ષણ પસાર

થાય છે. આ દરેક ક્ષણમાં જીવ મોટા મરણ તરફ ધસી રહ્યો છે. આવા દરેક મરણોનો સરવાળો એટલે સ્મશાનયાત્રા પૂર્વનું પ્રસિદ્ધ મરણ.

જો જીવનની પ્રત્યેક ક્ષણ મરણસ્વરૂપ સમજાય તો જીવ સદૈવ એકદમ સજાગ રહે.

વળી એ વાત જો નક્કી છે કે જીવને એક ક્ષણે તો મરવાનું જ છે તો સવાલ થાય કે કઈ ક્ષણે તેણે મરવાનું છે ?

પણ આની તેને ખબર નથી.

તો હવે એ વાત સમજી રાખવી જોઈએ કે કોઈ પણ ક્ષણે મરણ થઈ જવાની પૂરેપૂરી શક્યતા તો છે જ.

તો પછી દરેક ક્ષણે એકદમ સાવધાન થઈને રહેવું પડે. બધા દોષોનું પ્રાયશ્ચિત્ત કરી લેવું જોઈએ. સહુ સાથે ક્ષમાપના કરી લેવી જોઈએ. અરિહંતાદિ ચાર પરમેષ્ઠીઓનું શરણ લઈ રાખવું જોઈએ. આટલું સતત થતું રહે અને તેમાં જો મરણ આવી જાય અથવા આયુષ્યકર્મનો બંધ પડી જાય તો નિશ્ચિતપણે જિનશાસનયુક્ત કુટુંબમાં જન્મ મળે. સમ્યગ્દર્શન પણ જીવનો સાથ કરે.

યમરાજે માથે ચોટલી પકડી હોય; તે ખેંચે એટલે મોત થતું હોય તો કેટલા બધા સાવધાન રહેવું પડે ?

શુકદેવને જનકરાજાએ તેલથી ખીચોખીચ ભરેલો વાટકો હાથમાં પકડાવ્યો. આખા નગરમાં આંટો મારવા કહ્યું. નગરમાં ઠેર ઠેર નારી, મિષ્ટાન્ન વગેરેના જોરદાર આકર્ષણો ઊભા કર્યા. શુકદેવને કહેવામાં આવ્યું કે જો એક ટીપું પણ જમીન ઉપર પડ્યું કે તરત ચોકીદાર ધડ ઉપરથી માથું ઉડાવી દેશે.

શુકદેવના માથે મોત ભમવા લાગતાં તે અત્યંત સાવધાન બનીને ચાલ્યો. એક ટીપું પણ પડવા ન દીધું.

ભર્તૃહરિએ કહ્યું છે કે અંગ ગળી જાય, દાંતો પડી જાય, ચામડી લબડી જાય, માથે ધોળા વાળ આવી જાય, લાકડી વિના ચાલી ન શકાય, માથે મોત ભમતું દેખાય... આવી સ્થિતિમાં પણ જીવ તૃષ્ણાને ત્યાગતો નથી. અરે, જેમ જેમ તે ઘરડો થતો જાય તેમ તેમ તેની તૃષ્ણા વધુ ને વધુ જુવાન થવા લાગે.

સંસારી ગૃહસ્થોને મોત દેખાય છે તો ખરું જ.... અરે, સાવ નાની ઉંમરના બાળકનું મોત ગમે તે મિનીટે થઈ શકે છે તેવું તેઓ નિશ્ચિતપણે માને છે. આ

વાતની ખાતરી તેઓ વીમો ઉતરાવે છે તેમાં પડી છે. ગમે તે પળે માણસ મરી જાય તેવી કલ્પનાથી જ દસ-વીસ વર્ષનો વીમો કુટુંબના બધા સભ્યોનો ઉતારાય છે.

હવે આ ગૃહસ્થોને સાધુઓ કહે કે, "તમારા નાનકડા દીકરાને અમે સામાયિક, રાત્રિભોજનત્યાગ, હોટલ- ટીવીત્યાગ કરવા જણાવીએ તો તમારી સંમતિ છે ને ?"

તેઓ તરત જવાબ આપશે : દીકરો હજુ તો સાવ નાનો છે, એને ઘરડો તો થવા દો, પછી ધરમ કરવાનો.

બાબાની દરેક પળે મોતની શકયતા જોતો બાપ ધર્મ કરવાની વાતમાં પોતાનો ન્યાય ફેરવી તોળે છે. જો દરેક પળે મોતની શકયતા હોય તો શા માટે પહેલેથી ધર્મના માર્ગે ન વળી જવું ?

પણ સબૂર, ઘણા ખરા ગૃહસ્થોને મોહનીય કર્મરૂપ મદિરાના પાનથી ભયંકર નશો ચડ્યો હોવાથી આ વાત તેઓ માનવા તૈયાર થતા નથી.

આવું બધું તોફાન તો અનાદિકાળથી ચાલી આવે છે.

તે સંતાનોને ધન્ય છે જેઓ મોત, પરલોક, મોક્ષની કલ્પનાથી સંસારત્યાગ કરે છે.

તે માતાપિતાઓને ધન્ય છે જેઓ યોગ્ય સંતાનોને शिवास्ते पन्थानः सन्तु એવા આશિષ દેવા સાથે સંયમની વાટે ચડાવે છે.

ભલા ! મોત તો ગમે ત્યારે આવે.

કોઈ જ્ઞાની મહારાજ સાહેબે ગામના નગરશેઠના દીકરાના કપાળ સામે જોતાં જાણ્યું કે તે પૂરા ૨૪ કલાક જીવતો રહેવાનો નથી. બાળકનું જીવન સંયમ લઈને ધન્ય બનાવી દેવા માટે તેમણે તેના પિતા પાસે ભારેથી ભારે હઠપૂર્વક દરખાસ્ત મૂકી કે તે બાળકને કાલે સૂર્યોદય થતાં જ દીક્ષા આપે.

આવી ઉતાવળી જીદથી ધર્માત્મા નગરશેઠ ડઘાઈ ગયા. મહોત્સવ કરીને દીક્ષા આપવાની તૈયારી જણાવી, પણ મહારાજ એકના બે ન થયા.

અને, વહેલી સવારે નાણની સમક્ષ બાળકની દીક્ષાવિધિ શરૂ થઈ.

હજી ત્રણ પ્રદક્ષિણા દે છે ત્યાં જ બાળક ઢળી પડ્યું. પ્રાણ નીકળી ગયા. બાપને ખૂબ ખરાબ લાગ્યું. મહારાજ સાથે ક્રોધપૂર્વક વાતો કરતાં પેલો બાળકનો જીવ કે જે દેવાત્મા બન્યો હતો તે ધરતી ઉપર દિવ્યપ્રકાશ સાથે આવી ગયો.

તેણે બધી વાત કરી. પિતાને ખૂબ સંતોષ થયો. મહારાજ સાહેબની ક્ષમા માંગી.

પાલીતાણાના ઉપાશ્રયમાં રાતે બે વાગે બે યુવાનો આવ્યા. કોઈ સાધુને નહિ ઉઠાડતાં તેમની બાજુમાં તે સૂઈ ગયા. અડધા કલાક બાદ કોઈ બાઈની કરુણ ચીસો સંભળાવવા લાગી. યુવાનો જાગી ગયા. કોઈ બાઈનો પતિ હમણાં જ મૃત્યુ પામ્યો છે, તેથી તેની પત્ની કરુણ કલ્પાન્ત કરી રહી છે તેવું તેમણે અનુમાન કર્યું. હા. એમ જ હતું.

યુવાનોને ભોગસુખોની ક્ષણિકતાનું ભાન થયું. સવાર પડતાં જ દીક્ષા લેવાનો વિચાર એક યુવાને પ્રસ્તુત કર્યો. બીજા યુવાને તેને કહ્યું, "અરે, સવાર પડતાં પહેલાં આપણે જ મરી જઈએ તો ? શી ખબર મોત ક્યારે ત્રાટકશે ? તો આપણે હમણાં જ ઊંઘતા બે સાધુના રજોહરણ લઈને ભાવદીક્ષિત બની જઈએ."

યુવાનોએ તેમ જ કર્યું. શેષ રાત્રિ અખંડ નવકાર-જપમાં વીતાવી.

પેલા બે સાધુને ઊઠતી વખતે ઓઘો ન મળતાં શોધાશોધ ચાલુ થઈ. ઓઘા તો મળી ગયા પણ યુવાનોની જાગૃતિ બદલ ખૂબ માન થયું.

આવું છે; એકાએક ત્રાટકતું - એક માસની તો નહિ પણ એક મિનિટની ય નોટીસ આપ્યા વિના જીવને હરી લેતું મોત.

* * *

**संझरागजलबब्बुओवमे जीविए य जलबिन्दुचञ्चले ।**
**जुव्वणे य नइवेगसन्निभे पावजीव ! किमियं न बुज्झसि ।। 208 ।।**

**અર્થ :** સંધ્યાના એકદમ વીખરાઈ જતાં લાલ રંગ જેવું, પાણીના પરપોટા જેવું અને જલબિન્દુ જેવું ચંચળ, વળી નદીના ઝપાટાબંધ વહી જતાં પ્રવાહ જેવું યૌવન હોવા છતાં ઓ, પાપી જીવ ! તો ય તું સંસારસુખથી વિરક્ત થતો નથી !

**વિવેચન :** આ વાત અન્યત્ર આ રીતે કહી છે.

**નીલકમલદલબિન્દુ જીવન, શ્યામગગનઘનચપલા જીવન**
**ઉષ:કાલની લાલી જીવન, સાગરમાં છે બિન્દુ જીવન.**

જીવનની, યૌવનની, દેહ વગેરેની ક્ષણિકતા શાસ્ત્રોમાં અનેક ઠેકાણે જણાવાઈ છે.

જો જીવન ક્ષણિક સમજાઈ જાય તો કામભોગના સુખો તરફ નફરત જાગે... ઝટ મહાભિનિષ્ક્રમણનું મહામંગલ થાય.

લક્ષ્મણનું આકસ્મિક મોત જાણીને રામના પુત્રો લવ અને કુશે સંયમની વાટ પકડી જ લીધી હતી ને ?

કંચુકીનું ઘડપણ જોઈને દશરથ સાધુ થઈ જ ગયા હતા ને ?

માથે બે સ્વામીની વાત સાંભળતાં જ શાલિભદ્રે સંસાર કેવો ઝડપથી ત્યાગી દીધો હતો ?

જીવનની ક્ષણિકતાને જેમણે જોઈ – જાણી – સાંભળી તે બધા – ધન્નો, જંબૂકુમાર, ભરત, સીતા, જયાનંદ રાજકુમાર, પ્રભવ ચોર વગેરે ક્રોડો આત્માઓ સંયમની વાટે ચાલી નીકળ્યા હતા.

ગ્રન્થકારશ્રી સંસારને ચીટકીને રહેલા જીવોને સખ્ત શબ્દોથી ફટકારે છે કે, "ઓ પાપી જીવ ! તું કેમ સંસારભાવથી વિરક્ત થતો નથી?"

એક વાત નક્કી છે કે ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયા વિના લઈ લેવાતી દીક્ષા સામાન્યતઃ નિષ્ફળ જાય છે. આ કર્મના ઉદયકાળમાં દીક્ષા મળી શકતી નથી. શિવકુમાર, સુંદરી વગેરે દૃષ્ટાન્તોમાં આ વાત સ્પષ્ટ જણાય છે.

પણ સબૂર, આવા આત્માઓ સંસારમાં રહે ત્યાં સુધી પાણી વિનાની માછલીની જેમ તરફડતા રહે છે. "સસનેહી પ્યારા રે ! સંયમ કબ હી મિલે !" કરુણ આલાપથી ગાતા હોય છે. "રૂડી એક માયા રે, જિન અણગારની." રટતાં રહીને ગુરુયોગ પામવા માટે રડતા હોય છે.

આવી સ્થિતિનું નામ સમ્યગ્દર્શન છે.

આ જીવોના આ માનસિક ત્રાસ નારકના જીવોના કાયિક ત્રાસથી પણ વધુ હોય છે.

એટલે એમ કહી શકાય કે ચૌદ રાજલોકના સંસારમાં સાચા સુખી તો તે જ આત્માઓ હોઈ શકે જેઓ અત્યંત નિર્મળ ચારિત્રધર્મને પામેલા હોય. તેઓ સમતાના સાગરમાં ગળાબૂડ ડૂબેલા હોય. તેમની આંતરમસ્તી આસમાનને આંબતી હોય. તેમને મોક્ષમાં પણ રસ ન રહે તેવો સમતારસ સદા ગટગટાવતા હોય.

જે ગૃહસ્થો છે, જે સમ્યગ્દૃષ્ટિ આત્મા સંસારમાં પડેલો છે, જે સાધુ બનીને શિથિલ જીવન જીવે છે તે બધા વસ્તુતઃ દુઃખી હોય છે.

ઉત્તમકક્ષાનું ધર્મી જીવન જીવવા માટે જડ પદાર્થોની ક્ષણિકતાને ખૂબ નજરમાં લાવવી પડે. આ સિવાય પરપદાર્થ પ્રતિ વૈરાગ્યભાવ જાગે નહિ. તે વિના સાચા ધર્મી કે ત્યાગી બની શકાય નહિ.

મહાસંયમી મસ્ત મહાત્માઓને દુઃખોની ક્ષણોમાં જ ખૂબ આનંદ રહેતો હોય છે. ઉપસર્ગો અને પરીષહો તેમને મીઠા મધ જેવા લાગતા હોય છે. દુઃખોના વાવાઝોડાં જાણીબૂઝીને જગાડીને તેમને ભેટી પડવા માટે તેની સામે ધસી જતા હોય છે.

એ આત્માઓ ભોગસુખે સુખી ગૃહસ્થો કરતાં પ્રતિકૂળતાઓના દુઃખને આનંદમાં પલટી નાંખીને લોકોત્તર મસ્તીનો અનુભવ કરતાં હોય છે.

એમનું મુખ્ય સૂત્ર છે; देहदु:खं महाफलम् ।

પરપદાર્થોથી વૈરાગ્ય પામવા માટે ગૌતમ બુદ્ધે પરપદાર્થોને ક્ષણિક કહ્યા. (જો કે તેમના અનુયાયીઓએ પરપદાર્થોને એકાન્તે ક્ષણિક કહીને બહુ મોટી ગરબડ કરી છે.)

* * *

**जं जं नज्जइ असुइं लज्जिज्जइ कुच्छणिज्जमेयंति ।**
**तं तं मग्गइ अंगं नवरमणंगुत्थ पडिकूलो ।। 209 ।।**

**અર્થ :** જે જે અંગ અશુચિ જણાય છે, જેને જોવાથી શરમિંદા બની જવાય છે, જે ગંદુ છે એની જીવ ઈચ્છા કરે છે તેમાં માત્ર કામરાજ જ પ્રતિકૂળ બનેલો કહેવાય.

**વિવેચન :** દેહ સિવાયના તમામ પરપદાર્થો પ્રત્યે વિરાગ કેળવવો હોય તો તેમની અનિત્યતાનો વિચાર કરવો. આટલાથી જ વૈરાગ્ય જાગી જાય.

પણ નર કે નારીના દેહ પ્રત્યે વૈરાગ્ય કેળવવો હોય તો તેમના પ્રત્યેની અનિત્યતા વિચારવાથી નહિ ચાલે. આ બાબતમાં વૈરાગ્ય થવો અતિ મુશ્કેલ કામ છે. એટલે અનિત્યતાની સાથોસાથ અશુચિતાને પણ વિચારવી રહી.

(૧) દેહ પોતે ગંદો છે. એમાં પુષ્કળ અશુચિ પડેલી છે.

(૨) દેહના જાતીયતાને ભડકાવનારા અંગોપાંગ ગંદાં છે.

(૩) જાતીય વાસનાને ઉત્તેજિત કરતી ક્રિયા - કૂતરા કૂતરી વગેરે પશુઓની સમાન હોવાથી - ગંદી છે.

આમાંની પહેલી વાતને ગ્રન્થકારે વિસ્તારતાં કહ્યું છે કે શરીરમાંથી સતત દુર્ગન્ધ મારતો પસીનો વહ્યા કરે છે. (આથી જ તેને પફ-પાવડરાદિથી ઢાંકવામાં આવે છે.)

નાકમાં શ્લેષ્મ છે, કાનમાં કચરો છે, દાંતે અને જીભે છારી છે, પેટમાં મળ છે, કીડનીમાં મૂત્ર છે, આંતરડા ચરબીથી વીંટળાયેલા છે. (નારીમાં વિશેષતઃ માસિક - ઋતુસ્રાવ વખતનું ખૂબ ગંદુ અને વાસ મારતું લોહી (રજ) છે.)

વળી મળ-વિસર્જનની ક્રિયા બિભત્સ છે. મૂત્ર - વિસર્જન પણ બેહૂદું છે. બગાસા, છીંક, ખાંસી, વાછૂટ વગેરે સાવ હલકા જણાય છે.

આ દેહમાં ઉત્તમોત્તમ ચીજ – મોસંબીનો રસ, દૂધપાક કે માલપુઆ વગેરે - નંખાય પણ તે બધાને દેહ તો મળ,મૂત્ર, ચરબી, કફ જેવી ગંદી ચીજમાં પરિણમાવી દે છે.

'સારું લઈને ગંદુ કાઢવું' એવું કામ કરતું કારખાનું આ દેહમાત્ર છે. બાકીના દુનિયાના કારખાનાઓ ગંદો કાચો માલ લઈને, સુંદર પાકો માલ બહાર કાઢતા હોય છે.

જો આ બધું વિચારાય તો રૂપાળી ચામડીથી મઢાએલી કોક કમનીય કાયાને જોઈને લેશ પણ રાગભાવ થાય નહિ.

આ એવી મ્યુનિસિપાલિટીની ગંદકી ભરેલી કચરાગાડી છે, જેને સુંદર પુષ્પમાળા આદિથી ઝાકઝમાળવાળી દેખાડાય છે.

મલ્લિનાથ ભગવંતે પેલા કામુક બનેલા યુવાનોના વિકારને કેવો ખતમ કરી દીધો હતો ! ગંદા પદાર્થોમાં પરિણમેલા મિષ્ટાન્નોને તેમણે બતાડ્યા હતા.

ગ્રન્થકારશ્રી સાચું કહે છે કે કામરાજનું મેસ્મેરીઝમ જ જીવને ગંદા દેહને આલિંગવા પ્રેરે છે. જ્યારે જીવ સમજે છે કે આ બધું ગંદું છે ત્યારે તે શા માટે તેની તરફ ધસતો હશે ? ઓ, કામરાજ તારી તાકાત !

આથી જ જે તારક તીર્થંકરદેવોએ આ કામરાજને ભૂ ચાટતો કરીને પછાડ્યો છે : મારી નાંખ્યો છે તેમને આખું જગત આશ્ચર્યમુગ્ધ બનીને ઝૂકી જાય છે.

કવિઓ ગાય છે : **કામસુભટ ગયો હારી રે, થાશું કામસુભટ ગયો હારી.**

કન્દર્પને જીતવાનું કામ વિશ્વના વિજેતાઓ માટે પણ મુશ્કેલ છે. પણ એક વાત મહત્ત્વની કરું કે આ કન્દર્પ કરતાં ભયંકર દર્પ છે. કન્દર્પવિજેતા સ્થૂલભદ્રજી

દર્પમાં હારી ગયા.

એટલે આ બે ખૂબ ભયાનક દોષો છે. જેણે આ બે ને જીત્યા તે તો ભગવાન જ કહેવાય.

કહ્યું છે કે : ***નીરખીને નવયૌવના લેશ ન વિષયનિદાન***
***ગણે કાષ્ટની પૂતળી, તે ભગવાન સમાન.***

પેલા કવિએ કહ્યું છે :

***અહં રે અહં તું જાને મરી પછી મારામાં બાકી રહે તે હરિ.***

પેલી વાસવદત્તા ! વૈશાલીની નર્તકી ! ખરેખર અપ્સરા જેવી હતી. પણ તેનું તેને ફાટફાટ અભિમાન હતું. એથી તે સોહામણા યુવાનોને તિરસ્કારતી, ઝાટકતી.

રાજાની અને તેના મહેમાનોની સાથે તે બેફામ બનીને ભોગો ભોગવતી.

પણ અંતે તેનાથી તેને રક્તપિત્ત થયું. ગામના લોકોએ તેને ગામની બહાર ઝૂંપડીમાં છોડી દીધી.

બિચારી, ખૂબ ખરાબ રીતે, રોગોથી પીડાઈને મરી.

ભર્તૃહરિએ સાચું કહ્યું છે : **भोगे रोगभयम्.**

કંડરિક મુનિએ એક હજાર વર્ષનો ઘોર તપ કર્યો. નખમાં ય રોગ ન થયો. પણ કામુક્તા જાગ્રત થઈ. રાજાના માદક પદાર્થો દાબી દાબીને ખાધા. બિચારો, બે દિવસના સાધુપણાના ત્યાગમાં તો ભોગની પરાકાષ્ટાએ પહોંચ્યો.

બીજા દિવસની રાતે અસહ્ય શૂળ ઊપડ્યું. તેના રામ રમી ગયા. સાતમી નારક ભેગો થઈ ગયો.

કોઈ પણ જીવ લગ્નજીવન બાદ વધુમાં વધુ દસ કે પંદર વર્ષ સુધી ભોગમાં - કામસુખમાં - પાગલ બની જતો હોય છે. પછી... એની એ કામક્રિયાનું પુનરાવર્તન જ ચાલ્યા કરતાં તેનો તેમાંથી રસ ઊડી જાય છે. પછી તો ઊભો કરેલો સંસાર વેંઢારવા સિવાય કોઈ કાર્ય બાકી રહેતું નથી.

એક સ્થળે કહ્યું છે કે : જેણે પૂરા એક વર્ષ સુધી પાંચ ઈન્દ્રિયોના ભોગ ભોગવી લીધા હોય અને એક રાત કામસુખ ભોગવી લીધું હોય તેને બીજા વગેરે વર્ષોમાં અને બીજી વગેરે રાત્રિઓમાં 'નવું' કશું અનુભવવાનું હોતું નથી. કેમકે એની એ વાતોનું પુનરાવર્તન થયા કરતું હોય છે.

જે નારીને પોતાની અત્યન્ત વહાલી માને છે તેની ચામડી ઊતરડીને જો તેની કાયાને ખુલ્લામાં મૂકી દેવાય તો આકાશેથી ગીધડાં તૂટી પડે અને સીમાડેથી શિયાળો ખાવા માટે ધસી આવે. આ વાત યોગશાસ્ત્રમાં કહી છે. કલિકાલ સર્વજ્ઞ ભગવંત તે પુરુષને સવાલ કરે છે કે જોઈ લે આ નારીના રૂપના કામણની હોળી !

એક વાત નક્કી છે કે જો અશુચિતાની ભાવનાથી વાસના ઉપર વિજય મેળવી લેવાય અને "પોતાનાથી સવાયા આ દુનિયામાં ઘણા માણસો છે." એવી કલ્પનાથી અહંકારને ઓગાળી દેવાય તો સંસાર ત્યાગીને સાધુ થવું, તેમાં ઉત્તમ ચારિત્રનું પાલન કરવું એ જરાય મુશ્કેલ રહેતું નથી.

જ્ઞાનીઓએ 'નારી' ને બહુ કઠોર શબ્દોમાં ફટકારી છે. ત્યાં 'નારી' એટલે સ્ત્રી નહિ લેતાં 'વાસના' સમજવી જોઈએ. શું નર કે શું નારી ! તેમના હૈયે વસેલી વાસના બહુ ખરાબ છે. નારી (સ્ત્રી) માત્ર કેવી રીતે ખરાબ કહેવાય ? તારક તીર્થંકરદેવોની જે જનેતા છે; અગણિત મહાપુરુષો અને મહાસતીઓની જે માવડી છે; ઢગલાબંધ નારીઓએ વિરતિધર્મને ગ્રહણ કરીને અનુપમ આત્મકલ્યાણ સાધ્યું છે તે બધી નારીને ખરાબ ન જ કહેવાય ને ?

અરે, કેટલીય બધી નારીઓ ઉત્તમ હોવાથી મુનિઓ, આચાર્યો વગેરે રોજ સવારે ભરહેસરની સજઝાયમાં તેમનું નામસ્મરણ કરે છે. ત્યાં કહ્યું છે કે, "આવી ઉત્તમ મહાસતીઓનું નામ લેવાથી અમારા ભવોભવના સંચિત કર્મોનો નાશ થઈ જાય છે !"

વળી, જ્યારે ગ્રન્થરચયિતાઓ 'નર' હોય ત્યારે તેઓ નારીને અનુલક્ષીને પ્રહારો કરે તે સ્વાભાવિક છે. એમ તો જો નારીએ ગ્રન્થ રચ્યો હોત તો તેણે નરને જબ્બર ફટકા માર્યા હોત.

ગ્રન્થકારશ્રી આવી બધી વાતો કરીને પરપદાર્થ માત્ર ઉપરનો રાગ ઘટાડવા માટેની કવાયત કરી રહ્યા છે. જ્યાં સુધી એમના પ્રત્યે વૈરાગ્ય ન પ્રગટે ત્યાં સુધી તત્ત્વત્રયી અને રત્નત્રયીના જે માશુક બનવું છે તે બની શકાય તેમ નથી. એમ થતાં 'મોક્ષ' અનંતકાળે પણ શકય નથી.

પરપદાર્થોનો રાગ આત્મામાં ઠસોઠસ ભરેલો છે. એ રાગના સંસ્કારો પણ આત્મામાં ચક્કાજામ થઈને પડેલા છે. તે જો ન ઊખડે તો ધર્મ કરવાના લાખ પ્રયત્નોથી પણ મોક્ષ ન મળે.

જો વહાણનું લંગર છૂટું કરાયું ન હોય તો ગમે તેટલા હલેસા મરાય પણ વહાણ એક તસુભર પણ આગળ નહિ વધી શકે.

* * *

**सव्वगहाणं पभवो महागहो सव्वदोसपायट्टी ।**
**कामग्गहो दुरप्पा जेणभिभूयं जगं सव्वं ।। 210 ।।**

**અર્થ :** સર્વગ્રહોને ઉત્પન્ન કરનારો, સર્વ દોષોને પ્રકટ કરનારો કામ નામનો ગ્રહ દુષ્ટ છે. તેણે આખા જગતને હરાવ્યું છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ 'કામ' ને અતિ ખતરનાક દોષ કહ્યો છે. (જો કે કામ કરતાં ય અહંકાર - અમુક અપેક્ષાએ – વધુ ખતરનાક દોષ ગણાય. પરંતુ અહંકાર એ કામનું જ ઉગ્રસ્વરૂપ હોવાથી તેને 'કામ' કહી શકાય. જેને કામ ન હોય તેને અહંકાર ન હોય. જેનો કામ (કામના = ઈચ્છા) તૃપ્ત ન થાય તેને ક્રોધ આવ્યા વિના રહે નહિ. અહંકાર તોફાન કર્યા વિના રહે નહિ.

કામ એ એવો ગ્રહ છે જેમાંથી ઘણા બધા ખતરનાક ગ્રહો ઉત્પન્ન થાય છે.

અહીં ગ્રહો એટલે રાહુ, કેતુ વગેરે ગ્રહો ન લેવા. પણ આગ્રહ, કદાગ્રહ, સંગ્રહ, વિગ્રહ, નિગ્રહ વગેરે લેવા. આ બધી વસ્તુઓ કામને આધીન છે. (સંગ્રહ = મૂર્છા, નિગ્રહ = બીજાને કચરી નાંખવા)

કેટલીકવાર એવું બને છે કે ઈજ્જત કે સમાજાદિના ભયને લીધે કામ વાણીમાં કે કાયામાં પ્રગટ રીતે ન દેખાય, પણ મનમાં તો તેનું તોફાન ઉત્કૃષ્ટ હોઈ શકે. આંખેથી નારીને નહિ જોતો પુરુષ મનથી તેને ચોંટી પડે.

કામનું ઉત્પત્તિસ્થાન મન છે.

મનમાં ઉત્પન્ન થઈને તે વાણીમાં કે કાયામાં પ્રસરે છે. કહ્યું છે કે : હે કામ, તું પ્રથમ મનમાં જાગે છે; ત્યાં સંકલ્પ-વિકલ્પ એ તારું સ્વરૂપ હોય છે. જો હું સંકલ્પાદિ જ ન કરું તો તું વાણી કે કાયા સુધી શી રીતે પહોંચીશ ?

ગૂર્જરેશ્વર કુમારપાળે બ્રહ્મચર્ય-વ્રત લીધું ત્યારે તેમાં મનથી દોષ સેવાય તો ઉપવાસનો દંડ, વાણીથી સેવાય તો આયંબિલનો દંડ અને કાયાથી સેવાય તો એકાસણું કરવાનો દંડ રાખ્યો હતો. તે પૂર્વોકત વાતને બરોબર જાણતા હતા એ આ પ્રતિજ્ઞા ઉપરથી સમજાય છે.

મનના પાપો કાતીલ હોય છે. માત્ર બે ઘડીના મનના પાપે તન્દુલીઓ મત્સ્ય સાતમી નારકે ગયો છે અને પ્રસન્નચન્દ્ર રાજર્ષિએ સાતમી નારકના દળીઆં એકઠાં કરી લીધા છે. એમણે જ મનના પ્રચંડ સત્વથી એ દળિયાંઓને વીખેરી નાંખ્યા છે.

અન્યત્ર કહ્યું છે :

**मा सञ्चर मनस्पान्थ तत्रास्ते स्मरतस्करः ।।**

ઓ મન ! તું તે રસ્તે જઈશ નહિ, ત્યાં કામ રૂપી ચોર બેઠો છે. તને હણી નાંખશે.

સવાલ એ થાય કે જો મનના ઉત્કૃષ્ટ પાપો ખૂબ થઈ જતા હોય, તે પણ ભારે તીવ્રતા સાથે થતાં હોય તો તેનું પ્રાયશ્ચિત્ત કેટલું આવે ?

આનો જવાબ એ છે કે જો ખરેખર – પૂરેપૂરું - પ્રાયશ્ચિત્ત આપવું હોય તો સેંકડો ઉપવાસ આવે. જેટલી વાર પ્રાયશ્ચિત્ત થાય તેટલી વાર આટલા બધા ઉપવાસો આવ્યા કરે.

હવે આટલું બધું સતત આવ્યા કરતું પ્રાયશ્ચિત્ત જન્મારો પૂરો થઈ જાય તો પણ વળી શકે તેમ નથી તો શું કરવું ?

જ્ઞાનીઓ કહે છે કે, તો પછી માત્ર મિચ્છા મિ દુક્કડં હાર્દિક રીતે કરી દેવું અને તે પાપો કર્યા બદલ ઘોરાતિઘોર પશ્ચાત્તાપ કરવો.

જો પશ્ચાત્તાપ જોરદાર થશે તો બધું પાપ ધોવાઈ જશે.

પણ સબૂર ! પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપ કરવાથી બાંધેલા પાપકર્મો તૂટી જાય પરંતુ તે પાપકર્મો ફરી ફરી થયા ન કરે, અકરણનિયમ પ્રાપ્ત થાય તે માટે શું કરવું ? પાપ થયા કરે, પ્રાયશ્ચિત્ત પણ વારંવાર થયા કરે તેનો કોઈ અર્થ ખરો ?

ઉત્તર એ છે કે જો તે પ્રાયશ્ચિત્ત એકદમ શુદ્ધ દિલથી અને વહી જતાં આંસુથી થયા કરતું હોય તો પાપકર્મો જડમૂળથી ઊખડી જાય.

પણ પાપકર્મ કરતાં અલગ બીજી વસ્તુ છે; પાપસંસ્કારો.

દા.ત. જીવ સો વાર પાપ કરે તો તેના સંસ્કાર આત્મામાં જોરદાર પડી જાય. એ ઊખેડી ન દેવાય તો ફરી ફરીને પાપો થયા કરે અને તેથી પાપકર્મો બંધાયા કરે.

જો લાખો ઉધઈઓને ખતમ કરતો માણસ ઉધઈની મહારાણીને ખતમ ન કરી શકે તો તે મહારાણી વારંવાર લાખો ઉધઈઓને જન્મ આપ્યા કરશે

ઉધઈઓને જડમૂળથી દૂર કરવા માટે તે માણસ મહારાણીને મારી નાંખતો હોય છે.

પાપના સંસ્કારો એ મહારાણી છે.

*પાપો એ ઉધઈ છે.*

પાપના સંસ્કારોને ખતમ કરવા માટે મને એવું લાગે છે કે નાના મોટા તમામ જીવોના સુકૃતોની તીવ્રતા સાથે અનુમોદના વારંવાર કરવી. જો આ અનુમોદના એકધારી રીતે ચાલશે તો પાપસંસ્કારો ઝપાટાબંધ ઘસાતાં ઘસાતાં સાફ જઈ જશે.

આ માટે મિચ્છા મિ દુક્કડં અને વંદામિ જિણે ચઉવ્વીસં નો અજપાજપ કરવો જોઈએ.

મિચ્છા મિ દુક્કડંથી પાપો બળે.

વંદામિ કરવાથી પાપસંસ્કારો બળે.

બસ, હવે ફરી ફરીને પાપક્રિયા થશે નહિ, એટલે ફરી ફરી પ્રાયશ્ચિત્ત કરવાની પરિસ્થિતિ ઊભી થશે નહિ.

મરીચિ, લક્ષ્મણા, રૂક્મિ વગેરે આત્માઓના દીર્ઘસંસારના મૂળમાં જેટલા પાપો કારણભૂત છે તેથી ઘણાં વધુ પાપસંસ્કારો છે.

વડલો તો એક બીજ ધરતી ઉપર નાંખે, તેની એક વડવાઈ ઊભી કરે, પછી તે વડવાઈમાંથી વડવાઈઓ ક્રમશઃ થયા જ કરે, એમાં ઓલા વડલાની કોઈ જરૂર ન રહે.

મૂળ વાતે આવીએ.

ગ્રન્થકારશ્રી કહે છે કે કામરાજે આખા જગતને પોતાની એડી નીચે દબાવ્યું છે.

સિંહગુફાવાસી મુનિ, સંભૂતિમુનિ, રહનેમિ મુનિ વગેરે તથા હજારો અજૈનધર્મી વ્યાસ, ગૌતમ વગેરે મહાતપસ્વીઓને કામરાજે એક જ મુક્કી મારીને લોહી વમતાં કરી દીધા છે !

પેલા સિકંદરના ગુરૂ એરિસ્ટોટલની વાત કરું. તેના ગુરુ સદા તેની સાથે રહેતા.

એકદા એકાએક સિકંદર તેમને છોડીને ઈરાનના બાદશાહના મહેલ પાસે જતો રહ્યો. ત્યાં અતિશય રૂપવતી શાહજાદીને જોઈ. તે સુમધુર સ્વરોને વાયોલીન

દ્વારા રેલાવી રહી હતી.

સિકંદર તેનામાં મોહાઈ ગયો. તેની નજીકમાં સરકીને પ્રેમાળ વાતો કરી. તેમણે બીજે દિવસે ફરી મળવાનું નક્કી કર્યું.

આ બાજુ પાછળ પડી ગયેલા ગુરુ એરિસ્ટોટલ ઝડપથી ચાલીને રાજમહેલ પાસે પહોંચી ગયા. બે વચ્ચેનો વાર્તાલાપ સાંભળવા વડલાની ઓથે છુપાઈને ઊભા રહ્યા.

વાતો સાંભળીને ગુરુને આઘાત લાગ્યો. ગુરુ ધીમે રહીને સરકી ગયા. બપોરે ભોજનવેળાએ ગુરુએ સિકંદરને કહ્યું "સિકંદર ! વિશ્વવિજેતા થવું સહેલું છે પણ નારીવિજેતા બનવું બહુ મુશ્કેલ છે. માટે સાવધાન ! કયાંય આઘોપાછો થઈશ નહિ."

સિકંદરને ખ્યાલ આવી ગયો કે ગુરુ શાહજાદી સાથેનો મિલાપ અને વાર્તાલાપ જાણી ગયા છે.

ગમે તેમ કરીને રાત્રિના સમયે સિકંદર તેણીની પાસે પહોંચી ગયો. બધી વાત કરીને કહ્યું કે હવે તે આવી શકશે નહિ.

શાહજાદી ખૂબ જોરથી હસવા લાગી. તેણે કહ્યું, "કાંઈ વાંધો નહિ. હવે હું તારા ગુરુ સાથે લટકોફટકો કરી દેવા માંગું છું. આવતીકાલે ગમે તેમ કરીને તેને એકલાને રાજમહેલની પાસેના ઉદ્યાનમાં ફરવા માટે મોકલજે. અને તું આ રાજમહેલના ઝરુખે બેસીને બધું જોયા કરજે."

એમ જ થયું. ગુરુ ઉદ્યાનમાં આવ્યા. ક્યાંકથી વાયોલીનનો સુમધુર સ્વર આવતો સાંભળીને તે તરફ ખેંચાયા. શાહજાદીના કામુક કટાક્ષોથી પૂરા વીંધાઈ ગયા. તેણે દેહસુખની માંગણી કરી. શાહજાદીએ કહ્યું, "એરિસ્ટોટલ ! જો તમે ચાર પગે થઈને રાજમહેલને ત્રણ ચક્કર મારો, તે વખતે હું તમારી પીઠ ઉપર બેસું અને ચાબુક માર્યા કરું. એ બધું કબૂલ હોય તો તમારી વાત મને કબૂલ છે."

ગુરુએ તે પ્રમાણે બધું કરતાં સિકંદર દોડી આવ્યો. ગુરુને કહ્યું, "અરે ગુરુદેવ ! તમારી આ કેવી હાલત થઈ ! તમે જ નારીમાં ફસાઈ ગયા !"

ગુરુ તરત બે પગે ઊભા થઈ ગયા. તેમણે સિકંદરને કહ્યું, "ઓ ભાઈ ! અહીંથી આપણે ભાગી જઈએ. હવે તો હું ય ફસાયો. ખરેખર નારીનું આકર્ષણ અસહ્ય હોય છે ! હું પણ ખેંચાઈ ગયો ! હાય, મારી અવદશા !

* * *

**जो सेवइ किं लहई थामं हारेइ दुब्बलो होइ ।**
**पावेइ वेमणस्सं दुक्खाणि अ अत्तदोसेणं ।। 211 ।।**

**અર્થ :** જે આત્મા કામનું સેવન કરે છે તે શું પામે છે ?

બિચારો, (૧) શક્તિનો ક્ષય કરે છે.

(૨) દુર્બળ થાય છે.

(૩) ચિત્તમાં ઉદ્વેગ રહે છે.

(૪) પોતાના દોષોથી પોતે દુઃખી રહ્યા કરે છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં તો કમાલ કરી છે.

કામસેવન કરનારાની ચાર આફતો તેમણે જણાવી છે.

શક્તિ એટલે વીર્ય.

જેને મનમાં પણ કામુક્તા પેદા થાય છે તેને વીર્યકોષમાંથી વીર્યનું સ્ખલન થાય છે. એવા કેટલાક આંતરસ્ખલનો થયા બાદ બધું વીર્ય બહાર નીકળી જાય છે. ક્યારેક સ્વપ્નદોષથી, કયારેક હસ્તમૈથુનથી, તો કયારેક સજાતીય કે વિજાતીય સંબંધથી.

ત્રણસો વર્ષાયુ સિદ્ધસંન્યાસી ત્રિલોકનાથ આકાશગામિની વિદ્યાના સાધક હતા. એક વાર બાદશાહને ત્યાં મહેમાન બન્યા. ભોજન કરતી વખતે એક સેકંડ જેટલા સમય માટે ભોજન પીરસતી શાહજાદીના મદમસ્ત તન ઉપર નજર પડી ગઈ. એનું પરિણામ ખૂબ ખરાબ આવ્યું. જ્યારે તેમણે સ્વઘર પાછા ફરવા માટે ઊડવાની કોશીશ કરી ત્યારે તે નિષ્ફળ ગયા. તે ક્ષણે આંતર-સ્ખલન થઈ ગયાની કલ્પના કરી. ધ્રુસકે ધ્રુસકે રડયા. હવે શું થાય ?

આ છે; વીર્યની શક્તિ. સાધુ કામુક બને તો તરત શક્તિ ગુમાવે. જો કાયાથી પાપ સેવે તો ખેલ ખતમ થઈ જાય. એના નુકસાનની સીમા ન હોય.

વીર્ય એ રોગપ્રતિકારક શક્તિ છે. તેનું વારંવાર સ્ખલન કરાય તો અનેક રોગો દેહ ઉપર તૂટી પડે.

એટલે ગ્રન્થકાર કહે છે કે કામી પહેલાં વીર્યક્ષય કરે. એથી તેનો દેહ દુર્બળ બની જાય.

દેહ તગડો (હૃષ્ટપુષ્ટ) ભલે ન હોય : ચાલે પણ તે નિરોગી તો હોવો જોઈએ.

સાધના માટે જેમ નિર્મળ મન જોઈએ તેમ નિરોગી તન પણ જોઈએ. તેના વિના સાધનામાં માંદગી આદિના ઘણા વિઘ્નો આવે.

ગ્રન્થકારશ્રી કામુક માણસનો ત્રીજો દોષ જણાવે છે : મનની અપ્રસન્નતા. જેનું વીર્ય ક્ષીણ થયું અને તન રોગિષ્ટ બન્યું તેનું મન સાવ ઉદ્વેગમાં રહે. એને કશું ગમે નહિ. કોઈ વાતે ઉલ્લાસ હોય નહિ. એનો સ્વભાવ ચીડીઓ હોય; ક્રોધી પણ હોય. જો એને એ વાતનું ભાન થઈ જાય કે આ મનઃસ્થિતિનું મૂળ વીર્યક્ષય છે એ મારે સદંતર બંધ કરવો જોઈએ તો એ જીવ યોગાસન, પ્રભુભક્તિ અને પુનઃ પુનઃ શુદ્ધ પ્રાયશ્ચિત્ત દ્વારા ફરી વીર્યસંગ્રહ કરી શકે. યોગાસનોથી જો વીર્ય ઊર્ધ્વગામી બને તો વાસના જ ખતમ થઈ જાય. વાસનાનું જાગરણ વીર્યના અધોગમનમાં છે.

તન તૂટી ગયું, મન મડદા જેવું થયું, હવે જીવન જીવવાની મજા શું રહી ?

હજી એક મુસીબતની વાત ગ્રન્થકારશ્રી કરે છે. તે કહે છે કે વીર્યક્ષયી માણસ એટલા બધા ક્રોધાદિ દોષોનો સંગ્રહ કરી દે છે કે તેનાથી તેનું પુણ્ય બળી જાય છે. આમ થતાં તે વિવિધ દુઃખોના ખાડામાં ગબડી પડે છે.

તેને નોકરી, પૈસો, સ્ત્રી વગેરે જે કાંઈ જોઈતું હોય તે બધું - લાખ પ્રયત્નો કરવા છતાં - મળતું નથી. તેનું ચિંતવ્યું સફળ થતું નથી. (અબ્રહ્મચારીનું ચિંતવ્યું કદી ય સફળ ન થાય). તે બધાથી અળખામણો થાય છે. તેની સાચી વાત પણ કોઈને સાંભળવી ગમતી નથી.

ભલા ! પુણ્ય પરવારી ગયા પછી તો સારી વાતની આશા શી રીતે રાખી શકાય ?

વીર્યક્ષયના આ ચાર કટુ પરિણામોથી વર્તમાન જીવન તો ખતમ થાય પણ પરલોકે ય દુઃખોના વાવાઝોડાં ધસી આવે. ઘણી બધી પાપપ્રકૃતિઓ ઉદયમાં આવે.

ગ્રન્થકારશ્રી કહે છે કે આ કારણોસર વીર્યનાશ કરવો નહિ. તે માટે કામુક બનવું નહિ.

પહેલાં મનમાં કામ જાગે છે, પછી વાણીમાં, છેલ્લે તનમાં આવે છે.

જો કામને જાગવાનું નિમિત્ત મળી જાય તો પૂર્વભવોના સૂતેલા કામ-સંસ્કારો એકદમ બેઠા થઈ જાય. અત્યન્ત ખાનદાન જીવ ઘડીના છઠ્ઠા ભાગમાં પટકાઈ જાય. અચ્છા અચ્છા રૂસ્તમોને નિમિત્તનો સંગ કરવાની ભૂલમાં નાંખીને કામરાજે ભોંય ચાટતા કરી દીધા છે.

કોઈ પણ હાલતમાં વીર્યક્ષય ન કરો.

તેથી શરીરને નિરોગી રાખો.

તેથી મનને પ્રસન્ન રાખો. (ચિત્તપ્રસન્ને પૂજનફળ કહ્યું)

તેથી પુણ્યને બળતું અટકાવી દો. પુણ્યની વૃદ્ધિ કરો.

ગૃહસ્થો માટે પ્રાયઃ આ બધું સાધવું એ મુશ્કેલ છે પરંતુ સંસારત્યાગીઓ માટે આ ખૂબ સહેલું છે. તેઓ નિમિત્તનો પડછાયો પણ ન લે એટલે તેમનો બેડો પાર થઈ જાય.

કામદોષનું તીવ્રતાથી જાગરણ કરનાર તત્ત્વ છે, વિગઈઓનું સેવન.

આથી જ ચૌદ વર્ષની વય થતાં સાધુ-સાધ્વીએ વિગઈઓનું સેવન બંધ કરવું હિતાવહ છે.

ગૃહસ્થોમાં ચૌદ વર્ષની દીકરી થતાં તેને દૂધ અપાતું નહિ. તે ઉંમરથી તેનામાં કામુક્તા પ્રગટ થવાની પૂરી શક્યતા હોય છે.

સ્ત્રીનો દૂર બેસવાનો સમય જે દર મહિને આવે છે તે જેને શરૂ થાય તેને કામ ઉત્તેજિત થવાની પૂર્ણ શક્યતા રહે.

જો કે ગુરુકૃપા હોય, જ્ઞાનયોગ હોય, પ્રભુભક્તિ હોય, ઘોર તપ હોય અથવા જોરદાર સ્વાધ્યાયનું બળ હોય તેવા આત્માને દસ તોલા (૧૨ ગ્રામ) ઘી ખવડાવી દેવાય તો ય વાંધો ન આવે. શાસ્ત્રકારોએ ફલ્ગુમિત્ર નામના જોરદાર સ્વાધ્યાયીનું આ અંગે સુંદર દૃષ્ટાંત આપ્યું છે.

પોતાને પ્રાપ્ત થયેલી શક્તિને પચાવનારી એક શક્તિ છે. તે જેની પાસે ન હોય તેને તેની શક્તિઓ મારી નાંખે. એના ભાવપ્રાણોને હણી નાંખે.

આ પાચનશક્તિ ગુરુકૃપા પ્રાપ્ત કરવાથી આવે અથવા પરમાત્મભક્તિથી આવે.

છતાં જો કોઈનો કામ તીવ્રતાથી ઊછળ્યા કરતો હોય તો તેણે ઉત્કૃષ્ટ પ્રકારના તપસ્વી મહાત્માઓની અપૂર્વ વૈયાવચ્ચ - કમસે કમ - બે વર્ષ સુધી લગાતાર કરવી જોઈએ.

છતાં પણ જો કામાગ્નિ શાન્ત ન પડે તો તેણે હવે નાહી નાંખવાનું. હવે કદાચ વધતી જતી ઉંમર : વૃદ્ધાવસ્થા તેને ઉગારી શકે.

કામની ઉત્તેજનામાં મુખ્ય કારણ છે; પરપદાર્થો પ્રત્યે આસક્તિ.

કિંમતી બોલપેન, સુંદર વસ્ત્ર, સરસ નવકારવાળી વગેરે પદાર્થમાં મન આસક્ત બને તો તેમાં કામાગ્નિ પ્રગટ થવાની શક્યતા રહે.

જેમ પરપદાર્થની આસક્તિ સારી નથી તેમ જે કાર્ય કરાતું હોય તેનું ફળ મેળવવાની આસક્તિ પણ સારી નથી.

રાવણ, દુર્યોધન વગેરે આવી આસક્તિઓથી જ દુર્ગતિ પામ્યા છે.

જે કાર્ય કરવામાં આવે તેમાં જે આનંદ આવે એ આનંદ પોતે જ એ કાર્યનું ફળ છે. આથી બીજા કોઈ ફળની આસક્તિ રાખવી ન જોઈએ.

જેની પાસે જે કાર્ય હોય, ગ્રન્થ લખવાનું કે ઝાડું મારવાનું - તેમાં એકાગ્રતા આવે, રસ ઉત્પન્ન થાય એટલે પત્યું. આ બે ય કાર્યો સમાન છે. કોઈ હલકું કે ખરાબ નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે કામના ચાર દોષોને જાણો, તેના પ્રતિસ્પર્ધી ગુણોને સમજો તો તમને જ લાગશે કે કામને આધીન બનીને જીવનને - આલોકને અને પરલોકને - બરબાદ કરી દેવામાં કશી બુદ્ધિમત્તા નથી. કામસંસ્કારોના જાગરણમાત્રથી પતંગીઆની જેમ કામાગ્નિમાં કૂદી પડીને આત્મહત્યા ન કરાય.

પ્રસંગતઃ અર્વાચીન સમયની વાત કરું.

સમાજ, રાજકારણ, શિક્ષણ વગેરે તમામ ક્ષેત્રોમાંથી 'ધર્મ' ની હકાલપટ્ટી કરાઈ રહી છે. આના પરિણામે ઈન્સાન હેવાન અને શેતાન બન્યો છે. ધર્મના સંગથી પૂર્વે ઘણા બધા માણસો મહાન અને ભગવાન બનતા હતા.

જેની ખાંધ ઉપર 'ભાવી'ની જવાબદારી આવવાની છે તે યુવા-પેઢી ધર્મહીન બનીને અર્થ અને કામની પાછળ પાગલ બની છે. એણે બધી મર્યાદાઓ મૂકી દીધી છે. એણે પરંપરાગત મૂલ્યોનો હ્રાસ કર્યો છે. એણે સહુને જીવાડતું 'માળખું' તોડીફોડી નાંખ્યું છે.

શહેરોની શિક્ષિત અને શ્રીમંત નવી પેઢી–શું યુવાન કે શું યુવતી ? – કામભોગના નશામાં મહદંશે ચકચૂર બની છે. આમાં એણે વીર્યનો નાશ કર્યો છે. આથી તે ડીપ્રેશનનો અને દુર્બળતાનો ભોગ બની છે. હીપ્પીની જેમ એ વર્તે છે, ટ્રેમ્પની જેમ એ રખડે છે. વા લઈ જાય ત્યાં એ જાય છે. એનું કોઈ સરનામું નથી. 'જીવન' જેવી કોઈ ચીજ એની પાસે નથી. એ ધમણની જેમ શ્વાસોચ્છવાસ લેતું જીવતું મડદું છે.

જેનું વીર્ય ખતમ એનું શું નહિ ખતમ !

બીજી વાત કરું.

આખા વિશ્વમાં ઈસાઈ - ધર્મગુરુ પોપની સુરંગો ગોઠવાઈ છે. એને ફોડીને ગોરી સિવાયની ચામડી (લાલ, કાળી, પીળી) ધરાવતી પ્રજાનો તે નાશ કરવા માંગે છે. બીજી ઘણી રીતે નાશ થઈ રહ્યો છે પણ તેમાં 'વીર્યક્ષય'નું પણ એક ઝેર ફેલાવાયું છે. ઉપભોક્તાવાદને તેણે એટલો બધો વકરાવ્યો છે અને ધર્મ તથા મોક્ષના લક્ષનો એવો તો ભાંગીને ભુક્કો કરી નાંખ્યો છે કે બધી પ્રજા કામભોગના રસ્તા તરફ વળી છે.

આ વિલાસ માટે ધન વિના છૂટકો નથી માટે તેને અર્થોપાર્જન કર્યા વિના ચાલે નહિ. આમ અર્થ અને કામને દેખવા સિવાય પ્રજાને આંધળીભીંત કરી દેવાઈ છે.

આ પરિસ્થિતિમાં બહુ મોટા પ્રમાણમાં વીર્યનાશ થઈ રહ્યો છે. યુવાનો અને યુવતીઓ ભાન ભૂલીને વીર્યનાશ કરવા લાગ્યા છે. એમને પ્રચાર માધ્યમો દ્વારા એક વાત સતત ઠસાવાઈ રહી છે કે "મૈથુન કે હસ્તમૈથુન કરવામાં કશો દોષ નથી. આરોગ્યની કોઈ હાનિ નથી. એવી વાતો કરનારા પ્રાચીનકાળના સંતો, મહંતો જૂઠાં છે."

આવા પ્રચારથી સમસ્ત યુવા-પેઢીએ સામૂહિક આપઘાત કરવા માંડ્યો છે. હવે નિર્ભય બનીને તે વીર્યનાશ કરવા લાગી છે. વિજાતીય મળે તો મૈથુન નહિ તો હસ્તમૈથુન.... આ તેનું સૂત્ર બની ગયું છે. હવે લગ્ન કરતાં પહેલાં જ ૫૧ ટકા યુવતીઓ અને ૯૪ ટકા યુવાનો ભોગસુખને બરોબર માણી લેવા લાગ્યા છે.

જો આમ ચાલ્યું તો યુવા-પેઢીની શક્તિ અને બુદ્ધિનો સર્વનાશ થશે. પછી તે યુદ્ધ લડવામાં, વિશિષ્ટ ગ્રન્થોનું સર્જન કરવામાં, રાષ્ટ્રનું સફળ સંચાલન કરવામાં સંપૂર્ણપણે નિષ્ફળ જશે.

કામભોગમાં ચકચૂર અમેરિકન વગેરે પ્રજામાં ગાંડપણ, ડીપ્રેશન વગેરેથી પચાસ ટકાથી વધુ લોકોનો ભોગ લેવાયો છે.

આથી જ તે દેશોને ઉદ્યોગો વગેરેના સંચાલન માટે ભારતના યુવા-વર્ગ તરફ નજર કરવી પડી છે.

ભોગનો અતિરેક કરવાથી શરીરે ખલાસ થએલા, મનને મારી નાંખેલા તે

દેશના યુવાનો હતાશામાંથી બહાર નીકળવા માટે ડ્રગ્સનો ભોગ બને છે. બિચારાઓ, નાની ઉંમરે પરલોકભેગા થઈ જાય છે.

જે સમૃદ્ધ દેશોની યુવા-પેઢીની હાલત થઈ છે તે હાલત હવે ૫-૧૦ વર્ષોમાં ભારતીય યુવા-જગતની થાય તેવી શક્યતા ખરી.

આ ભયાનક પરિસ્થિતિ સર્જાવવા દેવી ન હોય અથવા તેનું નિવારણ કરવું હોય તો પ્રજાના બધા સ્તરોમાં 'ધર્મ' ને ઘાલી દીધા વિના છૂટકો નથી.

પણ હાલ તો પ્રજામાં ધર્મનો પ્રવેશ શક્ય જણાતો નથી કેમ કે દેશી-વિદેશી અંગ્રેજોએ ધર્મને લગભગ કચરી નાંખ્યો છે. બિનસાંપ્રદાયિકતા વગેરે ખંજરોથી ધર્મપુરુષનું ખૂન કરાયું છે. હાલ તે બેહોશ છે. વેદનાથી કણસી રહેલ છે.

પ્રકાશભાઇ, સૌરભભાઈ વગેરે બુદ્ધિજીવી લોકો આદું ખાઈને આ કાર્યની પાછળ પડ્યા હોય, પ્રચાર માધ્યમો તેમને જ સહાયક બનતા હોય ત્યાં વીર્યરક્ષાનો પ્રચાર શી રીતે સંભવે ?

ભારત દેશની પ્રજા ચારની રક્ષા ઉપર મસ્ત રીતે જીવી શકે છે. એ ચાર છે... પશુરક્ષા, વનરક્ષા, જલરક્ષા અને ભૂરક્ષા.

આ પર્યાવરણનું ચક્ર સતત અને સ્વયં ચાલતું રહે તો ભારતદેશ ભૌતિક સમૃદ્ધિથી હંમેશા છલકાયેલો રહે.

પણ સબૂર ! આ ચારની રક્ષા તે જ માનવો કરી શકશે જેમણે પોતે વીર્યરક્ષા કરી હશે. વીર્યહીન માણસો કાચો પાપડ પણ ભાંગી શકે નહિ.

આ સત્ય નથી; મહાસત્ય છે.

કમનસીબે વિદેશી ગોરાઓની શિખામણથી દેશી ગોરાઓએ તેને ધોઈ નાંખ્યું છે.

પ્રકાશ કોઠારી વગેરે જેવા બુદ્ધિજીવી લોકો પરંપરાગત મૂલ્યોના અભ્યાસી નહિ હોવાના કારણે એવા સંશોધનો અને વિધાનો કરે છે જે મૂલ્યો ઉપર જીવલેણ પ્રહાર કરે છે. તેઓ પ્રાચીન પરંપરાનિષ્ઠ ઋષિ-મુનિઓની યોગસાધનાથી પ્રાપ્ત સિદ્ધિઓની અવગણના કરે છે.

એ લોકો વિદેશી જીવન-શૈલીને જીવતા હોવાથી, તેમનો ઉછેર પશ્ચિમી ઢબનો હોવાથી, તેમને મળેલું શિક્ષણ વિદેશપરસ્ત હોવાથી તે લોકોને ભારતીય સંસ્કૃતિના મૂલ્યો તરફ પ્રેમ કે આકર્ષણ થતું નથી. તે મૂલ્યોના પ્રણેતા અને પુરસ્કર્તા

ઋષિ-મુનિઓ તરફ લગીરે આદર હોતો નથી. આથી તેઓ એવી ઘણી બધી સુધારાવાદી વાતો ફેલાવતા રહે છે કે તે વાતોનું ખંડન કરતાં સંતોને નાકે દમ આવી જાય છે.

હાલ તો ભારતીય પ્રજા ઉપર વિદેશી વિકૃતિઓનું ઘોડાપૂર આવ્યું છે. તેના વાવાઝોડાથી કેટલાય કબીરવડ (મૂલ્યો) ધારાશાયી થઈ ગયા છે. પ્રગતિ અને વિકાસના ઓઠા નીચે કેટલી બધી અધોગતિ અને વિનાશ થયો છે.

વીર્યરક્ષાની પ્રસ્તુત વાત ઉપર આવીએ.

પશ્ચિમપરસ્ત લોકો કહે છે કે ઋષિ – મુનિઓએ વીર્યરક્ષાની વાત કયાંય કરી નથી.

આયુર્વેદમાં સુશ્રુતસંહિતા નામનો ગ્રન્થ છે. તેના શરીરસ્થાનના ચોથા અધ્યાયમાં આ શ્લોક આવે છે :

**यथा पयसि सर्प्पिस्तु गूढः चेक्षौ रसः यथा ।**
**शरीरेषु तथा शुक्रं नृणां विद्याद् विचक्षणाः ।।**

**અર્થ :** આખા દૂધમાં જેમ ઘી વ્યાપ્ત હોય છે અને શેરડીમાં એનો રસ વ્યાપ્ત હોય છે તે રીતે માનવશરીરમાં - તેની સાતે ય ધાતુમાં - વીર્ય (શુક્ર) વ્યાપ્ત હોય છે.

જેમ દૂધનું મંથન કરતાં માખણ બહાર નીકળે છે; શેરડીને પીલતાં રસ બહાર નીકળે છે તેમ કામની ઉત્તેજના થતાં સર્વશરીરવ્યાપી વીર્ય શુક્રાશયમાં આવીને પછી બહાર નીકળી જાય છે.

વળી, જેમ ઘી ન કાઢી લેવાય અને દૂધમાં જ રખાય તો દૂધ વધુ શક્તિમાન બને તેમ શરીરમાં વીર્યનું રક્ષણ કરવાથી શરીર વધારે બળવાન, ઓજસ્વી, ધૈર્યવાન બને. શુક્રક્ષય થાય એટલે આવા બળાદિ ગુણોનો પણ ક્ષય થાય.

આયુર્વેદાચાર્યોએ मरणं बिन्दुपातेन जीवितं बिन्दुरक्षणात् કહીને વીર્યના એક ટીપાં જેટલા સ્ખલનમાં મોત કહ્યું છે, તેના રક્ષણમાં જીવન કહ્યું છે.

મૈથુન અને હસ્તમૈથુનથી જે વીર્યનાશ થાય છે તેથી દેહને કશું નુકસાન - દુર્બળતા, રોગિતા, અનુત્સાહિતા વગેરે સંબંધિત - થતું નથી એવું કહેવાથી લાખો નહિ પરંતુ ક્રોડો યુવાનો અને યુવતીઓએ વીર્યના અમૃતકુંભને ધરતીમાતા ઉપર ઢોળી નાંખ્યો છે. હાય, આટલી મોટી સંખ્યાના યુવા-વર્ગનું આ પ્રચારકોએ કેવું નિકંદન કાઢી નાંખ્યું છે.

આ પાપાત્માઓએ તો ત્યાં સુધી યુવા વર્ગને સલાહ આપી છે કે મૈથુન કે હસ્તમૈથુન ગમે તેટલી વાર દિવસમાં કે રાતમાં કરી શકાય. એનાથી શરીરને જરા ય નુકસાન થતું નથી !

આ શબ્દો વાંચીને લાખો લોકો એકેક્ક દિવસમાં ૪-૪ વાર, ૬-૬ વાર વીર્યક્ષય કરવા લાગ્યા છે.

વીર્યક્ષયથી તત્કાળ કેવું નુકસાન થઈ જાય છે ? તે બતાવું.

જે માણસ મૈથુન કે હસ્તમૈથુન કરે છે તે માણસ તરત જ તન-મનથી એકદમ ઢીલો પડી જાય છે. આથી જ તરત ને તરત ફરી તે સ્ખલન કરવા સજ્જ બની શકતો નથી. આવો સાર્વત્રિક અનુભવ હોવા છતાં વીર્યક્ષયને નિર્દોષ કહેવું એ કેવું સફેદ જૂઠાણું કહેવાય !

બહુ સીધી વાત છે : અનુભવસિદ્ધ વાત છે કે વીર્યક્ષય થયા બાદ એટલી બધી નબળાઈ આવે છે કે ફરીથી વીર્યક્ષય કરવામાં વૈરાગ્ય થઈ આવે છે.

કહ્યું છે :

**पुराणान्ते स्मशानान्ते मैथुनान्ते च या मतिः ।**
**सा मतिः सर्वदा चेत्स्यात् को न मुच्येत बन्धनात् ।।**

**અર્થ :** પુરાણકથા સાંભળ્યા બાદ, સ્મશાનમાં અને મૈથુનની બાદ જે વૈરાગ્ય ઉત્પન્ન થાય તે જો સ્થિર બની રહે તો કોણ મોક્ષે ન પહોંચે ?

વીર્ય એ બળ છે; તેની હાનિમાં અશક્તિ છે એ વાતની અનુભવથી દરેક સંસારીને ખબર છે છતાં એવી વાતો થાય છે કે, મૈથુન, હસ્તમૈથુનથી થતાં વીર્યનાશમાં દેહને કે દુનિયાને કોઈ નુકસાન થતું નથી.

સુશ્રુતે સૂત્રસ્થાનના પંદરમા અધ્યાયમાં અને વાગ્ભટ્ટે અષ્ટાંગ હૃદયના સૂત્રસ્થાનના અગિયારમા અધ્યાયમાં વીર્યક્ષયના લક્ષણો બતાવ્યા છે. આ વીર્યક્ષય મૈથુનથી થાય કે હસ્તમૈથુનથી તો પણ – બન્ને રીતે – એ જ લક્ષણો પ્રગટશે.

આયુર્વેદ કહે છે કે વીર્યથી માત્ર સંતાનોત્પત્તિ નથી પરંતુ ઓજ–ઉત્પત્તિ પણ છે.

પૂર્વના કાળમાં એ તો સુવિદિત હતું કે સંતાનોત્પાદ સિવાય વીર્યક્ષય ન જ થવો જોઈએ. ઋષિઓ કદાપિ વીર્યક્ષય ન થાય તેની પૂરી સાવધાની રાખતાં છતાં જો કોઈ કારણસર વીર્યનું બિન્દુ પણ સ્ખલિત થઈ જાય તો એ યોગીઓ રડતા : ઝૂરતા. (બુન્દ ગયે ઝુરે જોગી.)

ઈરાનના એક લુહારે વૈદ્ય લુકમાનને સંદેશ મોકલ્યો હતો કે, "જે માણસ અઠવાડિયામાં એક વાર લાંઘણ કરે, પંદર દિવસમાં એક વાર નકોરડો ઉપવાસ કરે અને મહિનામાં એક જ વાર મૈથુન સેવે તો તે માણસ કદી રોગી ન થાય."

સોક્રેટિસે પણ આ વાત કરી છે કે મૈથુનસેવન મહિનામાં વધુમાં વધુ એક વાર થઈ શકે.

વીર્ય એ સાતમી ધાતુ (રસ, લોહી, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) છે. જો તેની રક્ષા કરાય તો તેનું ઓજ બને. ઓજનું તેજ બને. આ ઓજ અને તેજનો ક્ષય થઈ શકતો નથી. એ શરીરમાં સર્વત્ર વ્યાપી જાય છે. વીર્ય હૃદયમાં રહે છે, પછી શરીરમાં સર્વત્ર વ્યાપે છે. વીર્યનાશ થાય એટલે ઊંધા ક્રમે દરેક ધાતુનો ક્ષય થવા લાગે. એવા માણસમાં અકાળે વૃદ્ધત્વ, અસાધ્ય રોગો, દુર્બળતા, ઉત્સાહહીનતા સ્પષ્ટ દેખાવા લાગે. એ હંમેશ અપ્રસન્ન રહે. એના દેહ ઉપર આભા (તેજ) બિલકુલ ન દેખાય. એનું શરીર ક્ષીણ થઈ જાય. વીર્યરક્ષક માણસમાં આનાથી અવળી બાબતો બને છે. તે તેજસ્વી દેખાય છે. તેનામાં ઉત્સાહ ભર્યોભર્યો રહે છે. તે સદાબહાર નિરોગી હોય છે. તે દીર્ઘાયુ હોય છે.

કહ્યું છે : **अन्नमूलं बलं पुंसां रेतोमूलञ्च जीवितम् ।।**

મુનિજીવન માટે બ્રહ્મચર્યપાલન દ્વારા સંપૂર્ણ વીર્યરક્ષા અત્યન્ત આવશ્યક છે, કેમકે આ જીવન કષ્ટમય છે. ઘોર તપ, ઉગ્ર વિહાર, કષ્ટમય લોચ, કાયોત્સર્ગાદિની આરાધના વગેરે બાબતોમાં ઘટ્ટ વીર્યની અને પુષ્કળ ઉત્સાહની ખૂબ જરૂર છે. ઉત્સાહ પણ વીર્યવૃદ્ધિથી વધે અને ઘટ્ટ વીર્ય કે જે ઓજ બને તેનાથી તન સશક્ત અને નિરોગી રહે. આવા તન-મન વિના મુનિજીવનની આરાધનામાં સફળતા શક્ય નથી. આથી જ અહિંસાદિ વ્રતોમાં ક્વચિત અપવાદ સેવવાની રજા અપાઈ છે પરંતુ બ્રહ્મચર્યવ્રતમાં કોઈ અપવાદ આપવામાં આવ્યો નથી.

ભલે નિશ્ચયનયથી 'અહિંસા' ને પ્રધાનતા અપાઈ છે, પરંતુ વ્યવહારનયથી 'બ્રહ્મચર્ય' ને જ પ્રધાનતા અપાઈ છે. એટલે કવિઓએ ગાયું છે,

**"એ વ્રત જગમાં દીવો મેરે પ્યારે".**

અન્ય તીર્થંકરદેવો બ્રહ્મચારી હતા. સ્થૂલભદ્રજી પણ બ્રહ્મચારી હતા. છતાં સ્થૂલભદ્રજીની યશોગાથા ચોર્યાસી ચોવીસી સુધી ચાલવાની છે તેનું કારણ એ છે કે તેમણે કામના ઘરમાં જઈને કામનું ખૂન કર્યું છે.

અન્ય પરમાત્મા મહાવીરદેવ આદિના તારક આત્માઓએ યશોદા આદિનો

ત્યાગ કરીને, વનમાં જઈને 'કામ' ઉપર વિજય મેળવ્યો છે. જો કે આ બધી નિયતિ હોય છે એટલે તારકોના આત્માની દુર્બળતા વિચારી શકાય નહિ.

જેને કામ સતાવે છે તેના માનસિક દોષથી પણ વીર્યક્ષય થઈને જ રહે છે. વીર્યનું સ્થાન મુખ્યત્વે હૃદય છે. ત્યાંથી તરત વીર્ય સ્ખલિત થાય છે પછી પૂર્વે જણાવ્યા મુજબ સાતે ય ધાતુમાંથી ઊંધા ક્રમે (પશ્ચાનુપૂર્વીએ) તે સ્ખલિત થતું જાય છે.

હાય, એક મણ ખોરાક-દૂધ વગેરે લેવાય-પચાવાય- ત્યારે એક જ તોલો વીર્ય બને. તેમાં વળી મૈથુન, હસ્તમૈથુન કરાતાં તે 'એક તોલો' સ્ખલિત થઈ જાય. પછી તો પાણીના સ્વરૂપથી વધુ ઘટ્ટ તે બનતું નથી. પાણીને સ્ખલિત થતાં કેટલી વાર ? છેલ્લે શીઘ્રસ્ખલન અને નપુંસકતા.

જ્ઞાનીઓએ બ્રહ્મચર્યને ગુરુકૂલવાસ કહ્યો છે. આધ્યાત્મિક જીવનમાં લક્ષપ્રાપક વસ્તુ ગુરુકૂલવાસ છે. એની સિદ્ધિ બ્રહ્મચર્યના નિર્મળ પાલનથી છે માટે તેને ગુરુકૂલવાસ કહ્યો છે.

બ્રહ્મચર્ય દ્વારા વીર્યરક્ષા થાય. તેથી મુનિજીવનમાં ઉત્સાહ વધે. તેથી વિશિષ્ટ આરાધનાઓ થાય. તેથી મોક્ષ પ્રાપ્ત થાય. આમ મોક્ષની પ્રાપ્તિમાં બ્રહ્મચર્ય એ મૂળ છે.

ગ્રન્થકારશ્રીએ પ્રસ્તુત શ્લોકમાં સીધી અને આડકતરી રીતે બ્રહ્મચર્યને અણિશુદ્ધ પાળવા માટે અબ્રહ્મનું વિપાકદર્શન કરાવીને જોરદાર પ્રેરણા કરી છે.

બ્રહ્મચર્યની ટોચ છે; બ્રહ્મ (વિશુદ્ધ આત્મા = પરમાત્મા) માં રમણતા.

વીર્યરક્ષાથી જ આ રમણતા આવે.

* * *

**जह कच्छुल्लो कच्छुं कंडूयमाणो दुहं मुणइ सुक्खं ।**
**मोहाउरा मणुस्सा तह कामदुहं सुहं बिंति ।। 212 ।।**

**અર્થ :** જેમ ખસવાળો માણસ ખુજલીને જોરજોરથી ખણે છે. એ વખતે લોહીની ટીશીઓ ફૂટી નીકળે, રોગ વધે. આમ દુઃખ પડે તો ય તેને સુખ માણે છે.

તેમ મોહાધીન માનવો કામના દુઃખને સુખ માની બેસે છે.

**વિવેચન :** ખરેખરું સુખ તો આરોગ્યનું કહેવાય; જેમાં ખુજલીનું નામનિશાન નથી. ખુજલી થાય, પછી તે જોરથી ખણાય તેમાં સુખ શી રીતે ? રોગ વધે, લોહી નીકળે

ત્યાં સુખ શેનું ? પણ કમનસીબ અબુઝ આત્મા તેમાં સુખ માને છે.

એવા કોઈ માણસે અચાનક રસ્તે ભટકાઈ ગએલા વૈદને કહ્યું કે, "મને એવી સળીઓ આપો જેનાથી હું મારી ખુજલીને ખૂબ ખણું, જેથી મને ખૂબ મઝા પડે."

વૈદે કહ્યું , "એમ કરતાં તો હું મલમ લગાડીને તારી ખુજલીનો રોગ જ મટાડી દઉં તો કેમ ?"

રાડ પાડીને તેણે કહ્યું, "વૈદરાજ ! ખબરદાર, જો આવું કર્યું છે તો. મારે તો ખુજલી જોઈએ જ, જેથી ખણવાની ખૂબ મજા અનુભવાય. તમે તો મારી મજા ઉડાવી દેવાની વાત કરી."

બિચારા વૈદરાજ રવાના થઈ ગયા.

સંસારી જીવોના તમામ સુખો આ રીતે દુઃખને ધક્કો મારવા સ્વરૂપ છે.

પહેલાં દુઃખી થાઓ.

પછી અકળાઓ.

પછી તે દુઃખને ધક્કો મારો.

એ ધક્કો મારવો તેમાં જ સુખની લાગણી અનુભવો.

શિયાળાની કડકડતી ઠંડીમાં કોઈ ઠંડુ હિમ જેવું પાણી પાય તો જરાય સુખ ન અનુભવાય. પણ તે જ પાણી ઉનાળાની ભયાનક ગરમી વખતે પીવાય તો અત્યન્ત ગમે.

ખૂબ ભૂખ લાગ્યા પછી જ ભોજન મીઠું લાગે.

ખૂબ થાક્યા પછી જ ઘસઘસાટ નિંદર માણવાનું સુખ મળે. બપોરે ત્રણ કલાક ઊંઘી જનારને રાતે ઘસઘસાટ ઊંઘનું સુખ ન મળે.

ચડતા તાવે ત્રણ ડિગ્રી તાવ થતાં જરાય સુખ ન થાય. પણ છ ડિગ્રી સુધી પહોંચીને ઉતરતા તાવે એ જ ત્રણ ડિગ્રી થર્મોમીટરમાં આવે તો ખૂબ આનંદ આવે કે હાશ, તાવ ઊતર્યો.

લાખ રૂપિયા ચોરાય તો ખૂબ દુઃખ થાય પણ તેમાંથી ચાલીસ હજાર રૂપીયા પાછા મળે તો ખૂબ આનંદ થાય કે ચાલો, ચાલીસ હજાર તો મળ્યા.

સંસારના બધા સુખો દુઃખની અનુભૂતિ કર્યા વિના મળતા નથી. માટે જ

આ સુખો ઈચ્છનીય નથી.

જો ખુજલી જ ન થાય તો ખણવાનું સુખ ક્યાંથી મળે ? પણ શું આવી રીતે સુખ પામવું તે યોગ્ય છે ?

ખુજલીનું સુખ ભ્રામક છે.

ખુજલી વિનાના દેહનું આરોગ્યનું સુખ એકદમ વાસ્તવિક છે.

આવો વાસ્તવિક આનંદ આત્મામાંથી ઉપજે. બાહ્ય કોઈ પણ પદાર્થની ત્યાં અપેક્ષા ન હોય. એ આનંદનો ઝરો સીધો આત્મામાંથી ઉદ્ભવે છે.

જે આત્માઓ પરપદાર્થના યોગથી જ સુખ મળે એવી માન્યતા ધરાવે છે તેમને મોક્ષના સ્વરૂપમાં શ્રદ્ધા બેસતી નથી; કેમ કે મોક્ષ એ પરપદાર્થના સંયોગ વિના ઉત્પન્ન થતી આનંદમય અવસ્થા છે.

વિષ્ઠા ખાતાં, ગટરે નહાતાં, કાદવમાં પડી રહેતાં ભૂંડને સ્વર્ગ તો એકદમ તુચ્છ લાગે, કેમકે ત્યાં આ બધું નથી.

કામભોગના અત્યન્ત રસીઆને મોક્ષ પણ એકદમ તુચ્છ લાગે, કેમકે ત્યાં આ કામભોગ બિલકુલ નથી.

તે આત્માઓએ અનંતી વાર દીક્ષા લીધી પણ તેમનો મોક્ષ ન થયો કેમકે તેમને તેવા મોક્ષમાં રસ ન હોવાથી તે તેમનું લક્ષ જ ન હતો.

કામસુખ પણ સાપેક્ષ હોઈને ત્યાજ્ય છે.

તે પામવા માટે પહેલાં કામાગ્નિ ઉત્પન્ન કરવો પડે છે. તે પછી કામસુખનો ક્ષણિક અનુભવ થાય છે. પછી તો તેની તન-મનની હાલત સાવ વિચિત્ર થાય છે.

તે તનથી એકદમ થાકેલો હોય છે.

તે મનથી સાવ શૂન્ય બનેલો હોય છે.

એવા સમયે કોઈ કહે તો પણ તે કામ ભોગવવા તૈયાર હોતો નથી. તેનું શરીર તે માટે તૈયાર હોતું નથી.

અમુક સમયના વિલંબે એ ખણજ ઉત્પન્ન થયા કરે અને ભોગથી શાન્ત પણ થયા કરે. તેમાં તે તન-મન તો ગુમાવે છે પણ આરોગ્ય, ઉત્સાહ અને આશ્રિત સંતાનાદિનું સંસ્કરણ પણ ગુમાવી દે છે.

આ પછી રોગિષ્ટ દેહમાંથી ભારે રિબામણપૂર્વક નીકળતા આત્માનું મોત અશુભ થાય છે. તેથી દુર્ગતિમાં ગમન થાય છે. ત્યાં દુઃખોના વાવાઝોડામાં જીવ ફસડાઈ જાય છે.

જો કામભોગની ખણજ જ્ઞાનદશાથી બરોબર સમજી લેવાય અને તેની ઝંખના શાન્ત કરી દેવાય તો સંસાર ઉપર વિજય મેળવી શકાય.

કાં દેવગુરુનો ભક્તિયોગ અથવા સદ્ગુરુથી પ્રાપ્ત જ્ઞાનયોગ - આ બે જ વસ્તુઓમાં કામની અનુત્તેજના અથવા કામનું શમન કરવાની તાકાત છે.

ભોગો ભોગવી દેવાથી કે કામવાસનાને અશાસ્ત્રીય રીતે કચરી નાંખવાથી તેનું સાચું અને સ્થાયી શમન થઈ શકતું નથી. એ માર્ગોમાં તો કામાગ્નિ વધુ ને વધુ ભડકે બળતો રહે છે.

આમાં પણ ભક્તિ કરતાં જ્ઞાન શ્રેષ્ઠ છે.

ગીતામાં શ્રીકૃષ્ણે ચાર પ્રકારના પોતાના ભક્તો (આર્ત્ત, જિજ્ઞાસુ, ધનાર્થી અને જ્ઞાની) માં જ્ઞાનીને શ્રેષ્ઠ ભક્ત કહ્યો છે.

* * *

**विसयविसं हालाहलं विसयविसं उक्कडं पियंताणं ।**
**विसयविसाइन्नंपिव विसयविसविसूइया होई ।। 213 ।।**

**અર્થ :** શબ્દાદિક વિષયોરૂપી વિષ તો હલાહલ ઝેર છે. જેમ જગતનું વિષ ઉત્કૃષ્ટપણે પીનારને તેનું અજીર્ણ થાય છે (કેમકે તે પચે નહિ) તેમ વિષયોરૂપી વિષ સેવનારને પણ અજીર્ણના ઝાડા થાય : અનંતા જન્મ-મરણ થાય.

**વિવેચન :** આજના કાળમાં તાલપુટ વિષ એટલે પોટેશ્યમ સાઈનાઈડ.

જે જીભ ઉપર મૂકતાંની સાથે એક સેકંડના લાખમાં ભાગમાં જીવના પ્રાણ નીકળી જાય. એનો સ્વાદ કેવો છે ? તે જાણવા માટે વૈજ્ઞાનિકોએ કેટલાય માણસોના જાન લીધા. તે માણસ કાગળ – પેન્સિલ તૈયાર રાખતો. જેવું જીભ ઉપર આ વિષ મુકાય કે તત્ક્ષણ તેણે તેનો સ્વાદ લખી દેવાનો હોય. પણ તે દરેક માણસ લખી ન શક્યો કેમકે તેનો પ્રાણ તત્કાળ નીકળી જતો.

આ વિષ એક ભવનો અંત લાવી દે. વિષયોરૂપી વિષ તો અનન્તા ભવો ઉત્પન્ન કરે; દરેક ભવમાં જીવને ખૂબ રિબાવે; છેવટે મોત લાવે.

આટલી વાત સમજાયા પછી શું આ વિષનું સેવન કરી શકાય ખરું ?

કાશ ! વિશ્વના લગભગ ઘણા બધા જીવો આ વિષયવિષના આકર્ષણના ઝપાટામાં આવી જાય છે. તેઓ અનંતી વાર મરે છે.

મને પેલી વિષકન્યા યાદ આવે છે, જેને જે ભેટે તે તરત મરી જાય.

મને પેલું પતંગિયું દેખાય છે; જે આગના આકર્ષણમાં અગ્નિમાં ઝંપલાવી દે છે.

દરેક ઈન્દ્રિયના વિષયોનું આકર્ષણ ભયાનક છે.

પતંગિયું (ચક્ષુ) આગના રંગોમાં ખેંચાઈને જાન ગુમાવે છે. ભ્રમર (ઘ્રાણ) કમળની સુગંધથી ઝડપાય છે. માછલી (રસ) માંસના સ્વાદમાં પટકાઈ જાય છે. હાથી (સ્પર્શ) હાથણીને ભેટવા જતાં જાન ગુમાવે છે અને હરણ (કર્ણ) સંગીતના મધુર સ્વરોમાં ખેંચાઈ જઈને જાન ગુમાવે છે.

એકેકી ઈન્દ્રિય જીવને જો મોત તરફ ધકેલી દેતી હોય તો જે આત્માઓની પાંચેય ઈન્દ્રિયો વિષયો પ્રત્યે ખેંચાઈ જતી હોય તેમના તો કેટલા મોત થાય ?

જંગલના વાંદરાએ એક વાર શિલાજીતનો રસ જોયો. તે શું વસ્તુ છે ? તે જાણવા માટે તેણે હાથ લગાડ્યો. કાશ ! હાથ સજ્જડ ચોંટી ગયો. તેને ત્યાંથી છોડાવવા બીજો હાથ લગાડ્યો. તે પણ ચોંટી ગયો. એમ કરતાં બે પગ પણ ચોંટી ગયા. છેલ્લે મોં લગાડ્યું તો તે પણ ચોંટી ગયું.

વિષયોમાં પાગલ બનેલા આત્માઓને તે વિષયોની વિપાકકટુતા વગેરેનું ભાન નથી હોતું એટલે તેની મોજ માણવા માટે ધસી જાય છે; પરંતુ તેના પરિણામે તેઓ અનંતકાલીન ભવભ્રમણમાં ચોંટી જાય છે. એમને પરલોક દેખાતો નથી એટલે આ ભય દર્શાવીને વિષયોથી વિમુખ કરી શકાય તેમ નથી. એમની તો દયા જ ચિંતવવી રહી.

ખરેખર તો વિષયસેવનના તાત્કાલિક ફળો જ એટલા ભૂંડા છે કે તેનો અનુભવ થતાં કે તેની વાતો જાણતાં જ માણસ ચક્કર ખાઈ જાય.

પહેલું ફળ વિષયસેવન પછીની શારીરિક અને માનસિક દુર્બળતા.

બીજું ફળ ચિત્તમાં સતત ઉદ્વેગ.

ત્રીજું ફળ પુણ્યનો ક્ષય. સર્વત્ર નિષ્ફળતા.

ચોથું ફળ બુદ્ધિની ક્ષીણતા.

પાંચમું ફળ પરાણે જીવનને ઢસડ્યા કરવું.

છઠ્ઠું ફળ સ્વભાવમાં ચીડ કે ક્રોધ.

સાતમું ફળ વધુ પડતી અપેક્ષાઓ.

આ સાક્ષાત્ કટુ ફળો છે.

આની સામે ગુમાવી દેવાનું કેટલું બધું ?

ધર્મ ગુમાવવાનો.

ધર્મ પ્રત્યેનો પ્રેમ ગુમાવવાનો.

રાષ્ટ્રદાઝનો ઉત્સાહ ગુમાવવાનો.

સત્સંગ ગુમાવવાનો.

ધર્મસ્થાનોમાં આવન-જાવન ગુમાવવાનું.

મનની પ્રસન્નતા, તનની નીરોગિતા ગુમાવવાના.

હાય, આ બધું છતાં જીવ વિષયભોગો તરફ તણાઈ જાય છે. આમાં માત્ર અનાદિના કામસંસ્કારોનું વશીકરણ જ કારણભૂત છે.

આમાં દેવ કરતાં પણ ગુરુ વધુ જરૂરી છે. તેમનો સાક્ષાત્ સંગ અને વ્યક્તિગત માર્ગદર્શન અતીવ ઉપયોગી થાય છે.

* * *

**एवं तु पंचहिं आसवेहिं रयमायणित्तु अणुसमयं ।**
**चउगइदुहपेरंतं अणुपरियट्टंति संसारे ।। 214 ।।**

**અર્થ :** એ રીતે પાંચ ઈન્દ્રિયો વડે અથવા પાંચ પ્રાણાતિપાતાદિક આશ્રવો વડે જીવ પ્રતિસમય પાપકર્મરૂપી રજકણોને ગ્રહણ કરીને ચાર ગતિના દુઃખોના છેડા (ઉત્કૃષ્ટતા) ને પામતો આ સંસારમાં ભટકતો રહે છે.

**વિવેચન :** કર્મરાજાએ જીવોને સંસારમાં ભટકતાં કરી રાખવા કેવી કમાલ કરી છે !

તેણે શરીર આપ્યું. તેને પાંચ ઈન્દ્રિયો આપી. જગતમાં અનંતા પુદ્ગલો મૂકી દીધા. જીવ લલચાયો. ઈન્દ્રિયો દ્વારા તે પુદ્ગલો સાથે પ્રીત કરવા લાગ્યો. આમ થતાં જીવને અશુભ કર્મનો ચિક્કાર બંધ થતો રહ્યો.

આ બંધમાં આમ તો ૮૨ કારણો છે પણ તેમના મુખ્ય તો હિંસાદિક પાંચ છે. તેમને આશ્રવ કહેવાય છે. જેના દ્વારા (હિંસાદિ દ્વારા) જીવનો કર્મ સાથે સંબંધ થાય છે તે આશ્રવ કહેવાય.

જો કે આશ્રવ શુભ અને અશુભ બે જાતના છે. શુભાશ્રવને પુણ્યકર્મનું કારણ કહેવાય. અશુભાશ્રવને પાપકર્મબંધનું કારણ કહેવાય. પ્રસ્તુતમાં અશુભ આશ્રવને લેવાનું છે.

જીવ સતત ઈન્દ્રિયો દ્વારા પરપદાર્થો સાથે સંબંધ કરીને રાગાદિની પરિણતિઓને સેવે છે અને અશુભ કર્મબંધ કરે છે.

આ કર્મોના વિપાકોરૂપે જીવ અનંતકાળ સુધી ભવભ્રમણ કરે છે.

* * *

**सव्वगइपक्खंदे काहंति अणंतए अकयपुन्ना ।**
**जे य न सुणन्ति धम्मं सोउण य जे पमायंति ।।215।।**

**અર્થ :** જેમની પાસે 'પુણ્ય'ની મૂડી નથી, જેમને ધર્મ સાંભળવો નથી, અને જો ધર્મ સાંભળે તો ય જે પ્રમાદ કરે છે તે આત્માઓ અનંત સંસારની સર્વગતિઓમાં અનન્તી વાર પટકાય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી જાણે કે આ શ્લોક-રચના કરતાં નિસાસો નાંખી રહ્યા છે. માનવભવ પામવાનું પુણ્ય જેટલું જોઈએ તેનાથી ક્યાંય વધુ પુણ્ય આ ભવમાં ધર્મસામગ્રી પામવા માટે જોઈએ. વળી એ પુણ્ય પુણ્યાનુબંધી જ હોવું જોઈએ. જો તે પાપાનુબંધી હોય તો પુણ્યથી મળતી ભોગસામગ્રીમાં પાગલ બને અને પુણ્યથી મળતી ધર્મસામગ્રીમાં પ્રમાદી બને.

આ શ્લોકમાં તેવા માણસની વાત કરવામાં આવી છે જેની પાસે વિશિષ્ટ પુણ્ય નથી. આથી જેને સંસારના ક્ષેત્રમાં ય માર પડ્યા કરે છે. આ માણસને ધર્મ સાંભળવાની ઈચ્છા થતી નથી. પણ કદાચ જો તે ધર્મ સાંભળી લે કે તેનાથી કોઈ કલ્યાણમિત્રના દબાણ વગેરેથી ધર્મ સંભળાઈ જાય તો તેમાં ઉદ્યમ કરવા માટે તે ધરાર તૈયાર નથી. તેના પુણ્યનો જે પાપાનુબંધ છે તે તેને મિથ્યાત્વ, અવિરતિ, કષાય, યોગ અને પ્રમાદમાં પટકયા વિના રહેતો નથી.

આમ થતાં તે આત્મા માનવભવ, મુનિજીવન, ધર્મનું શ્રવણ વગેરે બધું ગુમાવી બેસે છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે જીવનનો કચ્ચરઘાણ મુખ્યત્વે પ્રમાદ કરે છે : જેમાં આડકતરી રીતે બધા દોષોનો સમાવેશ થાય છે.

આખું વિશ્વ 'પ્રમાદ' ને પરવશ બનીને બેફામ જીવન જીવે છે : બધી રીતે બરબાદ થાય છે.

કહ્યું છે :

**पीत्वा मोहमयीं प्रमादमदिरां उन्मत्तीभूतं जगत् ।।**

લંડનની ફાઈવ સ્ટાર હોટલોના દરેક રૂમની બહાર એવા પાટિયાં મૂકી રાખેલા હોય છે; જેમાં લખ્યું હોય છે :

**Please let me Sleep, Don't disturb me.**

રૂમમાં દાખલ થતો માણસ રૂમની બહાર આ બોર્ડ ચડાવે. પછી આરામથી તે સૂઈ જાય. એ એમ સૂચવે છે કે, "મને કોઈ ઉઠાડશો નહિ. શાન્તિથી સૂવા દો."

આ પાટિયું માત્ર હોટલના રૂમ પૂરતું નથી પરંતુ માણસના કપાળે લટકતું પાટિયું છે. સમગ્ર જીવનકાળમાં માણસ એટલી હદે ભોગલંપટ થયો છે કે તેને હવે ભોગ સિવાય કશામાં રસ નથી. ધર્મમાં તો રસ નથી જ પણ હવે તો સાહિત્યસર્જન, કવિત્વ, વિવિધ કલાઓમાં નિપુણતા-પ્રાપ્તિ વગેરે કશાયમાં રસ રહ્યો નથી. તેને કામભોગલમ્પટતામાં જ રસ રહ્યો છે. તેમાં ય જયારે તે તન-મનથી ઢીલો પડે છે ત્યારે દારૂ કે ડ્રગ્સમાં પલોટાઈ જાય છે.

આ આખી સ્થિતિ સુધારવા માટે પુણ્યાનુબંધી એવા પુણ્યકર્મનો જ ઉદય થવો જરૂરી છે. પુણ્યથી સુખી થવાય પણ પુણ્યાનુબંધથી સારા : સદાચારી : ધર્મી થવાય.

સુખિત્વની સાથે સારાત્વ જોડાય એટલે બધી વાતે બેડો પાર.

આ જીવનમાં ખૂબ પ્રસન્નતા મળે.

ખૂબ સદાચારી બનાય.

ખૂબ ધર્મરસની જમાવટ થાય.

વળી, પરલોકે સદ્‌ગતિ મળે.

જિનશાસન મળે.

સદ્ગુરુનો યોગ મળે.

સર્વવિરતિધર્મ મળે.

આથી વધુ બીજું શું જોઈએ ?

આ વાત બહુ ગંભીરપણે વિચારવી જોઈએ. અન્યથા અનાદિકાલીન કુસંસ્કારોનું ઘોડાપૂર જીવને તાણી ગયા વિના રહેશે નહિ.

અનંતકાળનું અનંતા ભવોનું દુઃખમય પરિભ્રમણ એ તો ધ્રૂજાવી નાંખે તેવી વાત છે જ; પણ ભૂંડનું કે નારકનું એક જ વાર જીવન : તે ભવની એક જ મિનિટનું દુઃખસેવન પણ ધ્રુજાવી મૂકે તેમ છે.

જો માનવભવ પામીને સત્સંગ કરાય અને ધર્મ પમાય તો જ બધી ચિન્તાઓ મટે. બધા દોષો નબળા પડતા જાય.

આપણું જીવન દુઃખમય હોય તો હજી ચાલે પણ તે દોષમય હોય તે બિલકુલ ન ચાલે.

* * *

**अणुसिट्ठा य बहुविहं मिच्छदिट्ठी य जे नरा अहमा ।**
**बद्धनिकाइयकम्मा सुणंति धम्मं न य करंति ।। 216 ।।**

**અર્થ :** જે જીવો મિથ્યાત્વી છે; જેમણે બાંધેલા અશુભ કર્મો નિકાચિત હોઈને જેઓ અધમ છે તેમને ઘણી રીતે ધર્મ સાંભળવા માટે પ્રેર્યા હોય તો ય તેઓ ધર્મ કરતા નથી.

**વિવેચન :** માનવભવ પામવો એ ખૂબ પુણ્યાઈનું કાર્ય છે પણ તેમાં ધર્મનું શ્રવણ મળવું તે તો અતિશય વધુ પુણ્યાઈ માંગે છે. કદાચ તે પણ બની જાય તો ય ધર્મમાં શ્રદ્ધા ઉત્પન્ન થવી અને ધર્મનું આચરણ કરવું એ તો વળી વધુ ને વધુ પુણ્યાઈથી શક્ય છે. વળી, સંયમધર્મ પણ કદાચ મળી જશે પરંતુ તેને સફળ રીતે જીવવા માટે જે ઉલ્લાસ (વીર્ય)ની જરૂર છે તે તો કવચિત જ પ્રાપ્ત થાય છે. એટલે અનંતીવાર સંયમજીવન લેવા છતાં તે બધા નિષ્ફળ ગયા છે.

ગ્રન્થકારશ્રીએ કરેલી આ વાત જો કોઈ પ્રમાદી (શિથિલ) સાધુ વિચારે તો તે ખૂબ વિચારમાં પડી જાય.

અનંત અનંત પુણ્યાઈથી એકેકી ચીજ ઉત્તરોત્તર મળે; પણ છેલ્લે જો અપ્રમત્તભાવ ન મળે : પ્રમાદમય સાધુજીવન મળે તો એ જીવ અવળા ક્રમે બધું ગુમાવતો જાય. સાધુજીવન (વેષ) દીર્ઘકાળ માટે ગુમાવે. પછી સમ્યક્ત્વ ગુમાવે. પછી માર્ગાનુસારિતા ગુમાવે. માનવભવ પણ ગુમાવે. ઠેઠ નિગોદમાં જઈ પટકાય.

આ તો છઠ્ઠા ગુણસ્થાનથી થતાં પતનની વાત થઈ પણ પતન તો અગિયારમા ગુણસ્થાનથી પણ થાય છે. જેટલા જીવો સાતમા અપ્રમત્ત ગુણસ્થાને આવીને, ત્યાંથી ઉપશમશ્રેણી માંડીને ઠેઠ અગિયારમા ગુણસ્થાને ચડે; પણ પ્રમાદના એક જ ઝોબામાં અવશ્ય ગબડવા લાગે. લાગ પડે તો ઠેઠ નિગોદ સુધી ચાલી જાય.

અગિયારમા ગુણસ્થાનના તમામે તમામ જીવોનું પતન થાય. તે બધા તે અવસ્થામાં 'વીતરાગ ભગવાન' બને છે. હાય, ત્યાંથી પણ જો પ્રમાદભાવે પતન થઈ જાય તો નીચેની કક્ષાના જીવોના પતનમાં તો શી વાર લાગે ?

ખરેખર તો જે જીવ જાગતો રહેતો નથી તેના પળે પળે પતન થતાં હોય છે. પતનની દરેક પળમાં પુષ્કળ કર્મબંધ થતો હોય છે. આથી તેમનું સંસારભ્રમણ અનંત બની રહેતું હોય છે.

આવા શિથિલ સાધુઓ કે જે સાધુજીવનમાં સુખમાં મહાલવારૂપે સીદાય છે તેમને અનાથી મુનિએ 'અનાથ' કહ્યા છે. એમના જેવા અનાથ માબાપ વિનાના સંતાનો પણ ન હોય.

શિથિલતા - સુખશીલતા એ બહુ જ ખરાબ વસ્તુ છે, કેમકે તેનાથી જીવનમાં વખતોવખત જાતજાતના પતન થાય છે પરંતુ મુનિજીવનમાં તો આ વસ્તુઓ અતિ ખરાબ કહેવાય; કેમકે તેનાથી જિનશાસનયુક્ત સાધુત્વની પ્રાપ્તિ દૂર – સુદૂર ઠેલાઈ જાય.

દોષોનો નાશ કરવા માટેનું મુનિજીવન દુ:ખોના અગાધ સાગરમાં ફેંકી દેવામાં નિમિત્ત બની જાય.

જીવ જો દુ:ખથી કાયર છે અને તેથી જ તે સુખને વળગી રહે છે પણ તેને એ વાતનો કેમ ખ્યાલ નથી કે જિનાજ્ઞાઓનો ભંગ કરીને સુખને વળગી રહેવાથી પહાડ જેવડા દુ:ખો માથે તૂટી પડવાના છે ?

મારા જેવા ખૂબ નબળા મનના, સદાના સુખશીલ અને પ્રમાદી સાધુને આવા શ્લોકો ઉપર ચિંતન કરતાં અંગમાંથી ધ્રૂજારીનું લખલખું પસાર થઈ જાય છે.

પરલોકે મારું શું થશે ? હું દુઃખમય જીવનનો ભોગ બનું તેને હજી ચલાવી લઉં પણ દોષમય જીવન તો ન જ પરવડે.

ખરેખર તો મળેલી અમૂલ્ય વસ્તુની સાથે જે આત્મા ચેડાં કરે તેને તે વસ્તુ ભવોભવ સુધી ન મળે.

હાય, મને મળ્યો છે; મુનિવેષ અને જિનશાસનનો રાગ. જો આ બે ઝૂંટવાઈ જાય તો હું બધી રીતે બરબાદ થાઉં. સુખથી બરબાદ, સદ્‌ગતિથી બરબાદ, સાધુત્વથી બરબાદ, સમ્યગ્દર્શનથી બરબાદ.

આ બધા તત્ત્વો જીવની આબાદી માટે અત્યન્ત આવશ્યક છે.

આ બધું સમજાવા છતાં દુર્યોધનનું માનસ ધરાવતા આત્માઓ અમલમાં મૂકી શકતા નથી. આ જીવોને અધર્મો કરીને પણ દુર્ગતિભેગા ન થવું હોય તો તેમનું હૃદય સતત તડતડતું - કંપતું રહેવું જોઈએ.

અહલાબાદના મ્યુઝીઅમમાં કોઈ રજવાડાની જમવાની થાળી છે. તેમાં જો વિષયુક્ત ભોજન મુકાય તો તેની ધાતુ તડતડતડ અવાજ કરવા લાગી જાય. આથી ખબર પડી જાય કે ભોજનમાં વિષ ભેળવેલું છે.

જેના જીવનમાં દોષ પેસે, તેથી જેનું મન એકદમ ભયભીત બનીને ધ્રુજવા લાગે તે આત્માની ભવભ્રમણની સંભાવના મટી જાય. તે આત્મા સમ્યગ્દૃષ્ટિ કહેવાય.

જેને પાપમાં મજા નથી તેને પાપ કરવા છતાં પાપી ન કહેવાય. તેનો ધ્રુજારો (સમ્યગ્દર્શન) તેને નિશ્ચિતપણે વૈમાનિક દેવ બનાવે.

આ લઘુકર્મી જીવોની વાત થઈ.

જે જીવો ભારેકર્મી છે : નિકાચિત મોહનીય કર્મના ઉદયવાળા છે, કદાગ્રહી છે તેઓ ધર્મ સાંભળવા જ તૈયાર હોતા નથી.

ધર્મ તેને સંભળાવાય જેનું જીવદળ કોમળ છે. આ ભૂમિકા વિનાના કઠોર જીવોને ધર્મ સ્પર્શે જ નહિ. ઊલટું એ જો સાંભળે તો ય દૂધમાંથી પોરા કાઢે.

ગોશાલકનો જીવ એક પૂર્વભવમાં ઈશ્વર નામનો માણસ હતો. તે બે વાર જૈન સાધુના ચાલતા ઉપદેશમાં બેસી ગયો. બે ય વાર તેણે યોગાનુયોગ એ વાત સાંભળી કે "પૃથ્વી આદિ છ પદાર્થોમાં જીવ હોય છે."

આ સાંભળીને તેણે આક્ષેપ કર્યો કે, "તો પછી તમે શા માટે પૃથ્વી ઉપર ચાલો છો અને તેના જીવોને મારો છો ?"

મુનિઓએ કહ્યું, "હવે થોડાક ઊંડાણમાં જઈને વાત કરીએ કે પૃથ્વીના ત્રણ ભેદ છે. સચિત્ત, અચિત્ત અને મિશ્ર.

જે સૌથી ઉપરની પૃથ્વી છે તે સૂર્યના તાપથી, બળદગાડાં વગેરેના ચાલનથી, શસ્ત્રના પ્રહારથી અચિત્ત બની જાય છે એટલે તેની ઉપર ચાલવામાં હિંસાનો દોષ લાગતો નથી."

આ ખુલાસા દ્વારા મુનિઓને પોતાનો વ્યક્ત બચાવ મળ્યો એટલે તે વધુ ભડકી ગયો. તેણે કહ્યું, "મારા સવાલથી પકડાઈ ગયેલા તમે આ બચાવકારક જવાબ દીધો છે ! તમારી વાણીમાં અને વર્ત્તનમાં આભ-ગાભનું અંતર છે. તમે પૃથ્વી ઉપર ચાલી શકો જ નહિ."

આ વખતે ઈશ્વરે સંકલ્પ કર્યો કે, "હું એવા ધર્મની સ્થાપના કરીશ જે એકદમ વ્યવહારુ વાત કરતો હોય, ઘણા લોકોને માન્ય બનતો હોય."

આ વિચાર કરતાં જ તેના માથે વીજળી પડી. નૂતન ધર્મની સ્થાપના અને ગુરુદ્રોહના અધ્યવસાયમાં એ પામર મરી ગયો. ગોશાલક બન્યો. આ બે વાતો તેના જીવનમાં બરોબર ફરી વળી. દેવાધિદેવ પરમાત્મા મહાવીરદેવનો કટ્ટર દ્રોહી બન્યો. આજીવક મતની સ્થાપના કરી. તે મતની કાંઈક સરળતાને જોઈને તેના અનુયાયીઓ પ્રભુ વીરના અનુયાયી કરતાં વધ્યા.

કઠોર દિલના આત્માઓને ધર્મ કહેવાય નહિ. એ કાચા ઘડા જેવા હોય, તેમાં કરુણાથી પ્રેરાઈને નાંખેલું પાણી તે ઘડાને ફોડી નાંખે, પાણી જમીન ઉપર ઢોળાઈ જાય.

હડકાયી કૂતરી ઉપર કાંઈ કરુણા કરાય ? કરુણાથી પ્રેરાઈને તેને બહુમૂલ્ય કસ્તૂરિકાનો લેપ થોડો કરાય ?

કદાગ્રહીને બોધ એટલે આગમાં પેટ્રોલ.

આગમાં તો પાણી નંખાય.

સંગમ કદાગ્રહી હતો.

ચંડકૌશિક સુપાત્ર જીવ હતો. માટે જ પહેલાં તરફ પ્રભુ મૌન રહ્યા. બીજાને 'બુજઝ બુજઝ' કહ્યું.

આ વાતનો ભાવ એ છે કે જીવ જ્યાં સુધી અચરમાવર્ત્તકાળમાં હોય છે ત્યાં સુધી તેના દુષ્ટ કર્મોનું જોર વધુ હોય છે. તે વખતે બોધ નિષ્ફળ જાય છે. ચરમાવર્ત્તકાળમાં જીવ પોતે - તેનો પુરુષાર્થ બળવાન હોય છે. તે વખતે દુષ્ટ કર્મોનું બળ ઓછું હોવાથી પુરુષાર્થ કરીને તેમને તોડી શકાય છે.

જે દુ:ખથી ખૂબ ધ્રૂજતો હોય તે સામાન્યતઃ અચરમાવર્ત્તકાળનો જીવ કહેવાય.
જે પાપથી ધ્રૂજવા લાગતો હોય તે ચરમાવર્ત્તકાળવર્તી જીવ કહેવાય.

હા. કયારેક તો ચરમાવર્ત્તકાળમાં ય પાપધ્રૂજારો ન મળે. એ ચોક્કસ કે જો પાપધ્રૂજારો મળે તો તે ચરમાવર્ત્તકાળના જીવમાં જ મળે. અચરમાવર્ત્તકાળમાં તો પાપધ્રૂજારો કયારેય ન મળે.

જો કોઈ ગીતાર્થ ઉપદેશકને ખબર પડી જાય કે અમુક જીવ કદાગ્રહી છે તો તેને બોધ આપે નહિ. અને જો બોધ આપી રહ્યા હોય તો એકાએક મૌન થઈ ગયા વિના રહે નહિ. જો અહીં તે ચૂક્યા તો કદાચ તે જીવ તરફથી મોટી આફત આવી પડે.

રોહગુપ્તે જેની સાથે વાદ કર્યો તે પરિવ્રાજક અત્યન્ત કદાગ્રહી હતો. જ્યારે રોહગુપ્તે તેને હરાવ્યો ત્યારે એકદમ આવેશમાં આવીને તેણે તેની સામે મન્ત્રબળથી સાપ, વીંછી વગેરેને છોડી મૂક્યા હતા. એ તો સારું થયું કે આ આવનારી આફતના જાણકાર ગુરુ શ્રીગુપ્તાચાર્યે પૂર્વથી પ્રતિવિદ્યાઓ આપી રાખી હતી એટલે તેનું નિવારણ થઈ શક્યું.

કયા પ્રકારના જીવોને કયા પ્રકારની દેશના આપવી ? તે જ્ઞાનીઓએ જણાવ્યું છે. દા.ત. બાળજીવોને રજોહરણમાં જ દીક્ષાનું જીવન લાગે. મધ્યમને આચારસંપન્નતામાં દીક્ષાનું જીવન વાસ્તવિક લાગે. જ્યારે બુધ જીવોને આંતર – પરિણતિના વિકાસ ઉપર દીક્ષાનું જીવન જણાય.

જો આમાં ફેરફાર થાય : પરસ્થાન દેશના અપાય તો તે દેશના ધર્મદેશના ન કહેવાય : પાપદેશના કહેવાય.

જો જીવ ચરમાવર્ત્તકાલીન હોય તો તેને ધર્મશ્રવણ પ્રાયઃ ગમે, તેમાં ય જો તે સમ્યગ્દૃષ્ટિ જીવ હોય તો ધર્મશ્રવણનો અતિ લાલચુ હોય. બધું કામ પડતું મૂકે પણ તે ધર્મશ્રવણની તક ન જ છોડે.

મહેસાણાના કોઈ શ્રીમંત શ્રાવક અત્યન્ત શ્રવણપ્રેમી હતા.

પર્યુષણ પર્વના દિવસોના તમામ વ્યાખ્યાનો અક્ષરશઃ સાંભળતા. વ્યાખ્યાન–શ્રવણ કર્યા બાદ ધર્મી શ્રાવકો ઉપાશ્રયના ઓટલે બેસતા. વ્યાખ્યાનમાં આવેલી વાતો ઉપર ચર્ચા કરતાં.

એક વાર એ શ્રાવક વ્યાખ્યાન સાંભળવા ગયા. વ્યાખ્યાનમાં અડધો કલાક થયો ત્યાં તેમની નજર આંગળી ઉપર ગઈ. તેમને ખ્યાલ આવ્યો કે હીરાની વીંટીમાંથી હીરાનું ત્રીસ હજાર રૂપિયાનું નંગ પડી ગયું છે. આમ છતાં એવી જ અપૂર્વ સ્વસ્થતાથી શ્રવણ કર્યું. એટલું જ નહિ પણ વ્યાખ્યાન બાદ ઓટલે બેસીને ધર્મચર્ચા પણ કરી. હીરાનું નંગ શોધવા જવાની તેમને લગીરે ઉતાવળ ન હતી. તેમણે એ બધું ભાગ્યના ભરોસે છોડી દીધું.

હવે તે ઘર તરફ નીકળ્યા. ધૂળવાળો રસ્તો હતો. કોઈ ભિખારી હાથમાંથી આકાશમાં 'ચકચકીયું' કહીને તે જ હીરાનું નંગ ઊછાળતો રાજી થતો હતો. શેઠના પગ નીચે એ નંગ દબાતાં છોકરાએ કહ્યું, "શેઠ ! તમારા પગ નીચે મારું ચકચકીયું દબાયું છે. મને તે લેવા દો."

શેઠે તેને લેવા દીધું પણ તરત ખબર પડી કે તે ચકચકીયું ન હતું પણ હીરાનું નંગ હતું.

શેઠે વેચાતું દેવાનું કહેતા ભિખારીએ દસ પૈસા માંગ્યા. શેઠે પાંચ રૂપિયા દઈને તે લઈ લીધું.

ધર્મશ્રવણની જબરી પ્રીતિએ શેઠને ઉગ્ર પુણ્ય બંધાવી દઈને સ્વસ્થ કરી રાખ્યા.

ધર્મશ્રવણની આ તાકાત છે પણ સબૂર, જેમ બીજ ફળદ્રુપ ભૂમિમાં પડે તો જ વિકસે તેવું અહીં છે. એટલે જ આ માટે જીવનું ચરમાવર્ત્તકાળમાં હોવું જરૂરી છે.

ગ્રન્થકારશ્રી તો કહે છે કે કોઈ અભાગીને અચાનક ધર્મશ્રવણ થઈ જાય તો તે નિષ્ફળ જાય કે વિપરીત ફળ દેનારું બની જાય.

* * *

**पंचेव उज्झिउण पंचेव य रक्खिउण भावेणं ।**
**कम्मरयविप्पमुक्का सिद्धिगइमणुत्तरं पत्ता ।। 217 ।।**

**અર્થ :** હિંસાદિક પાંચ અશુભ આશ્રવોનો ત્યાગ કરીને અને અહિંસાદિક પાંચ

મહાવ્રતોનું ભાવથી રક્ષણ કરીને ઘણા આત્માઓએ આત્મા ઉપરથી કર્મરજને સર્વથા દૂર કરી છે અને તેઓ સિદ્ધિગતિને પામ્યા છે.

**વિવેચન :** સામાન્યતઃ ભારેકર્મી જીવને શિવપદ પામવાની ઈચ્છા થતી નથી. જો તે ઈચ્છા વાસ્તવિક રૂપે થાય તો સમજવું પડે કે તે જૈનધર્મી હોય કે અજૈનધર્મી હોય - તેનું સંસારપરિભ્રમણ ખતમ થવાની તૈયારીમાં છે.

મોક્ષ પામવાની તીવ્ર ઈચ્છા વિનાની ઘોર કષ્ટમય સાધનાઓ – અનંતા ઓઘા-મુહપત્તિઓ – મોક્ષ પમાડી શકતી નથી. ઘોર સાધનાઓ તો એક વખત ન થઈ હોય તો પણ ચાલે પરંતુ તીવ્ર મોક્ષેચ્છા ન હોય તે તો ન જ ચાલે.

હવે આ ઈચ્છા થયા પછી સહજ રીતે ઈચ્છાને પૂર્ણ કરી આપતા માર્ગ તરફ વળે.

ગ્રન્થકારશ્રી કહે છે કે તે પાંચ મહાપાપોનો ત્યાગ કરે અને પાંચ મહાધર્મોનું સેવન કરે.

પણ મારે ગ્રન્થકારશ્રીને જણાવવું છે કે આ સાધના નિરતિચારપણે થાય એ અત્યન્ત દુષ્કર છે. અનાદિકાળના જીવના કુસંસ્કારો વારંવાર જાગ્રત થઈને સાધનાને ખરડી નાંખે છે. હા, એ સાધનાને ફરી શુદ્ધ કરી શકાય ખરી, પણ દોષોના થઈ ગયેલા સેવન બદલ ગુરુ પાસે પ્રાયશ્ચિત્ત અને સતત પશ્ચાત્તાપ જરૂરી બને છે. આમ થતાં જીવ ફરી માર્ગગામી બને છે.

આ પ્રાયશ્ચિત્ત અને પશ્ચાત્તાપની શુદ્ધિકરણમાં એટલી બધી શક્તિ છે કે તે કરતાં કરતાં જ જીવ સર્વ ઘાતીકર્મોનો સર્વથા નાશ કરીને વીતરાગ સ્વરૂપ બની જાય. પછી સાધનાની તો જરૂર જ ન રહે.

દોષો અને અનાદિકાલીન દોષોના પડેલા ગાઢ સંસ્કારો. આ બે ય ને ખતમ કરવા પડે.

દોષ પ્રાયશ્ચિત્ત કરવાથી દૂર થાય અને દોષના ગાઢ સંસ્કારો તો તીવ્ર પશ્ચાત્તાપથી દૂર થાય.

એકલા પ્રાયશ્ચિત્તથી ન ચાલે. તીવ્ર પશ્ચાત્તાપ પણ જોઈએ. અન્યથા જીવતા રહી ગયેલા સંસ્કારો ઉત્તેજિત થતા રહીને ફરી ને ફરી દોષસેવન કરાવે. આમ થતાં અકરણનિયમ સિદ્ધ ન થાય. એમ થતાં મોક્ષ ન મળે.

વિચારતાં તો એમ લાગે છે કે સંસારપરિભ્રમણ અઘરું છે, તેનો અંત લાવવો

સહેલો છે. જ્ઞાનીઓએ એવી કેટલીક 'માસ્ટર કી' આપી છે કે જો તેને ઉપયોગમાં લેવાય તો ઝટપટ મોક્ષ થાય.

આ બધી ચાવીઓમાં સૌથી શ્રેષ્ઠ ચાવી પોતાના દુષ્કૃતોની તીવ્રતા સાથે ગર્હા અને બીજાના સુકૃતોની અનુમોદના કરવી તે છે. ગર્હાથી સેવેલા દુષ્કૃતોથી બાંધેલા પાપકર્મોનો નાશ થાય અને અનુમોદનાથી તે પાપકર્મોના પડેલા સંસ્કારોનો નાશ થાય.

આમ કરીને દૃઢપ્રહારી જેવા ખૂનીઓ તરી ગયા. રૂપકોશા જેવી નર્તકી શ્રાવિકા બની ગઈ. મહાપાપીઓનો નિસ્તાર થઈ ગયો.

હજુ પણ ઝડપથી મોક્ષ પામવો હોય તો વધુ એક 'માસ્ટર કી' બતાડું. તે છે, જિનાજ્ઞાને સમર્પિત રહેવાપૂર્વક ખૂબ સહન કરવું. (સકામનિર્જરા કરવી.) ઉપસર્ગાદિને ખૂબ દૃઢ મનોબળથી સહન કરાય તો જે સંસારનો અંત અનંતકાળે નથી આવ્યો તે અન્ત અન્તર્મુહૂર્તમાં આવી જાય. સ્કંદકસૂરિજીના પાંચસો શિષ્યો, ખંધક મુનિ, ગજસુકુમાલ મુનિ, અગ્નિકાપુત્ર આચાર્ય વગેરે ઢગલાબંધ દૃષ્ટાંતો આ વાતની સાક્ષી આપે છે.

તારક પરમાત્મા મહાવીરદેવનો આત્મા એક લાખ વર્ષમાં અગિયાર લાખ ઉપરાન્ત માસખમણની ઘોર તપશ્ચર્યા કરીને જે નિકાચિતાદિ કર્મોનો નાશ ન કરી શક્યો તે કામ સાડા બાર વર્ષના ઉપસર્ગોને સહન કરવાથી થઈ ગયું. હા. આપણી ભાષામાં એમ કહી શકાય કે દેવાધિદેવને મોક્ષ પામવાની અને તે પહેલાં જગતકલ્યાણ માટે જિનશાસન નામનું નાવ સંસારસાગરમાં તરતું મૂકવાની ખૂબ ઉતાવળ હતી. ઝટપટ મોક્ષ પામવો હતો એટલે ઉગ્રતમ ઉપસર્ગોને બાથ ભીડ્યા વિના છૂટકો ન હતો.

જે મહાત્માઓએ – જેને સાંભળતાં તમ્મર આવી જાય તેવા – ઘોર ઉપસર્ગો સહ્યા છે તે બધા મહાત્માઓ થોડુંક સહીને સીધા મોક્ષ ભેગા થયા છે. અનંતા ઓઘા – મુહપત્તિ કરવા છતાં અનંતકાળે પણ મોક્ષ ન મળ્યો તે હવે ઝટપટ મળી ગયો.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે આત્માઓ જિનવચનને અનુસરે : પાંચ આશ્રવોનો ત્યાગ કરે અને પાંચ મહાવ્રતોનું અણિશુદ્ધ પાલન કરે તેમના તમામ કર્મોનો ક્ષય થાય. તેમને મોક્ષ મળી જાય.

કેટલું સુંદર માર્ગદર્શન. હાય, અભાગીઆ જીવોને આ શ્રવણ પણ મુશ્કેલ

છે. આ વાત ઉપર શ્રદ્ધા થવી મુશ્કેલ છે. શ્રદ્ધા થાય તો તેને અનુરૂપ વિરતિ-ધર્મની પ્રાપ્તિ થવી અત્યન્ત મુશ્કેલ છે.

અરે, એ પ્રાપ્ત થયા બાદ વિરતિધર્મના પાલનમાં સિંહ જેવું સત્ત્વ કેળવવું એ તો અત્યન્ત મુશ્કેલ છે.

ઉત્તરાધ્યયન સૂત્રમાં ચાર વસ્તુઓની પ્રાપ્તિને ઉત્તરોત્તર વધુ ને વધુ દુર્લભ કહી છે : (૧) માનવજીવન (માનવતા) (૨) જિનવાણીનું શ્રવણ (૩) સમ્યગ્દર્શન (૪) સંયમજીવનમાં જોરદાર ઉલ્લાસ.

* * *

**नाणे दंसणचरणे तवसंयमसमिइगुत्ति पच्छित्ते ।**
**दमउस्सग्गववाए दव्वाइअभिग्गहे चेव ।। 218 ।।**

**सद्दहणायरणाए निच्चं उज्जुत्तएसणाइठिओ ।**
**तस्स भवोअहितरणं पव्वज्जाए अ सम्मं तु ।। 219।।**

**અર્થ :** સમ્યક્ અવબોધરૂપ જ્ઞાન,

તત્વશ્રદ્ધાનરૂપ દર્શન,

આશ્રવનિરોધરૂપ ચારિત્ર,

બાર પ્રકારનો તપ,

સત્તર પ્રકારનો સંયમ,

સમ્યક્ પ્રવૃત્તિરૂપ પાંચ સમિતિ,

નિવૃત્તિરૂપ ત્રણ ગુપ્તિ,

પાપનિવર્ત્તક દસધા પ્રાયશ્ચિત્ત,

પાંચ ઈન્દ્રિયોનું દમન,

શુદ્ધ માર્ગના આચરણરૂપ ઉત્સર્ગ,

સકારણ નિષિદ્ધ વસ્તુના ગ્રહણરૂપ અપવાદ,

દ્રવ્યાદિક ચાર પ્રકારના અભિગ્રહ,

શ્રદ્ધાપૂર્વક આચરણ.

**વિવેચન :** પ્રસ્તુત બે શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ મનુષ્યભવમાં મેળવેલા મુનિજીવનમાં શું શું હોવું જોઈએ જેથી તે આત્મા સંસારસાગરથી તરી જાય ? તે વસ્તુઓ બતાડી છે. એમાં ય છેલ્લે કહ્યું કે જો તે સાધુ ખૂબ સારી રીતે પ્રવ્રજયાને પાળે તો તો ટૂંકા ભવોમાં જ તે ભવોદધિને તરી જાય.

જે સાધુ થયેલ છે તે આત્માએ આ વાત ઉપર ગંભીરપણે વિચાર કરવો જોઈએ. માત્ર સાધુવેષ પહેરવો અને વિરાધનાઓથી ભરપૂર જીવન જીવવું તેને સાધુ ન કહેવાય. એવા જીવો ભવસાગરમાં કયાં ય ડૂબી જાય.

જો સાધુ થવું છે તો ઉત્તમ કક્ષાના – સાચા – સાધુ બનવું જોઈએ. જઘન્ય કક્ષામાં સુંદર કહેવાય તેવું સામાન્ય સાધુપણું પાળે તે ય ૭-૮ ભવમાં મોક્ષ પામી જાય. પણ વિરાધનાભરપૂર સાધુત્વ હોય, પછી ભલે ને તે સાધુ મોટો શાસનપ્રભાવક હોય, ઉગ્ર તપસ્વી હોય, બહુશ્રુત હોય, ઘણા બધા શિષ્યોનો ગુરુ હોય તેથી તેનું કલ્યાણ થાય નહિ.

કલ્યાણ તો આરાધનાઓમાં છે. તેમાં ય આરાધકભાવમાં છે.

આરાધકભાવ એટલે જિનેશ્વરદેવ પ્રત્યે ભારોભાર બહુમાન. જો તે ન હોય અને ખૂબ આરાધનાઓ હોય તો તેથી મોક્ષ મળે નહિ.

આ શ્લોકોમાં જે જણાવેલ છે તે બધા ધર્મો કહેવાય. પણ તેમનામાં જો આજ્ઞાબહુમાનરૂપી જિનશાસન ન હોય તો તે ક્રિયાત્મક ધર્મોથી સ્વર્ગ મળે પણ મોક્ષ ન મળે.

મુનિપણું મોક્ષના લક્ષથી જ સફળ છે. આ લક્ષ એ એકડો છે. બધી આરાધનાઓ મીંડા છે. એકડા વિનાના મીંડાની શી કિંમત ?

* * *

**जे घरसरणपसत्ता छक्कायरिऊ सकिंचणा अजया ।**
**नवरं मोत्तुण घरं घरसंकमणं कयं तेहिं ।। 220 ।।**

**અર્થ :** ઘરને ત્યાગેલો સાધુ જો ઘરની મરામતમાં લાગી પડેલો હોય, એથી જે ષડ્જીવનિકાયનો હિંસક બન્યો હોય, જે ધન વગેરેનો સંગ્રહ કરતો હોય, જેનામાં જયણા ધર્મ જણાતો ન હોય એના માટે તો એમ કહેવું પડે કે તેણે એક ઘર મૂકીને બીજા ઘરમાં પ્રવેશ કર્યો.

**વિવેચન :** અગાર એટલે ઘર. જેણે ઘર છોડ્યું તે અણગાર(ઘર વિનાનો) કહેવાય.

સવાલ એ છે કે જે જીવ ઘર વિનાનો થાય તે ધનવાળો, સ્ત્રીવાળો, સંતાનવાળો હોય તો ચાલે ?

એનો જવાબ એ છે કે ધન, સ્ત્રી, સંતાન વગેરે વસ્તુઓ ઘરમાં રહે. જો ઘર જ ન હોય તો આ બધી વસ્તુઓ કયાં રહેશે ? તેને છોડવી જ પડે.

હા, જેણે સ્ત્રી છોડી તેણે ઘર, ધન વગેરે છોડ્યા એવું ન પણ બને, પરંતુ જેના માટે એમ કહેવાય કે એણે ઘર છોડ્યું છે તો સમજી લેવું પડે કે તેણે ધનાદિ બધું છોડી જ દીધું છે.

હા, તેણે પણ હજી દેહ તો નથી જ છોડ્યો કેમકે તે છૂટે એમ નથી. વળી, તેને રાખવો જરૂરી છે કેમકે તપ વગેરે કરવામાં તેની સહાયતા જરૂરી છે.

જે દેહ પુષ્કળ કર્મ બંધાવે છે તે દેહ પુષ્કળ કર્મક્ષય પણ કરાવી શકે છે.

જો કે છેલ્લે તો શરીર પણ છોડવાનું છે.

જ્યાં સુધી શરીર ન છૂટે ત્યાં સુધી અશરીરી એવા સિદ્ધપરમાત્મા બની શકાય નહિ.

આસક્તિ ત્યાગીને માણસ બનાય.

ઘર ત્યાગીને મુનિ બનાય.

મન ત્યાગીને શિષ્ય બનાય.

શરીર ત્યાગીને સિદ્ધ બનાય.

આસક્તિ છોડનારે ઘર છોડવાની ભાવના રાખવી.

ઘર છોડનારે શિષ્ય બનવાની ભાવના રાખવી.

શિષ્ય બનેલાએ સિદ્ધ બનવાની ભાવના રાખવી.

જે દેહથી પાંચ ઈન્દ્રિયો દ્વારા ભોગો ભોગવીને ઘોર પાપકર્મો બાંધ્યા તે જ દેહથી ઉગ્ર તપશ્ચર્યાદિ કરીને તે પાપકર્મોનો ક્ષય કરવાનો.

ઘર એ અઢારે ય પાપોનું ઘર છે. કદાચ કોઈ જીવ બધા પાપો ત્યાગીને ય જો ઘરમાં રહે : ધર્મધ્યાન કરે તો ન ચાલે. કેમકે ઘરમાં રહેવું એ જ પાપ (અવિરતિનું પાપ) છે. નીતિથી ધંધો કરે, સ્વસ્ત્રી સાથે બ્રહ્મચર્ય પાળે. આ રીતે પણ ઘરમાં ન રહેવાય.

સાધુ એટલે ઘર વગેરે તમામ પદાર્થોનો ત્યાગી. શરીરની મૂર્ચ્છાનો ત્યાગી.

જો તે શરીરનો રાગ કરવા લાગે તો સંભવ છે કે તેને ઘર વળગી પડે.

દેહરૂપી ઘર તો રાખવાનું. ધર્મારાધનામાં તે ખૂબ ઉપયોગી છે. પણ તેનો અર્થ એ ન થાય કે દેહને સાચવવાથી – તેને ખવડાવવાદિકથી - તે ધર્મારાધનામાં ઉપયોગી બને છે. ના, દેહને કષ્ટ આપવાથી, શોષવાથી તે દેહ ધર્મારાધનામાં ઉપયોગી બને છે.

કોલસો એ રસોઈ કરવામાં ઉપયોગી છે. એટલે તેનો અર્થ એ નહિ કરવો કે કોલસાને હવે સાચવી રાખવો, ધોઈ ધોઈને સાફ રાખવો વગેરે.... ના, કોલસો સાચવવા દ્વારા રસોઈમાં ઉપયોગી નથી પણ બાળવા દ્વારા ઉપયોગી છે.

આ રીતે દેહને સાચવવા દ્વારા કર્મક્ષય થતો નથી પણ તેને ઉગ્ર તપશ્ચર્યાદિથી શોષવા દ્વારા કર્મક્ષય થાય છે.

જ્ઞાનીઓએ દેહ નામના ઘરને 'ગધેડુ' કહ્યું છે. તેને સખત કામ આપવું, તેની ઉપર શક્તિથી વિશેષ ભાર નાંખવો, તેને થકવીને લોથપોથ કરવું. આમ થાય તો આત્મામાં વાસનાઓ જાગે નહિ. બેશક, કોઈ પણ વાતને 'અતિ' ન કરવી જોઈએ.

દેહ નામના ઘર સિવાય બીજું ઘર છે, મકાન.

આ શ્લોકમાં મકાન નામના ઘરની વાત કરવામાં આવી છે.

જે આત્માઓ સંસારથી વિરક્ત થાય તેમણે તે વિરક્તિને કાયમી બનાવવા માટે આ ઘરનો ત્યાગ કરવો જોઈએ. કેમકે આ ઘરમાં કામ, ક્રોધાદિ દોષોને સતત ઉત્તેજિત કરતાં નિમિત્તો ખીચોખીચ ભરેલા હોય છે. જીવ નિમિત્તવાસી છે. તેને જે નિમિત્ત મળે તે રીતે તેના અશુભ સંસ્કારો જાગી પડે, તરત તે પાપ કરી બેસે.

તીર્થંકરદેવોના તારક આત્માઓ ઘરમાં (રાજમહેલમાં) રહીને પણ નિમિત્તમાં ફસાયા વિના સાધના કરીને કેવળજ્ઞાન પામી શકત, મોક્ષમાં જઈ શકત. છતાં તેમણે ગૃહત્યાગ કર્યો તે જગતને ગૃહત્યાગ કરવાનો બોધ આપવા છે. જો આમ ન કરે તો ધર્મબોધને સ્પર્શેલા જીવો તેમને એવો સવાલ કરે કે, "તમે તો ઘરત્યાગ કર્યો નથી અને અમને કેમ તેવો ઉપદેશ આપો છો ?"

મહાજનો જેવું વર્તન કરે તેવું વર્તન સામાન્યતઃ અન્યજનો કરતા હોય છે. ખેર, વૈરાગ્યને ટકાવવા માટે તેને અનુકૂળ વાતાવરણ ઘરમાં નથી; ઘરત્યાગમાં - ગુરુકુલવાસમાં - છે માટે ઘર તો છોડવું જ પડે.

બેશક, ઘરમાં રહીને ભરતચક્રી વગેરેની જેમ પરમાત્મપદ હાંસલ કરી તો શકાય, પરંતુ જ્યારે અબજો આત્માઓ ઘર ત્યાગીને પરમાત્મા બને ત્યારે એકાદ આત્મા ઘરમાં રહીને પરમાત્મપદ પામે. આપણે એવા અપવાદરૂપ દૃષ્ટાન્તો શા માટે લેવા જોઈએ ? ઘરત્યાગનો જે રાજમાર્ગ છે.... જે આફતમુક્ત માર્ગ છે તે શા માટે ન લેવો જોઈએ ?

વિરાગી આત્માને રાગ ભરેલા ઘરમાં રહેવાનો આગ્રહ ન હોવો જોઈએ, તેવું સાહસ પણ ન કરવું જોઈએ.

આમ તો ઝેર ખાઈને પણ જીવી જવાય અને આગને અડીને ય ચન્દ્રકાન્તમણિના બળથી ન દઝાય. પણ આના કરતાં ઝેર ન ખાઈને ય જીવી શકાતું હોય, આગને નહિ અડવાથી ન દઝાતું હોય તો તેમ કરવામાં નાનમ શી ? અરે, પેલું સાહસ તો દુઃસાહસ બની જાય. ભારે આપત્તિને નોંતરનારું બની જાય. આવું જોખમ શા માટે લેવું જોઈએ ?

ગ્રન્થકારશ્રી કહે છે કે જેનો વૈરાગ્ય નબળો-પાતળો હોય અથવા જેને નિકાચિતાદિ કર્મનો ઉદય થવાનો હોય તો તે આત્મા ઘર ત્યાગીને સાધુ બન્યા બાદ સાધુવેષ ત્યાગીને પાછો ઘરબારી બની જાય ખરો.

તગડા વૈરાગ્ય વિના ઘરત્યાગ સફળ થતો નથી. જો કે આવું બનવામાં માત્ર ગાઢ કર્મોદય જ કારણ હોતા નથી. કયારેક તો હાથે કરીને કરેલા અવળા પુરુષાર્થો પણ કર્મોદયને તાણી લાવીને ઘરત્યાગીને ઘરબારી બનાવી દેતા હોય છે. નિકાચિત કર્મોદયવાળી વાત તો નંદિષેણ, સત્યકી, કૃષ્ણ વગેરે કેટલાકમાં જ જોવા મળે છે.

જો ગૃહત્યાગી સાધુ ભિક્ષાદિક માટે ઘરોમાં જાય અને ત્યાં મુનિજીવનની મર્યાદાઓ ચૂકયા કરે તો તે પુનઃ ઘરબારી બને તેમાં શી નવાઈ ?

જો સાધુ સ્ત્રીઓ સાથે હસીખુશી સાથે ઠઠ્ઠામશ્કરી કર્યા કરે તો તે પુનઃ ઘરબારી બને તેમાં શી નવાઈ ?

જો સાધુ પૈસા રાખે, વહીવટ કરે તો તે પુનઃ ઘરબારી બને તેમાં શી નવાઈ ?

જો સાધુ ષડ્જીવનિકાય પ્રત્યે દયાર્દ્ર ન હોય : કરૂણાર્ત્ત ન હોય : તેથી જયણા પાળતો ન હોય : નિષ્ઠુર બનીને ચાલતો–ફરતો હોય પછી તે નિર્દય આત્મા ઘરબારી બને તેમાં શી નવાઈ ?

મને લાગે છે કે આવા શાસ્ત્રમર્યાદાથી પર રહેતા સાધુઓ ઘરબારી બને તો જરા ય વાંધો નહિ.

આ તો સુંદર કેરીઓના કરંડિયામાં પડેલી બગડેલી કેરી દૂર થઈ. જો તે ત્યાં જ રહી હોત તો બાકીની કેટલીય કેરીઓને તે બગાડત.

દુઃખની વાત એ છે કે મુનિજીવનના પરિણામો ભ્રષ્ટ થયા પછી તે વેષધારીઓ ઓલા મૂળ ઘરે પાછા ફરતા નથી. તે એવા તો હાડકાના હરામ હોય છે, વ્યવહારના સાવ અબૂઝ હોય છે, લગ્નની ઉંમર પણ કાંઈક વીતાવી ચૂક્યા હોય છે કે જો હવે તે વેષનો ત્યાગ કરીને ઘરબારી બને તો જીવવું મુશ્કેલ બની જાય છે. (હા, જો તેઓ મુનિવેષમાં થોડુંઘણું ભણ્યા હોય તો પંડિત બને છે ખરા. હાય, પહેલાં સંયમ વેચ્યું અને હવે જ્ઞાન વેચશે.)

આવા જીવો અસલ ઘરબારી બનતા નથી. તેમને તો સાધુવેષ સહિતનું ઘર ઊભું કરી દેવામાં જ રસ હોય છે. તેઓ દોરા–ધાગાની દુકાન ચલાવીને, મન્તર – જન્તર કરીને ભક્તવર્ગ ઊભો કરે છે. તેમની પાસેથી લાખો રૂપિયા મેળવે છે. તેમાંથી મનગમતો તૈયાર ફલેટ ખરીદે છે. આ ઘરમાં સંડાસ, બાથરૂમ અને રસોડું હોય છે. જેનો ઉપયોગ ભવિષ્યમાં થવાની સો ટકાની શક્યતા રહે છે.

આ પોતાનું - ઘરનું ઘર - બન્યું એટલે ઘણી બધી ચીજો ભેગી કરવામાં હવે મુશ્કેલી રહેતી નથી. તે બધું આ ઘરમાં ગોઠવી શકાય છે.

ઘર થવાથી નિરર્થક સ્થિરવાસ થાય. સ્થિરવાસ થવાથી આસપાસના ગૃહસ્થો - નર કે નારીઓ - સાથે સ્નેહસંબંધ થાય, કયારેક માથાકૂટ થાય તો ક્રોધાદિક જાગે, દુશ્મનાવટ પણ થાય.

ટૂંકમાં આ ઘરમાં તે સાધુના ભાવપ્રાણ જલદીમાં જલદી છેલ્લા શ્વાસ ખેંચી લે.

હવે તો દીક્ષા લેનારા ભાઈ કે બેનને ભવિષ્યમાં કોઈ મુશ્કેલી ન આવે તે માટે તેમના સગાવહાલાઓ પહેલેથી જ ફલેટ કે બંગલો લઈ આપે છે.

મને સ્પષ્ટ લાગે છે કે આવી સ્થિતિમાં એક પણ મહાવ્રત સાબૂત રહે તે બિલકુલ શક્ય નથી.

આવા માબાપો તેમના સંતાનોના હિતશત્રુ કહેવાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે એક ઘર ત્યાગીને બીજા ઘરમાં જનારા સાધુ – સાધ્વીઓ જીવહિંસક બને, કારણ કે તે ઘરની મરામત વગેરે કર્યા વિના ચાલે નહિ. વળી તેમને ઘરના રીપેરીંગ માટે, ઘરવખરી વસાવવા માટે ધનની પણ જરૂર પડે એટલે તે ખાસ્સું ધન ભેગું કરતા રહે.

આ લોકોને 'જયણા' ધર્મની જરા ય પડી ન હોય. બેફામપણે પુષ્કળ દોષો સેવવામાં તેમનો આત્મા નિષ્ઠુર બની ગયો હોય.

જો કે સાધુ ઉપાશ્રય નામના ઘરનો આશ્રય લે છે પરંતુ ત્યાં તેમની લેશ પણ મમતા નથી, જરીકે આસક્તિ નથી. આથી જ પચાસ લાખના ઉપાશ્રયમાં ચોમાસું કરતા સાધુ વિહારના પહેલાં મુહૂર્તે સડસડાટ ચાલ્યા જાય છે. પાછળ વળીને તેની તરફ જોતાં પણ નથી.

જે ગીતાર્થ મહાત્માઓ દેહબળ ખૂટી જતાં કોઈ સ્થળે સ્થિરવાસ કરે છે તેઓ દર મહિને તે ઘરનો ખૂણો બદલતા રહે છે. આમ થતાં કયાંય આસક્તિ થઈ ન જાય.

નિશ્ચયનયથી આસક્તિ ખરાબ છે, ઘર નહિ.

ઝેરની કોથળી વિનાનો સાપ કયાં મારે છે ?

વ્યવહારનયથી આસક્તિના જનક પદાર્થો – ઘર વગેરે–ખરાબ છે.

ઝેર વિનાના સાપને જોઈને બીક લાગી જાય તો મોત કયાં નથી થઈ શકતું ?

પ્રારંભિક કક્ષાના આરાધકોએ બે ય નયને યથાયોગ્ય રીતે આરાધવાના છે.

સંસારનું ઘર છોડ્યું એટલે એક માતાપિતા કે પત્ની છોડી. એક રસોડાનું ભોજન છોડ્યું. પણ હવે નવા ઘરમાં જે રહેવા લાગ્યો તેને તો કેટલી બધી સ્ત્રીઓ (ભક્તાણીઓ) થઈ, કેટલા બધા રસોડાના ભોજન (આહાર) થઈ ગયા ! હાય, આ બધો ઝમેલો શું તેના ભાવપ્રાણોનો ટોટો પીસી નહિ નાંખે ?

ઓલો મૂળઘરવાળો ગૃહસ્થ જો પહેલી નારકે જાય તો આ નવા ઘરવાળો સાધુ કઈ નારકે જતો હશે ?

દમનો રોગી એકલું કુપથ્ય કરે તો કેટલો હેરાન થાય ? અને અભ્રક ભસ્મ લેવા સાથે કુપથ્ય કરે તો કેવો રાડ પાડી ઊઠે ?

આવા દયાપાત્ર જીવને મારે વણમાગી સલાહ દેવી છે કે જો સાધુવેષ ધારણ કરીને સાચું સાધુપણું પાળી શકાય તેમ ન હોય તો ભારે દુ:ખી હૈયે, ત્રણ નવકાર ગણીને, ગુરુને ઓઘો પરત કરી દઈને અસલ ઘરમાં પ્રવેશ કરી દેવો જોઈએ. ત્યાં ઉત્તમ કોટિનું શ્રાવકપણું જીવવું જોઈએ.

ઉત્તમ શ્રાવક બારમા દેવલોકે જાય.

વિરાધનાભરપૂર સાધુ પહેલા દેવલોકે માંડ જાય.

એટલે કહ્યું છે :

**સાધુજીવન કઠિન હૈ, ચડના પૈડ ખજૂર.**
**ચડે તો ચાખે પ્રેમરસ, પડે તો ચકનાચૂર.**

હા, બીજું ઘર કરીને જિનાજ્ઞાઓને પગલૂંછણીયું બનાવી ચૂકેલો વેષધારી સાધુ જો શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરેઃ પુનઃ દીક્ષા લે : સૌથી નાનો બને : પાપો ઉપર ઘોર પશ્ચાત્તાપ કરતો રહે : જ્યારે ને ત્યારે આંસુ પાડતો રહે તો તેને અસલ ઘરમાં જવાની કોઈ આવશ્યકતા રહે નહિ.

હાર્દિક શુદ્ધિકરણ અન્તર્મુહૂર્ત્તમાં જીવને વીતરાગ બનાવી દે છે.

* * *

**उस्सुत्तमायरंतो बंधइ कम्मं सुचिक्कणं जीवो ।**
**संसारं च पवट्ठइ मायामोसं च कुव्वइ य ।। 221 ।।**

**અર્થ :** સૂત્ર-વિરુદ્ધ આચરણ કરતો આત્મા નિકાચિત કર્મબંધ કરી દે છે. એથી એનો સંસાર ખૂબ વધી જાય છે. બિચારો, માયા-મૃષાનો ભોગ બને છે.

**વિવેચન :** આચરણ ઉત્સૂત્ર (શાસ્ત્ર-વિરુધ્ધ) હોય તેમ ભાષણ અને ચિંતન પણ ઉત્સૂત્ર હોઈ શકે. આ ત્રણમાં વધુ ખરાબ - અપેક્ષાએ - ઉત્સૂત્ર આચરણ કહેવાય.

ઉત્સૂત્ર ચિંતન એ આત્માનું જ અશુભ કરે. જ્યારે બાકીના બે પરાત્માઓનું પણ અહિત કરે. એમાં ઉત્સૂત્ર આચરણ દીર્ઘકાળ સુધી ચાલે એટલે દીર્ઘકાળમાં ઘણા બધા આત્માઓનું અહિત કરી દે.

જો કે ઉત્સૂત્ર ભાષણ પણ અપેક્ષાએ તો ભયાનક છે. એથી આનંદઘનજી મહારાજે એક સ્તવનમાં "પાપ નહિ કોઈ ઉત્સૂત્ર-ભાષણ જિસ્યું" કહ્યું છે.

અજાણપણે પણ 'ઉત્સૂત્ર' થઈ શકે નહિ, તેવું વિચારાય નહિ, બોલાય નહિ, આચરાય પણ નહિ. જો તેમ કરે તો બત્રીસ બત્રીસીમાં કહ્યા મુજબ તે આત્મા અનન્ત સંસારી બને.

અજ્જા સાધ્વીએ "ઉકાળેલું પાણી પીવાથી મને કોઢ થયો છે." એવું હલાહલ ઉત્સૂત્ર-ભાષણ શિષ્યાઓ સમક્ષ કર્યું. પણ જ્યારે સર્વજ્ઞ ભગવંતે તે વાતનો રદીઓ આપ્યો ત્યારે પણ તેણે તેમની વાતને પણ ઇન્કારીને અઘોર સંસારનું ઉપાર્જન કર્યું. અજ્જાના ઉત્સૂત્રને એક જ શિષ્યાએ પડકાર્યું હતું. તેને કાલાન્તરે કેવળજ્ઞાન થયું હતું.

મરીચિ ઉત્સૂત્ર - આચરણ કરતાં થયાં તો ય ઉત્સૂત્ર ચિંતન અને ભાષણ કરતા ન હતા. ઉપરથી બધા પ્રતિબુદ્ધ આત્માઓને પરમાત્મા આદિનાથ ભગવંતના શરણે જવાનું જ કહેતા હતા. ભલે, તેમણે શરીરની આસક્તિથી ચારિત્ર ગુમાવ્યું હતું પણ સમ્યક્ત્વ તો બરોબર ટકાવી રાખ્યું હતું. પરન્તુ એ માંદા પડ્યાં. કોઈ સાધુ તેમની સેવા કરવાને ઉત્સાહિત ન થયો ત્યારે શિષ્ય કરવાની આસક્તિ જાગી. તેમાં શિષ્ય થવાની જીદ પકડીને બેઠેલા કપિલને ઉત્સૂત્ર જણાવ્યું કે, "કપિલ ! આદિનાથ ભગવંત પાસે ધર્મ છે તો મારી પાસે પણ ધર્મ છે." આમ સમ્યગ્દર્શન ગુમાવીને દીર્ઘ સંસારભ્રમણ નિશ્ચિત કરી દીધું.

ગ્રન્થકારશ્રીએ ઉત્સૂત્ર આચરણની જે વાત કરી છે તે વાત મિથ્યાત્વ સહિતના ઉત્સૂત્ર આચરણની સમજવી. સમ્યગ્દર્શન સહિત જે ઉત્સૂત્ર આચરણ કરે તે આત્માને તેવું આચરણ ખૂબ ડંખતું હોય. આથી તે અલ્પ કર્મબંધ કરે. વળી તે નિકાચિત ન થાય.

નંદિષેણ ઉત્સૂત્ર-ચારી બની ગયા છતાં તેમનું સમ્યગ્દર્શન જીવંત હતું તેથી જ તે પુનઃ માર્ગસ્થ બન્યા. અનંતસંસારિત્વ ન થયું.

કેટલાક મોટા શાસનપ્રભાવકો ઉત્સૂત્ર–ભાષી ન હોય તેમ તેઓ ઉત્સૂત્ર-ચારી પણ ન હોવા જોઈએ. તેઓ સસૂત્ર પ્રરુપણા કરે પણ ભીતરમાં તેમનું ભોજનાદિનું જીવન સાવ ઉત્સૂત્ર હોય, તેઓ આચારમાં ખૂબ શિથિલ હોય.

જ્ઞાનીઓ કહે છે કે, "તમે જેવું બોલો તેવું સ્વયં આચરો પણ ખરા. અન્યથા બાળજીવો તમારા ઉત્સૂત્ર - આચરણને જોઈને અધર્મ પામી જશે. અનેક કુવિકલ્પો કરીને અનંત સંસારી બની જશે."

છેવટે એવા પ્રભાવક આત્માઓ જો શિથિલાચાર ન છોડી શકતા હોય તો - યથાયોગ્ય રીતે – તેનો જાહેરમાં એકરાર તો કરતા જ હોવા જોઈએ. જો તેમ ન કરે તો લોકો તેવા સસૂત્ર–ભાષી પ્રભાવકોનું ભીતરી જીવન પણ સસૂત્ર માની બેસે. આમ માયાચાર સેવાય અને મૃષાવાદ પણ લાગુ થાય.

એટલે જે વખતે જે સસૂત્ર ભાષણ કરે તે જ વખતે પોતાનું જીવન તેવા પ્રકારનું સસૂત્ર નથી તે વાત પણ તેમણે કરવી જોઈએ. બેશક, તેવી મર્યાદાથી તે વાત કરવી જોઈએ કે જેથી કોઈનું અહિત ન થાય. કોઈ તે વાતને પચાવી ન શકે તો તેનો ઊંધો અર્થ પણ થવા પામે. આ બધી કાળજી કરવા સાથે પોતાની વાત કરવી જોઈએ.

ગ્રન્થકારે સાચું કહ્યું છે કે ઉત્સૂત્રચારી મુનિ માયા - મૃષાનું સેવન કરી દે એથી તેનો કર્મબંધ ચીંકણો - નિકાચિત - થઈ જાય.

શાસનપ્રભાવક વ્યાખ્યાનકારો પોતાની કિતાબ જો છુપાવી રાખે અને તેનો ગેરલાભ ઉઠાવે તો તેમનું કેવું મોટું અહિત થઈ જાય !

શ્રીગુપ્તાચાર્યના શિષ્ય રોહગુપ્તે ઉત્સૂત્ર એવા ત્રૈરાશિક મતની પ્રરુપણા કરી. ગુરુએ તેને સંઘબહાર કરી દીધો ! એનું રીતસર અપમાન કર્યું. રોહગુપ્ત અને જમાલિ મર્યા ત્યાં સુધી 'ઉત્સૂત્ર' ના પાપની આલોચના કરી શકયા નહિ.

હવે કમલપ્રભ નામના આચાર્યની વાત કરું.

તે ખરેખર મહાન હતા. સસૂત્ર પ્રરુપક હતા. કોઈ ગામમાં તે પધાર્યા ત્યારે તે ગામના બે વિભાગમાં વહેંચાઈ ગએલા પક્ષોએ તેમને લવાદ નીમ્યા. તેમનો પ્રશ્ન હતો કે સાધુથી ચૈત્યનો વહીવટ - ચૈત્યવાસ - કરી શકાય કે નહિ ?

હકડેઠઠ સભાની વચ્ચે ચૈત્યવાસી તોફાની લોકોથી જરાય ડર રાખ્યા વિના તેમણે કહ્યું, "સાધુ ચૈત્યવાસી બની શકે નહિ. આ પ્રમાણે શાસ્ત્રાજ્ઞા છે."

આ વખતે તે મહાત્માએ સસૂત્ર પ્રરુપણા નીડરપણે કરવાને કારણે તીર્થંકર નામકર્મના દળીઆનો સંગ્રહ કર્યો.

પણ સમય જતાં ફરી વાર કમલપ્રભાચાર્ય તે નગરમાં પધાર્યા. સંવિગ્નપક્ષી શ્રાવકોએ બડા ઠાઠથી સામૈયું કર્યું. સામૈયામાં એકાએક અજૈન સંસ્કારોથી વાસિત કોઈ બાઈ કમલપ્રભાચાર્યના ચરણે પડી ગઈ : ચરણસ્પર્શ કર્યો.

કમનસીબે આચાર્યશ્રીએ તે વખતે પગ ખેંચી ન લીધો. કશું બોલ્યા નહિ. આ ઘટના ચૈત્યપક્ષી લોકોએ જોઈ. હવે મહાત્માને છાટકામાં લેવા માટે કારસો રચ્યો.

વ્યાખ્યાનસભામાં તેમણે પ્રશ્ન કર્યો કે, "શું બ્રહ્મચર્યવ્રતમાં અપવાદ હોઈ શકે ખરો ?" પ્રશ્ન સાંભળતાં મહાત્માને ખ્યાલ આવી ગયો કે પોતાને બાઈએ ચરણસ્પર્શ કર્યો તે વાતને લક્ષમાં લઈને પ્રશ્ન પુછાયો છે. પોતાની તર્જના થવાના ભયથી મહાત્માએ ઉત્સૂત્ર-વચન કહ્યું કે, " દરેક વ્રતપાલનમાં અપવાદ હોઈ શકે છે. બ્રહ્મચર્યવ્રતમાં પણ અપવાદ છે. (અર્થાત્ અપવાદે વિજાતીય વ્યક્તિ ચરણ-સ્પર્શ કરી શકે.)

એ વખતે ચૈત્યવાસ-પરસ્ત લોકોએ મહાત્માનો હુરીઓ બોલાવ્યો. તેમની સાવદ્ય-પ્રરુપણાને લીધે તેમને 'સાવદ્યાચાર્ય' તરીકે જાહેર કર્યા.

તે વખતે પેલા તીર્થંકરનામકર્મના દલિકો આત્મા ઉપરથી છૂટ્ટા થઈ ગયા.

સસૂત્ર - પ્રરુપણાની કેટલી મોટી ભેટ ! અને નાનકડા ઉત્સૂત્ર - ભાષણનો કેવડો મોટો દંડ !

જો બાપને રાજી રાખવા મયણાએ વચન-પ્રયોગ કર્યો હોત તો તે ઉત્સૂત્રભાષી ઠરત. પણ ભારે નીડરતાથી તે શાસ્ત્રવચનને વળગી રહી. એથી એની ઉપર ચારે બાજુથી સંકટ આવી પડયું પણ તેણીએ તેની જરા ય પરવા કરી નહિ.

મયણાની સસૂત્રભાષિતાને લાખ લાખ વંદન.

બધા લોકોએ સુલસા શ્રાવિકાને કહ્યું,''પચ્ચીસમા તીર્થંકર ભગવંત સમવસર્યા છે, ચાલ દેશના સાંભળવા.''

સુલસાનું સમ્યક્ત્વ અત્યન્ત નિર્મળ હતું. એક જ ધડાકે તેણે કહ્યું, ''એ કોઈ ઈન્દ્રજાલિક લાગે છે. મારા પ્રભુએ પચ્ચીસમા તીર્થંકરત્વની સાફ ના પાડી છે. હું નહિ આવું.''

ઉત્સૂત્ર આચરણ કે ભાષણ જેમ અનંત સંસાર ખડો કરે છે તેમ સસૂત્ર આચરણ કે ભાષણ અનંત સંસારભ્રમણને સ્થગિત કરી દે છે.

ઉત્સૂત્ર આચરણ કોઈ ગીતાર્થ સાધુને કરવું જ પડે (ગ્લાન વગેરે દશામાં) તો તે ખૂબ ગુપ્ત રીતે તે કાર્ય પાર પાડે, જેથી દેખીતા ઉત્સૂત્ર આચરણની પરંપરા ન ચાલે. બાકી વસ્તુતઃ ઉત્સર્ગમાર્ગની અપેક્ષાએ જે ઉત્સૂત્ર આચરણ કહેવાય તે જો અપવાદમાર્ગસ્વરૂપ હોય તો તેને સસૂત્ર જ કહેવાય કેમકે અપવાદમાર્ગ એ શાસ્ત્રસંમત માર્ગ છે.

પ્રસંગતઃ ઉત્સૂત્ર આચરણ (ઉપલક્ષણથી ભાષણ, ચિન્તન) ની જેમ શાસન - હીલના પણ એવું જ ભયાનક પાપ ગણાય. કોઈ પણ ભોગે તે કરી શકાય નહિ.

બ્રાહ્મણ વગેરે લોકો જૈનધર્મની નિંદા કરે તેવું કોઈ આચરણ કરવું જોઈએ નહિ.

એક દૃષ્ટાન્ત આપું.

બહાર શૌચ માટે જઈને પાછા ઉપાશ્રયે આવેલા સાધુએ - ખાસ કારણ વિના - પગ ધોવાના નથી. પણ જો ઉપાશ્રયની સામે બ્રાહ્મણોનું સ્થાન હોય, તેના

ઓટલે તેઓ બેઠા હોય તો તેમના દેખતાં રીતસર પાણીથી પગ ધોવા. જો તેમ ન કરે તો તેઓ બોલે કે "જૈનસાધુઓ કેવા ગંદા છે કે શૌચથી પાછા ફરતાં પગ પણ ધોતાં નથી."

આ થઈ; શાસનહીલના.

આ દોષ નિવારવા માટે છેવટે જે કોઈ અપવાદનું સેવન કરવું પડે તે કરી શકાય.

નગરોના ડામરના રસ્તા ઉપર માત્રુ પરઠવાય તો મોટી શાસનહીલના સંભવિત છે, કેમકે તેથી રાહદારીઓને ધિક્કાર પેદા થાય. આવું શાસનહીલનાનું કાર્ય ન થવા દેવાય.

શાસનહીલનાનું નિવારણ કરવા માટે સાધુએ ઓઘો બાળ્યો હતો.

પાદલિપ્તસૂરિજીએ મોટી માયા-કપટ કરી હતી.

શૌચવાદી બ્રાહ્મણ પંડિતોને જો મલિન વસ્ત્રોથી દુગંછા થતી હોય તો તેમની પાસે પાઠ લેતી વખતે ધોયેલા વસ્ત્રો સાધુએ પહેરવા પડે. આ માટે તે વસ્ત્રો જુદા રાખી મૂકવા પડે.

જાહેર સભામાં કે વાદ વગેરેના પ્રસંગોમાં અથવા હોસ્પિટલમાં હીલનાને નિવારવા માટે સાધુએ મલિન વસ્ત્રો ત્યાગી દેવા જોઈએ.

ટૂંકમાં ઉત્સૂત્રભાષણ અને શાસનમાલિન્ય સ્વપ્નમાં પણ ન થાય તેની કાળજી કરવી જોઈએ.

* * *

**जइ गिण्हइ वयलोवो अहव न गिण्हइ सरीरवुच्छेओ ।**
**पासत्थसंगमोऽवि य वयलोवो तो वरमसंगो ।। 222 ।।**

**અર્થ :** જો પાસત્થા સાધુએ લાવેલા આહારાદિકને સંવિગ્ન સાધુ ગ્રહણ કરે તો તેના મહાવ્રતોનો લોપ થાય; જો ગ્રહણ ન કરે તો શરીરનો નાશ થાય. (આમ બે ય બાજુથી મુશ્કેલી છે.)

પણ ખરી વાત એ છે કે તેનો સંગ જ વ્રતલોપ કરી દેનારો છે માટે તેનો સંગ જ કરવો નહિ.

**વિવેચન :** પાંચ પ્રકારના શિથિલાચારી સાધુઓ શાસ્ત્રમાં કહ્યા છે, તેમાં પહેલો

પાસત્થો છે. બીજા ચાર કરતાં તે કંઈક સારો છે છતાં તેનો સંગ કરવાની મનાઈ કરવામાં આવી છે.

તેનો સંગ સીધો ઊતરી જાય તો ય તે જોઈને લોકો તેના ભક્ત બનવા લાગે. જે બિલકુલ યોગ્ય નથી.

જો તેનો સંગ સંઘર્ષમાં પરિણમે તો મન્ત્ર-તન્ત્ર કરીને સંવિગ્ન સાધુને પરેશાન કરે અથવા તેની ઉપર ચોરી વગેરેનો આરોપ મૂકીને તર્જના કરાવે.

કોઈ મહાગીતાર્થ સાધુને સંવિગ્ન સાધુ ન મળતા હોય તો પાસત્થાનો સહકાર લે તે સંભવિત છે. મહાગીતાર્થ મહાત્મા એટલા સાવધ હોય છે કે તેના સંગનો રંગ લાગવાની શક્યતા નથી. પણ અગીતાર્થથી તો પાસત્થાનો સંગ કરાય જ નહિ.

હવે તેના આહારાદિક તો શી રીતે લેવાય ?

કદાચ ગ્લાનત્વાદિનું કારણ હોય તો આહારાદિ ન લેતાં દેહપીડા થાય કે દેહનાશ થાય તો ય તેની ચિંતા કરવી નહિ.

ગ્રન્થકાર કહે છે કે એક બાજુ વ્રતલોપ છે, બીજી બાજુ દેહવિચ્છેદ છે તો દેહવિચ્છેદ થવા દેવો પણ વ્રતલોપ તો નહિ જ કરવો.

બે હાથમાં ઘી અને છાશની દોણી પકડી હોય, સામેથી તોફાની આખલો ધસી આવતો હોય, કોઈ પણ એક હાથની દોણી છોડે તો જ પાસેની દુકાનનો થાંભલો ટેકવીને ઉપર ચડી જવાય તેમ હોય ત્યારે સીધી વાત છે કે છાશની દોણી જ ફેંકી દેવી પડે. ઘીની દોણી તો ન જ ફેંકાય.

મહાવ્રતો ઘી છે, શરીર એ છાશ છે.

જેનો તેનો સંગ કરવાના પરિણામો એકદમ ઘાતક હોય છે. આજના જમાનાવાદી યુવાનો કે યુવતીઓ સાધુ કે સાધ્વી પાસે એકાંતમાં બેસીને જે તે વાતો કરીને તેમના મનને ઉત્પથ કરી દેતા હોય છે. નવા દીક્ષિતોને કે બાળદીક્ષિતોને આ વિષયમાં ખૂબ સાચવવા જોઈએ.

એ જ રીતે તેમને અખબારો કે સાપ્તાહિકો વાંચવા દેવા ન જોઈએ. કેટલાક અખબારો નકરા સેકસના ફોટાઓ કે સેક્સની બિભત્સ વાતોથી ભરેલા હોય છે. જો આ બાબતમાં ગુરુ કાળજી ન કરે તો તે શિષ્યોનું કારમું અહિત થયા વિના રહેતું નથી. ગુરુઓને આજની આવી ચાલચલગતોનો પૂરો ખ્યાલ હોવો જોઈએ.

* * *

**आलावो संवासो वीसंभो संथवो पसंगो अ ।**
**हीणायारेहिं समं सव्वजिणिंदेहिं पडिकुट्ठो ।। 223 ।।**

**અર્થ :** હીન આચારવાળા પાસત્થાદિકની સાથે વાતચીત કરવી, ભેગા રહેવું, વિશ્વાસ કરવો, પરિચય કરવો, લેવા-દેવાનો વ્યવહાર કરવો - આ બધી વાતનો જિનેશ્વરદેવોએ સાફ નિષેધ કર્યો છે.

**વિવેચન :** ટૂંકી વાત કે સંગદોષ સંયમી સાધુના જીવનને ખતમ કરી દેનારો બને છે. આચારહીન સાધુ ખરાબ તો વિચાર(શ્રદ્ધા)હીન સાધુ વિશેષ ખરાબ. શરમાશરમીથી પણ તેમનો સંગ કરાય નહિ. જો એવી ખબર પડે કે શિથિલ સાધુ સામેથી આવી રહ્યા છે તો સાધુએ રસ્તો બદલી નાંખવો.

મને એક વિદ્વાન સાધુની ખબર છે કે તેને મહાવિદેહક્ષેત્ર, વીસ વિહરમાન તીર્થંકરો, સમવસરણ વગેરે પદાર્થોમાં શ્રદ્ધા ન હતી. આ બધા ધ્યાન કરવા માટેના કાલ્પનિક પદાર્થો છે તેમ તેઓ કહેતા. તે કહેતા કે, "જો ઈશાનખૂણે મહાવિદેહક્ષેત્રાદિ હોય તો તે દિશામાં અણુ-બળતણવાળું રોકેટ મોકલીને તેની સત્યાસત્યતાનો નિર્ણય લાવી દેવો જોઈએ. માત્ર "સુણો ચંદાજી" કયાં સુધી સવારના પહોરમાં ગાયા કરવું ?"

આવા મહાત્માઓ વિચારહીન બન્યા બાદ આચારહીન પણ બનતા હોય છે. તેઓ વૈજ્ઞાનિક વસ્તુઓ, ઈલેક્ટ્રિક વગેરેનો બિન્ધાસ્ત ઉપયોગ કર્યા વિના રહી શકતા નથી.

અનુભવથી એવું લાગે છે કે જેઓ વિચારહીન (સમ્યક્ત્વહીન) બને છે તેમને આચારહીન બનતા વાર લાગતી નથી. વળી એ વાત પણ એટલી જ સાચી લાગે છે કે આચારમાં શિથિલતા આવ્યા પછી વિચારશુદ્ધિ (સમ્યક્ત્વ)ને ટકાવવી બહુ મુશ્કેલ કાર્ય છે. પોતાની આચારહીનતાનું દુ:ખ શરૂ શરૂમાં રહે ખરું પરન્તુ કાયમી આચારહીનતા મનને નિષ્ઠુર બનાવે છે. પછી દુ:ખ પણ રહેતું નથી.

આથી આચારહીનતાને જેમ બને તેમ જલદી - સત્ત્વ ફોરવીને - દૂર કરવી જોઈએ.

ભ્રષ્ટ સાધુ સાથે આલાપ-સંલાપ વગેરે કરવા જતાં સ્વયં ભ્રષ્ટ બની જવાની શકયતા ઘણી રહે છે.

પરમાત્મા મહાવીરદેવના દસ પરમ શ્રાવકોમાં એક મહાશતક હતા. પરન્તુ

પરમાત્માને પામ્યા પૂર્વે તે ગોશાલકના પરમભક્ત હતા. જ્યારે મહાશતક પ્રભુના પક્ષે ગયા ત્યારે ગોશાલકને આઘાત લાગ્યો. તેણે મહાશતકને બોલાવ્યા. પણ તે ન જતાં ગોશાલક સ્વયં મહાશતકની હવેલીએ આવ્યો. બૂમો પાડીને મહાશતકને ઉપરના મજલેથી નીચે આવવા કહ્યું ત્યારે ન છૂટકે મહાશતક ગોશાલકની પાસે જઈને ઊભા. પણ તે વખતે તેમણે ગોશાલકની સામે જોયું નહિ. તેની આંખોમાં આંખ મિલાવી નહીં. તેને શંકા હતી કે કદાચ ગોશાલકને જોઈને તેની શરમ પડી જાય તો પોતે સમ્યક્ત્વ હારી જાય.

ગોશાલકે મોં ઊંચું કરીને પોતાની સામે જોવા આગ્રહ કર્યો પણ મહાશતકે તે જોખમ ન જ લીધું.

પરપુરુષના સંગમાં નારીને શીલ ટકાવી રાખવું જેટલું અઘરું છે તેટલું અઘરું ભ્રષ્ટ વ્યક્તિના સંગમાં સમ્યક્ત્વ ટકાવવું અઘરું છે. મહામુસીબતે પ્રાપ્ત થતું સમ્યક્ત્વ શી રીતે ખોઈ બેસાય ?

*

**अन्नुन्नजंपिएहिं हसिउद्धसिएहिं खिप्पमाणो य ।**
**पासत्थमज्झयारे बला वि जइ वाउली होइ ।। 224 ।।**

**અર્થ :** પરસ્પર વાતો કરવાપૂર્વક, હસાહસી કરીને રોમાંચ ખડા કરવાપૂર્વક પાસત્થાની સાથે રહેલો સાધુ પાસત્થા વડે જ આ રીતે કરવાને પરાણે પ્રેરાયેલો સાધુ ચિત્તથી વ્યાકુળ થઈ જાય છે : સ્વમાર્ગથી ભ્રષ્ટ થાય છે.

**વિવેચન :** ગ્રન્થકારશ્રી ટૂંકમાં એક જ વાત કરવા માંગે છે કે પાસત્થાદિક સાધુઓનો પડછાયો પણ લેવો નહિ. એ સાધુઓને સાધુપણા સાથે લાગતું-વળગતું ન હોવાથી બેફામ બનીને વાતો-વિકથાઓ કર્યા કરે, તેમને વિધિપૂર્વકના, યથાસમયના અનુષ્ઠાનોમાં જરાય રસ ન હોય એટલે કલાકો સુધી ગપ્પા મારવામાં તે માહિર હોય. આ બધું સંવિગ્ન સાધુઓને જરા ય ન પરવડે. દાક્ષિણ્યભાવને લીધે સાધુ ઊઠીને જતો રહેવા અસમર્થ હોય તો પાસત્થો તેનું પુષ્કળ અહિત કરી બેસે. આજના વિજ્ઞાનની વાતો કરીને શ્રદ્ધાહીન કરે, ભોગસાધનોની અવનવી આકર્ષક શોધોની વાતો કરીને આચારહીન પણ કરે.

મહામુસીબતે હાથમાં આવેલું સંયમરત્ન સંવિગ્ન સાધુ ખોઈ બેસે.

માતપિતાદિકે કેટલી બધી આશાઓ ઉપર પાણી ઢોળીને સંતાનોને દીક્ષા

આપી હોય ત્યારે કુસંગે ચડીને જીવનને બરબાદ કેવી રીતે કરાય ? વડીલો હાજરી લે તો જવાબ શું દઈ શકાય ?

પાસત્થાને આત્મહિતની સારી વાતો કરવામાં જોખમ છે. હા, એ કાર્ય મહાગીતાર્થ મહાત્મા કરી શકે, પરન્તુ સામાન્યતઃ સાધુઓએ તે સાહસ કરવું જોઈએ નહિ.

ગ્રન્થકારશ્રીની નજરમાં બે વસ્તુઓ રમે છે : (૧) અમૂલ્ય સાધુપણાની રક્ષા. (૨) કુસંગ દ્વારા બરબાદી.

* * *

**लोए वि कुसंसग्गी पियं जणं दुन्नियच्छमइवसणं ।**
**निंदइ निरुज्जमं पिय - कुसीलजणमेव साहुजणो ।। 225 ।।**

**અર્થ :** કુસંગનો જે પ્રેમી હોય, જે ઉદ્ભટવેષધારી હોય, જે અતિવ્યસની હોય તેની લોકમાં પણ નિંદા થાય છે. આ રીતે સુસાધુની સાથે રહેતા શિથિલાચારી સાધુ કે જેને કુશીલજનો ઉપર પ્રેમ ઊભરાય છે - તેની સાધુપુરુષો નિંદા કરે છે.

**વિવેચન :** સજ્જનો અને દુર્જનોનો સંસારમાં મેળ પડે નહિ. કેમકે બે ય ના વિચારો જુદા છે, માર્ગ જુદો છે બોલવાની રીતભાત પણ જુદી છે. એવા કુશીલ આત્માઓથી સજ્જનો સદા છેટા રહે છે. તેમની ઘૃણા - ઉપેક્ષા કરે છે.

સાધુજીવનમાં પણ આ વાત હોય છે કે સારા સાધુઓ કુશીલ સાધુઓનો સહવાસ પસંદ કરતા નથી. તેમનાથી સદા દૂર રહે છે. તેમની ઉપેક્ષા કરે છે.

એવા કુશીલ સાધુઓને સન્માર્ગે લાવવાની ભાવના સામાન્ય સાધુઓને ન હોવી ઘટે. કેમકે તેને સુધારવા જતાં પોતાનું બગડી જવાની પૂરી શક્યતા રહે છે.

સારા તર્ક જેવા લાગતાં કુતર્કોનો જો તે સાધુ ઢગલો કરી દે તો સુસાધુ વિશિષ્ટ ક્ષયોપશમના અભાવમાં મુંઝાઈ જાય. નિરુત્તર બની જાય. કુશીલની વાત સ્વીકારી લે.

આમ થાય તો આગળ વધીને કુશીલ સાધુ તેને ગચ્છવાસથી વિમુખ કરીને પોતાની સાથે પણ લઈ જાય. આવા સાધુઓને 'એકલીઆ' રહેવામાં લોકનિંદાનું જોખમ હોય છે એટલે તેઓ સંવિગ્ન સાધુને ગચ્છથી વિમુખ કરવા માટે તત્પર હોય છે. એવી તક મળે તો તે છોડતા નથી.

જ્ઞાનીઓએ આભાવ્ય પ્રકરણમાં કહ્યું છે કે કોઈના શિષ્યની ઉઠાંતરી કરવી તે ચોરીનું પાપ છે. જો આગાઢ કારણસર સુસાધુને અન્ય સમુદાયમાં જવાનું થાય તો તેની લાંબી વિધિ હોય છે. પરન્તુ કુશીલ સાધુઓને આવા નીતિનિયમોની જરાય પરવા હોતી નથી. તેમને પરલોકમાં દુર્ગતિ થવાનો પણ ભય હોતો નથી. તેમને આલોકના જ સુખો સાથે નિસ્બત હોય છે. એટલે સાધુના વેષમાં પૂરા સ્વાર્થી અને સંસારી બની જતાં હોય છે.

આવા પાસત્થાઓની સાથે સંવિગ્ન સાધુઓનો મેળ પડે નહિ.

મિયાં મહાદેવનો મેળ પડે ખરો ?

* * *

**निच्चं संकियभीओ गम्मो सव्वस्स खलियचारित्तो ।**
**साहुजणस्स अव्वमओ मओ वि पुण दुग्गइं जाइ ।। 226 ।।**

**અર્થ :** પાસત્થાને સતત એવી શંકા રહ્યા કરે છે કે તેનું દુષ્ટ આચરણ કોઈ દેખી ન જાય, વળી તેને સતત એ ભય સતાવતો હોય છે કે તેનું દુષ્ચરિત કોઈ જાહેર કરી દેશે.

આ સાધુની તર્જના સહુ કોઈ કરી દે એવી તેની સ્થિતિ હોય છે. તે ચારિત્રથી સ્ખલના પામેલો હોય છે, સાચા સાધુઓને તે અનિષ્ટરૂપ હોય છે. બિચારો ! પરલોકે પણ દુર્ગતિ ભેગો થાય છે.

**વિવેચન :** જે પાપી છે તેને પોતાના પાપો પ્રગટ થવાની સતત શંકા રહે છે. કુશીલ એટલો સત્ત્વહીન હોય છે કે તે પાપોને ત્યાગી શકતો નથી.

કોકવાર એ સુધરી પણ જતો હોય છે, પણ તેના દોષોને બહુ ઉસ્તાદીથી દૂર કરે તેવા સજ્જનની જરૂર પડે છે.

પાટણના મહામંત્રી શાન્તનુએ એવા જ કોક પાપીને સંપૂર્ણ સુધારી દીધો હતો.

જયારે તે રાજમાર્ગેથી પસાર થતા હતા ત્યારે તેમણે સાવ ભ્રષ્ટ સાધુને બેઢંગી હાલતમાં એક ખૂણામાં જોયો. સંધ્યા થઈ ગઈ હતી. તે પાન ચાવતો હતો. વેશ્યાના ગળામાં હાથ નાંખ્યો હતો. ગંદા ચાળા કરતો હતો.

શાન્તનુ મહા-વિચક્ષણ હતા. તેમણે આશ્ચર્યજનક માર્ગ અપનાવ્યો. હાથી

ઉપરથી ઊતરીને તેની તરફ ચાલ્યા. સાધુ ગભરાઈ ગયો. વેશ્યાને ભગાડી મૂકી. થરથર ધ્રૂજતો ઊભો રહ્યો.

શાન્તનુએ તેને વિધિસર વંદન કરતાં તે આશ્ચર્યસ્તબ્ધ બની ગયો. શાન્તનુએ શાતા પૂછતાં તે ગભરાઈ ગયો. શાન્તનુ વિદાય થયા પણ સાધુ વિચાર કરતો રહી ગયો.

સાધુએ સીધી પાલીતાણાની વાટ પકડી. એના પાપોનો ઘોર પશ્ચાત્તાપ અંતરમાં સળગી ઊઠ્યો હતો.

તીર્થાધિરાજની અધવચ્ચે આવેલી ગુફામાં તે સાધુ કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયો. દૂરથી યાત્રિકો તેને જોતાં. તેની આંખે આંસુ સતત વહેતા જોઈને સહુ તેને ભાવથી વંદન કરતા.

એક દી મહામન્ત્રી શાન્તનુ યાત્રાએ આવ્યા. તે ગુફામાં સાધુને વંદનાર્થે ગયા. સાધુ શરીરે સાવ કૃશ થઈ ગયા હતા. શાન્તનુ ઓળખી ન શકયા. સાધુએ પૂછયું, "તમે મને ઓળખો છો ? હું પેલો પાપી સાધુ જેને તમે હાથી ઉપરથી ઊતરીને વંદન કર્યું હતું. તમારી એ ઊંધી લપડાક ખાઈને મારા પાપો ઉપર ખૂબ પશ્ચાત્તાપ થયો. આ તીર્થાધિરાજની છાયામાં દિવસોથી કાયોત્સર્ગમાં ઊભો છું. તમે મારા અત્યન્ત ઉપકારી છો. "

શાન્તનુએ ગંભીર વદને કહ્યું, "મહારાજ ! એ બધા કર્મોના ખેલ છે. તમારું આવું સુંદર પરિવર્તન થયું એ જ બહુ મોટી વાત છે !"

આચારાંગ સૂત્રમાં કહ્યું છે કે, જે તે સાધુની સ્વચ્છંદતા, આચારહીનતા, કુટિલતા વગેરેને ચલાવી શકાય નહિ. જો ગુરુ તેને માર્ગસ્થ ન બનાવી શકે તો ગંભીર સુશ્રાવકે તેમાં રસ લેવો પડે. હવે તેણે સાધુના માબાપ બનવું પડે. જે રીતે તે માર્ગસ્થ બને તે રીત - કડક પણ - અપનાવતાં જરાય સંકોચ રાખવો ન જોઈએ. કેમકે સાધુના સુંદર આચારો જોઈને જેમ અનેક આત્માઓ સમ્યગ્દર્શનાદિ પ્રાપ્ત કરે છે તેમ તેના શિથિલાચારોને જોઈને પ્રાપ્ત થયેલું સમ્યગ્દર્શન ગુમાવી બેસે છે. આવી હોનારત તો ન જ થવા દેવાય.

આચારાંગ સૂત્રમાં એક પ્રસંગ આવે છે. તેમાં મહાશ્રાવક રાજા ગુરુને કહે છે કે, "તમારા ગચ્છમાં કોઈ સ્વચ્છંદી સાધુ હોય - જે તમારું માનતો ન હોય – તે મને સોંપો. હું તેને બરોબર ઠેકાણે લાવી દઈશ. અમારા રાજ-શાસનમાં અમે ચોર, બદમાશોને જરાય ચલાવી લેતા નથી. તમારે પણ તે જ નીતિ અપનાવવી જોઈએ."

આ પછી રાજા સાવ ઉચ્છ્રૃંખલ બની ગયેલા બાળસાધુની જાણકારી મેળવીને એવું ત્રાગું કરે છે કે તેથી બાળસાધુ ગભરાઈ જઈને એકદમ ગુર્વાધીન બની જાય છે.

સાધુની શિથિલતા બહુ ખરાબ. તે શાસનહીલના કરાવે અને અનેક ધર્માત્માઓને ધર્મભ્રષ્ટ કરે. આથી જ ગર્ભવતી સાધ્વી ( તે દેવમાયા હતી.) ને જોઈને મગધપતિ શ્રેણિકે નજીકના ઘરમાં ઘાલી દીધી હતી. તે હાલત જોઈને કેટલાય લોકોનું બોધિ દુર્લભ બની જાય તેમ હતું.

આથી જ સંસારમાં સ્ત્રી સારભૂત છે તેવું કહેનારા સાધુ તરફ- તે સાંભળીને મહામન્ત્રી વસ્તુપાળની આંખ એવી કરડી બની હતી કે તે સાધુ એકદમ ગભરાઈ ગયા હતા.

એ તો સારું થયું કે પાછળથી સાધુએ વસ્તુપાળ પાસે ખુલાસો કરીને બધી વાત સીધી ઉતારી હતી. (તેણે કહ્યું હતું કે જે સ્ત્રી વસ્તુપાળ જેવા પ્રભુભકતોને જન્મ દે છે તે સ્રી આ સંસારનું સારભૂત તત્ત્વ છે.)

બાલચન્દ્ર નામનો સાધુ કેટલો ખરાબ હતો ? આચાર્યપદ લેવા માટે તેણે કેવા ધમપછાડા કર્યા હતા ? ગુરુ હેમચન્દ્રસૂરિજીએ તેને આચાર્યપદ તો ન જ આપ્યું પણ પોતાના ઉત્તરાધિકારી રામચન્દ્રસૂરિજીને કહેતા ગયા કે કોઈ પણ હાલતમાં એ કુપાત્રને આચાર્યપદ દેવું નહિ.

કમનસીબે ગુર્વાજ્ઞાને અખંડિત રીતે પાળવા જતાં આચાર્ય રામચન્દ્રસૂરિજીને પોતાનું બલિદાન દેવું પડ્યું. બાલચન્દ્રના પરમભક્ત બનેલા રાજા અજયપાળે ગુરુ બાલચન્દ્રને આચાર્યપદ આપવાની હઠ કરી.

રામચન્દ્રસૂરિજીએ સાફ નનૈયો ભણતાં તેની સજારૂપે તેમને ધગધગતી પાટ ઉપર સૂઈ-જવાની આજ્ઞા કરી. સૂરિજીએ અરિહંતાદિનું શરણ લઈને દમ તોડી નાંખ્યો.

આ નાલાયક બાલચન્દ્રે ગુરુ હેમચન્દ્રસૂરિજીના આયુષ્યને (પ્રતિષ્ઠા પ્રસંગમાં) ઉપક્રમ લગાડી દીધો હતો. આથી સૂરિજીનું મરણ સાવ નજીક આવી ગયું હતું.

ઉલ્લંઠ સાધુઓના તોફાનો કલ્પી ન શકાય તેવા ભયાનક હોય છે. એટલે જ ગ્રન્થકારશ્રી તેમની સાથે કોઈ પણ પ્રકારનો સંબંધ નહિ રાખવાનું સુસાધુઓને જણાવે છે.

પેલો કૂલવાલક સાધુ ! કેટલો ખતરનાક નીવડ્યો.

તેને નારીઓ તરફ કુદૃષ્ટિ કરવાની ભારે કુટેવ હતી. આ બદલ ગુરુ તેને વારંવાર ટોકતા. આ તેને ગમતું નહિ. એણે ગુરુનું કાસળ કાઢી નાંખવાનો વિચાર કર્યો.

એક વાર એવી તક તેને મળી ગઈ. ગિરનાર પર્વત ઊતરતાં, ગુરુની પાછળ રહીને મોટી શિલા ગબડાવી. શિષ્યોએ બૂમાબૂમ કરતાં ગુરુ સાવધ બનીને ઉગરી ગયા. નહિ તો ગુરુના દેહના છૂંદેછૂંદા થઈ ગયા હોત. બેશક, આ પાપનો અતિ ભયંકર પરચો ઓલા હત્યારા સાધુને એ જ ભવમાં મળી ગયો !

જે જ્ઞાન, દર્શન, ચારિત્રને પાસે રાખે છે પણ પાળતો નથી તે પાસત્થો કહેવાય. (ડૉક્ટરે આપેલી દવા પાસે રાખે પણ ખાય નહિ તેનો રોગ શી રીતે મટે ?) આ પાસત્થો ગચ્છની બહાર હોય, ગચ્છમાં પણ હોય.

પંચમીની સંવત્સરી ચોથમાં ફેરવનારા કાલકસૂરિજી મહારાજના શિષ્યો એટલા બધા ઉચ્છૃંખલ બની ગયા હતા કે તેમને બધાને કાઢી મૂકવાને બદલે ગુરુ જ એક રાતે તેમનો ત્યાગ કરીને ચાલી ગયા હતા.

ભ્રષ્ટ ચારિત્રી સાધુ આ ભવે સજ્જનો અને સુસાધુઓથી તિરસ્કૃત થાય અને પરભવે દુર્ગતિમાં જાય.

આ ભવમાં પાપો કરે, પરભવે દુ:ખો ભોગવે. બિચારાના બે ય બગડ્યા. આ સાધુને સફેદ કપડાનો પ્રચ્છન્ન શેતાન કહેવાય.

આ વાતો કરીને ગ્રન્થકારશ્રી સુસાધુઓને ચેતવે છે કે, "તમે આવા આજ્ઞાભંજક સાધુનો સંગ કદી કરશો નહિ, અન્યથા તમારી પણ એ જ દશા થશે."

* * *

**गिरिसुअपुप्फसुआणं सुविहिय ! आहरणं कारणविहन्नू ।**
**वज्जेज्जसीलविगले उज्जुयसीले हविज्ज जइ ।। 227 ।।**

**અર્થ :** હે સુવિહિત સાધુ ! પહાડના ભિલ્લનો પોપટ અને વાડીનો પોપટ એ બેમાં રહેલા ક્રમશઃ દોષ અને ગુણનું કારણવિધાન તું જાણ. પછી આચારરહિત સાધુઓનો સંગ ત્યાગજે અને આચારસંપન્ન સાધુ બનજે.

**વિવેચન :** પહાડમાં વસતા હલકી કક્ષાના લોકોને ત્યાં પળાયેલો પોપટ આગન્તુકને

કહે છે, "ઓ નાલાયક ! અહીં કેમ આવ્યો છે ? ભૂંડા ! ગધેડા ! ચાલ્યો જા અહીંથી."

વાડીના માળીનો પોપટ આગન્તુકને કહે છે, "ઓ, ભાઈ ! આવો. આવો. सुस्वागतम्. પધારો. પધારો."

બે પોપટ વચ્ચેનો આ ભાષા-ફરક સંગના કારણે થયો છે.

પેલા અંધ પુરુષ પાસેથી જુદા જુદા ત્રણ માણસો - રાજા, પંડિત અને વાઘરી પસાર થયા. તેમની ભાષા ઉપરથી અંધ માણસે તેમને રાજા વગેરે શબ્દોથી સંબોધ્યા. અંધજનના અનુમાનો તદ્દન સાચા પડ્યા.

માણસની બોલી ઉપરથી તેના ખાનદાન(કૂળ)ની ખબર પડી જાય.

ચારિત્રહીન સાધુ કોને કહેવાય ? ચારિત્રસંપન્ન સાધુ કોને કહેવાય ? એની ખબર એ સાધુની ચર્યા ઉપરથી કે બોલી ઉપરથી પડી જાય.

રાત્રિના સમયે દંડાસનનો વિધિવત્ ઉપયોગ ન કરતો હોય : નારીઓ સામે બિન્ધાસ્ત હસતો હોય : મશ્કરીઓ કરતો હોય : ટિફિનો મંગાવીને વાપરતો હોય : મોટી લારી કે ગાડી લઈને ફરતો હોય એવા બધા લક્ષણોવાળો સાધુ સારો ન કહેવાય. ભગવાનની આજ્ઞાઓનું ચીવટ સાથે પાલન કરનારો સાધુ સારો કહેવાય. એને પૂંજતો-પ્રમાર્જતો જોઈને, મુહપત્તિનો ઉપયોગ રાખતો જોઈને, સત્તર સંડાસાપૂર્વક વંદનાદિક કરતો જોઈને એમ કહી શકાય કે તે સારો સાધુ છે.

ટૂંકમાં ગચ્છવાસી અને ગુરુકૂલવાસી સાધુને સારો કહી શકાય. સ્વચ્છંદી સાધુને સારો ન કહેવાય.

કેટલીક વાર એવું પણ બને કે કોઈ સાધુ આચારમાં નબળો હોય, પરન્તુ તે બદલ તેને પારાવાર દુઃખ હોય, ગુરુ પાસે તેનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરતો હોય. દોષોના કારણે ખુલ્લેઆમ પોતાની લઘુતા બતાડતો હોય તો તેવા સાધુને પણ સારો સાધુ કહી શકાય.

તીવ્ર પશ્ચાત્તાપ અને શુદ્ધ પ્રાયશ્ચિત્ત એવા ધર્મો છે કે તેમના પ્લસની સામે બીજા બધાના માઈનસ કપાઈ જાય. એવા સાધુના દોષો બદલ તેની નિંદા કરવી કે તેને ધિક્કારવો તે યોગ્ય ન ગણાય.

માણસનું જીવન બે વસ્તુથી બરબાદ થાય છે; કુસંગ દોષ અને કુનિમિત્તોનો સમ્પર્ક.

જો આ બે બાબતોમાં પૂરી કાળજી કરાય : કુસંગ કરાય નહિ અને કુનિમિત્તોની પાસે ફરકાય નહિ તો જીવન સફળ થયા વિના રહે નહિ.

નંદ મણિયાર, સાગરચન્દ્ર (પરમાત્મા મુનિસુવ્રત ભગવંતે જે ઘોડાને પ્રતિબુદ્ધ કર્યો તેનો પૂર્વભવીય જીવ ) સત્સંગ હઠતાં અને કુસંગ થતાં બરબાદ થઈ ગયા. એક થયો વાવનો દેડકો, બીજો થયો રાજાનો ઘોડો.

* * *

**ओसन्नचरणकरणं जइणो वंदंति कारणं पप्प ।**
**जे सुविइयपरमत्था ते वंदंते निवारंति ।। 228 ।।**

**અર્થ :** જેમનું ચારિત્ર (ચરણ-કરણ) શિથિલ (અવસન્ન) થયું છે તે સાધુને સુસાધુ - આગાઢ કારણ આવી પડતાં-વંદન કરે, પરન્તુ જો તે શિથિલ સાધુ શાસ્ત્રના પરમાર્થને જાણતો હોય તો તેમને વંદન કરતાં અટકાવે.

**વિવેચન :** જિનશાસનની હીલના અટકાવવામાં જો કુ-સાધુ સહાયક બની શકે તેમ હોય તો સુ-સાધુએ તેને દ્રવ્યથી વંદન કરવું.

તે કુસાધુ મન્ત્રાદિકનો જાણકાર હોય, તેણે દેવબળ પ્રાપ્ત કર્યું હોય, તેથી તે જૈનધર્મ ઉપરના મોટા હુમલાને ખાળી શકે તેમ હોય તો તેને વંદન કરવામાં સુસાધુને વાંધો ન હોય.

કહેવત છે કે જરૂર પડે તો ગધેડાને પણ ગુરુ કરવો પડે.

બલભદ્ર નામના મુનિએ મન્ત્રપ્રયોગ અજમાવવા જતાં લીંડીઓમાંથી બકરાં ઉત્પન્ન કરી દીધા હતા. એની સાચવણી કર્યા વિના બીજો રસ્તો ન હતો એટલે ગુરુએ તેને જંગલમાં રહીને બકરાં ચરાવવા માટે મૂકી દીધો.

તેણે ઘણી બધી વિદ્યાઓ સિદ્ધ કરી.

એકદા કોઈ બૌદ્ધ રાજાએ ગિરનાર તીર્થનો કબજો લીધો. પરમાત્મા નેમિનાથના જિનબિંબને ગૌતમ બુદ્ધ તરીકે જાહેર કર્યું.

જૈનસંઘ ખળભળી ઊઠ્યો. દેવીને આહ્વાન કર્યું. તેણે કહ્યું, ''આ મારા ગજાની વાત નથી. પણ તમે બલભદ્ર મુનિ પાસે જાઓ. તે આ કામ પાર પાડી આપશે.''

બલભદ્ર મુનિએ વિદ્યાબળથી રાજાને પૂરો સબક શીખવાડીને નમાવી દીધો. રાજાએ જૈનધર્મનો સ્વીકાર કર્યો.

શાસ્ત્રમાં આવા ઘણા પ્રસંગો આવે છે.

૧૦૦-૧૫૦ વર્ષો પહેલાં યતિઓ હતા. તેઓ શુદ્ધ બ્રહ્મચર્યનું પાલન કરતાં અને અનેક વિદ્યાઓ સિદ્ધ કરતા. સંવિગ્ન સાધુઓ વિદ્યાસિદ્ધિ વગેરેમાં રસ ન લેતાં, આત્મચિંતન કરતા, દોષક્ષયની સાધના કરતા. ઉપસર્ગોને સામે ચાલીને સહન કરીને વિપુલ કર્મક્ષય કરતા.

જૈનસંઘ ઉપર આફત આવી પડે તો મુખ્યત્વે યતિઓ નિવારણ કરતા. આમ તેઓ જૈનસંઘની સુરક્ષાનું કામ બરોબર કરતા.

કમનસીબે યતિસંસ્થા નામશેષ થઈ છે. જો તે યતિઓ હોત તો તીર્થરક્ષાદિના જે પ્રશ્નો વિકરાળ બનીને ઊભા છે તે કયારના ઉકલી ગયા હોત.

શાન્તિચન્દ્રજી ઉપાધ્યાયે ફૂંક મારીને કિલ્લાઓના દરવાજાના તોતીંગ તાળા ખોલી આપીને અકબરને પ્રસન્ન કરી દીધો હતો. (જિનશાસનના કાર્યો કરવા માટેસ્તો.)

રાજપુત્રને ચડેલું સર્પવિષ ઉતારી દઈને રત્નપ્રભસૂરિજીએ રાજા સહિત લાખ્ખો માંસાહારી અજૈનોને ચુસ્ત જૈન બનાવ્યા હતા.

ટૂંકમાં કહું તો યતિઓના ચમત્કારોએ જૈનધર્મનો વાવટો ગગનમાં લહેરાવી દીધો હતો. બીજી બાજુ સંવિગ્ન સાધુઓ પણ પોતાની આધ્યાત્મિક ગરિમા દ્વારા વિના મન્ત્રતન્ત્રે - હેરતભરી સિદ્ધિઓ પામતા હતા. હાલમાં યતિઓ નથી, તેવા સિદ્ધ મહાત્માઓ પણ નથી. આથી જૈનસંઘની ગરિમા મહદંશે જોખમાઈ છે.

યતિઓનો અભાવ થતાં, સંવિગ્ન સાધુઓ તેમનું કાર્ય કરવા ગયા તેમાં અપાત્રતાપ્રેરિત પારાવાર નુકસાનો તેમના ચારિત્રજીવનને થયા. ન રહ્યા સંવિગ્ન સાધુ, ન રહ્યા યતિ. આવા સાધુઓની સંખ્યા દૈનંદિન વધતી ચાલી છે. ઠેર ઠેર દોરા-ધાગાની હાટડીઓ ખુલી ગઈ છે. જે વિષયલંપટ ગૃહસ્થોને લાભ થાય છે તેનો યશ તે વેષધારી સાધુ લઈ જાય છે. બાકી ખરેખર તો 'કાગનું બેસવું અને ડાળનું પડવુ' ન્યાય થતો હોય છે અથવા વ્યક્તિની શ્રદ્ધા સફળતા બક્ષે છે.

મને કહેવા દો કે હાલમાં દૈવી-તત્ત્વો સાથે અનુસંધાન રહ્યું નથી. વળી મન્ત્રાદિકની સિદ્ધિ માટેનો આમ્નાય મળતો નથી. વિધિમાં થોડીક પણ ન્યૂનતા મન્ત્રસિદ્ધિ થવામાં રૂકાવટ બને છે.

શ્રમણો અને શ્રમણીઓના ઉત્તમ ચારિત્રના પાલનથી જ સ્વ-પરના પ્રશ્નો ઉકલી શકે તેમ છે. એટલે દરેક શ્રમણે અને શ્રમણીએ આ બાબતમાં જ પોતાનું

ધ્યાન અને શક્તિ કેન્દ્રિત કરવા જોઈએ. મન્ત્રાદિકના તાત્કાલિક લાભોના ભ્રમણાત્મક ટૂંકા રસ્તા સર્વથા છોડી દઈને આત્મસાધનામાં - જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવવામાં એકાકાર બનવું જોઈએ. જો કોઈ સારું પરિણામ જાતને કે જગતને મળવાનું હશે તો આ રસ્તે જ મળશે. બીજા રસ્તાઓથી પરિણામ તો નહિ મળે પણ કદાચ પતન મળશે.

જૈનદર્શનની એ વાત બહુ નક્કી છે કે સ્વોપકારને બાધા પહોંચાડીને પરોપકારમાં યત્ન કદી નહિ કરવો. પહેલાં સ્વોપકાર સુરક્ષિત કરી લેવો : પાકો કરી લેવો પછી જ પરોપકારમાં પડવું. એમાં ખાસ કરીને પુણ્યબળની જરૂર રહે છે. એકલા શુદ્ધિબળથી પરાર્થ થઈ શકતો નથી. દરેક મુમુક્ષુનો પ્રયત્ન શુદ્ધિ પામવાનો હોય, તે પામવા જતાં આડલાભ તરીકે પુણ્યબળ મળી જાય તો વાહ વાહ. તેનો ઉપયોગ પરાર્થમાં જરૂર કરી લેવો.

પરાર્થકરણમાં પણ સ્વોપકાર તો છે જ; પરન્તુ અહંકાર અને આસક્તિ વિનાનું તે પરાર્થકરણ હોય. માત્ર પુણ્યોદયથી પરાર્થકરણ વાસ્તવિક ન થાય કેમકે તેમાં સ્વાર્થ હણાઈ જાય. આ માટે શુદ્ધિનું બળ સહવર્તી હોવું જોઈએ. શુદ્ધિ એટલે અહંકાર અને આસક્તિનો અભાવ.

આવી ધન્ય સ્થિતિને પામેલો સાધુ એ સુસાધુ કહેવાય.

ગ્રન્થકારશ્રી કહે છે કે આવા સુસાધુઓ કુસાધુને વંદનાદિક કરે જ નહિ; પરન્તુ જિનશાસનસેવાના આગાઢ કારણે કુસાધુને પણ દ્રવ્યથી વંદન કરે. કેમકે જેની પાસે કામ લેવાનું છે તેને જો વંદન ન કરાય તો તે ઉશ્કેરાઈ જાય. કામ ન કરી આપે.

પરન્તુ તે કુસાધુ ભલે આચારશિથિલ હોવાથી કુસાધુ હોય પણ જો તેણે શાસ્ત્રાભ્યાસ કરેલો હોય, જો તેનામાં સરળતા, નિઃસ્પૃહતા, નિરભિમાનિતા જેવા ગુણોની ખીલવટ થઈ હોય તો સામે ચડીને તે વંદન કરવાની સુસાધુને ના પાડે. તે સ્પષ્ટ કહે કે, "હું એવો વંદનીય સાધુ નથી. તમે મને વંદન ન કરો. હું તમારું કામ જરૂર કરી આપીશ."

કેવી કમાલ વાતો છે, જૈનદર્શનની.

અરે, ગૃહસ્થને પણ અમુક સંયોગોમાં વંદન કરીને પાઠ લેવાનું જ્ઞાનીઓએ ફરમાવ્યું છે. તે વાત એવી છે કે જો કોઈ ગીતાર્થ સાધુ ગૃહસ્થ બન્યો હોય, તેના ...ાય શાસ્ત્રાભ્યાસ કરાવનાર કોઈ સાધુ સમુદાયમાં ન હોય તો તે ગૃહસ્થની

પાસે પાઠ લેવાય. પણ તે વખતે વિનયનું સેવન કરવા માટે તેને વંદન-વિધિ કરવી જોઈએ.

જેના હૈયે જિનશાસન ઠાંસી ઠાંસીને ભર્યું હોય, જેને જિનશાસન પ્રત્યે અવિહડ રાગ હોય તે સાધુને - શાસ્ત્રનીતિ મુજબ - કોઈને પણ વંદન કરવામાં અહંકાર ઘવાયાનો મનમાં ય પ્રશ્ન ઊઠે નહિ.

નાના સાધુ પાસે મોટા સાધુને પાઠ લેવાનો થાય ત્યારે તેણે નાના સાધુને વંદન કરવાનું હોય છે. આમાં સુસાધુને સંકોચ થવાની શક્યતા નથી.

જે બધી ગરબડ છે તે પાસત્થા વગેરે કુસાધુઓમાં છે તેમજ તેમના જેવા ગચ્છવર્તી દેખાતાં સુસાધુમાં ય ગરબડો થતી હોય છે. એવા ગચ્છવર્તી સાધુઓ ગચ્છ માટે અભિશાપરૂપ બને છે. ગુરુને પણ ત્રાસરૂપ બને છે. તેમને કયારેક મોટી મુશ્કેલીઓમાં મૂકી દેતા હોય છે. એમાં ય જો આવા સાધુઓ ગુરુની ઉપર પોતાની સત્તા સ્થાપી દે, તેમના સેક્રેટરી બની જાય પછી તો આખા ગચ્છમાં હાહાકાર મચી જાય. મામકા અને પરાયાના પક્ષો પડે. પક્ષપાત થાય. સેક્રેટરીની ખુશામત નહિ કરનારા તેની આંખે એવા ચડી જાય કે તેને તે ગચ્છમાં રહેવાનું ભારે પડી જાય.

મેં પૂર્વે બાલચન્દ્ર મુનિનું દૃષ્ટાન્ત આપ્યું હતું. હવે કલિકાલસર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરિજીના બની બેઠેલા સેક્રેટરી મુક્તિચન્દ્ર નામના સાધુની વાત કરું.

એકદા સૂરિજીએ યોગશાસ્ત્ર નામના ગ્રન્થની અપૂર્વ રચના કરી. તેમાં મંગલ તરીકે પ્રારંભમાં મૂકેલા નવકારમન્ત્રના છેલ્લા પદમાં પ્રસિદ્ધ એવો '**हवइ**' પ્રયોગ છોડીને ત્યાં '**होइ**' પદ મૂક્યું.

કદાચ એમનો એવો ખ્યાલ હશે કે ગચ્છાન્તરના આ પાઠને સ્વીકારીને તપાગચ્છ પોતાનું ઔદાર્ય દાખવે.

પણ આ રીતે પાઠાન્તર કરવામાં પરંપરાભંગ થતો હતો. વળી અડસઠ અક્ષરનો નવકાર સડસઠ અક્ષરનો થતો હતો. આ બે વાત ત્યાં ઉપસ્થિત એવા કક્કસૂરિજીને મંજૂર ન હતી. તેઓ પરંપરાગત આમ્નાયના ફેરફાર ઈચ્છતા ન હતા.

પરંતુ પેલા ખટપટી સાધુએ પોતાના ગુરુની વાત કક્કસૂરિજીને મંજૂર છે કે નહિ ? તેવું લેખિત રીતે જણાવ્યું.

સૂરિજીને લાગ્યું કે જે હેમચન્દ્રસૂરિજીના પરમ ભક્ત ગૂર્જરેશ્વર કુમારપાળ છે તેમની સામે પડવામાં મજા નથી એટલે તાબડતોબ પાટણથી વિહાર કર્યો.

સદ્ભાગ્યે ગૂર્જરેશ્વર ભેટી પડ્યાં. બધી વાત જાણીને ગુરુદેવને જણાવી. ગુરુદેવ જાતે કક્કસૂરિજી પાસે પહોંચી ગયા. પરંપરાગત પાઠ રાખવાની બાંહેધરી આપતા બધી વાત સુલટાઈ ગઈ.

કહેવાનું તાત્પર્ય એ છે કે આવા ખટપટી, તોફાની સાધુઓ પાસત્થાના ભાઈ જેવા સમુદાયમાં હોય છે.

આ રીતે ગચ્છવાસમાં રહેનારા કેટલાક સાધુઓ સ્વભાવથી તુચ્છ (પિત્તળ) હોય છે. ઝગડો કરવો, આળ ચડાવવું, ખટપટ કરવી, લડાવી મારવા, ઉચાપત કરવી, ગુરુની સાથે લડી પડવું, પદપ્રાપ્તિ માટે ધમપછાડા કરવા.... વગેરે તેમના કાર્યો હોય છે.

માણસનો કે મુનિનો સ્વભાવ રૉયલ હોવો જોઈએ. તેનામાં ઔદાર્ય, નિઃસ્પૃહતા, સરળતા, સહિષ્ણુતા વગેરે રજવાડી (રૉયલ) ગુણો હોય. એ ગુણોની સુવાસ ચારે બાજુ પ્રસરે. સહુને એ સાધુ જાણવો, પામવો, માણવો ગમે. સહુના મુખે એના મસ્ત સ્વભાવની વાતો થાય.

આ કેવી કમાલ કહેવાય કે મુનિવેષ ધારણ કર્યા પછી પણ સાધુ એકદમ ઉલ્લંઠ, નપાવટ, ઝગડાખોર, શાસનહીલક હોય.

ચારિત્રમોહનીય કર્મનો ક્ષયોપશમ થયા વિના જે આત્માની દીક્ષા થઈ હોય તે કુસાધુ જ હોય. તેનું જીવન વિવિધ દોષોને આધીન થઈ જતું હોય.

કુસાધુ તે કહેવાય જેને ચારિત્ર મોહનીયકર્મનો ઉદય છે પણ શાતાવેદનીયના ઉદયને ભોગવવા માટે જેની દીક્ષા થઈ છે. ભૌતિક મોજમજાનું જીવન ક્રોડપતિ ગૃહસ્થ કરતાં સાધુ વધુ સારી રીતે ભોગવી શકે છે.

જો નજરમાંથી મોક્ષલક્ષ છૂટી જાય, પરલોકદૃષ્ટિ ખતમ થઈ જાય, પાપભીરૂતા મરી પરવારે, પાપધિક્કાર થોડોક પણ ન રહે તેવો આત્મા સાધુવેષમાં સાંસારિક કામભોગોને આધીન થઈને પાપી જીવન જીવે તે એકદમ શક્ય છે.

સાચું સાધુપણું સુખોના ભોગવટા માટે નથી; દોષોના ક્ષય માટે છે. એ માટે જે આરાધનાઓ છે તેને વધુમાં વધુ સારી રીતે કરવા માટે છે.

જો સાધુ થવું જ છે તો સાચા સાધુ થવું જોઈએ. ઉલ્લંઠ સાધુ થવાથી તો દુર્ગતિમાં દુઃખોના પહાડ માથે તૂટી પડે.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં બે પ્રકારના વિરોધાભાસી જીવન જીવતાં સાધુઓના સારા પાસાની વાત કરી.

(૧) સુસાધુ ધર્મહીલના નિવારણના આગાઢ કારણે શિથિલ સાધુને વંદન કરે. (કેવી જબરી લઘુતા!)

(૨) કુસાધુ થોડોક પણ શાસ્ત્રજ્ઞાતા હોવાથી સુસાધુનું વંદન ન સ્વીકારે: વંદન કરવાની ના પાડે. એ રીતે પોતાના પાપિષ્ઠ જીવનનો સ્વીકાર કરે. જો આ વાત હાર્દિક હોય તો તેની શિથિલતાઓ તેને દુર્ગતિમાં લઈ જઈ શકે નહિ.

* * *

**सुविहिय वंदावंतो नासेइ अप्पयं तु सुपहाओ ।**
**दुविहपहविप्पमुक्को कहमप्पं न याणइ मूढो ।। 229 ।।**

**અર્થ :** સુવિહિત સાધુને વંદન કરતાં જે અટકાવે નહિ તે કુસાધુ પોતાને ભવિષ્યમાં પણ સત્પથ ઉપર મૂકી શકતો નથી. આમ તે સાધુમાર્ગ અને શ્રાવકમાર્ગથી ભ્રષ્ટ થાય છે. શું તે મૂઢ પોતાની આ અવદશાને સમજી શકતો નહિ હોય ?

**વિવેચન :** સુસાધુનું કર્તવ્ય થઈ પડે છે કે તેણે જિનધર્મના હિત માટે કુસાધુને પણ વંદન કરવું. તેની શક્તિનો ઉપયોગ કરી લેવો. પરન્તુ તેનું વંદન કુસાધુથી શી રીતે લઈ શકાય ? તેને ખબર છે કે તે શિથિલાચારી હોવાથી સાચો સાધુ નથી. વળી સાધુવેષમાં હોવાથી તે શ્રાવક કહેવાને પણ લાયક નથી. પોતાની આ સ્થિતિને જાણીને તેણે સામે ચડીને સુસાધુને વંદન કરતા અટકાવી દેવા જોઈએ. જો તેમ ન કરે તો તે ભવિષ્યમાં દીર્ઘકાળ માટે 'સુસાધુ ' બનતો અટકી પડશે.

જ્યારે બાળ વર્ધમાનને શાળામાં ભણવા માટે લઈ જવાયા ત્યારે શિક્ષકને ઉચ્ચસ્થાને બેસવાનું અને બાળ વર્ધમાનને જમીન ઉપર બેસવાનું થઈ રહ્યું હતું. તે વખતે તે પરિસ્થિતિને ધર્મમહાસત્તા સહી ન શકી. ઈન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું. ઈન્દ્રે પરિસ્થિતિ સંભાળી લીધી. બાળ વર્ધમાનને ખુરસી ઉપર બેસાડી દીધા.

પ્રસ્તુતમાં સુસાધુ કુસાધુને વંદન કરે એ સાધુપદની બહુ મોટી આશાતના કહેવાય. જો આ વાત કુસાધુ સમજે નહિ અને સુસાધુને વંદન કરવા દે તો ભલે

કદાચ દેખીતી રીતે કોઈ પરચો ન દેખાય પરન્તુ કુસાધુનો આત્મા ભારેકર્મી તો બને જ.

'સુ'ને વંદન ન કરવું એ પાપ છે, એમ 'કુ'ને વંદન કરવું એ ય પાપ છે. આગાઢ કારણે તેવું કરાય તો ય તે વંદન 'કુ' થી લેવાય તો નહિ જ.

નાસ્તિક એવા દત્ત નામના રાજાએ આચાર્યાદિક સાધુઓને પોતાના પગમાં પડવા જણાવ્યું. આચાર્યે તેને બહુ સમજાવ્યો પણ તે જ્યારે નામક્કર ગયો ત્યારે તત્ક્ષણ ઈન્દ્રે આવીને જોરથી તમાચો મારી દઈને તેને ભસ્મ કરી નાંખ્યો.

જો આચાર-વિચારથી શિથિલ છતાં કુસાધુનું સમ્યગ્દર્શન નિર્મળ હોય (મરીચિની જેમ) તો તે સુસાધુને હરગિજ વંદન કરવા દે નહિ. વળી કોઈને પોતાનો શિષ્ય કરે નહિ અને ધર્મોપદેશ આપે નહિ. આવા કુસાધુને નિશ્ચયનય કુસાધુ ન કહેતાં સંવિગ્નપાક્ષિક કહે છે.

મોક્ષ પામવાની લાયકાતવાળા ત્રણ આત્માઓ છે. સાધુ, શ્રાવક અને સંવિગ્નપાક્ષિક.

હવે ગ્રન્થકારશ્રી સુશ્રાવકનું સ્વરૂપ બતાડે છે.

મોક્ષ તરફ પ્રયાણ સુસાધુ જ કરે છે તેમ નથી. સુશ્રાવક પણ મોક્ષ તરફ ગમન કરે છે. એટલું જ કે તે સુસાધુથી થોડોક પાછળ છે.

શ્રાવક તેને કહેવાય છે જે પ્રતિજ્ઞાપૂર્વક સમ્યગ્દૃષ્ટિ અને વ્રતધારી છે.

એવો શ્રાવક ચારિત્રધર્મનો અત્યન્ત લાલસુ હોય છે. એના અંતરમાં સદા એક રટણ ચાલ્યા કરે છે :

**** સસનેહી પ્યારા રે સંયમ કબ હી મીલે.***

**** શીતળ નહિ છાયા રે, આ સંસારની.***
***રૂડી એક માયા રે, જિન અણગારની.***

જીવ સમ્યગ્દર્શન પામ્યો એટલે સુખમય સંસારની પણ અસારતાને હાડોહાડ પામ્યો. હવે તેવા અસાર સંસારમાં તે એક પળ પણ રહેવાને શી રીતે રાજી રહે ? એટલે જો કુટુમ્બાદિની કોઈ પ્રતિકૂળતા ન નડે તો તે સાધુ થયા વિના રહે નહિ. પણ જો સાધુ ન જ થઈ શકે તો અવશ્ય ઉત્તમ કોટિનો શ્રાવક થાય.

પાકી કેરીની ડાળ સુધી જે વાંદરો છલાંગ મારીને પહોંચી શકયો નહિ તે

છેવટે રડતી આંખો સાથે કાચી કેરીની ડાળને તો વળગી જ પડવાનો છે. હા, કાચી કેરી ખાતાં ખાતાં ય તેની નજર તો પાકી કેરીઓની તરફ જ રહેવાની છે.

બીજું, શ્રાવક જાણે છે કે સંસારવાસ એ અનેક પાપોથી ભરેલો છે. ઘર એટલે જ પાપનું ઘર. અહીં સાવ નિષ્પાપ રહેવું એ અસંભવિત છે.

એટલે તે બને તેટલા પાપો ઘટાડી નાંખે છે. વળી અનિવાર્યપણે તેને જે પાપો સેવવા પડે તેનો તેને પુષ્કળ ખટકો રહે છે. તેનું મન તેને સતત કહે છે કે, "તું આ પાપ શા માટે કરે છે ? આથી તારી દુર્ગતિ થશે. તું શી રીતે ત્યાંના જાલીમ દુઃખોને સહી શકીશ ? જિનશાસનની પ્રાપ્તિ વિનાનું એ જીવન તારાથી શેં જીવાશે ?"

આવી સ્થિતિને પરવશ બનીને ગૃહસ્થનું જીવન જીવતા શ્રાવકનો અંતસ્તાપ ખૂબ હોય છે. રે, નારકના જીવોના કાયિક દુઃખ કરતાં શ્રાવકનું માનસિક દુઃખ ઘણું તીવ્ર હોય છે.

આ સંસારમાં જો કોઈ સાચા અર્થમાં હસતો-રમતો અત્યન્ત પ્રસન્ન રહી શકતો હોય તો તે સાચો શ્રમણ છે.

શિથિલાચારી શ્રમણના નસીબે તો રોવા સિવાય કશું રહેતું નથી. તેને પોતાની નિશ્ચિત દુર્ગતિ દેખાયા કરતી હોય ત્યાં કયા મોંએ હસે ?

સંસારમાં રહેલો ગમે તેવો ધર્મી શ્રાવક પણ સાધુપણું નથી મળ્યું તે કારણે આંખેથી આંસુ સારતો હોય છે. એ ય શી રીતે હસતો રહી શકે ?

હા, નિષ્ઠુર પરિણતિવાળો જીવ સાધુવેષમાં કે શ્રાવકના વેષમાં સદા હસતો રહે ખરો પણ એ હાસ્ય પાગલપણાનું, ગેરસમજોથી ભરેલું છે.

હવે ગ્રન્થકારશ્રી ઉત્તમ શ્રાવકના ગુણો જણાવે છે.

* * *

**वंदइ उभओ कालं पि चेइयाइं थयथुइपरमो ।**
**जिणवरपडिमाघर धुवपुप्फ गंधच्चणुज्जुत्तो ।। 230 ।।**

**અર્થ :** સાચો શ્રાવક તે છે જે ચૈત્યોને ત્રિકાળ વંદન કરે છે. ત્યાં ભક્તામર વગેરે સ્તવ અને સંસારદાવાનલ વગેરે સ્તુતિઓને અત્યન્ત ભાવપૂર્વક બોલે છે. વળી જે જિનબિંબ અને જિનમંદિરને વિષે અગરુ વગેરે ધૂપ, માલતી વગેરે પુષ્પો અને સુગન્ધિત દ્રવ્યો વડે પૂજન કરવામાં એકદમ ઉદ્યમી હોય છે.

**વિવેચન :** આ જગતમાં સૌથી મોટો ઉપકાર અરિહંત પરમાત્માએ કર્યો છે. એ ઉપકાર એટલે તે કૃપાલુએ જીવોને જગત્‌દર્શન કરાવ્યું.

અનાદિકાળથી અજ્ઞાનદશાને લીધે જીવોને સંસાર સોહામણો જણાતો હતો. વસ્તુતઃ તે બિહામણો હતો. પરમાત્માએ તેનું વાસ્તવિક બિહામણું સ્વરૂપ ખુલ્લું પાડી દઈને જીવોને તેને આલિંગવા માટે ધસી જતાં અટકાવી દીધા.

કોઈએ કાંકરીચાળો કરતાં બિલમાંથી બહાર ધસી આવેલો સાપ - જે મણિધર અને ફણિધર છે તે - ગુસ્સે ભરાઈને માણસ ઉપર છલાંગ મારવા પૂર્વે ડોલતો હોય છે. એ વખતે તે અતિ સુંદર દેખાય છે. જો એનું સૌન્દર્ય જોઈને મુગ્ધ બનીને કોઈ માણસ તેને ભેટી જવા ધસી જાય તો તે સાપ ક્ષણમાં જ ડંખ મારીને મારી નાંખે.

દેખાતો સોહામણો સાપ જેમ અસલમાં ભયંકર છે તેમ આ સંસાર પુણ્યનો યોગ થતાં સુખમય દેખાવવા છતાં વસ્તુતઃ અત્યન્ત દુઃખમય છે.

અરિહંતદેવે સંસારનું બિહામણું સ્વરૂપ બતાડીને અનેક મુગ્ધ જીવોને તેની તરફ ધસી જતાં અટકાવ્યા છે.

આમ તેમણે જગદ્‌દર્શન કરાવ્યું એ તેમનો સર્વોત્કૃષ્ટ ઉપકાર.

વિદેશમાં કોઈ વૃદ્ધાનો એકનો એક દીકરો ભરજુવાનીમાં મૃત્યુ પામ્યો. માવડીને ખૂબ ઊંડો ઘા લાગ્યો.

પણ તેને એક જાતનું આશ્વાસન મળ્યું. દીકરાના જેવો - હમશકલ - કલાર્ક ગેબલ નામનો સિને એકટર હતો. તે જે પિક્ચરમાં ઊતરે તે પિક્ચર જોવા વૃદ્ધા અચૂક જવા લાગી. કલાર્ક ગેબલના મુખમાં દીકરાને જોઈને આનંદ પામવા લાગી.

એકદા કોઈ ટોકિઝના મેનેજરે વૃદ્ધાને કહ્યું, "માજી ! તમે ટિકિટ માટે લાઈનમાં ઊભા રહો તે બરોબર ન કહેવાય. કયારેક ચક્કર આવે અને તમે પડી જાઓ. હવેથી હું કાયમ તમને તે સિનેમાનો આમન્ત્રિત પાસ ઘેર બેઠાં પહોંચાડીશ."

એથી વૃદ્ધા ખૂબ પ્રસન્ન થઈ. તેણે કલાર્ક ગેબલવાળા ઢગલાબંધ પિક્ચરો જોયા.

આ બાઈએ જે વીલ બનાવ્યું તેમાં પોતાની પૂરેપૂરી સંપત્તિ - દસ લાખ ડૉલર - મેનેજરને આપી દીધી.

કેવી ગજબની વાત ! દીકરાનું મોં દેખાડનાર માણસને ઢગલો સંપત્તિનું દાન.

તો... સંસારનું બિહામણું મોં દેખાડનાર અરિહંતદેવને - એ ઉપકારની સામે - શું દેવું જોઈએ ?

જેણે સંસારનું બિહામણું સ્વરૂપ જોયું નથી તે બધા જીવો સંસારને ભેટવા ધસી ગયા. અને તેમને બધાને સંસારે દુર્ગતિભેગા કરી દીધા !

અરિહંતદેવે બતાડેલું સંસારનું બિહામણું સ્વરૂપ જેમણે જોયું તે બધા એ વિષકન્યારૂપ સંસારથી ચેતી ગયા. તેનાથી બાર ગાઉ છેટા રહીને મોક્ષમાં ગયા.

જે શ્રાવકને અરિહંતદેવના અનંત ઉપકારોની ખબર છે તે તેમની પાછળ કેવો પાગલ થાય ? પોતાનું સર્વસ્વ ધરી દે.

પતિવ્રતા નારી પતિની પાછળ કેવી પાગલ હોય ? એમના માટે સમગ્ર જીવન સમર્પિત કરી દે.

એ પરમેશ્વર કે એ પતિની ગેરહાજરીમાં ભક્ત કે ભક્તા પત્ની તેમની પ્રતિમા કે પ્રતિકૃતિ (ફોટો) લઈને બેસે અને તેમનું ધ્યાન કરે, પૂજન વગેરે કરે તેમાં શી નવાઈ ?

પ્રિયના વિરહની સ્થિતિમાં આ પરિસ્થિતિનું નિર્માણ સહજરૂપે થાય છે. એ કૃત્રિમ રીતે કરવું પડતું નથી.

આનંદઘનજી મહારાજે ચોવીશીના પ્રથમ સ્તવનમાં પરમેશ્વરને પતિરૂપે અને પોતાની જાતને તેમની પ્રિયતમારૂપે ગણીને કેવું અદ્ભુત ચિત્રણ કર્યું છે !

મીરા ગિરધરની મૂર્તિમાં લીન હતી.

તુકારામ વિઠ્ઠલની પાછળ પાગલ હતા.

નરસિંહ મહેતા કૃષ્ણમાં વિલીન હતા.

શ્રાવક અરિહંતદેવમાં તલ્લીન હોય.

* * *

**सुविणिच्छियएगमइ धम्मंमि अनन्नदेवओ अ पुणो ।**
**न य कु-समएसु रज्जइ पुव्वावरवाहयत्थेसु ।। 231 ।।**

**અર્થ :** જિનધર્મના પદાર્થોમાં જેની મતિ એકદમ નિશ્ચિત - અસંદિગ્ધ બની છે,

અન્ય દેવો તરફ જેનું કોઈ આકર્ષણ નથી તેવો શ્રાવક મિથ્યામતોમાં જરાય લેપાતો નથી. શું લેપાય ? જે મતોના પદાર્થો પૂર્વાપર અસંબદ્ધ દેખાય છે ત્યાં મન શી રીતે ઢળે ?

**વિવેચન :** રાજા ભોજે ધનપાલ પંડિતના કાવ્યમાં ઋષભને બદલે શંકર, વિનીતાને બદલે ધારા અને ભરતને બદલે ભોજનું નામ મૂકવા સૂચવ્યું હતું. મહાશ્રાવક એવા ધનપાલે ઘસીને ના પાડી દેતાં તે આખું કાવ્ય રાજાએ અગ્નિમાં ખાખ કરી નાંખ્યું. તેની જરાય પરવા કર્યા વિના ધનપાલ ઘરે ચાલી ગયા.

ગૂર્જરેશ્વર કુમારપાળ ઉપર કંટકેશ્વરી દેવીને માંસ-બલિ ધરવાનું પુષ્કળ દબાણ આવ્યું પણ ગૂર્જરેશ્વર નામક્કર ગયા.

જૈનધર્મના કટ્ટર દ્વેષી હરિભદ્ર પુરોહિત જયારે જિનધર્મ પામ્યા, સાધુ થયા, આચાર્યપદ પામ્યા ત્યારે જિનશાસનની તમામ વ્યવસ્થાઓ વગેરેથી એટલા પ્રભાવિત થયા કે તેમના મોંમાંથી શબ્દો નીકળી ગયા, "અરે, આ જિનશાસન જો અમને મળ્યું ન હોત તો ચાર ગતિના સંસારમાં અમે જયાં ત્યાં કેવા કુટાતા રહેત !"

જેમનું ચિત્ત ચંચળ છે તેવા આત્માઓ અન્ય ધર્મો તરફ આકર્ષાઈ જાય ખરા.

સિદ્ધર્ષિ સાત વખત બૌદ્ધમતના રાગી થઈ ગયા. છેલ્લે ગુરુએ લલિતવિસ્તરા ગ્રન્થ વાંચવા આપ્યો. તેના પદાર્થો વાંચતા જૈનધર્મમાં જડબેસલાક સ્થિર થઈ ગયા.

એ વાત કવિએ સાચી કરી છે કે, "હે પ્રભુ ! હરિહર વગેરેને અમે જાણ્યા તે સારું થયું. આથી જ આપની ઊંચાઈનો અમને ખ્યાલ આવ્યો. અમે નિઃશંકપણે આપના મતમાં સ્થિર બની ગયા.

સુલસા, મયણા વગેરે શ્રાવિકાઓનું સમ્યક્ત્વ અત્યન્ત નિર્મળ હતું. તેમનું શિર અરિહંતદેવ સિવાય કયાંય ઝૂકતું નહિ.

પેલા ત્રણ ભાઈઓ વીંટીમાં મુદ્રિત કરેલી અરિહંતદેવની આકૃતિને વંદન કરતા. અને દેખાવ એવો થતો કે તેઓ પોતાના સ્વામી રાજાને ઝૂકી રહ્યા છે. આ ભેદની રાજાને ખબર પડી. તે ઉશ્કેરાયો. ભાઈઓએ કહી દીધું, "રાજન્ ! નોકરી કાલે જતી હોય તો આજે જાય. પણ અરિહંતદેવ સિવાય આ માથું કોઈને ઝૂકશે નહિ."

અન્ય ધર્મોની નિંદા થઈ જવાના ભયથી આપણે એમના અસમ્બદ્ધ પદાર્થોનું ચિત્રણ કરવું નથી.

* * *

**दट्ठुण कुलिंगीणं तसथावरभूयमद्दणं विविहं ।**
**धम्माओ न चालिज्जाइ देवेहिं सइंदएहिं पि ।। 232।।**

**અર્થ :** કુલિંગી એવા બૌદ્ધ વગેરેના સ્વયંપાકાદિકમાં વિવિધ પ્રકારે ત્રસ અને સ્થાવર પ્રાણીઓનું મર્દન થતું જોઈને શ્રાવક ઈન્દ્રસહિત દેવતાઓથી પણ જિનભાષિત ધર્મ થકી ચલાયમાન થતો નથી.

**વિવેચન :** કેટલીક વાર બીજા ધર્મોની વિચિત્રતા કે સાવદ્યતા જોઈને શ્રાવકને જિનધર્મ પ્રત્યે ભરપૂર શ્રદ્ધા બેસે છે. અન્યધર્મીય અનુષ્ઠાનોમાં થતી હિંસા જોઈને શ્રાવક વિચારે છે કે, "અહો, આ જૈનધર્મ કેટલો મહાન છે જયાં આવી કોઈ હિંસા વગેરે જોવા મળતી નથી."

આ રીતે જ્યારે શ્રાવક જિનધર્મમાં દૃઢ બની જાય પછી દેવો પણ તેને વિચલિત કરી શક્તા નથી.

સુલસાને સમ્યક્ત્વથી વિચલિત કરવા માટે અંબડ પરિવ્રાજકે કેવા ધમપછાડા કર્યા પણ સુલસા જરાય વિચલિત ન થઈ.

મગધેશ્વર શ્રેણિકને સમ્યક્ત્વથી વિચલિત કરવા માટે દેવે અનેક પ્રયત્નો કર્યા પણ તે નિષ્ફળ ગયો.

જ્યારે સમજણપૂર્વક સમ્યક્ત્વને સ્વીકારાય છે ત્યારે તે આત્મા ગમે તેવા દેવાદિના ઉપસર્ગોથી ચલિત થતો નથી.

અન્યત્ર કહ્યું છે, "હે પ્રભુ ! સારું થયું કે અમે ઈતર દર્શનનું અવગાહન કર્યું. એ પછી જિનદર્શનની પ્રાપ્તિ થઈ. હવે તો અમારી શ્રદ્ધા એવી બદ્ધમૂળ થઈ છે કે તેથી અમને કોઈ વિચલિત કરી શકે તેમ નથી.

* * *

**वंदइ पडिपुच्छइ पज्जुवासेइ साहुणो सयमेव ।**
**पढइ सुणेइ गुणेइ अ जणस्स धम्मं परिकहेइ ।। 233 ।।**

**અર્થ :** શ્રાવક શ્રમણોને ત્રિકાળ વંદન કરે છે, તેમને પોતાના સંદેહો પૂછે છે, તેમની સેવા કરે છે.

વળી તે ધર્મશાસ્ત્રો ભણે છે, અર્થશ્રવણ કરે છે, જે ભણ્યો તેનું પુનરાવર્ત્તન કરે છે. વળી, પોતાની બુદ્ધિ પ્રમાણે બીજાઓને જિનધર્મની વાતો કરે છે.

**વિવેચન :** શ્રાવક એટલે જિનધર્મનો કટ્ટર રાગી. એનું મન ધર્મમય હોય. એનું જીવન ધર્મલીન હોય.

આથી ધર્મનું વિશેષ સ્વરૂપ જાણવા માટે તે સતત ધર્મજ્ઞાતા સાધુઓનો સહવાસ કરે. તેમની પાસેથી ધર્મ- તત્ત્વ મેળવે. વારંવાર પૃચ્છા કરે. અર્થનો નિશ્ચય વગેરે કરે.

ભલે શ્રાવક આગમાદિ પદોને કણ્ઠસ્થ કરી ન શકે કે વાંચી ન શકે પરન્તુ ગુરુ પાસેથી તેના અર્થોને ગ્રહણ કરે, પૂછે, નિશ્ચય કરે.

તેઓ लद्धट्ठा, गहियट्ठा, पुच्छिअट्ठा, विणिच्छिअट्ठा હોય. આ રીતે વિશિષ્ટ ક્ષયોપશમ પ્રાપ્ત કરીને અન્યધર્મીઓને પણ જિનધર્મનું સ્વરૂપ સમજાવે.

આવો શ્રાવક ક્યારેક વ્યાખ્યાનકાર સાધુની પણ ક્ષતિને પકડે. તેમને પદાર્થ સમજાવે. સુશ્રાવક અનોપચંદભાઈ, વેણીચંદભાઈ, પ્રભુદાસભાઈ વગેરે આવા ઉચ્ચ કક્ષાના જ્ઞાની શ્રાવકો હતા.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં કહ્યું છે કે, ''શ્રાવક બીજાઓને ધર્મ કહે.''

હાલમાં જે ગામો કે નગરોમાં સાધુ ભગવંતોનું ચાતુર્માસ થયું ન હોય ત્યાં ત્રણ ત્રણ યુવા-શ્રાવકોને- તાલીમ આપ્યા બાદ - મોકલવામાં આવે છે. બેશક, તેઓ કલ્પસૂત્ર ગ્રન્થ વાંચતા નથી; વાંચી શકે પણ નહિ, કિન્તુ અષ્ટાહ્નિકા પ્રવચનો ઉપરની અને કલ્પસૂત્ર ગ્રન્થ ઉપરની નોંધ વાંચે છે.

આ બાબતનો અમુક સમુદાયના સાધુઓ સખત વિરોધ કરે છે. તે કહે છે કે, ''શ્રાવકથી આ રીતે વંચાય નહિ. વળી આમ કરવાથી સાધુઓને કોઈ બોલાવશે નહિ.''

આ બન્ને વાતો બરોબર નથી.

પ્રસ્તુત શ્લોકમાં કહ્યું છે કે, ''શ્રાવક બીજાઓને ધર્મની વાતો કરે.''

આ પ્રવૃત્તિ લગભગ ૧૮ વર્ષથી ચાલે છે. પણ એવું ક્યાંય જોવા મળ્યું નથી કે ગામના શ્રાવકોએ સાધુઓને બોલાવવાનું બંધ કર્યું હોય. અરે, જ્યાં સુધી સાધુઓ મળે છે ત્યાં સુધી તેમને જ લાવે છે.

ગૃહસ્થ છેવટે તો ગૃહસ્થ જ છે. સાધુ એ અત્યન્ત આદરણીય મહાત્મા છે. એમની તુલનામાં ગૃહસ્થ કદી આવી શકે નહિ.

જ્યારે લોકોમાં ધર્મભાવના વધી છે અને તેથી જ પર્યુષણપર્વની આરાધના કરવાની ભૂખ જાગી છે ત્યારે સાધુઓની ગેરહાજરીવાળા ગામોને – શાસ્ત્રીય મર્યાદાઓનું સંપૂર્ણ પાલન કરવા સાથે – ગૃહસ્થ શ્રાવકો સાચવી લે તેમાં કશું અનુચિત જણાતું નથી. વળી આ શ્રાવકો દરેક ગામમાં સાધુ-ભગવંતોનું મહત્ત્વ બરોબર સમજાવે છે અને તેમને કહે છે કે હવે પછીના વર્ષોમાં તેઓ સાધુ-ભગવંતોને અવશ્ય લાવે.

* * *

**દ્ઢसीलव्वयनियमो पोसहआवस्सएसु अक्खलिओ ।**
**महुमज्जमंसपंचविह बहुबीयफलेसु पडिक्कंतो ।। 234 ।।**

**नाहम्मकम्मजीवी पच्चक्खाणे अभिक्खणमुज्जुत्तो ।**
**सव्वं परिमाणकडं अवरज्जइ तं पि संकंतो ।।235।।**

**અર્થ :** શ્રાવકને શીલ, સદાચારો, અણુવ્રતો બાબતમાં દૃઢ નિયમો હોય, પૌષધવ્રત તથા પ્રતિક્રમણો નિરતિચારપણે સેવતો હોય, મધ, દારૂ, માંસ તથા વડલા, ઉંબરા વગેરે પાંચ પ્રકારના વૃક્ષોના બહુજીવોવાળા ફળો તથા બહુબીજવાળા રીંગણા વગેરેથી - અભક્ષ્યોથી - નિવૃત્ત હોય.

વળી તે પંદર પ્રકારના કર્માદાનો પૈકી કોઈ પણ અધર્મકારી કર્મથી આજીવિકા ન કરે, દશ પ્રકારના પચ્ચક્ખાણોમાં નિરંતર ઉદ્યમી હોય, ધન–ધાન્યાદિના પરિમાણવાળો હોય અને જે ન છૂટકે આરંભાદિક દોષયુક્ત કાર્ય કરે તે શંકિત થઈને કરે. વળી, તે કર્યા પછી પણ આલોચના કરીને શુદ્ધ થાય.

**વિવેચન :** જે સમગ્ર સંસારનો ત્યાગ કરે છે તે સાધુની વાત સાવ જુદી છે. તેનું જીવન ત્યાગમય, તપોમય હોય, એકદમ નિરવદ્ય હોય. પરન્તુ તેનો અર્થ એ નથી થતો કે જે સાધુ ન થાય તેને સાવદ્ય સેવવાની બધી છૂટ મળી જાય છે. અરે, જે શ્રાવક બને છે તે સાધુ જેવું જીવન જીવવાનો પ્રયત્ન કરે છે. પોતાનું સત્ત્વ વધુમાં વધુ ફોરવીને શક્ય તેટલું વધુ ધર્મમય જીવન જીવે છે. કેમકે શ્રાવક પણ અંતે તો - જેમ બને તેમ જલદી - સાધુ થવાની ભાવનાવાળો હોય છે. તેને જેટલો સમય સંસારમાં રહેવું પડે તે બધો સમય તેનો ખૂબ વસમો પસાર થતો હોય છે.

રામચન્દ્રજીએ વનવાસ લીધો ત્યારથી જ નાનો ભાઈ, પિતા દશરથની સાથે દીક્ષા લેવા માટે અધીરો બની ગયો હતો. પણ માતા કૈકેયીએ એવો પથરો નાંખ્યો

કે તે દીક્ષા લઈ શક્યો નહિ. તેના માથે અયોધ્યાનું રાજ સંભાળવાની જવાબદારી આવી પડી.

જ્યારે રામચન્દ્રજી - રાવણવધ કરીને, સીતાને લઈને - અયોધ્યા પધાર્યા ત્યારે ભરતે અધીરા બનીને પોતાની દીક્ષા માટેનો પ્રસ્તાવ મૂક્યો.

વર્ષોના વિરહકાળમાં એકબીજાને પડેલા સુખદુ:ખની વાતો સાંભળવા પણ ભરત તૈયાર ન હતો. તેણે મોટા ભાઈને કહ્યું કે, "પાણી વિના તરફડતી માછલી જેવી અને પિંજરામાં પુરાએલા સિંહ જેવી હાલતમાં મેં વર્ષો વીતાવ્યા છે. હવે એક ક્ષણનો પણ વિલંબ મને પોસાય તેમ નથી. હું દીક્ષા લેવા માટે અધીરો બન્યો છું. મને સંમતિ આપો. મને દીક્ષા આપો."

અને..... એક હજાર રાજકુમારોની સાથે ભરતે દીક્ષા અંગીકાર કરી.

શ્રાવક તે આનું નામ. દીક્ષા પામવા માટે તે અધીરો બને, તરફડાટ અનુભવે, ચોધાર આંસુથી રડે.

આવો શ્રાવક જિનધર્મનો સારામાં સારો અભ્યાસી હોય એમ ગ્રન્થકારશ્રી કહે છે.

પૂર્વોક્ત શ્રાવકો જ્યારે કોઈ મહાત્માનું પ્રવચન સાંભળવાના હોય ત્યારે વ્યાખ્યાનકાર સાધુને વિશેષ તૈયારી કરવી પડે. જો બોલવામાં તેની નાનકડી પણ ક્ષતિ થાય તો તરત તે સુશ્રાવકો તેને અટકાવે. પદાર્થની ભૂલ બતાડે.

હાલના શ્રાવકોને નવકાર મન્ત્રના પણ અર્થ આવડતા નથી. એટલે તેમનાથી વ્યાખ્યાનકાર સાધુઓને કોઈ ભય રહેતો નથી.

વિશિષ્ટ કોટિના શ્રાવકો જો વારાફરતી ઉપાશ્રયમાં રહે : સામાયિક ઉપર સામાયિક લે; તેમાં ભણે, સાધુ ભગવંતો પાસે ગ્રન્થ સાંભળે તો ઉપાશ્રયવર્તી સાધુઓને આખો દિવસ સાવધાન રહેવું પડે. એવા સમયે તે પ્રમાદ ન કરી શકે, નારીઓ સાથે વાતો ન કરી શકે, ઠઠ્ઠા-મશ્કરી પણ ન કરી શકે.

હવે તો કહેવાતા શ્રાવકોનું જીવન અત્યન્ત જંજાળી અને ચિંતાભરપૂર બની ગયું છે કે તેઓ ધંધા-નોકરીમાંથી બહાર નીકળી શકતા નથી.

શ્રાવકોની ચોકી ન રહેવાથી શ્રમણોના આચાર સંબંધિત જીવનને ઠીક ઠીક ધક્કો પહોંચ્યો છે. શ્રમણોને પૂછતાછ કરનાર કોઈ ન રહ્યું એટલે કેટલાક શ્રમણો તો સાવ બેફામ બન્યા છે.

ભૂતકાળમાં પાટણના સુશ્રાવક નગીનદાસ કરમચંદ સંઘવી વગેરે આખો દિવસ મુનિઓનો સંગ કરતા. મોટી ઉંમરે પણ ભણતા, મુનિઓ પાસેથી ઘણું જાણતા.

કયારેક નૂતન મુનિઓને ભણાવતા ય ખરા.

જિનધર્મના સિદ્ધાંતો અને દૃષ્ટાન્તો જગતમાં અજોડ છે. એને જો વ્યવસ્થિત રીતે - બીજા સમજી શકે તેવી સરળ ભાષામાં - રજૂ કરાય તો શ્રોતાને જિનધર્મ પ્રત્યે અનહદ માન જાગે. એવા સેંકડો અજૈનો જિનધર્મથી ભાવિત થયા હોય તેવું વર્તમાનમાં જાણવા મળે છે.

૪૪૦૦ ઈન્દ્રભૂતિ ગૌતમ આદિ બ્રાહ્મણો પરમાત્મા મહાવીરદેવના સમાધાનોથી કેવું જબ્બર પરિવર્તન પામ્યા હતા. એ પછી તે આજ સુધીમાં શય્યંભવ બ્રાહ્મણ, પ્રભવ ચોર, સિદ્ધસેન પંડિત, સિદ્ધ જુગારી, હરિભદ્ર પુરોહિત, ધનપાલ પંડિત વગેરે ઢગલાબંધ બ્રાહ્મણો જિનધર્મની ઠોસ સત્યતાને સ્પર્શીને જિનધર્મમાં રંગાઈ જઈને જિનશાસનના જબ્બર પ્રભાવકો બન્યા હતા.

સુપાત્ર વ્યક્તિ મળે તો શ્રાવક તરત તેને જિનધર્મની મજેની વાતો કરે.

જે માણસને જે ચીજ ગમે તે ચીજ બીજા માણસોને દેવાનું સજ્જનોને જરૂર મન થાય. શ્રાવક જિનધર્મનો એવો માશુક છે કે બીજા બધાને જિનધર્મી બનાવી દેવાનું તેને અચૂક મન થાય.

* * *

**निक्खमण नाण- निव्वाण जम्मभूमिओ वंदइ जिणाणं ।**
**न य वसइ साहुजण विरहियंमि देसे बहुगुणे वि ।। 236 ।।**

**અર્થ :** શ્રાવક જિનેશ્વરદેવોના દીક્ષા, કેવળજ્ઞાન, નિર્વાણ અને જન્મભૂમિના કલ્યાણક સ્થાનોની સ્પર્શના-વંદના કરે. સાધુપુરૂષોનો જ્યાં સહવાસ ન મળે તેવા સ્થાનમાં - બીજી રીતે તે ગમે તેવું સમૃદ્ધ વગેરે હોય તો ય - રહેવાનું કદી પસંદ ન કરે.

**વિવેચન :** તીર્થભૂમિઓ અને વિશેષતઃ કલ્યાણક ભૂમિઓમાં મૂર્તિ, મંદિર અને તીર્થક્ષેત્ર મહાપુરુષોના યાવત્ તીર્થંકરદેવોના દેહમાંથી વછૂટતી પવિત્રતમ ઊર્જાથી ભરેલા હોય છે.

જે ભાવુક આત્મા તેને સ્પર્શે છે તે પવિત્ર ઊર્જાથી ભરપૂર બની જાય છે. એ સર્વાંગે ઊર્જાનું સ્નાન કરે છે.

આ ઊર્જા સારા આત્માઓની સારી-શ્વેત હોય; ખરાબ આત્માઓની ખરાબ-કાળી હોય.

ખરાબ ઊર્જાનો સ્પર્શ મનને મલિન કરે, વિચારોને દૂષિત કરે, સ્વભાવને ભ્રષ્ટ કરે.

શ્રાવકને પોતાના ઊર્ધ્વવિકાસ માટે ઊર્જા અત્યન્ત આવશ્યક હોય.

તીર્થસ્થલીય ઊર્જાનું રક્ષણ અવશ્ય કરવું જોઈએ. કેમકે ત્યાંથી છૂટતી ઊર્જા ચારે બાજુ વ્યાપે છે. એથી ચારે બાજુના લોકોના દિલ અને દિમાગ સારા રહે છે : સુંદર બને છે.

હાલમાં આ ઊર્જા નષ્ટભ્રષ્ટ થઈ છે. તેના કારણમાં ગાંધીજીએ હિંદ સ્વરાજ પુસ્તકમાં જણાવ્યું છે કે, "ટ્રેઈનો થવાથી તીર્થસ્થળોમાં પુષ્કળ પ્રમાણમાં વ્યસનીઓ, વ્યભિચારીઓ અને નાસ્તિકો મોટી સંખ્યામાં પહોંચી જવા લાગ્યા છે. તેમની મલિન ઊર્જા ત્યાં પડીને પવિત્ર ઊર્જાને ખતમ કરી નાંખે છે.

જ્યારે ટ્રેઇન હતી નહિ ત્યારે તીર્થભૂમિઓમાં - દૂર સુદૂર સુધી - જવું અતિ મુશ્કેલ હતું. એથી જે તે માણસો ત્યાં પહોંચી શકતા નહિ. આથી ઊર્જાનું રક્ષણ થતું.

ગ્રન્થકારશ્રી કહે છે કે શ્રાવક તે જ ગામ નગરમાં રહે જ્યાં સાધુ ભગવંતોનો સહવાસ મળ્યા કરતો હોય. અર્થાત્ જે ગામ નગર સાધુ ભગવંતોની વિહારભૂમિમાં આવતું હોય. જ્યાં તેમના ચાતુર્માસ થતા હોય. જ્યાં પંડિતોની ઉપલબ્ધિ હોવાથી તેમની પાસે અધ્યયન કરવા માટે કોડીબંધ સાધુઓ વધુ સમય સુધી રોકાતા હોય.

અયવંતી સુકુમાલ, કલ્પક (મન્ત્રી)ના વડીલોએ ઘર એવી જગ્યાએ બનાવ્યા હતા જ્યાંથી દરેક સાધુને વિહારમાં પસાર થવું જ પડે. આથી જ રાત્રિ દરમ્યાન સત્સંગ કરતાં અયવંતી સુકુમાલ અને કલ્પક ધર્મ પામ્યા હતા.

નંદ મણિયાર, સાગરચન્દ્ર વગેરે ત્યાં સુધી પાકા ધર્માત્મા બની રહ્યા હતા જ્યાં સુધી તેમને સત્સંગ મળ્યો. ગમે તે કારણસર સત્સંગ છૂટયો અને તે ધર્મ-શિથિલ બની ગયા.

નંદ મરીને દેડકો થયા.

સાગરચન્દ્ર મરીને ઘોડા થયો.

રામચન્દ્રજીના પૂર્વજોમાં વજ્રબાહુકુમાર થયા છે. મનોરમા સાથે તાજા લગ્ન

કરીને રથ દ્વારા તે સ્વઘર ભણી વિદાય થતા હતા ત્યાં રસ્તામાં - કોઈ ટેકરી ઉપર – તેણે ધ્યાનસ્થ મહાત્માને જોયા. એ મહાત્માના મુખારવિન્દ ઉપર આખા વિશ્વની બધી સમતા છલકાઈ હતી. તે જોઈને મનોરમાની સાથે વજ્રબાહુ કુમારે દીક્ષા લીધી.

શેડુવક ખેડૂતે ચન્દનબાળા સાધ્વીજીના મુખની ભરપૂર પ્રસન્નતા જોઈ. તેણે સંસાર ત્યાગીને સંયમની વાટ પકડી લીધી.

પેલો દારૂની ભયાનક તલપવાળો વણકર. સાધુવિહારવાળા ગામમાં વસતો હતો એટલે જૈન સાધુઓના પ્રવચનોમાં તે અચૂક આવતો. તેને તે પ્રવચનો ખૂબ ગમતા.

આમાં તે એવી સ્થિતિએ પહોંચી ગયો કે મૃત્યુ બાદ તીર્થાધિરાજ શ્રી શત્રુંજયનો અધિષ્ઠાયક દેવ બન્યો. તેણે તીર્થાધિરાજની અપૂર્વ રક્ષા કરી.

સમ્યગ્દર્શન, દેશવિરતિ અને સર્વવિરતિ - એ ત્રણ માનવજીવનના ઉત્તરોત્તર શ્રેષ્ઠ ઘટકો છે. જેને જેની પ્રાપ્તિ થઈ હોય તેણે તેની ગમે તેમ કરીને રક્ષા કરવી જોઈએ. વિશ્વના કોહીનૂર હીરાથી કયાંય શ્રેષ્ઠ આ વસ્તુઓ છે.

એની રક્ષા આ રીતે કરાય.

જો સમ્યગ્દર્શન (શ્રદ્ધા) જોખમમાં મુકાતું લાગે તો **तमेव सच्चं नि:संकं जं जिणेहिं पवेइअं** ..... હાર્દિક રીતે- અત્યન્ત ભાવપૂર્વક બોલતા જવું. આ પાઠથી સમ્યગ્દર્શન દૃઢ બની જશે.

જો દેશવિરતિધર્મ જોખમમાં મુકાઈ રહ્યો છે એવું શ્રાવકને લાગે તો તેણે તરત સત્પુરુષો - સાધુ ભગવંતો વગેરે - નો સંગ કરવો. તેમની પાસે કલાકો કે દિવસો સુધી રહી જવું.

જો સર્વવિરતિધર્મ જોખમમાં મુકાતો લાગે તો તે સાધુએ પોતાની જમણી બાજુએ પડેલા રજોહરણનું વારંવાર દર્શન કરવું. તરત મન બોલી ઊઠશે, "કેટલું મોટું મૂલ્ય ચૂકવીને આ રજોહરણ મેં લીધું છે. શું હવે તેને સંસારની ગટર ભેગું કરવાનું છે ? ના, ના, એ તો કદાપિ નહિ બને. આમાં મારી ખાનદાનીને બટ્ટો લાગે.

અનન્તા પુદ્ગલપરાવર્ત્ત : અનંતા ભવો વીતી ગયા પણ આમાંથી એક પણ વસ્તુ ભાવથી મળી નહીં.

જ્યારે અર્ધપુદ્ગલપરાવર્ત્તનો ભ્રમણકાળ બાકી રહ્યો ત્યારે જ ક્રમશઃ આ

બધી વસ્તુઓ હાર્દિક રીતે મળી છે. જો જરાક ચૂક્યા તો હાથમાંથી સરકી જાય તેમ છે. પછી પતનની એ સ્થિતિમાં કાળાં કર્મોનો બંધ કરવા સિવાય કશું બાકી રહેવાનું નથી.

ગ્રન્થકારશ્રીએ સરસ બે વાતો કરી.

(૧) તીર્થોમાંથી પવિત્ર ઊર્જા મેળવવી.

(૨) સાધુસંગથી કદી વંચિત ન રહેવું.

* * *

**परितित्थिआण पणमण उब्भावण थुणण भत्तिरागं च ।**
**सक्कारं सम्माणं दाणं विणयं च वज्जेइ ।। 237 ।।**

**અર્થ :** બૌદ્ધ, તાપસ વગેરે પરતીર્થિકને પ્રણામ કરવા, બીજાની પાસે તેમના ગુણોની પ્રશંસા કરવી, તેમના દેવની સ્તુતિ કરવી, તેમનું બહુમાન કરવું, તેમને વસ્ત્રાદિક આપવા, તેમના આવતાં ઊભા થઈ જવું, સુપાત્ર બુદ્ધિથી ભોજનાદિક દેવા, તેમના પગ ધોવા રૂપે વિનય કરવો - આ બધી વસ્તુનો શ્રાવક ત્યાગ કરે.

**વિવેચન :** સમ્યગ્દર્શન પ્રાપ્ત કરવું એ જ મુશ્કેલ છે પણ તેને ટકાવી રાખવું તે અતિ મુશ્કેલ છે. બે હજારથી નવ હજાર વાર સુધી તેના પતન-ઉત્થાન થઈ શકે છે.

જેની એક જ ક્ષણની પ્રાપ્તિ થાય તો જીવના અનંતા પુદ્ગલપરાવર્ત્તો સુધી ચાલે તેટલું મોહનીય કર્મ ખતમ થઈ જાય. હવે વધુમાં વધુ માત્ર અડધા પુદ્ગલ–પરાવર્ત્તનો સંસાર રહે એવી પ્રચંડ સફળતાને બક્ષતા સમ્યગ્દર્શન ગુણની જાળવણી ઉત્કૃષ્ટ રીતે કરવી જોઈએ.

પ્રાથમિક કક્ષાના ધર્મી જીવો, અન્યધર્મી જીવો સાથે સંબંધ રાખે તો તેમની વાતોમાં ફસાઈ જઈને સમ્યગ્દર્શન ગુમાવી દેવાય. આવું ન બને તે માટે તેમનાથી છેટા રહેવાનું ગ્રન્થકારશ્રી જણાવે છે.

આંખની શરમ પડી જવાના ભયથી મહાશતક નામના શ્રાવકે ગોશાલકની સામે નજર સુદ્ધાં નાંખી નથી.

આનો અર્થ એ નથી કે બીજા ધર્મો તરફ તિરસ્કાર કરવો. જૈનદર્શને તો બીજા ધર્મો પ્રત્યે મૈત્રી આદિ ભાવો જાળવવાનું કહ્યું છે.

હોસ્પિટલોમાં દર્દીઓના રોગનો વાયરસ પોતાને ચોંટી ન જાય તે માટે

ડૉક્ટર કેટલો સાવધાન રહે છે ! દરદીને અડ્યા બાદ–દરેક વખત - કેવો સાબુથી ઘસી ઘસીને હાથ ધુવે છે ! આ બધામાં ડૉક્ટરનો દરદી પ્રત્યે તિરસ્કાર નથી પણ સાવચેતી છે.

વળી વિશિષ્ટ કક્ષાના પીઢ ધર્માત્માને તો આગાઢ કારણોસર પરધર્મી સાથે જે વખતે જે ઠીક લાગે તે કરવાની છૂટ હોય છે.

જેણે પોતાની કિલ્લેબંધી કરી લીધી છે તેનું કોઈ અહિત ન કરી શકે.

જેણે શરદી ઉપર પૂરો વિજય મેળવી લીધો છે તે મહા માસની ઠંડી-હિમ જેવી - ગંગામાં ભૂસકો મારે તો ય તેને કાંઈ ન થાય.

વળી આગાઢ કારણોસર સમ્યગ્દર્શનના છ આગારો (બલાભિયોગ વગેરે) બતાડ્યા છે જેથી તેમનું સેવન કરતાં પ્રતિજ્ઞામાં ભાંગો ન લાગે.

તદુપરાન્ત ગીતાર્થ સાધુને જિનશાસનની રક્ષા કે પ્રભાવના કાજે જે વખતે જે ઠીક લાગે તે કરવાની જ્ઞાનીઓએ રજા આપી છે.

દા.ત. મિથ્યાદષ્ટિ રાજા વગેરે ગીતાર્થ આચાર્યને મળવા આવે ત્યારે ભારે ચાલાકી રાખવાપૂર્વક ગીતાર્થ આચાર્ય ઊઠવું, સામે જવું વગેરે વિનય કરે. મન્ત્રાદિકના જાણકાર પરધર્મી માટે જે કરવું ઠીક લાગે તે કરે.

આ બધી જયણાઓમાં આત્મહિત, અહિતનિવારણ, જિનશાસનહીલના નિવારણ, જિનશાસનપ્રભાવનાદિ જ પ્રયોજન હોય છે.

એક વાર કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચન્દ્રાચાર્યજીએ મહાદેવજીની સમક્ષ ઊભા રહીને, તેમને નમસ્કાર કરવા સાથે **'जिनो वा हरो वा नमस्तस्मै'** કહ્યું હતું. બેશક, આવા વખતે વધુમાં વધુ સાવધાની રાખવી જોઈએ જેથી અનર્થ–પરંપરા ન ચાલે.

* * *

**पढमं जइण दाउण अप्पणा पणमिउण पारेइ ।**
**असइ अ सुविहिआणं भुंजइ कयदिसालोओ ।।238।।**

**અર્થ :** શ્રાવક પ્રથમ સુવિહિત સાધુને વંદન કરીને ભિક્ષાદિક દે છે. પછી પોતે ભોજન કરે છે.

જો સાધુ ભગવંત ન મળે તો જે દિશામાં તેઓ વિહરતા હોય તે દિશા તરફ નજર કરીને - તે તરફ તેમને પ્રણામ કરીને - ભોજન કરે છે. તે વખતે તે વિચારે છે કે જો હજી પણ સાધુભગવંત આવી જાય તો સરસ.

**વિવેચન :** અતિથિસત્કાર એ આર્યપ્રજાનો પ્રથમ કક્ષાનો ગુણ છે. એવી લોકોક્તિ છે કે ખવડાવવા જેવું કોઈ પુણ્ય નથી.

એમાં વ્યવહારનયથી સામેનું પાત્ર જેટલું વધુ ગુણવાન તેમ દાનનો લાભ વધારે ગણાય.

નિશ્ચયનયથી અંતરનો ભાવ જેટલો ઊંચો તેમ દાનનો લાભ વધારે કહેવાય.

શાલિભદ્રના પૂર્વભવીય જીવ સંગમકને તો દાન વખતે ત્રિવેણીસંગમ થયો હતો.

ભિક્ષા લેતાં મહાત્મા ઘોર તપસ્વી હતા.

પોતાનો અંતરનો ભાવ ઉછાળા મારતો હતો.

વસ્તુ જે ખીર તે ઉત્તમોત્તમ દ્રવ્યોથી બનેલી હતી.

આથી જ તે મુનિને વિશેષ ખપ ન હતો છતાં ય ખીરની ધાર ચાલુ રહેવા દીધી. સંગમના ભાવની ધાર એની સ્પર્ધા કરતી હતી.

અને.... એના પરિણામરૂપે જિનશાસનને શાલિભદ્ર નામના મહાત્માની પ્રાપ્તિ થઈ.

એણે ભોગોને ભોગવ્યા અને અવસર આવતાં જ ભોગોને લાત પણ મારી દીધી.

ગાંભૂ ગામના શેઠ આભૂ હતા. જબરા અતિથિપ્રેમી હતા. એક પણ માણસને ઘરઆંગણેથી જવા ન દે.

એમના આ ગુણની પરીક્ષા કરવાનું કોઈ નગરના યુવાનોને મન થયું. ચતુર્દશીના દિવસે શેઠ પૌષધ કરતા હતા. તેનો લાભ ઉઠાવીને તે દિવસે લગભગ ચારસો માણસો સૂર્યાસ્ત પૂર્વે એક કલાકે શેઠના ઘરે પહોંચી ગયા.

પણ શેઠનો ભાઈ કાંઈ કાચો ન હતો. મોટાભાઈ જેવી જ ઉત્કૃષ્ટ ભક્તિ ચારસો જૈનોની કરી. અતિથિઓ મોંમાં આંગળા નાંખી ગયા.

પુણીઓ શ્રાવક અને તેની ધર્મપત્ની વારાફરતી – એકાંતરે-ઉપવાસ કરતા. તેથી બચેલા એક પૈસાથી રોજ એક અતિથિની ભક્તિ કરતા.

એકનાથ સંતે બાપદાદાના સમયની લાકડાની ખાટલી તોડી નાંખીને એકાએક આવેલા સો અતિથિઓની રસોઈ બનાવી દીધી. ભરપૂર ભક્તિ કરીને વિદાય આપી.

જે પંદર દિવસમાં આંગણે એક પણ અતિથિ - બાવો, જોગી, ભામટો, ભિખારી, અભ્યાગત ન આવે ત્યારે ઘરની બાઈ આંખે આંસુ વહાવતી - રોટલા ટીપતી બોલતી, "અરે... આ તો કેવો કળજુગ આવ્યો છે : ભગવાન પણ કેવો રૂઠ્યો છે કે પંદર પંદર દિ થઈ ગયા તો ય એક પણ અતિથિ આવ્યો નથી."

જેમ દેવ, ગુરુ અને આચાર્યને 'દેવ' માનવામાં આવ્યા છે તેમ અતિથિને પણ દેવ માનવામાં આવ્યા છે.

અતિથિસત્કારનું સર્વોત્કૃષ્ટ દૃષ્ટાન્ત શેઠ સગાળશાનું કહી શકાય. જેમની દેવે પરીક્ષા કરી. તેણે અતિથિરૂપે દીકરાની ખોપરીનું સૂક્ષ્મ માંસ માંગ્યું. શેઠ-શેઠાણીએ તેની ભાવના પૂરી કરી. દીકરા ચેલૈયાનું ગળું કાપીને ખાંડણીમાં ખાંડી નાખ્યું.

શ્રાવક અતિથિસત્કારમાં માહિર હોય. સાધુ કે સાધર્મિક મળે તો તેમની ભક્તિ કરે અને ગરીબાદિ મળે તો તેમની ભરપૂર અનુકંપા કરે.

ના. આંગણે આવેલા અતિથિને તે પાછો તો ન જ વાળે. પછી તે જૈન હોય કે અજૈન હોય.

અરિહંતદેવે અજૈનોની પણ ઉચિત રીતે અનુકંપા કરવાનું કહેલ છે. અરે, "અનુકંપાદાનનો કયાંય પણ નિષેધ કરી શકાય નહિ." તેવું પણ કહ્યું છે.

કસાઈ પાણીની કારમી તૃષાથી જો તરફડીઆ મારતો મરવા પડ્યો હોય તો તેને પણ પાણી આપવું. એ રીતે એની ઉપર જે ઉપકાર ચડશે તેની રૂએ તેને કસાઈનો ધંધો છોડવાના ઉપદેશની ધારી અસર થશે.

"અરિહંત પરમાત્મા મહાવીરદેવ મારે ઘેર પધારે" તેવી ભાવનાથી ઓળઘોળ બનેલા જિરણશેઠ રોજ ભિક્ષાસમયે પ્રભુની પ્રતીક્ષા કરતા. છેલ્લે એક દિ પ્રભુ પારણા નિમિત્તે નીકળ્યા. જિરણશેઠ ભાવના ભાવતા રહ્યા અને પ્રભુ અભિનવ શેઠને ઘેર પધાર્યા. ના, આ શેઠની કોઈ ભાવના ન હતી. પણ પ્રભુ પધાર્યા એટલે દ્રવ્યથી આદર કરીને ભિક્ષા વહોરાવી. એ વખતે આકાશે દેવદુંદુભિનો નાદ થયો. ઓલી બાજુ "પ્રભુ હમણાં પધારશે." એવી ભાવના જિરણ શેઠના હૈયે ઊછળવા લાગી. અફસોસ ! દેવદુંદુભિનો નાદ થતાં એ ભાવના તૂટી ગઈ.

જ્ઞાનીઓ કહે છે કે જો ભાવના આગળ વધી હોત તો જિરણશેઠ ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પામી જાત.

અતિથિ સત્કારની જિરણશેઠની કેવી ઉત્કટ ભાવના !

* * *

**साहूण कप्पणिज्जं जं नवि दिन्नं कहिंपि किंचि तहिं ।**
**धीरा जहुत्तकारी सुसावगा तं न भुंजंति ।। 239 ।।**

**અર્થ :** જે વસ્તુ સુસાધુઓને વાપરી શકાય તેવી હોવા છતાં ક્યારે પણ શ્રાવકે તેમને વહોરાવી નથી તે વસ્તુને સુશ્રાવકો વાપરતા નથી.

**વિવેચન :** આવો ત્યાગ કરવાની શ્રાવકને ખરેખર તો જરૂર નથી પરંતુ તેના મનનો એવો ઉત્તમભાવ હોય કે મારા ગુરુઓએ જેને વાપરેલ ન હોય તે મારે પણ ન જ વાપરવું જોઈએ.

સામાન્યતઃ શ્રાવકના અતિથિ-સંવિભાગવ્રતમાં આવી પ્રણાલિ હોય છે. પરન્તુ અહીં તો તે વાત સમગ્ર જીવનકાળ દરમ્યાન લાગુ કરી છે.

સાધુને અભક્ષ્ય વસ્તુ વહોરાવાય નહી અને તે શ્રાવકથી વપરાય પણ નહિ. વળી દેરાસરમાં પ્રભુજી સમક્ષ મુકતાં અન્નના થાળમાં ય તે મુકાય નહિ. પરંતુ આ તો વધુ આદર્શ-ત્યાગની વાત થઈ કે ભક્ષ્ય વસ્તુ પણ સાધુએ ક્યારે ય વહોરી ન હોય તો શ્રાવકથી તે ક્યારે ય વપરાય નહિ.

* * *

**वसहीसयणासणभत्तपाणभेसज्जवत्थपत्ताइं ।**
**जइ वि न पज्जत्तधणो थोवा वि हु थोवयं देइ ।।240।।**

**અર્થ :** બધા શ્રાવકો ધનવાન ન હોય તેથી વસતિ, શયન, આસન, ભિક્ષા, ઔષધ, વસ્ત્ર, પાત્ર વગેરેથી વિશિષ્ટ અતિથિસત્કાર કોઈ શ્રાવક ન કરી શકે તો તે ઓછાથી અતિથિસંવિભાગ કરે, અરે, ઓછાથી પણ ઓછા દ્રવ્યથી અતિથિસત્કાર કરે.

ટૂંકમાં શ્રાવક અતિથિ-સંવિભાગ કર્યા વિના વાપરે નહિ.

**વિવેચન :** બાર વ્રતોમાં અતિથિ-સંવિભાગ વ્રત આવે છે. વર્ષમાં વધુમાં વધુ વખત – બને તો હંમેશા - અતિથિસંવિભાગ કરવો જોઈએ.

જે વસ્તુ અતિથિને આપે તે જ વસ્તુ તેણે વાપરવાની.

આ પદ્ધતિ દેરાસરમાં પણ અપનાવી શકાય. બપોરે ભોજન-સમયે એક થાળમાં થોડાં થોડાં દાળ, ભાત વગેરે તમામ દ્રવ્યો મૂકવા. તે થાળ દેરાસરમાં પરમાત્માની સમક્ષ ભંડાર ઉપર મૂકવો. જે વસ્તુઓ આ રીતે ધરવામાં આવી તે બધી વસ્તુઓ અજૈન પૂજારીને અથવા છેવટે અજૈન ગરીબ માણસને દેવાની.

એ જ વસ્તુઓ શ્રાવકે ભોજનાદિમાં વાપરવાની.

આમ કરવાથી ઘરમાં કંદમૂળાદિ તમામ અભક્ષ્યોને વાપરવાનું બંધ થાય કેમકે તે બધું પરમાત્માની સમક્ષ ધરાય નહિ.

ગ્રન્થકારશ્રી કહે છે કે જે શ્રાવક પાસે ધન-બળ સામાન્ય હોય તેણે પણ અતિથિ-સત્કાર યથાશક્ય દિવસોમાં કરવો જોઈએ.

વસ્તુપાળ-તેજપાળના સમયમાં સાવ ગરીબ શ્રાવકે વ્યાખ્યાનમાં પતાસાની પ્રભાવના કરવારૂપે અતિથિ-સત્કાર કરવાનું નક્કી કર્યું. તે રીતે તે દરેક શ્રોતાજનોને પતાસુ દેવા લાગ્યો. પણ જેવા વસ્તુપાળ-તેજપાળ આવ્યા કે તેણે તેમને પતાસું ન આપ્યું. તેને લાગ્યું કે પતાસા જેવી સાવ તુચ્છ વસ્તુ આવા ધનાઢય લોકોને શી રીતે દેવાય !

તે વખતે વસ્તુપાળે સામે ચડીને પતાસું માંગતા કહ્યું, "ભાઈ ! અમે શ્રીસંઘના સભ્ય છીએ. પ્રભાવના લેવાનો અમારો હક્ક છે. શ્રીસંઘનું પતાસું અમારા નસીબમાં કયાંથી હોય. લાવ, દે અમને અમારા ભાગનું પતાસું."

પૂર્વના કાળમાં લાડુ વગેરેમાં સોનામહોર મૂકીને પ્રભાવનાઓ કરાતી. સંઘની આવી શેષ મેળવીને શ્રાવકો ધન્ય બની જતા.

આજે તો શ્રીમંત લોકો પ્રભાવના લેવામાં અને સ્વામીવાત્સલ્યમાં સામાન્ય લોકોની સાથે જમવા બેસવામાં હીણપત અનુભવે છે. તે માને છે કે આ બધા કરતાં કયાંય ચડિઆતા દ્રવ્યો અમને ઘરમાં કે હોટેલોમાં આરોગવા મળે છે ! આવા તેમના વિચારને લીધે તેઓ પ્રભાવનાના લાડુ વગેરે બીજાને દઈ દેવા જણાવે છે.

કેવા અભાગી આ શ્રીમંતો ! એમને ખબર નથી કે શ્રીસંઘની પ્રભાવનાની કેટલી કિંમત છે ?

સાચા જૈનો તો ગુરુવંદનાર્થે ઉપાશ્રયે આવ્યા હોય તો સ્વામીવાત્સલ્યની શેષ લીધા વિના જતા નહિ. સામે ચડીને શેષ માંગતા.

અતિથિસંવિભાગ, પ્રભાવના કે સ્વામીવાત્સલ્યાદિમાં 'આપણે તમામ જૈનો સમાન છીએ. કોઈ નાનો મોટો નથી.' એવી ઉત્તમ મૈત્રીભાવનાને પુષ્ટ કરવામાં આવે છે. બિચારા શ્રીમંતોને ધનના નશાના જોરમાં આવી વાતોની શી ખબર પડે ?

* * *

**संवच्छरचाउम्मासिएसु अट्ठाहियासु अ तिहीसु ।**
**सव्वायरेण लग्गइ जिणवरपूयातवगुणेसु ।। 241 ।।**

**અર્થ :** શ્રાવક સંવત્સરી પર્વમાં, ત્રણ ચાતુર્માસી તિથિઓમાં, શાશ્વતી અટ્ઠાઈઓમાં વિશેષે કરીને વિશિષ્ટ બહુમાન સાથે જિનેશ્વરદેવોની પૂજામાં, તપમાં અને જ્ઞાનાદિ ગુણોની વૃદ્ધિમાં આસક્ત બને છે.

**વિવેચન :** શ્રાવકને જિનેશ્વરદેવોએ પ્રતિપાદિત કરેલા તમામ ધર્માનુષ્ઠાનો પ્રત્યે અતિશય રાગ હોય. અને અનુષ્ઠાનો અંગેના સઘળા દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવો શ્રાવકને અતિ મધુર લાગતા હોય. એમાં એ હરખપદુડો બની જાય.

શ્રાવક એટલે અડધો સાધુ. પછી એની ચિત્તસ્થિતિ ધર્માનુષ્ઠાનોમાં, તપશ્ચર્યા વગેરે કરવામાં ઉત્તમ કક્ષાની હોય તેમાં કશી નવાઈ નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે તપ વગેરેની જેમ શ્રાવક ગુણવિકાસમાં પણ સાવધાન હોય. જ્ઞાનવિકાસ કરતાં ગુણવિકાસનું મૂલ્ય ઘણું વધુ છે. આત્મા જ્ઞાનાદિ શક્તિઓથી મહાન નથી; તે ગુણોથી મહાન છે.

સોક્રેટિસે આ જ વાત કરેલી કે માણસ ધનથી મહાન નથી પણ ગુણોથી મહાન છે.

શ્રાવકમાં પાપભીરૂતા, ચારિત્રધર્મનો તીવ્ર રાગ અને જિનવાણીના શ્રવણની લાલસા ઉત્કૃષ્ટરૂપે હોય. આ ત્રણના કારણે તેનામાં કૃતજ્ઞતા, ઔદાર્ય વગેરે ગુણોનો વિકાસ થાય.

શ્રાવક પૂરી તાકાતથી અને પૂરા આદરભાવ સાથે આરાધનાઓમાં દત્તચિત્ત હોય. તેને ધન કરતાં ધર્મ ગમે, સ્ત્રી કરતાં ગુરુ ગમે. કુટુમ્બ કરતાં ચતુર્વિધ સંઘ ગમે. તેમની પાછળ તે ગાંડોઘેલો બની જાય.

આથી જ યોગશાસ્ત્રમાં કહ્યું છે કે જેને દેવ તરીકે જિનેશ્વર મળ્યા, ગુરુ તરીકે સુસાધુ મળ્યા અને કૃપામૂલક ધર્મ આરાધવા મળ્યો તે શ્રાવકના વખાણ કયો ડાહ્યો માણસ ન કરે ?

* * *

**साहूण चेइयाण य पडणीयं तह अवन्नवायं च ।**
**जिणपवयणस्स अहिअं सव्वत्थामेण वारेइ ।। 242 ।।**

**અર્થ :** સાધુઓ, મંદિરો કે જિનબિંબો ઉપર હુમલો કરનારાઓને, જિનદર્શનના પદાર્થોનો અપલાપ કરનારાઓને, જિનશાસનનું અહિત કરનારાઓને સુશ્રાવક પૂરી તાકાતથી નિવારે છે.

**વિવેચન :** સમગ્ર ચૌદ રાજલોકના સર્વજીવોનું હિત કરવાના સામર્થ્યવાળા જૈનધર્મનું થોડુંક પણ અહિત થાય તો તે સર્વજીવોના અહિતમાં પરિણમે.

બાળ વર્ધમાનને માતા ત્રિશલાની પાસે સુરક્ષિત રીતે મૂક્યા બાદ ઉપસ્થિત લોકોની સમક્ષ સૌધર્મેન્દ્રે કડક અવાજે કહ્યું, ''ખબરદાર, જો કોઈએ આ બાળકનું

કે તેની માતાનું અહિત કર્યું છે તો. હું તે બાબત બિલકુલ ચલાવીશ નહિ. તેનું માથું સાત વાર ફોડી નાંખીશ.''

ઈન્દ્ર નિયમથી સમકિતી હોય છે. આ તેનો કષાય કેટલો જોરદાર કહેવાય ! સવાલ થાય કે સર્વ જીવ પ્રત્યે સહુએ ક્ષમા ધારણ કરવી ન જોઈએ ? એનો ઉત્તર એ છે કે જિનશાસનનું અહિત કરનારાને ક્ષમા ન અપાય. એવી ક્ષમા તો અતિક્ષમા કહેવાય, જે તદ્દન નિરર્થક છે.

પરમાત્મા મહાવીરદેવે ગોશાલકના જીવનના છેલ્લા દિવસે ગણધર ભગવંત ઈન્દ્રભૂતિ ગૌતમને મોકલ્યા હતા. આજે તેજોલેશ્યાની કારમી પીડાનો સાતમો અને જીવનનો છેલ્લો દિવસ હતો. પ્રભુએ ગૌતમસ્વામીજી દ્વારા ખૂબ ખખડાવ્યો. ના, આ દ્વેષભાવ ન હતો. આ નિગ્રહકૃપા હતી. પ્રભુ જ્ઞાનમાં ગોશાળાનું લોઢું તપ્યાનું જોતા હતા. એના હિત માટે એ વખતે જ ઘા મારવાની જરૂર હતી. એ રીતે જ તેનું હિત થવાનું હતું એટલે પ્રભુએ તેને ધમકાવ્યો. ગોશાલકને પોતાના પાપોનું ગણધર ભગવંત દ્વારા સ્મરણ થયું. તેને પારાવાર પશ્ચાત્તાપ થયો. તેજોલેશ્યાની આગ કરતાં પશ્ચાત્તાપની આગ અસહ્ય નીવડી. તેમાં તેણે સમ્યગ્દર્શન પ્રાપ્ત કરી લીધું. વળી તે જ પળોમાં આયુષ્યનો બંધ થતાં બારમા દેવલોકનું આયુષ્ય બાંધ્યું.

ટૂંકમાં વાત એ છે કે જિનશાસનના પ્રત્યનીકોની દયા ખાઈ શકાય નહિ.

પેલી બ્રાહ્મણી નાગશ્રીએ તપસ્વી મુનિરાજને ઝેર બની ગયેલું કડવી તુંબડીનું શાક વહોરાવ્યું.

મુનિ કાળધર્મ પામી ગયા. તે વખતે આચાર્ય ભગવંતે બ્રાહ્મણ કોમને ભેગી કરીને બધી વાત કરી. ચોરે અને ચૌટે મુનિઓને મોકલીને નગરમાં પણ બધે વાત કરી. આથી બ્રાહ્મણોએ નાગશ્રીને જંગલમાં મૂકી દેવાની સજા ફટકારી.

આચાર્ય ભગવંતે તે બાઈની દયા ખાધી નથી.

આવું જ વાલીમુનિએ રાવણ માટે કર્યું. તે જ્યારે સ્થાવર તીર્થને અને જંગમતીર્થરૂપ વાલીને દરિયામાં ડુબાડી દેવા સજ્જ બન્યો ત્યારે વાલિ મુનિએ તેને પહાડ નીચે દબાવી દઈને લોહીની ઊલટી કરતો કરી મૂકયો. રાવણને ક્ષમા માંગવી પડી.

આવું જ વિષ્ણુકુમાર મુનિએ મિથ્યાદૃષ્ટિ મન્ત્રી માટે કર્યું. તેણે જૈન સાધુઓનો નગરપ્રવેશ પ્રતિબંધ જાહેર કર્યો હતો. વિષ્ણુકુમાર મુનિ પર્વત ઉપર ધ્યાનસ્થ રહેતા હતા. તેમની પાસે સંઘના બે ભાઈઓએ આવીને આપવીતી જણાવી.

ધ્યાનાદિ મૂકીને મુનિ નગરમાં આવ્યા. મન્ત્રીને રાડ પાડીને પડકાર્યો. એક લાખ યોજનનું વૈક્રિયરૂપ વિકુર્વ્યું. ભારે આવેશમાં આવીને નમુચિને પૂછયું, "બીજા સાધુઓને તો તું નગરમાં પગ મૂકવા દેતો નથી પણ હું તારા રાજાનો ભાઈ છું. મને કેટલા ડગલાં પગ મૂકવા દઈશ."

નફ્ફટાઈથી મન્ત્રીએ કહ્યું, "ત્રણ પગલાં." અને... રૌદ્રરૂપે મુનિએ નમુચિને ધરતી ઉપર પટકી નાંખ્યો. તેના માથા ઉપર અને છાતી ઉપર એમ બે પગલાં મૂકયા. ત્રીજુ ડગલું કયાં મૂકવું ? તે તેને પૂછયું. મન્ત્રીએ ક્ષમા માંગતા મુનિનો રોષ માંડ માંડ શમ્યો. તેમને શાન્ત કરવા માટે દેવોને ક્ષમાનો મહિમા વર્ણવતા પદો ગાવા પડ્યા.

બાળમુનિને લાફો મારી દેનાર રાજા વીસળદેવના મામા શૂરપાળના વસ્તુપાળે યુવાનોને ઉશ્કેરીને આંગળા કેવા કપાવી નાંખ્યા હતા ?

એક સ્થળે કહ્યું છે કે જ્યારે ધર્મનો ધ્વંસ થતો હોય, ક્રિયામાર્ગનો લોપ કરાતો હોય અથવા સિદ્ધાન્તની વાતો સામે અપલાપ થતો હોય ત્યારે જો વ્યક્તિ શક્તિમાન, પુણ્યવાન હોય તો તેને કોઈ કહે કે ન કહે તો ય તેને પડકારવા માટે કૂદી પડવું જોઈએ.

બેશક, તે વ્યક્તિ સફળતા પામવા જેટલી શક્તિ અને પુણ્યાઈ અવશ્ય ધરાવતી હોવી જોઈએ.

લાકડાની તલવારે કાંઈ યુદ્ધમાં ધસી ન જવાય. એથી તો પોતાનું ડોકું કપાઈ જાય.

**धर्मध्वंसे क्रियालोपे स्वसिद्धान्तार्थविप्लवे ।**
**अपृष्टेनापि शक्तेन वक्तव्यं तन्निषेधितुम् ।।**

જિનશાસનના કોઈ પણ ઘટક ઉપરના હુમલાને જે ઠીક લાગે તે રીતે ખાળવો જોઈએ.

પેલા સાધુએ ઓઘો બાળીને હીલના ટાળી.

પાદલિપ્તસૂરિજીએ માયા કરીને હીલના ટાળી.

શેઠ સુદર્શને પ્રચંડ સત્વ ફોરવીને હીલના ટાળી.

* * *

**विरया पाणिवहाओ विरया निच्चं च अलियवयणाओ ।**
**विरया चोरिक्काओ विरया परदारगमणाओ ।। 243 ।।**

**विरया परिग्गहाओ अपरिमियाओ अणंततण्हाओ ।**
**बहुदोससंकुलाओ नरयगइगमणपंथाओ ।। 244 ।।**

**અર્થ :** શ્રાવકના પાંચ અણુવ્રતો સ્થૂલથી હોય. તે પ્રાણાતિપાત, મૃષાવાદ, ચૌર્ય, પરદારાગમન, પરિગ્રહથી વિરત હોય.

પરિગ્રહ બહુ ખરાબ વસ્તુ છે. તેમાં અનંત તૃષ્ણા (મૂર્ચ્છા) ઉત્પન્ન થાય છે. તેમાં ઘણા દોષો પેદા થાય છે. તે નરકગતિમાં જવાનો સીધો માર્ગ છે.

**વિવેચન :** જ્યારે પરિગ્રહ શબ્દનો અર્થ મૂર્છા થાય ત્યારે આ પાપ સર્વત્ર વ્યાપી જાય. કેમકે મૂર્ચ્છા કયાં નથી હોતી ? મૂર્ચ્છા એ આસક્તિસ્વરૂપ છે. આસક્તિ એ રાગસ્વરૂપ છે. રાગ એ આખા સંસારની જડ છે.

પહેલા, બીજા, ત્રીજા અને પાંચમા અવ્રતનું રૌદ્રધ્યાન થઈ શકે. રૌદ્રધ્યાન નરકગતિનું સીધું દ્વાર છે.

મમ્મણ શેઠ, કંડરિક મુનિ, બ્રહ્મદત્ત ચક્રી વગેરે વિવિધ આસક્તિઓના પાપે સાતમી નારક ભેગા થયા.

સુમંગલ આચાર્ય નાનકડા યોગપટ્ટની કારમી આસક્તિના કારણે અનાર્યદેશમાં જન્મ પામ્યા. બધું હારી ગયા.

મારા સ્વર્ગસ્થ ગુરુદેવશ્રી કહેતા કે પાંચ વ્રતોમાં ચોથા, પાંચમા વ્રતની વિશેષ કાળજી કરવી જોઈએ. આ બે વ્રતો જો નબળા પડે તો બાકીના ત્રણ વ્રતોને નબળા પડતા કે ભાંગી પડતા વાર લાગતી નથી.

સાધુને પરિગ્રહ કેટલો હોય ? એ સવાલના જવાબમાં જ્ઞાનીઓએ કહ્યું છે કે, "પોતાની વસતિને આગ લાગે ત્યારે બધું ભેગું કરીને પાંચ મિનિટમાં સાધુ બહાર નીકળી શકે તેટલો પરિગ્રહ હોય.

ટૂંકમાં પરિગ્રહ નહિવત્ હોય.

હીરસૂરિજી મહારાજાના ઉપકારોથી દબાયેલા બાદશાહ અકબરે પોતાનો વિરાટ પુસ્તક-ભંડાર ભેટ આપવા યત્ન કર્યો. સૂરિજીએ છેલ્લે સુધી ઘસીને ના પાડી. આથી બાદશાહને ખૂબ ઉદ્વેગ થયો. અબુલ ફઝલે સૂરિજીને કોઈ રસ્તો કાઢવા વિનંતી કરી.

સૂરિજીએ કહ્યું, "મારા સાધુઓને ઘણી વાર ઘણા પુસ્તકોની જરૂર પડતી હોય છે. હવેથી સહુ પ્રથમ બાદશાહના ભંડારના જ પુસ્તકો લેવાને હું બંધાઉં છું. આ રીતે બાદશાહને મોટો લાભ મળી જશે."

પુસ્તકોના પરિગ્રહનો ભાર તો સૂરિજીએ ન જ ઉઠાવ્યો..

વર્તમાનકાલીન મુનિઓએ આ વાત ખૂબ વિચારવી જોઈએ અને કોડીબંધ પોટલાઓના પરિગ્રહને ત્યાગી દેવો જોઈએ.

જ્ઞાનીઓ કહે છે કે શરીરમાં માંસ, મેદ, લોહી વગેરેનો પણ પરિગ્રહ ન થવો જોઈએ. વિશિષ્ટ તપ કરવા દ્વારા એ બધું ઓગાળી દેવું જોઈએ. આમ કરતાં બીજો મોટો ફાયદો એ થાય કે ઘણા ઓછા સમયમાં મૃતક બળી જાય. આમ અગ્નિકાયની વિરાધના ઓછી થઈ જાય.

જ્ઞાનીઓએ તો ભોજનના સમયે ભોજન લાવીને તે જ વખતે તેને પતાવી દેવાનું કહ્યું છે. તે વધી જાય અને તેને રાખવું પડે એ ચાલે નહિ. રાતે તો કશુંય રાખી શકાય નહિ. એને સન્નિધિ નામનો દોષ કહેવામાં આવ્યો છે.

જીવની જે મુખ્ય ચાર સંજ્ઞાઓ કહી છે તેમાં પરિગ્રહ-સંજ્ઞા આવે છે. સર્વ જીવોમાં આ સંજ્ઞા હોય છે.

પૂર્વભવે જે ધન જે જીવે જંગલમાં દાટ્યું હોય તે ધન ઉપર તે જીવ વેલ બનીને ફેલાઈ જાય અને પોતાની પરિગ્રહ સંજ્ઞાને પોષે.

પેલો કુમારપાળના સમયનો ઉંદરડો. કેટલી બધી સોનામહોરનો તેણે દરમાં પરિગ્રહ કર્યો. જ્યારે કુમારપાળે તે બધી સોનામહોર લઈ લીધી ત્યારે જમીન ઉપર માથું પછાડી પછાડીને મર્યો.

મણિધર નાગની પણ આવી હાલત થાય છે.

અરે, રત્નાકરસૂરિજી જેવા મહાન આચાર્ય પણ ગૃહસ્થ પર્યાયના મૂલ્યવાન મોતીઓને સાધુપણામાં સાથે લાવ્યા હતા. રોજ બે વાર તે જોઈને મનોમન ખૂબ પોરસાતા હતા. એ તો સારું થયું કે કોઈ ચાલાક શ્રાવકે ટુચકો કરીને તેમનું એ પાપ નિર્મૂળ કરી દીધું.

મહમ્મદ ગીઝની, કાર્નેગી, રોકફેલર, નિઝામ વગેરે કેવા ભયંકર પરિગ્રહી હતા !

* * *

**मुक्का दुज्जणमित्ती गहिया गुरुवयण - साहुपडिवत्ति ।**

**मुक्को परपरिवाओ गहिओ जिणदेसिओ धम्मो ।। 245 ।।**

**અર્થ :** શ્રાવક તે કહેવાય જેને દુર્જન સાથે મૈત્રી ન હોય, ગુરુવચનને જે માથે ચડાવતો હોય, સાધુજનોની સેવા કરતો હોય, પરનિંદાનો ત્યાગી હોય, જિનેશ્વરદેવ – કથિત ધર્મનો જે આરાધક હોય.

**વિવેચન :** જો કોઈ કહેવાતો શ્રાવક આટલા ગુણો પામી જાય તો એ સાચો શ્રાવક બની જાય.

પહેલો ગુણ છે; દુર્જનદોસ્તીથી પરાઙ્મુખ.

જેનું જીવન પગલૂંછણીઆ જેવું નિઃસાર બને છે તેમાં મૂળ કારણ દુર્જનસંગતિ છે. આ સંગતિથી અનાદિકાળના કુસંસ્કારો જાગ્રત થાય છે. પછી કુનિમિત્તો મળતાં જીવન બરબાદ થાય છે.

બીજો ગુણ છે; ગુરુવચન-ગુર્વાજ્ઞાનો સ્વીકાર.

ગુરુ કહે તેમ જ ચાલવાનું નક્કી કરી લેવાય તો અવળમતિ બનાય નહિ. દેવ કરતાં પણ ગુરુ ચડિયાતા છે. કેમકે તે બોલે છે, ટોકે છે, પંપાળે પણ છે. દેવ આમાંનું કશું કરતા નથી.

ત્રીજો ગુણ છે; સાધુજનોની સેવા.

જે દોષ તપ વગેરે કરવાથી ન મટે તે સાધુસેવાથી ખતમ થાય છે. વૈયાવચ્ચ અપ્રતિપાતી ગુણ છે. દોષનો નાશ કર્યા વિના આ ગુણ પાછો ફરતો નથી.

ચોથો ગુણ છે; પરનિન્દાનો ત્યાગ.

પરદોષદર્શન જેવું મોટું કોઈ પાપ નથી. બધા પાપોનું એ પ્રવેશદ્વાર છે.

આ પરદોષદર્શનને અહંકાર ઉત્પન્ન કરે છે. એથી અહંકાર એ દોષોનો બાપ છે.

તમે જે જુઓ તે પામો.

બીજાના ગુણ જુઓ તો તે ગુણો તમારામાં આવે.

બીજાના દોષ જુઓ તો તે દોષો તમારા જીવનમાં ઊતરીને જ રહે.

જે પરદોષદર્શન કરે તે સ્વદોષદર્શન કરી શકે નહિ.

જે સ્વદોષદર્શન કરે તે કદી પરદોષદર્શન ન કરે.

સ્વદોષદર્શન જેવો કોઈ ગુણ નથી; કોઈ ધર્મ નથી.

જે સ્વદોષદર્શન કરે છે; પછી સ્વદોષને ધિક્કારે છે; પછી સ્વદોષદર્શનથી થયેલા પાપ ઉપર જે તીવ્ર પશ્ચાત્તાપ કરે છે તે વર્ત્તમાન કલિકાલનો ભગવાન છે.

અહીં ઉપલક્ષણથી ત્રણ વાત લેવી.

આંખેથી બીજાના દોષ જોવા નહિ.

કાનેથી બીજાના દોષ સાંભળવા નહિ.

મોંએથી બીજાના દોષ બોલવા નહિ.

**चेष्टा परस्य वृत्तान्ते मूकान्धबधिरोपमा ।**
**उत्साहः स्वगुणाभ्यासे दुःस्थस्येव धनार्जने ।।**

ગાંધીજી હંમેશા આ બાબતમાં જાગ્રત રાખતાં ત્રણ વાંદરાઓના બાવલાંને પોતાની પાસે રાખી મૂકતા. આ ઉપરથી એમ લાગે છે કે તે પરદોષદર્શનને ખૂબ ધિક્કારતા હશે. તે ન થઈ જાય તે માટે આ કાળજી કરતા હશે.

જો સ્વદોષદર્શન જીવનમાં આવી જાય અને તેના પ્રત્યાઘાતરૂપે જો પરગુણદર્શન આવી જાય તો આપણો જન્મ સફળ થઈ જાય.

શ્રાવકનો પાંચમો ગુણ છે; જિનધર્મનો ભારે પ્રેમ.

જિનધર્મ ચૌદ રાજલોકના તમામ જીવોને અભય આપવાનું પ્રબોધતો ધર્મ છે.

કરુણા અને વૈરાગ્ય એના પ્રાણતત્ત્વો છે.

આટલી ઊંચી વાતો કરનાર જિનધર્મને શ્રાવક આત્મસાત્ કરીને જ રહે.

* * *

**तवनियमसीलकलिया सुसावगा जे हवंति इह सुगुणा ।**
**तेसिं न दुल्लहाइं निव्वाणविमाण सुक्खाइं ।। 246 ।।**

**અર્થ :** જે શ્રાવકો ગુણવાન હોય છે તેઓ તપ, વ્રત અને શીલગુણથી વિશેષ શોભતા હોય છે.

તેમને નિર્વાણ પામવાનું કે સ્વર્ગે જવાનું જરાય દુર્લભ હોતું નથી.

**વિવેચન :** જેની જે કક્ષા.... એ કક્ષા પ્રમાણે જેને જે શાસ્ત્રવિધિ કહેવાઈ હોય તેને તેણે ચુસ્તપણે વળગી રહેવું જોઈએ.

શ્રાવકે પોતાની કક્ષાનું સુંદર (ઉત્તમ) જીવન જીવવું જોઈએ. તેમ કરે તો તે શ્રાવક બારમા દેવલોકે જાય.

જો સાધુ તેની કક્ષા પ્રમાણેનું ઉત્તમ જીવન ન જીવે તો તેના શિથિલાચારોને લીધે તે માત્ર પહેલા દેવલોકે જાય.

આથી જ જ્ઞાનીઓએ કહ્યું છે કે જો સાધુ થઈને 'સાચા સાધુ' બની શકાય તેમ ન હોય તો તે આત્માએ સાચા શ્રાવક બનવું જોઈએ.

પોતાની કક્ષા બે ફુટનો ખાડો કૂદવાની હોય તો પાંચ ફુટના ખાડાને કૂદવાનું સાહસ ન કરવું જોઈએ.

માર્ગાનુસારી (મંદ મિથ્યાત્વી) જીવે સાધુ થવાની વાતનો ઠેકડો એકદમ મારવો ન જોઈએ. તેણે પોતાની નજીકની ઊંચી કક્ષા - સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરવી જોઈએ.

હવે આ સમકિતીને શ્રાવક બનવાની વાત ન કરતાં સાધુ થવાની વાત કરવી. જો તેનામાં તેવું સત્વ હશે તો તે મોટો ઠેકડો મારી દેશે. આવા સત્વશાળી આત્માને શ્રાવક થવાનો ઉપદેશ આપનાર સાધુ તેને સંસારમાં રાખવાનું પાપ બાંધે છે.

જો તે આત્મામાં સાધુ બનવાનું સત્વ ન જણાય તો તેને શ્રાવક બનવાની પ્રેરણા જરૂર કરવી જોઈએ.

આ વાત યોગશતક ગ્રન્થમાં વિસ્તારથી સમજાવી છે.

જે આત્માઓની કક્ષા માત્ર શ્રાવક બનવા સુધીની છે તેમને જો સાધુ બનાવી દેવાય તો અડધો લીટર દૂધ પચાવી શકનાર માણસને ત્રણ લીટર દૂધ આપવા જેવું થાય. જેના પરિણામે અજીર્ણ અને ઝાડા-ઊલટી થઈ જાય.

સાધુ - સાચા સાધુ થવાનું કામ કેટલું બધું મુશ્કેલ છે ? એ વાત જો બરોબર સમજાઈ જાય તો ઝટપટ સાધુ બનાવી દેવાની વાતને મોટી બ્રેક લાગી જાય.

આ રીતે બનાવાઈ ગયેલા સાધુઓ પોતાનું સમગ્ર જીવન ભયંકર સંકલેશમાં પસાર કરે છે, એટલું જ નહિ પણ સહવર્ત્તી ગુરુભાઈઓ અને ઉપકારી ગુરુદેવોની ચિત્તપ્રસન્નતાને છિતરબિતર કરી નાંખે છે.

આવું નહિ કરવું જોઈએ. પિત્તળ સ્વભાવનો આત્મા સાધુ થઈને સોના જેવા ગુરુ વગેરેને કથિર બનાવી દે છે. આ રીતે ઘણા બધા મહાત્માઓના પ્રસન્નતામય સાધુજીવનને ઊજાડી નાંખવું એ કોઈ સામાન્ય ગુનો ન ગણાય.

બહેતર છે કે તેવા આત્માઓ સુશ્રાવક બનીને ઉત્તમ કક્ષાનું જીવન જીવે.

શ્રાવક એટલા માટે ઘણા બધા ગુણોથી અને તપ વગેરે અનુષ્ઠાનોથી સુશોભિત બને છે કેમકે તેની નજર તેવા સાધુઓ તરફ સતત રહે છે. તેને જલદીમાં જલદી સાધુ થવું છે. પોતે હજી સાધુ થયો નથી તેનો તેને ખૂબ અફસોસ હોય છે એટલે પોતાના શ્રાવકજીવનમાં વધુમાં વધુ પ્રમાણમાં સાધુ બનવાનો તેનો પ્રયત્ન રહે છે.

શ્રાવક જ શા માટે ? કોઈ પણ સમ્યગ્દૃષ્ટિ સાધુ, સાધ્વી, શ્રાવક કે શ્રાવિકા - અથવા માત્ર સમ્યગ્દૃષ્ટિ જ્યારે આયુષ્યનો બંધ કરે ત્યારે નિયમથી દેવાયુ બાંધે. અને તે પણ વૈમાનિક દેવાયુ.

સવાલ એ થાય છે કે જો દેવ થવું પડે તો ત્યાં ઉપલબ્ધ થતી ભરપૂર ભૌતિક સામગ્રીઓની વચ્ચે શી રીતે ટકી શકાય ? અરે, નિશ્ચિતપણે પતન ન થઈ જાય ? જો તેમ થાય તો જે મોક્ષ પામવા માટે આ બધા મહાત્માઓ મથતા હતા તે મોક્ષ તો દૂર ઠેલાઈ ગયો ને ? દેવના જીવનમાં કામભોગના સુખોમાં લમ્પટતા આવે એટલે દુર્ગતિ સિવાય કોઈ આરોવારો ન રહે.

આ સવાલનો જવાબ એ છે કે જે સાધુ વગેરે ચારમાં સમ્યગ્દર્શન અત્યન્ત નિર્મળ (બળવાન) હોય તેમને સમ્યગ્દર્શનના બળે કોઈ પતન થાય નહિ. હા, જો તે નિર્બળ હોય તો દેવલોકમાં જતાંની સાથે તે ચાલી જાય. હા, પછી તો રોજ સો સો વાર પતન થતા રહે.

સમ્યગ્દર્શન નામનો ચન્દ્રકાન્ત મણિ જો સાથે હોય તો કામસુખોના ભોગવટાની આગથી લપેટાઈ જવાય તો ય જરાય દઝાય નહિ.

એટલે સમ્યગ્દર્શનનું બળ દરેક સાધુ કે શ્રાવક પાસે બહુ વિશિષ્ટ કોટિનું હોવું જોઈએ.

તેમ થાય એટલે દેવના જીવનમાં લેશ પણ પતન ન થાય બલ્કે તીવ્ર વૈરાગ્ય બનેલો રહે. એથી એ પુણ્યાત્મા નન્દીશ્વરાદિ દ્વીપોની યાત્રાઓમાં અને તારક તીર્થંકરદેવોની સમવસરણની દેશનાઓમાં વધુમાં વધુ સમય પસાર કરે.

આમ થાય એટલે તે દેવ ત્યાંથી ચ્યવીને મનુષ્ય જ થાય. ત્યાં તેની આધ્યાત્મિક પ્રગતિ વિશેષ થવા લાગે. હવે તો તેને વિરતિધર્મનો પણ સ્વીકાર કરવાની તક ખુલ્લી થાય. અરે, ક્ષપકશ્રેણી પણ માંડે અને મોક્ષ અચૂક પ્રાપ્ત કરે.

કોઈ પણ શાસ્ત્રજ્ઞાતા શ્રાવક કે સાધુ એવો વિચાર ન કરે કે, "મારે દેવલોકે નથી જવું અથવા મારે આવતા ભવે શ્રીમંત નથી થવું."

અરે, ગમે ત્યાં - ભોગસંપત્તિમાં - જવું પડે, જો સાથે સમ્યગ્દર્શન રહે તો ક્યાંય કોઈ મુશ્કેલી પડવાની નથી. જેનામાં સત્ત્વ ન હોય તેનો જ આત્મા આવું વિચારે. સત્ત્વશાળી આત્માને તો કર્મરાજા ગમે તે સ્થિતિમાં મૂકે તો ય કશું અહિત ન થાય.

સમ્યગ્દષ્ટિ આત્માને મોક્ષ જ ખપતો હોય, સંસારસુખ કડવું ઝેર જણાતું હોય એટલે આવી ચિત્તસ્થિતિ પેદા થયા બાદ તેના પતનની શકયતાઓ નહિવત્ બને. છતાં નિયતિ તેવી હોય તો તે પણ બને. નિયતિની સામે કોઈનું ચાલતું નથી. એ સ્થિતિમાં તો જેનું જે હિત કે અહિત થાય તેમાં યથાશક્ય સ્વસ્થ રહેવું પડે.

હાલ તો આપણે આ શ્લોકમાં કહેલા ઉત્તમ કક્ષાના શ્રાવકોને કોટિ કોટિ વંદન કરીને વિરમીએ.

* * *.

**सीइज्ज कयावि गुरु तं पि सीसा सुनिउणमहुरेहिं ।**
**मग्गे ठवंति पुणरवि जह सेलगपंथगो नायं ।। 247 ।।**

**અર્થ :** એવું પણ કયારેક બની શકે જ્યારે ગુરુ ચારિત્રધર્મના પાલનમાં શિથિલ બન્યા હોય. આવા વખતે સુશિષ્યોએ તર્કબદ્ધ અને મધુર વચનો દ્વારા ગુરુને માર્ગસ્થ બનાવવા જોઈએ. આ માટે શાસ્ત્રમાં શેલક ગુરુ અને પંથક શિષ્યની વાત આવે છે.

**વિવેચન :** હજી માતપિતાના ઉપકારનો બદલો વાળી શકાય પણ ગુરુનો અનંત ઉપકાર વાળી ન શકાય. એ ત્યારે જ બને જ્યારે ગુરુ ચારિત્રમાર્ગથી વિચલિત થયા હોય.

ના. ઉપકારનો બદલો વાળવા માટે એવું તો ન જ ઈચ્છાય કે ગુરુ માર્ગભ્રષ્ટ થાય તો સારું.

કવચિત જ એવું બને જ્યારે ગુરુ માર્ગશિથિલ બન્યા હોય. બાકી ગુરુ તો ભગવંતની ગેરહાજરીમાં સાક્ષાત્ ભગવાન છે. એ બે ય પ્રકારની કૃપા કરીને પોતાનું ગુરુપદ સાર્થક કરે છે. તે અનુગ્રહકૃપા કરે અને નિગ્રહકૃપા પણ કરે.

ગુરુ શિષ્યની તમામ જવાબદારી ઉપાડે. તેના આતમની તો કાળજી કરે જ; સાથે તનની પણ કાળજી કરે. તે બધી વાતે હોંશિયાર હોય. તે મા બની શકે, બાપ પણ બની શકે, ભાઈ બની શકે અને વૈદ્ય પણ બની શકે.

ગુરુ શિષ્યના કલ્યાણમિત્ર છે.

શિષ્ય પણ ગુરુ પાછળ પાગલ હોય. એમનો પડતો બોલ ઝીલી લે. તન તોડી નાંખીને પણ તેમની પ્રત્યેક ભાવના પૂર્ણ કરે. એ વખતે પાછું વાળીને જુએ કે વિચાર કરવા રહે તે શિષ્ય ન કહેવાય : તત્ક્ષણ શિષ્ય મટી જાય.

જેમની કૃપા એ જ મુનિજીવનના કાંટાળા માર્ગને ગુલાબછાંયો બનાવી દે છે;

જેમની કૃપાથી જ પત્થર જેવો શિષ્ય રત્ન બનીને રાજાના મુગટે ગોઠવાય;

જેમની કૃપાથી જ સાવ બોઘો શિષ્ય ચાર માણસોમાં પૂજાવવા લાગે એવા ગુરુની સેવા કરવામાં શિષ્ય રાત ને દિ ન દેખે તેમાં કોઈ નવાઈ નથી.

ગ્રન્થકારશ્રી કહે છે કે કયારેક એવું બની જાય કે ગુરુને કોઈ નિકાચિત વગેરે કર્મનો ઉદય થાય અને તે ઉન્માર્ગગામી બની જાય.

આવા વખતે શિષ્યે ઉપકારનો બદલો વાળવાની આ તક ઝડપી લઈને તેમને માર્ગસ્થ બનાવવા જોઈએ. એ માટે જે કાંઈ કરવું પડે તે બધું કરી છૂટવું જોઈએ. પોતાની ગીતાર્થતાને પૂરેપૂરી કામે લગાડવી જોઈએ.

શાસ્ત્રમાં સુમંગલ આચાર્ય - પાંચસો શિષ્યોના ગુરુની વાત આવે છે. વર્તમાન ભવમાં નાનકડા પટ્ટામાં મૂર્ચ્છિત થયા. પરિણામે અનાર્યદેશના મ્લેચ્છ રાજાને ત્યાં કુંવર થયા. રાજકુમાર બન્યા.

શિષ્યોમાં કોઈને અવધિજ્ઞાન થયું. તેના બળથી ગુરુની અવદશા થયેલી જોઈ. એક ટુકડી ત્યાં જવા તૈયાર થઈ. ઉગ્ર પરિશ્રમ વેઠીને પહોંચી. ભૂતપૂર્વ ગુરુને આર્યદેશમાં લાવીને દીક્ષા આપીને ઉપકારનો બદલો વાળ્યો.

આ ભવના ગુરુ આવતા ભવમાં તેમના આત્માને 'ઉપકારી ગુરુદેવ' તરીકે સ્વીકારવા અને તેમને માર્ગસ્થ બનાવવા એ ખૂબ મોટી આશ્ચર્યજનક વાત કહેવાય.

આ ભવના ગુરુને આ ભવમાં જ ઉગાર્યા હોય એવા તો ઘણા દૃષ્ટાન્તો મળી શકે.

ગ્રન્થકારશ્રીએં શેલક ગુરુની યાદી આપી છે. આપણે તે પ્રસંગને સંક્ષેપમાં જોઈએ.

અતિ શ્રીમંત થાવચ્ચાપુત્રે બત્રીસ પત્નીઓ અને ક્રોડો સોનામહોરોની માલિકીનો ત્યાગ કર્યો. પરમાત્મા નેમિનાથ ભગવંત પાસે એક હજાર સ્ત્રી-પુરુષોની સાથે દીક્ષા લીધી. એકદા વિહાર કરતાં સેલ્લકપુરમાં આવ્યા. ત્યાંના રાજા શેલકને પ્રતિબુદ્ધ કરતાં તે બાર વ્રતધારી શ્રાવક બન્યો.

કોઈ નગરમાં સુદર્શન નામનો શેઠ રહેતો હતો. તે શુક પરિવ્રાજકનો પરમ ભક્ત હતો. પણ થાવચ્ચાપુત્રના સંગે એવો રંગાયો કે તેણે શ્રાવકધર્મ સ્વીકારી લીધો. શૌચમૂળધર્મને ત્યાગી વિનયમૂળધર્મને અપનાવ્યો. આથી શુક પરિવ્રાજક ઉશ્કેરાયો. ધમપછાડા કરતો સુદર્શન પાસે ગયો. ધમકાવ્યો. પણ સુદર્શન મક્કમ રહ્યો. શુક પરિવ્રાજક સુદર્શનના ગુરુ શેલક પાસે ગયો. વાર્તાલાપ થતાં શુક પ્રતિબોધ પામ્યો. તેણે એક હજાર શિષ્યો સાથે થાવચ્ચાપુત્ર પાસે દીક્ષા લીધી. દ્વાદશાંગીનો અભ્યાસ કર્યો. થાવચ્ચાપુત્ર છેલ્લે શત્રુંજય તીર્થે એક માસની સંલેખના કરીને મોક્ષ પામ્યા.

એકદા શુકાચાર્ય સેલ્લકપુર ગયા. શેલક રાજાને પ્રતિબુદ્ધ કર્યા. તેણે દીક્ષા લીધી. વળી પંથક વગેરે મન્ત્રીઓએ દીક્ષા લીધી. શેલક મુનિએ દ્વાદશાંગીનો અભ્યાસ કર્યો. તેમને આચાર્યપદે સ્થાપીને શુકાચાર્ય હજાર સાધુઓ સાથે સિદ્ધાચલ પધાર્યા. સર્વ સાધુઓ સાથે અનશન કરીને મોક્ષે ગયા.

શેલકાચાર્ય ખૂબ તપસ્વી હતા. પારણામાં નીરસ અને રૂક્ષ આહાર કરતા. આથી મહાવ્યાધિઓ ઉત્પન્ન થયા. પણ તો ય ઘોર તપ કરતા રહ્યા. અસહ્ય વ્યાધિઓ છતાં પ્રસન્નતાપૂર્વક સહન કરતા હતા.

વિહાર કરતાં સેલ્લકપુરે આવ્યા. તેમના સંસારી પુત્ર રાજા મંડુકે તેમનું આરોગ્ય સારું થાય તે માટે રોકાઈ જવાનો આગ્રહ કર્યો. આચાર્યશ્રીએ તેની વિનંતી સ્વીકારીને યાનશાળામાં મુકામ કર્યો.

ઔષધાદિકના પ્રયોગથી આચાર્યશ્રી રોગમુક્ત થયા પણ તે રસલુબ્ધ બન્યા. એથી ત્યાં જ દીર્ઘકાળ સુધી રહેવાનું નક્કી કર્યું..

મુખ્ય શિષ્ય પંથક મુનિને લાગ્યું કે, ગુરુની આ શિથિલતા જો સાધુઓને સ્પર્શી જશે તો ઘણા બધા સાધુના ભાવપ્રાણોનો નાશ થશે. તેમણે તમામ સાધુઓને વિદાય કર્યા. પોતે ગુરુસેવામાં તલ્લીન બન્યા.

ગુરુ એટલા બધા રસગૃદ્ધ બન્યા કે અભક્ષ્યાદિ પદાર્થો પણ લેવા લાગ્યા. માદક ખોરાક લેવાથી ઘણો બધો સમય ઘેનમાં પડ્યા રહે. છતાં શિષ્ય પંથકમુનિ તેમની સેવા કરતા રહે. તેને ખાતરી હતી કે તેની સેવા એકદમ નિર્મળ છે એટલે તેનું ફળ-ગુરુનું જીવનપરિવર્ત્તન–અવશ્ય થશે.

અને.. એક ધન્ય દિવસ આવી ગયો. એ ચોમાસી ચૌદસ હતી. સાંજનું પ્રતિક્રમણ કરવા પંથકમુનિ બેઠા. ખામવાનો પ્રસંગ આવતા ગુરુ-ચરણે હાથ મૂક્યો. ગુરુ ભડકી ગયા. બોલ્યા કે, "તું મને કેમ હેરાન કરે છે ? શાન્તિથી ઊંઘવા દેતો નથી ?"

પંથકમુનિએ વાસ્તવિક સ્થિતિની જાણ કરતાં શેલક મુનિને ભાન થયું કે પોતે કેટલી હદે પ્રમાદમાં પડીને ક્રિયાકાંડ વગેરે ચૂકી ગયા છે ! એમને ઘોર પશ્ચાત્તાપ થયો. શિષ્યની ક્ષમા માંગી. શુદ્ધ ચારિત્ર ગ્રહણ કર્યું. પંથક મુનિએ સર્વ સાધુઓને બોલાવી લીધા. દીર્ઘકાળ સુધી શેલકાચાર્યે નિર્મળ ચારિત્રનું પાલન કરતાં અનેક જીવોને પ્રતિબોધ કરતાં છેવટે સિદ્ધાચલજી ઉપર શિષ્યો સાથે અનશન કર્યું. સહુ સિદ્ધિપદ પામ્યા.

પંથક શિષ્ય કેવા અદ્‌ભુત શિષ્ય હશે કે તેમણે કૃતજ્ઞતા, સહિષ્ણુતા અને ધીરજ ગુણોને આત્મસાત્ કર્યા અને ગુરુને માર્ગસ્થ બનાવી દીધા.

દર્શનાચારનો આચાર છે; સ્થિરીકરણ.

કોઈ પણ મહાત્માના સ્થિરીકરણ માટે સાધુએ સ્વાધ્યાયાદિને ગૌણ કરવા જોઈએ.

જેમ નૂતન મંદિરના નિર્માણ કરતાં મંદિરના જીર્ણોદ્ધારનું પુણ્ય આઠ ગણું કહ્યું છે તેમ પ્રસ્તુતમાં નૂતન દીક્ષા કરતાં એક સાધુનો જીર્ણોદ્ધાર કરવામાં પુષ્કળ પુણ્યની પ્રાપ્તિ થાય.

જયાં સુધી ગુરુ માર્ગસ્થ હોય ત્યાં સુધી તે શિષ્યોના કે ભક્તોના માબાપ રહે. પણ જો તે માર્ગભ્રષ્ટ થાય તો શિષ્યો કે ભક્તો તેમના માબાપ બની જાય.

પેલા શિષ્ય ગોરખનાથે જાણ્યું કે તેના ગુરુ મચ્છંદરનાથ (અનાસક્ત યોગી) રાણીઓની સાથે અન્તઃપુરમાં રહે છે કે તરત ત્યાં ગયા. અન્તઃપુર નીચેથી જ ત્રાડ પાડીને બોલ્યા, ''ચેત મચ્છંદર ! ગોરખ આયા.''

રામકૃષ્ણ પરમહંસના બ્રહ્મચર્યના વિષયમાં શિષ્ય વિવેકાનંદને અને ભક્ત માથુરબાબુને જુદા જુદા સમયે શંકા પડી હતી. તેમણે ગુરુની કસોટી કરી, પણ ગુરુને હેમખેમ જોઈને બન્ને ય જણે ક્ષમા માંગી.

આ રીતે આમરાજાએ ગુરુ બપ્પભટ્ટસૂરિજીની પરીક્ષા કરી હતી. ગુરુનું અણિશુદ્ધ ચારિત્ર જાણીને તેમને ખૂબ આનંદ થયો હતો તેમ કસોટી કર્યા બદલ શરમ પણ આવી હતી.

ગુરુ જેવા ગુરુ ઉત્પથગામી બને તે અત્યન્ત અસંભવિત જેવી વાત ગણાય. આ તો પાણીમાંથી આગ પ્રગટી. સૂર્ય પશ્ચિમમાં ઊગ્યો. પત્થર ઉપર કમળ ઊગ્યું.

છતાં કર્મની તાકાત અપ્રતીમ હોય છે. નિકાચિત કર્મોનો ઉદય થતાં ગુરુ પણ પટકાઈ જાય. જો તે બદલ ગુરુને ખૂબ દુઃખ હોય, તીવ્ર પશ્ચાત્તાપ હોય, વખતોવખત શુદ્ધતમ પ્રાયશ્ચિત્ત કરીને ફરી ફરી પટકાતા હોય તો તે વખતે ગીતાર્થ શિષ્યે તેમને સારી રીતે સંભાળી લેવા જોઈએ. તેમની ઉત્તમ પરિણતિને નજરમાં રાખીને શિથિલતાને સહી લેવી જોઈએ. આમ થશે તો કર્મોની ધોબીપછાડ પામતાં ગુરુને કાલાન્તરે ઊગરી જવાની તક જરૂર મળશે. હા, એનો બધો યશ તે શિષ્યને મળશે જે 'પંથકમુનિ' બન્યો છે.

પ્રસ્તુતમાં 'શેલકમુનિ'ની જે વાતો કરી છે તે ખૂબ આશ્ચર્યજનક છે. આ મુનિ મુનિ ન હતા, મહામુનિ હતા કેમકે તે રાજા હતા, દ્વાદશાંગીના જાણકાર હતા, ઘોર તપસ્વી હતા, શરીર પ્રત્યે સાવ નિઃસ્પૃહી હતા, વ્યાધિઓની અસહ્ય વેદના પ્રસન્નતાપૂર્વક વેદતા હતા. આમ છતાં તેમનું પતન થયું તેમાં નિકાચિત કર્મના ઉદય સિવાય બીજું કોણ કારણ હોઈ શકે ?

એ તો સારું થયું કે એમનું એ કર્મ ક્ષીણ થયું એટલે મોટો પલટો આવ્યો અને એ જ ભવે મોક્ષગામી બન્યા.

આવું દૃષ્ટાન્ત કંડરિક મુનિનું આવે છે. પણ બિચારા ! નિકાચિત કર્મ ક્ષીણ ન થયું એટલે જીવનના અન્ત સુધી પણ હાલત સુધરી નહિ. એથી સાતમી નારકભેગા થયા.

પંથકમુનિ પણ કેવા મહાન હતા ? ગુરુની બિન્ધાસ્ત શિથિલતા શિષ્યોના જીવનને શિથિલ કરી નાંખે તેટલી ઉગ્ર હતી તેથી જ તેમને વિદાય કરી દીધા. એ સ્થિતિમાં પંથકમુનિ ચારિત્રજીવનમાં અત્યન્ત સ્થિર રહ્યા. જ્યારે સાક્ષાત્ ગુરુ જ બધી જાતની શિથિલતાઓને ભોગવે તો શિષ્ય તેમનું જ નામ આગળ કરીને શા માટે શિથિલતાઓને ન ભોગવે ? પણ પંથકમુનિએ તેમની સામે નજર પણ ન કરી. તે શાસ્ત્રચક્ષુ બન્યા. શાસ્ત્ર પ્રમાણે ચાલ્યા. અપ્રમત્તભાવનું જીવન જીવ્યા.

સાવ છેલ્લે પાટલે ગુરુ જઈ બેસે અને છતાં શિષ્યના હૈયેથી તેમનું બહુમાન તસુભર પણ ન ઘટે એ ખૂબ આશ્ચર્યજનક બાબત કહેવાય.

પ્રસંગતઃ બીજી વાત કરું.

ગુરુની શિથિલતા એટલે ગુરુના ભાવ-આરોગ્યનો બગાડ. આ રીતે ગુરુના દેહમાં પણ રોગો પ્રવેશીને તેમનું આરોગ્ય બગાડી શકે. તેમની વૃદ્ધાવસ્થા અસહ્ય કરી મૂકે. આવા સમયે સુ-શિષ્યોએ તે ગુરુની (કે ગુરૂભાઈની) અપ્રમત્તભાવે સેવા કરવી જોઈએ.

રોગ ગમે તે હોય : ભાવરોગ કે દ્રવ્યરોગ... કોઈની ઉપેક્ષા થઈ શકે નહિ.

પરમાત્મા મહાવીરદેવે ફરમાવ્યું છે કે, "જે ગ્લાન સાધુઓની સેવા કરે છે તે મારી જ સેવા કરે છે."

જો આ રીતે સેવા ન કરાય તો તે સાધુને સંસાર યાદ આવી જાય. સંસારવાસ સારો લાગી જાય.

આવું ન થવા દેવા માટે સાધુના મુખ્ય ગુણ તરીકે સહાયકતા ગુણ જણાવ્યો છે. સાધુના ગુણો તો ઘણા બધા છે પણ તેમાં મુખ્ય ગુણ તરીકે સહાયકતા ગુણ બતાડીને તેને નજર સામે લાવવામાં આવ્યો છે.

કોઈ સાધર્મિકની શ્રેષ્ઠ ભક્તિ તે માર્ગભ્રષ્ટ હોય ત્યારે તેને માર્ગસ્થ કરવામાં છે અને કોઈ રોગાદિથી દુઃખી હોય તો તેને રોગમુક્ત વગેરે કરવામાં છે.

મારા સ્વર્ગીય ગુરુદેવ સાધુઓને સહાયકતા ગુણની ખૂબ વાતો કરતા. સહુને કહેતા કે, ગચ્છભેદ જોયા વિના ગ્લાનાદિક સાધુની સેવા માટે પહોંચી જજો. તેમણે અંતિમ દિવસોમાં પચાસ સાધુઓને પ્રતિજ્ઞા આપી હતી કે તેમણે જીવનમાં પાંચ અતિ ગ્લાન સાધુઓની સેવા કરવી.

* * *

**दस दस दिवसे दिवसे धम्मं बोहेइ अहव अहिअयरो ।**
**इअ नंदिसेणसत्ती तहविय से संजमविवत्ति ।। 248 ।।**

**અર્થ :** દરેક દિવસે દસ આત્માઓને કે તેથી પણ વધુ આત્માઓને પ્રતિબોધ કરીને સંયમમાર્ગે મોકલે તેવી નંદિષેણના આત્મામાં કેવી જબરી દેશનાશક્તિ હતી ! છતાં તે ચારિત્રથી પતન પામ્યા.

**વિવેચન :** મગધપતિ શ્રેણિકનો રાજપુત્ર નંદિષેણ. પૂર્વના ભવમાં એક ઘટના બની હતી. તે શેઠને ત્યાં રસોઇ કરતો ભીમ નામે દાસ હતો. શેઠે એક વાર સંકલ્પ કર્યો કે, હું છૂટક છૂટક મળીને એક લાખ બ્રાહ્મણોને ભોજન કરાવું. તેણે ભીમને વાત કરી. ભીમે કહ્યું, તમારી વાત મંજૂર છે પણ ભોજનમાં જે કાંઈ વધારો થાય તે મારી માલિકીનો બને તેવું નક્કી કરો. શેઠે હા પાડી. ભીમ તે બધું ભોજન ઘણા સાધુ સાધ્વીજીને બોલાવીને વહોરાવતો. તે ભોજન નિર્દોષ બનવાથી સાધુ-સાધ્વીજીઓને વહોરવાનું અનુકૂળ થતું હતું. ભીમ ઉત્કૃષ્ટ ઉલ્લાસથી આ સાધુ-ભક્તિ કરતો હતો. તેણે નિકાચિત ભોગાવલિ કર્મ બાંધ્યું.

બીજે ભવે તે ભીમનો જીવ નંદિષેણ થયો. પાંચસો રાજકુમારી સાથે પરણીને ભોગ ભોગવતાં એકદા દેવાધિદેવ પરમાત્મા મહાવીરની દેશના સાંભળી. સંસારથી વૈરાગ્ય થતાં તેણે દીક્ષા લીધી.

દીક્ષા લેતી વખતે પરમાત્મા મહાવીરદેવે તથા ઉપસ્થિત દેવોએ તેને જણાવ્યું કે હજી તેનું ભોગાવલિ કર્મ બાકી છે. તે નિકાચિત હોવાથી ભોગવવું જ પડશે.

પણ નંદિષેણનો વિરાગ હૈયામાં એટલો બધો ઊછળતો હતો કે તેણે ભોગાવલિ કર્મને પણ ઊંધુંચત્તું કરી દેવાની તૈયારી બતાડી.

નંદિષેણનું પતન એ એની નિયતિ હતી એટલે સર્વજ્ઞ ભગવાન મૌન રહ્યા. નંદિષેણે દીક્ષા લીધી.

તેના માથે પતનનો ભય સતત તોળાતો હતો એટલે પતન ન થાય તે માટે તેણે ઘોર તપશ્ચર્યાઓ કરી. અરે, છેવટે પહાડ ઉપરથી ઝંપાપાત કરીને આયુષ્યનો અંત લાવી દેવાનું નક્કી કર્યું. ઝંપાપાત પણ કર્યો. કિન્તુ ભોગાવલિ કર્મ બાકી હતું એટલે જ તે વખતે ત્યાંથી પસાર થતાં શાસનદેવીએ તેને ઝીલી લીધો. તેના કર્મની યાદ દેવડાવીને આત્મહત્યા કરવાનો યત્ન નહિ કરવા સમજાવ્યું.

તેણે ગળા ઉપર તલવાર ઝીંકીને, ફાંસો ખાઈને પણ જીવનનો અન્ત લાવી દેવા કોશીશ કરી હતી પણ સર્વત્ર નિષ્ફળતા મળી.

અને.... પતનનો એ કાળો દિવસ, એ કાળી પળ આવી ગઈ.

વેશ્યાને ત્યાં ભૂલમાં ગોચરી માટે તે ગયા. વેશ્યાને ધર્મલાભ કહ્યો. પેલીએ અર્થલાભ માંગ્યો. અહંકારમાં આવી જઈને નંદિષેણે સંકલ્પ કરીને તણખલું તોડતા તપોલબ્ધિથી સાડાબાર ક્રોડ સોનૈયાની વૃષ્ટિ - નિકટસ્થ ક્ષેત્રપાલની સહાયથી – થઈ ગઈ.

વેશ્યાએ તેનો ભોગ કરવા સંસારમાં રહી જવા આગ્રહભરી પ્રાર્થના કરી.

''પતનની મારી નિયતિ છે'' એવું વિચારીને નંદિષેણે વાઘા ઉતારી નાંખ્યા.

સાધુવેષની ઉપધિને વ્યવસ્થિત રીતે કબાટમાં ગોઠવીને રોજ સવારે તેને વંદન કરતા. આંખે ચોધાર આંસુ પડી જતા.

ભોગો ભોગવતાં બારે ય વર્ષ આ રીતે નંદિષેણ રડતાં રહ્યા... એનું કારણ પૂર્વભવનું ભોગાવલિ કર્મ છે. એ કર્મ પુષ્કળ સાધુ – સાધ્વીજીની સેવાથી બંધાઈ ગયું હતું. ભોગો ભોગવવા માટે નિયાણું કરવારૂપ ન હતું. એટલે ભોગો ભોગવવા છતાં અંતરમાં જાગ્રતિ સદાબહાર હતી. (જો આ કર્મ નિયાણાથી બંધાયું હોત તો નંદિષેણનું પુનરુત્થાન સંભવિત ન બનત.)

વેશ્યાને ત્યાં રોજ સવારે ઘરની બહાર ખાટલો નાંખીને રાહદારીઓને એવો વૈરાગ્યભરપૂર બોધ આપતા કે તેમાંથી ઓછામાં ઓછા દસ આત્માઓને પરમાત્મા મહાવીરદેવ પાસે દીક્ષાર્થે મોકલતા.

રોજ દસ, તો બાર વર્ષમાં કેટલા ? લાખો.

કેવી અદ્‌ભુત દેશનાલબ્ધિ હશે. પોતે વેશ્યાને ત્યાં ઘર કર્યું છે, દીક્ષા લેતા નથી છતાં એક પણ આત્મા એવો સવાલ પણ પૂછતો નથી કે, ''તમે કેમ દીક્ષા લેતા નથી ?''

એનું કારણ એવું લાગે છે કે દેશના આપતાં નંદિષેણ આત્મસંપ્રેક્ષણ જોરદાર કરતા હશે. પોતાના પતનની સ્થિતિ કહેતાં ધ્રુસકે રડતા હશે. આવું દૃશ્ય જોઈને શ્રોતાને સમજ પડી જતી હશે કે આ જીવ કર્મનો માર્યો મરે છે, નહિ તો એ દીક્ષા લીધા વિના રહે જ નહિ.

જેવું નિકાચિત કર્મ ભોગવાઈ ગયું કે તરત નંદિષેણની દીક્ષા થઈ ગઈ. એ દિવસે નવ આત્માઓને તો દીક્ષા માટે રવાના કરી દીધા હતા પણ દસમો આત્મા કેમેય પ્રતિબોધ પામતો ન હતો. એને પમાડવાની મહેનતમાં ઘણો સમય લેવો પડ્યો તો ય તે ન પામ્યો. વેશ્યાએ નંદિષેણને ટોણો મારતાં કહ્યું કે, ''હવે દસમો નંબર તમારો લગાડી દો ને ? ઘણા વર્ષો સુધી સંસાર ભોગવાઈ પણ ગયો છે !''

અને... વેશ્યાનો ઉપકાર માનીને નંદિષેણે સંયમની વાટ પકડી લીધી.

અહીં એક વાત સમજવા જેવી છે કે નંદિષેણે પૂર્વના ભીમ તરીકેના ભવમાં સાધુ-સાધ્વીઓની ઉત્કૃષ્ટ–અકામ અને અનન્યરૂપ – ભક્તિ કરી તેથી તેણે નિકાચિત પુણ્યકર્મ (ભોગકર્મ) બાંધ્યું. પણ તેની સાથે તે પુણ્યકર્મ પુણ્યાનુબંધી પણ થયું.

આથી જ ભલે નંદિષેણ-ભવે બાર વર્ષ ભોગો ભોગવવા પડ્યા પરન્તુ પુણ્યાનુબંધના કારણે તે અંતરથી અલિપ્ત રહી શકયો. રોજ સાધુની ઉપધિને વંદન કરવું, દસ આત્માઓને દીક્ષાના માર્ગે - વેશ્યાના ઘરે બેસીને–વાળવા, બોધ દેતાં દેતાં વારંવાર અશ્રુપાત થવો... એ બધી વાતો નંદિષેણમાં નિર્મળ સમ્યક્ત્વની હાજરીની સૂચક છે. આ બધો પ્રતાપ પુણ્યાનુબંધનો છે.

પુણ્યના બંધથી ભોગો ભોગવ્યા.

પુણ્યના અનુબંધથી ભોગોમાં અનાસક્તિ મળી.

શાલિભદ્રને સંગમ રબારીના ભવે જે પુણ્યકર્મ બંધાયું તે નિકાચિત હતું. તેમાં નિયાણું વગેરે ન હતા તેથી તે પુણ્યાનુબંધી પણ હતું. આવા પુણ્યાનુબંધી

પુણ્યકર્મનો ઉદય થતાં તે શાલિભદ્ર થયા. ત્યાં તેમનું પતન થવાનો કોઈ સવાલ ન આવ્યો કેમકે તેમણે સંસારમાં રહીને જ તે કર્મ ભોગવ્યું હતું. પુણ્યાનુબંધના કારણે તેમની પાસે સમ્યગ્દર્શન હતું. આથી તે ભોગી બન્યા પણ ભોગલંપટ ન બન્યા. ભોગી અવસ્થામાં યોગી બની ગયા.

નંદિષેણે બળજબરીથી સાધુપણું લીધું એટલે નિકાચિત પુણ્યે તેમને પટકયા ખરા પણ ભીમના ભવમાં જે પુણ્યકર્મ બાંધ્યું હતું તે પુણ્યાનુબંધી હોવાથી નંદિષેણ છટ્ઠે ગુણસ્થાનેથી પટકાઈને ઠેઠ પહેલા ગુણસ્થાને ન પડ્યા પણ ચોથા ગુણસ્થાને અટકી ગયા. આથી જ વેશ્યાને ત્યાં પુણ્ય ભોગવતાં પણ તે જાગ્રત રહી શક્યા. એથી જ તે ફરીથી સાધુ થયા. ઉત્તમ સાધના કરીને દેવલોકે ગયા.

નંદિષેણના સાધુજીવનમાં કામવાસનાનું જાગરણ થવામાં દૂધ-ઘીનું સેવન વગેરે નથી કેમકે તે ઘોર તપસ્વી હતા. પણ તેમાં દેખીતા કારણ તરીકે પૂર્વ – ક્રીડિતસ્મરણ જણાય છે. પાંચસો રાજકુમારીઓ સાથે જે સંસાર ભોગવ્યો તેનું સ્મરણ મુનિજીવનમાં થાય તે અત્યન્ત સંભવિત છે. તેનો મુકાબલો કરવાનું કામ અત્યંત કઠિન છે. હજી દૂધ-ઘી વગેરે છોડી શકાય પણ આ મનસ્તાપ છોડવો અતિ મુશ્કેલ બને છે.

આ ચરિત્રમાંથી એક જોરદાર વાત જાણવા મળે છે કે કર્મોના બંધ અને અનુબંધ વર્ત્તમાન જીવનના વિકાસ કે વિનાશમાં ખૂબ મહત્ત્વનો ભાગ ભજવે છે. માટે કર્મોના બંધાદિક વખતે ખૂબ સાવધાન રહેવું જોઈએ.

વળી એક વાત જણાવું કે જો ધર્મવિરાધના તીવ્રતા સાથે કરી હોય તો નિકાચિત એવું પાપાનુબંધી પાપકર્મ બંધાય. નાગિલાના પતિ ભવદેવ - મુનિએ મોટાભાઈ મુનિની શરમથી સાધુ થઈને લાગટ બાર વર્ષ સુધી 'નાગિલા'ના નામનો જપ કર્યો. મુનિ થવા બદલ ભારે અફસોસ થયો. આ સ્થિતિમાં તેમણે પાપાનુબંધી પાપકર્મ બાંધ્યું.

પણ નાગિલાની પ્રેરણાથી જીવન પલટાયું. હવેના જીવનના શેષ બાર વર્ષ ઉત્તમ કોટિના મુનિ બન્યા. આ મુનિજીવનમાં થયેલા પાપ બદલ તીવ્ર પશ્ચાત્તાપ કર્યો. આથી પાપાનુબંધ તૂટી ગયો પણ નિકાચિત હોવાથી ચારિત્રમોહનીય કર્મબંધ તો ન જ તૂટ્યો.

એને તોડવા માટે તેણે શિવકુમારના ભવમાં બાર વર્ષ સુધી છઠના પારણે છઠ કર્યા. તેનું ચારિત્રમોહનીયકર્મ નિકાચિત હતું એટલે માબાપને પણ તેને દીક્ષા દેવાની ભાવના ન જ થઈ.

બાર વર્ષની ઘોર તપશ્ચર્યા દ્વારા તે નિકાચિત ચારિત્રમોહનીય નામનું પાપકર્મ તૂટ્યું.

આમ પાપના અનુબંધ અને બંધ તૂટી જતાં વળતા ભવે તે જંબૂકુમાર બન્યા. જેનું વાસનાવિહીન ચારિત્ર અદ્ભુત છે.

નિર્મળ ધર્મ કરવાથી પુણ્યાનુબંધી પુણ્યકર્મ બંધાય.

તીવ્ર પાપ કરવાથી પાપાનુબંધી પાપકર્મ બંધાય.

એમાં જે નિકાચિત બન્યું હોય તેને ભોગવવું જ પડે. શાલિભદ્રે ભોગવ્યું. નંદિષેણને ભોગવવું પડ્યું. હઠથી લીધેલી દીક્ષા છૂટી ગઈ.

જ્યાં પુણ્યાનુબંધ હોય ત્યાં પુણ્યકર્મ કે પાપકર્મ ઉદયમાં આવે તો ય તેનું ચોથા ગુણસ્થાનેથી નીચે પતન થવા ન દે. આ કામ પુણ્યાનુબંધનું છે.

એક સવાલ કરું છું કે જો ચારિત્રજીવન લીધા પછી પતન થવાની વાત જન્મકુંડલિના આધારે કોઈ કરે તો તે મુમુક્ષુએ દીક્ષા ન લેવી ? કે લેવી ?

આનો સીધો જવાબ એ છે કે દીક્ષા લેવી. કેમકે જન્મકુંડલિનો સમય ખોટો હોવાની શક્યતા હોય છે. જોષી અધકચરો હોઈ શકે છે અથવા વડીલોએ તેને પૈસા દઈને ફોડ્યો હોઈ શકે છે.

અથવા ધારો કે ખરેખર પતન થવાનું હોય તો ય નંદિષેણની જેમ દીક્ષા તો લેવી જ. આથી પતન પૂર્વના દીક્ષાના જેટલા વર્ષો ઉત્તમ ચારિત્રપાલનમાં વીત્યા, એનાથી જે કર્મક્ષયાદિ થયા તે તો જમા થઈ જ ગયા ને ?

દીક્ષિત થવાથી નંદિષેણ મુનિ દસ પૂર્વધર બન્યા હતા અને દેશનાલબ્ધિના ધારક થયા હતા. આ કેટલું મોટું જમા પાસું.

આથી જ પ્રભુએ હાલિક ખેડૂતનું પતન જાણવા છતાં ગૌતમસ્વામીજીને દીક્ષા દેવા માટે મોકલ્યા હતા.

દીક્ષાની વિધિ કરતાં છઠ્ઠું કદાચ સાતમું પણ ગુણસ્થાન મળી જાય તે સંભવિત છે કેમકે તે સમયનો ઉલ્લાસ કલ્પનાતીત હોય છે.

હવે ધારો કે તે આત્માનું પતન થયું અને તેથી કદાચ પહેલે ગુણસ્થાને આવીને પડ્યો, પણ તેથી શું થઈ ગયું ? તે એક વાર તો ચોથા ગુણસ્થાનને સ્પર્શી તો ગયો જ ને ? આમ થતાં તેનો અનંત પુદ્ગલપરાવર્ત્તનો સંસાર ધડાકાબંધ કપાઈ ગયો. હવે વધુમાં વધુ માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત્તનો સંસાર બાકી રહ્યો.

પતન થવા છતાં આ લાભ કેટલો મોટો જમા થઈ ગયો ! બાકી તો પતન વગેરે નિયતિને આધીન છે એટલે તેની ચિંતા કરીને ભડકી જવાની કોઈ જરૂર નથી.

જે નિકાચિત કર્મે નંદિષેણને ભોગસુખમાં પટકયા તે નિકાચિત કર્મે પરમાત્મા મહાવીરદેવને દુઃખોની આગમાં પટકયા. અરે, નીચગોત્ર કર્મ નિકાચિત હતું એટલે તેના ભોગવટામાં બાકી રહેલા બ્યાસી દિવસોને પણ કર્મસત્તાએ તીર્થંકરના ભવની પણ શરમ રાખ્યા વિના નીચકુળમાં ઘાલી દઈને બ્યાસી દિવસ ચુકતે કર્યા.

નંદિષેણનું નિકાચિત એવું પુણ્યકર્મ હતું. બળજબરીથી તેને તોડવા ગયા તો ફાવ્યા નહિ. ઊલટું એમનું સાધુપણું જ તૂટી ગયું.

પરમાત્મા મહાવીરદેવે કોઈ નિકાચિત નીચગોત્ર કર્મને તોડવાની બળજબરી કરી નથી. સહજ રીતે બ્યાસી દિવસનું કર્મરાજાનું લેણું ચુકતે કરી આપીને તીર્થંકરદેવ થવાનો અધિકાર પ્રાપ્ત કર્યો.

કોઈ પણ કર્મ બંધાય : પાપ કે પુણ્ય. અને ગમે તેવો નિકાચિત બંધ થાયઃ પાપનો કે પુણ્યનો.

પણ અનુબંધ તો પુણ્યાનુબંધ જ હોવો જોઈએ, જે દુઃખના કે પાપના ઉદયકાળમાં બુદ્ધિને સ્વચ્છ રાખે, સમ્યગ્દર્શનને નિર્મળ રાખે. જેથી ફરીથી ઉન્નત સ્થિતિ પ્રાપ્ત થાય.

જે સાધુઓ સુંદર સંયમ પાળવા દ્વારા સમ્યગ્દર્શનને નિર્મળ રાખીને પુણ્યાનુ – બંધી પુણ્યકર્મ બાંધે છે તે નિશ્ચિતપણે દેવગતિ પામે છે. ત્યાં ભોગસુખો પુષ્કળ છે. તેને તે ભોગવે છે. કારણ કે મુનિજીવનમાં પ્રચંડ પુણ્યકર્મબંધ કરેલો છે. તે કર્મને ભોગવવું જ પડે. પણ તે ભોગમાં તે સાધુઓ લપસી પડતા નથી જેમનું પુણ્યકર્મ પુણ્યાનુબંધી છે. હા, પાપાનુબંધવાળા આત્માઓ દેવગતિમાં ભયંકર પતન પામી જાય ખરા.

આ ઉપરથી એ વાત નક્કી થાય છે કે ઉત્તમ ધર્મ કરીને પુણ્યાનુબંધી પુણ્યકર્મ બાંધવું જોઈએ. તેનાથી દેવભવ મળે કે મનુષ્યભવમાં શ્રીમંતાઈ, આરોગ્ય વગેરે મળે, તેનાથી ગભરાવું જોઈએ નહિ. પુણ્યાનુબંધ (સમ્યગ્દર્શન) જીવને ત્યાં પડતો અટકાવે છે. દરેક સાધુ-સાધ્વીએ આ વાત ધ્યાનમાં લઈને મુનિજીવનમાં મોક્ષ પામવાની તીવ્ર અભિલાષા સેવીને પુણ્યાનુબંધ તૈયાર કરવો. સંસારાભિલાષ પાપાનુબંધ તૈયાર કરે છે.

નંદિષેણની કથા આપણને આવું બધું ઘણું ઘણું કાનમાં કહી જાય છે.

* * *

**कलुसीकओ अ किट्टीकओ अ खयरीकओ मलिणीओ अ ।**
**कम्मेहिं एस जीवो नाउण वि मुज्झइ जेण ।।249।।**

**અર્થ :** ડહોળા પાણીની જેમ કર્મથી કલુષિત થએલો, લોઢાને કાટ વળગે તેમ કર્મના કાટવાળો થએલો, વિરસ લાડુની જેમ જ્ઞાનાદિરહિત થઈને ગંધાયેલો, મેલવાળા વસ્ત્રની જેમ કર્મ વડે મલિન કરાયેલો જીવ બધું જાણવા છતાં સંસારમાં મૂઢ બની જાય છે.

**વિવેચન :** આત્મા સ્વભાવે અજન્મા, અજર અને અમર છે પણ કર્મોના કારણે તે જન્મે છે, ઘરડો થાય છે અને મરે છે એમ કહેવાય છે.

વળી આ ત્રણ આફતોની સાથે બીજી ત્રણ આફતો જોડાય છે.

તે જન્મે છે; તેની ઈચ્છા નથી ત્યાં.

તે જીવે છે; પાપભરેલું જીવન.

તે મરે છે; રિબાઈ રિબાઈને.

શુદ્ધ નિશ્ચયનયથી તેને રાગ, દ્વેષ નથી, તેને કર્મબંધ થતો નથી. છતાં તે રાગી, દ્વેષી બનતો કહેવાય છે. કર્મોથી કલુષિત થયેલો જણાવાય છે.

તે અનંત જ્ઞાન, દર્શન, ચારિત્ર અને સુખ (અનંત ચતુષ્ટય)નો માલિક છે છતાં દુનિયામાં તે અજ્ઞાની, અંધ, ચારિત્રહીન અને અત્યન્ત દુઃખી તરીકે દેખાય છે.

કાંઈક વિકાસ પામ્યા પછી તેને ખબર પડે છે કે તે બધી દશા કર્મોએ સર્જી છે છતાં સંસારની મોહમાયાને જોઈને તે મૂઢ બની જાય છે. તે તરફ આકર્ષાઈ જાય છે. એ વખતે એ ધર્મને જાણે છે પણ તેમાં પ્રવૃત્ત થતો નથી, અધર્મને જાણે છે પણ તેનાથી નિવૃત્ત થઈ શકતો નથી. અનાદિકાલીન કુસંસ્કારોનું જાગરણ થતાં અને કુનિમિત્તોનો સંગ થતાં તેની બધી વિષમતા અને કૃત્રિમતા જીવંત બની જાય છે.

મહાસત્વશાળી સાવ સત્વહીન બની જાય છે.

દેડકાના પગોમાં જબરદસ્ત ચપળતા હોય છે. એક ક્ષણના સોમા ભાગમાં તો તે કયાંય છૂ થઈ શકે છે. પણ જ્યારે સાપ સામે આવી જઈને તેનો શિકાર

કરવા માટે સ્થિર બની જઈને તગતગતી આંખોથી તેની ઉપર ત્રાટક કરે છે ત્યારે દેડકો એવો હેબતાઈ જાય છે કે તે ભાગી શકતો નથી : પોતાનો જાન બચાવી શકતો નથી. આરામથી સાપ તેનો કોળીઓ કરી દે છે.

જીવની સામે કુસંસ્કારોના જાગરણનો સાપ આવી ગયા બાદ તે સાવ બાઘો બનીને પોતાની જાત તેને આધીન કરી દે છે.

આત્મામાં પેઠેલા દોષો એ આત્માના ઘરના માલિકો નથી. એ દોષો પરાયા છે. પણ આત્માએ તેમને પ્રેમથી બોલાવ્યા. તે પેસી ગયા. સાપોળીઆ સાપ બની ગયા. કાળા ભોરીંગ નાગ બની ગયા. આતમના ઘરનો તેમણે કબજો લીધો. માલિકને ઘરમાંથી બહાર કાઢ્યો.

પેલા ઊંટની જેમ... જેણે ધીમે ધીમે તંબૂમાં પગપેસારો કરતાં કરતાં આખો ને આખો તંબૂમાં પેસી ગયો. માલિક ધીમે ધીમે બહાર નીકળતાં પૂરેપૂરો બહાર નીકળી ગયો.

માલિક નિર્વાસિત બની ગયો !

હવે આ લાખો ઝેરી નાના મોટા સાપને ઘરમાંથી બહાર કાઢવા એ જાનને હોડમાં મૂકવા જેવું અઘરું કામ છે. એકાદ પણ સાપ વિફર્યો કે આતમરામના રામ રમી જાય.

હવે તો એક જ ઉપાય છે; એ બધા સર્પોને ભગાડી મૂકવાનો. તે છે; કોઈ મોરલાને આતમવનમાં લાવી મૂકો. એના એક જ કેકારવે બધા સાપ દૂમ દબાવીને ભાગી છૂટશે.

એ મોરલો એટલે પરમાત્મા.

જેના હૈયે પરમાત્માનો વાસ થાય છે તેના હૈયે દોષો રહી શકતા નથી.

તુલસીદાસજીએ આ વાત અન્ય રીતે કરી છે. તેમણે રામને ઉદ્દેશીને કહ્યું છે, "હે ભગવાન રામ ! રાવણ એવું કદી નહોતો ઈચ્છતો કે તમે લંકામાં પ્રવેશો અને રાવણનું ડોકું ઉડાવી દો. પણ પ્રભુ ! તમે બળજબરીથી લંકામાં પ્રવેશ્યા અને રાવણને ખતમ કરી નાંખ્યો. પ્રભુ ! એ જ રીતે મારી અંદર જામી પડેલા લાખો દોષો એવું કદી નથી ઈચ્છતા કે તમે આંતર-મનરૂપી વનમાં પ્રવેશો અને તે દોષોના ડોકાં ઉડાવી દો. પણ હું તમને આગ્રહભરી વિનંતી કરું છું કે તમે બળજબરીથી મારી અંદર પેસી જાઓ અને મારા દોષોને ભગાડી મૂકો."

જયાં સુધી આવી કોઈ ધન્ય સ્થિતિ પેદા નહિ થાય ત્યાં સુધી આત્મા પોતાનું અસલી સ્વરૂપ પ્રાપ્ત કરી શકશે નહિ. તેની સંસારની અનંતકાલીન રઝળપાટનો અંત આવશે નહિ. તે જન્મેલો, મરેલો, ઘરડો થયેલો ગણાશે. તે અજ્ઞાની, દુષ્ટ, દુરાચારી, મવાલી, ગુંડો, માફીઆ જાહેર થતો રહેશે.

અસલી સ્વરૂપને પ્રગટ કરવામાં નહિ આવે ત્યાં સુધી આત્મા રાગ, દ્વેષના ધાંધીઆ કરતો રહેશે. કર્મોના હુમલાઓનો ભોગ બનતો રહેશે.

આત્માના બે સ્વરૂપ છે : અસલી અને નકલી.

અસલી સ્વરૂપમાં એ રાગદ્વેષમુક્ત છે.

નકલી સ્વરૂપમાં એ રાગદ્વેષયુક્ત છે.

અસલી સ્વરૂપમાં 'શિવ' સ્વરૂપ સિદ્ધભગવંત સ્વરૂપે અભેદ થાય છે.

નકલી સ્વરૂપમાં જીવસ્વરૂપ સંસારી આત્માઓ સાથે અભેદ થાય છે.

પોતાના આત્માને શિવ જોવો.

બીજા આત્માઓને જીવ જોવો.

પોતાનો આત્મા શિવ છે એટલે એનાથી કશું ખોટું કે ખરાબ થાય નહિ.

બીજા બધા આત્માઓ જીવ છે એટલે કે કર્મથી યુક્ત છે. તેઓ બિચારા ભૂલો કરી બેસે તો તેમને માફી દેવા સિવાય બીજું કશું ન કરી શકાય.

આમ ચૌદ રાજલોકના તમામ શિવ અને જીવનો અભેદ સંબંધ થાય છે.

* * *

**कम्मेहिं वज्जसारोवमेहिं जउनंदणो वि पडिबुद्धो ।**
**सुबहुं पि विसूरंतो न उरइ अप्पखमं काउं ।। 250 ।।**

**અર્થ :** યદુનંદન શ્રીકૃષ્ણ પ્રતિબુદ્ધ (ક્ષાયિક સમ્યક્ત્વ સહિત) હતા. વળી પોતાના દોષો બદલ પુષ્કળ પશ્ચાત્તાપ પણ કરતા હતા, છતાં લોખંડની ઉપમાવાળા અતિ કઠણ કર્મોને લીધે પોતાની જાતનું હિત કરવાને સમર્થ બની શક્યા નહિ.

**વિવેચન :** શ્રીકૃષ્ણ તરીકે તે આત્મા ક્ષાયિક સમ્યક્ત્વનો માલિક હતો. આવતી ચોવીસીમાં બારમા અમમ નામના તીર્થંકરનો તે જીવ હતો. પરમાત્મા નેમિનાથના એ પરમ ભક્ત હતા. દોષો ઉપરના પશ્ચાત્તાપની આગ આસમાનને આંબી જતી હતી. પોતાના સંતાનોના સગપણાદિનું કાર્ય પણ સાવદ્ય હોવાથી કરતા નહિ.

બધું છતાં નિકાચિત કર્મો આડા ઊતર્યા. તે પોતાના આત્માને તે ભવમાં તારી શક્યા નહિ.

એકદા તેમણે અઢાર હજાર સાધુઓને અત્યન્ત ઉલ્લસિત ભાવે વિધિવત્ વંદના કરી. ત્યાર બાદ તેમણે પરમાત્માને કહ્યું, "વંદના કરવામાં મારો હર્ષ હિલોળે ચડ્યો પરન્તુ મને કદી ન લાગ્યો હોય એવો થાક લાગી ગયો છે."

પ્રભુએ કહ્યું, "કૃષ્ણ ! થાક ભલે લાગ્યો પણ એની સામે તમને શું દલ્લો મળી ગયો છે તેની ખબર છે ? તમે તમારી ચાર નારકોના દળીઆ આત્મા ઉપરથી ખેરવી નાંખ્યા છે. હવે તમે સાતમી નારકના બદલે ત્રીજી નારકે જશો."

જો કે આ સાંભળીને કૃષ્ણે બાકીની ત્રણ નારકોને તોડવા માટે ફરી અઢાર હજાર સાધુઓને વંદના કરવાની તૈયારી બતાડી પરન્તુ પરમાત્માએ તેવા નિર્મળ ભાવો ફરી વંદના કરતાં નહિ આવે તેમ કહીને અટકાવી દીધા.

દુષ્કૃતગર્હાની તો પ્રચંડ તાકાત આપણે અનેક ચરિત્રોમાં સાંભળી છે. પરન્તુ મુનિઓના સુકૃતોની અનુમોદનાની તાકાત આ સ્થળે જ સમજાઈ.

આવા પ્રચંડ સાહસને સાધનારા શ્રીકૃષ્ણને પણ કર્મોએ ન છોડ્યા. તેમને એક વાર તો નારકમાં ધકેલી દીધા !

ગ્રન્થકારશ્રી કૃષ્ણનું દૃષ્ટાન્ત લઈને એમ કહેવા માંગે છે કે કર્મોની તાકાત અપ્રતીમ છે. એનો મુકાબલો કરવાનું કામ ઘણું અઘરું છે. એટલે શક્ય હોય તો અશુભ કર્મો બંધાય જ નહિ તેવો પુરુષાર્થ આત્માએ કરવો જોઈએ.

કહ્યું છે, "**બંધ સમય ચિત્ત ચેતીએ, ઉદયે શો સંતાપ.**

જો અશુભ કર્મ બંધાઈ ગયું તો પણ તેના હુમલાથી ઉગરવાની એક તક છે. કર્મોના અબાધાકાળ દરમ્યાન જે તે કર્મો ઉપર વિવિધ પ્રકારના હુમલા આત્માએ કરી દેવા. (નિકાચિત કર્મ સિવાય)

કેટલાક કર્મોને ઝપાટામાં લઈને ક્ષીણ કરી દેવા.

કેટલાક અશુભ કર્મોનું સજાતીય શુભ કર્મોમાં રૂપાન્તર કરી દેવું.

કેટલાકના સ્થિતિ કે રસ ઘટાડી નાંખવા.

આમ કરીને પણ ઉદયમાં આવનારા અશુભ કર્મોને સાવ નબળા પાડી દેવા, જેથી તેની વિઘાતક અસરો જોવા ન મળે.

જ્યાં સુધી કર્મ અબાધાકાળમાં છે ત્યાં સુધીમાં આત્માએ પૂરા શૌર્ય સાથે તેને પટકી નાંખવું. જો કર્મ ઉદયમાં (વિપાક કાળમાં) આવી ગયું તો તેને સમાધિથી ભોગવવું, તે વખતે અસમાધિ કરવી નહિ.

ટૂંકમાં શૌર્યથી ખતમ કરો.

સમાધિથી સહન કરો.

આ સિવાયની કોઈ પણ કામગીરીથી કર્મો પૂરા વિફરશે; જીવનું પારાવાર અહિત કરી નાંખશે.

કર્મબંધના ચાર સ્વરૂપ છે. પ્રકૃતિબંધ, સ્થિતિબંધ, રસબંધ અને પ્રદેશબંધ.

આમાં સૌથી વધુ ગંભીર રસબંધ છે. કર્મ બાંધતી વખતે જીવમાં અધ્યવસાયની તીવ્રતા કે મંદતા ઉપર રસબંધ થાય છે. જો પાપો કરવા જ પડે તો તે કરતી વખતે તેમાં મનનો રસ તીવ્ર બનાવવો નહિ. આ માટે તે કામો કરતાં વેઠ ઉતારવી. હા, શુભકર્મોના બંધ વખતે તેમાં રસ તીવ્ર રેડવો.

અશુભકર્મોના રસની તીવ્રતા, મંદતા કુલ ચાર પ્રકારની હોય છે. તેને એક ઠાણીઓ, બે ઠાણીઓ, ત્રણ ઠાણીઓ અને ચાર ઠાણીઓ રસ કહેવાય છે. શુભ કે અશુભ કર્મમાં એક-બે ઠાણીઓ બહુ ઓછો તીવ્ર રસ કહેવાય. (શુભ કર્મોમાં ઓછામાં ઓછો રસ બે ઠાણીઓ હોય છે.) ઉદ્વર્ત્તના અને અપવર્તના કરણોથી અબાધાકાળમાં રસની તીવ્રતા, મંદતા ઓછી વત્તી થાય છે.

કૃષ્ણ, શ્રેણિક વગેરે નિર્મળ સમ્યક્ત્વના ધારક હતા છતાં અવિરત હતા, એટલે તેઓ મોક્ષલક્ષી તપ વગેરે કરી શકતા ન હતા. જ્ઞાનીઓ કહે છે કે આવા અવિરત આત્માઓ જવલ્લે જોવા મળે.

આ આત્માઓનો પાપમાં કાયપાત થાય પણ ચિત્તપાત કદી ન થાય. ઊલટો તે વખતે ભરપૂર પશ્ચાત્તાપ હોય. આ વાત કૃષ્ણના વિષયમાં ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં **सुबहुं पि विसूरंतो** શબ્દોથી કહી છે.

* * *

**वाससहस्सं पि जइ काउणं संयमं सुविउलं पि ।**
**अंते किलिट्ठभावो न विसुज्झइ कंडरिउव्व ।। 251 ।।**

**અર્થ :** એક હજાર વર્ષ સુધી કંડરિક મુનિએ ઘોર તપશ્ચર્યા કરી. ઉત્તમ સંયમ

પાળ્યું પણ છેલ્લે તેને સંકિલષ્ટભાવ થયો તેથી તેને તપથી વિશુદ્ધિ તો મળી પણ તે આત્મા સાતમી નારકે ગયા.

**વિવેચન :** કંડરિક મુનિએ એક હજાર વર્ષ સુધી ઘોર તપ કરવા સાથે ઉત્કૃષ્ટ સંયમધર્મનું પાલન કર્યું. પરન્તુ જીવનના છેલ્લા દિવસોમાં તેના અધ્યવસાયો ખૂબ મલિન થઈ ગયા. તે મરીને સાતમી નારકે ગયા.

પહેલાં આપણે યુવરાજ કંડરિકનો જીવનવૃત્તાન્ત નજરમાં લાવીએ.

મહાપદ્મ રાજાને બે પુત્રો હતા; પુંડરિક અને કંડરિક. તેમને અનુક્રમે રાજાના અને યુવરાજના પદે આરૂઢ કરીને રાજા મહાપદ્મે દીક્ષા લીધી.

એક વાર સ્થવિર મુનિની દેશના સાંભળીને બે ભાઈઓને દીક્ષા લેવાની ભાવના થઈ.

કંડરિકે દીક્ષાનો વિશેષ આગ્રહ રાખતાં એ જણાવ્યું કે, મોટાભાઈ પુંડરિક સંસારી છતાં સાધુ જેવું જીવન અનાસક્તિથી જીવે છે. આમ રકઝકના અંતે કંડરિકની દીક્ષા થઈ.

કંડરિક મુનિ અગિયાર અંગના પાઠી બન્યા. અત્યુગ્ર તપ અને પારણે સાવ નીરસ આહાર – પાણી લેવાથી એક હજાર વર્ષના અન્તે તેમનું શરીર સાવ કૃશ થઈ ગયું.

ગુરુ સાથે વિહાર કરતાં પુંડરીકિણી નગરીમાં આવ્યા. સગા ભાઈ રાજા પુંડરિક તેમના અતિકૃશ થયેલા દેહને કારણે ઓળખી ન શક્યા. ભાઈએ ગુરુને વિનંતિ કરી કે થોડો વખત તેમને આ ઉદ્યાનમાં રોકી દેવાય, જેથી તેમનું આરોગ્ય ઉત્કૃષ્ટ બનાવી શકાય.

નિયતિ જ વિષમ હશે એટલે ગુરુથી સંમતિ અપાઈ ગઈ. ગુરુ સર્વજ્ઞ તો ન જ હતા, એટલે જ આ થાપ ખવાઈ ગઈ.

થોડા મહિનામાં કંડરિકમુનિની કાયા એકદમ હૃષ્ટપુષ્ટ થઈ ગઈ. સહવર્તી સ્થવિર મુનિઓએ વિહાર કરીને ગુરુ પાસે પહોંચવાની વાત કરી પણ કંડરિકના તાળવે રસભરપૂર આહારની મધલાળ એવી ચોંટી હતી કે તે વિહાર કરવા માટે મજબૂર થયા. સ્થવિરોએ રાજાને વાત કરી. ભાઈ-મહારાજની ચિત્તસ્થિતિ સારી નથી તે પણ જણાવ્યું.

રાજા પુંડરિક ખૂબ બેચેન બની ગયા. ભાઈ મહારાજ પાસે ગયા. તેમના

સંયમજીવનની ચર્યા કેવી અદ્‌ભુત છે તેની વાતો કરી. પણ તે પછી સ્થવિર મુનિઓએ વિહાર કરવા માટે સખત દબાણ કર્યું એટલે ઢસડાતે પગે વિહાર કર્યો. થોડાક આગળ પણ ગયા. પરન્તુ એકાએક મુનિઓને છોડીને એકલા પુંડરીકિણી નગરીના ઉદ્યાનમાં આવી ગયા. એક વૃક્ષની ડાળે બધી ઉપધિનું પોટલું બનાવીને ટીંગાડી દીધું. વૃક્ષની નીચે, લમણે હાથ દઈને, સાવ બેચેન મુદ્રામાં બેસી ગયા.

ધાવમાતાએ તેમને જોયા. રાજાને બધી વાત કરી. તરત રાજા કંડરિક - મુનિ પાસે આવી ગયા. 'હવે ખેલ ખલાસ છે !' એવું તેમના મનમાં નિશ્ચિત થયું. કંડરિકે પણ લાજ-શરમ મૂકીને કહ્યું, "મોટાભાઈ ! મને ભોગસુખો ભોગવવાની તીવ્ર લાલસા છે. આ કઠોર સાધુજીવન હું જીવી શકું તેમ નથી."

બીજી કશી વાત કર્યા વિના ભાઈએ મુનિને કહ્યું, "ભલે, તમારી વાત મંજૂર છે. પણ તમારો સાધુવેષ ધરતી ઉપર તો નહિ મુકાય. એમાં બાપદાદાની ખાનદાનીને કલંક લાગે. તમારા કપડાં હું પહેરી લઉં. મારા વસ્ત્રો તમે પહેરી લો. થોડીક જ મિનિટોમાં વસ્ત્રોની ફેરબદલી થઈ. પુંડરિક ગૃહસ્થ મટીને મુનિ બન્યા. કંડરિક મુનિ મટીને ગૃહસ્થ બન્યા. સહુએ પોતપોતાની વાટ પકડી લીધી.

રાજમહેલે જઈને પહેલું કામ કંડરિકે દાબી દાબીને કરાંજીને ખાવાનું કર્યું. એની ખાવાની રીત જોઈને ઉપસ્થિત ભાભીઓ ત્રાસી ગઈ. રાજવૈદ્યો સ્તબ્ધ થઈ ગયા. સહુને કંડરિકના ચારિત્રભ્રંશ બદલ ખૂબ તિરસ્કાર થયો. તેમની ઉપેક્ષા ઉપર કંડરિકને પણ તેમના પ્રતિ ધિક્કાર થયો. તે ક્રોધાન્ધ બની ગયો. તીવ્રતમ રૌદ્રધ્યાનમાં ચડી ગયો. ગાંડાની જેમ ખૂબ ખાવાથી રાતે શૂળ ઉપડયું. કંડરિક મૃત્યુ પામ્યો. કંડરિક સાતમી નારકે ગયો.

બીજી બાજુ એ જ બે દિવસોમાં પુંડરિક મુનિએ પોતાનું હિત સાધી લીધું. મુનિવેષ ધારણ કરતાં જ– જ્યાં સુધી મહાવ્રતોના સ્વીકાર સાથે વિધિવત્ સાધુત્વ ન સ્વીકારે ત્યાં સુધી અન્ન-પાણી ત્યાગ્યા. બે દિવસે ગુરુ મળ્યા. દીક્ષા થઈ. વાલ, ચણા જેવા લુખ્ખા પદાર્થોથી પારણું થયું. રાજબીજ હોવાથી આ બધું ખાધેલું નહિ પચતા રાતે શૂળ ઊપડ્યું. પૂર્ણ સમાધિપૂર્વક મૃત્યુ (કાળધર્મ) પામીને સર્વાર્થસિદ્ધ વિમાને પહોંચ્યા.

બે ભાઈઓ વચ્ચે ચૌદ રાજલોક(લગભગ)નું અંતર પડી ગયું !

ગ્રન્થકારશ્રી કહે છે કે થોડા જ કલાકોના રૌદ્રધ્યાનના સંકિલષ્ટ પરિણામોએ કંડરિકને સાતમી નારક ભેગા કરી દીધા. તે વખતે હજાર વર્ષનું સંયમપાલન

મદદે ન આવ્યું : દુર્ગતિમાં જતાં કંડરિકને રોકી ન શક્યું.

અહીં બે વાતોની સંભાવના છે. એક હજાર વર્ષનું સંયમપાલન જો ઘડા જેવું હોય તો તે ઘડો હવે ફૂટી ગયો. તેના ઠીકરા થઈ ગયા. તેની કોઈ કિંમત આવે નહિ.

પણ જો તે સંયમપાલન મોક્ષના અનન્ય લક્ષ સાથે ઉત્તમ કોટિનું થયું હોય તો એ સોનાનો ઘટ છેલ્લે ભાંગી ગયો. ભલે, પણ તેના મૂલ પૂરેપૂરા આવે.

છેલ્લા બે દિવસના રૌદ્રધ્યાનમાં જો આયુષ્યકર્મ બંધાઈ ગયું હોય તો ભલે એક વાર કંડરિકને સાતમી નારકે જવું પડ્યું; પણ તે પછી તેને ઉત્તમ ચારિત્રપાલનનું ફળ તો મળશે જ.

વેઠ કરવા સાથે થયેલો ધર્મ જો ભાંગી પડે તો તે માટીનો ઘડો ભાંગ્યો કહેવાય.

ઉત્તમ પરિણામો સાથે થયેલો ધર્મ જો ભાંગી પડે તો તે સોનાનો ઘડો ભાંગ્યો કહેવાય.

ઠીકરાની કોઈ કિંમત ન મળે.

સુવર્ણના ટુકડાની પૂરી કિંમત મળે.

ધારો કે પહાડના દસ હજાર પગથિયાં છે. તેમાંના ૯૯૯૯ પગથિયાં તો ધ્યાનપૂર્વક બરોબર ચડી જવાયા પણ જો છેલ્લા પગથિયે બેધ્યાન રહેવાયું તો ઊંડી ખીણમાં પટકાઈ જવું પડે, જ્યાં હાડકાના ટુકડા પણ હાથમાં ન આવે.

૯૯૯૯ પગથિયાં ચડ્યા તેનું કોઈ ઈનામ નહિ. હા. એક પગથિયું ચૂકયા તેની સજા પૂરેપૂરી મળે.

મહાપાપી ગોશાલકને છેલ્લા દિવસમાં સમ્યક્ત્વપ્રાપ્તિ અને આયુબંધ થયો એટલે તેનું ફળ બારમો દેવલોક મળી ગયો. હા, એ પછીના એના શેષ અનંતા ભવોમાં એ અતિ ખરાબ રીતે પરેશાન થશે. એના પાપો પોકાર્યા વિના રહેવાના નથી.

શ્રેણિક રાજાને આયુબંધ ખરાબ થવાથી માથે નારક ઠોકાઈ પણ તે સિવાયના ઉત્તમ જીવનનું ફળ – તીર્થંકરત્વની પ્રાપ્તિ – પછી પણ મળશે જ.

* * *

**अप्पेण वि कालेणं केइ जहागहियसीलसामन्ना ।**
**साहंति नियय‍कज्जं पुंडरियमहारिसिव्व जहा ।। 252 ।।**

**અર્થ :** જે ભાવે શીલ અને શ્રામણ્યનો સ્વીકાર કર્યો હોય તે જ ભાવે આખું જીવન જીવાય તો થોડા કાળમાં પુંડરિક મહર્ષિની જેમ આત્મહિત સાધી શકાય છે.

**વિવેચન :** સિંહની જેમ જે આત્મા સંસારત્યાગ કરે છે અને સિંહની જેમ શ્રામણ્યને સંપૂર્ણ પાળે છે એ સાધુ ટૂંક સમયમાં જ આત્મહિત સાધી લે છે.

ગજસુકુમાલ મુનિએ હજી તો સાધુપણું લીધું ન લીધું ત્યાં તો મોક્ષ પામી ગયા.

દીક્ષા લેતી વખતના ભાવો તો ચોક્કસપણે ઉત્કૃષ્ટ હોય છે. એ ગ્રહણ-ક્રિયા કરતાં કરતાં કેટલાય આત્માઓ સાતમા ગુણસ્થાનની સ્પર્શના કરી લેતા હશે. આ ઉત્તમ ભાવો સતત વધતા જાય તો બાર માસનો દીક્ષાપર્યાય થતાં અનુત્તરવાસી દેવની શાતા કરતાં ય વધુ સમાધિનો અનુભવ સાધુ કરે.

કાશ ! વર્તમાન સ્થિતિ ઘણા બધા સાધુ અને સાધ્વીઓ માટે સાવ અલગ જોવા મળે છે. દીક્ષાના જીવનના મહિનાઓ કે વર્ષો જેમ જેમ જતા જાય તેમ તેમ સંકલેશનો પારો વધતો જતો જોવા મળે છે.

બેશક આમાં 'દીક્ષા' એ શું વસ્તુ છે ? તેની પાકી સમજણનો અભાવ કારણ છે.

જ્યાં પ્રતિકૂળતાઓને જ પોતાના શ્વાસ અને ઉચ્છ્વાસ બનાવી દેવાના છે ત્યાં જો પ્રત્યેક ક્ષણે અનુકૂળતાઓ જ શોધવાની મહેનત ચાલતી હોય ત્યાં ચિત્તપ્રસન્નતા શી રીતે જોવા મળે ?

અરે, અનુકૂળતાઓ તો ઘરમાં ઠસોઠસ ભરી હતી. કર્મક્ષય કરવા માટે તે નકામી હતી : પ્રતિકૂળ બનતી હતી. એ માટે તો પ્રતિકૂળતાઓને જ વધાવવી પડે. એ બધું મુનિજીવનમાં મળતું હતું એટલે મુમુક્ષુ આત્માઓ દીક્ષા લેતા હોય છે.

પણ જો આ ખ્યાલ બદલાઈ જાય અને પ્રતિકૂળતાઓ વીંછીના સો સો ડંખ જેવી ભયાનક લાગે તો એ આત્મા બાર માસમાં કે બે વર્ષમાં તીવ્ર આર્ત્તધ્યાનનો ભોગ બની ગયા વિના રહે નહિ.

વર્તમાનમાં મુનિઓને ખાસ પ્રતિકૂળતા જેવું કાંઈ હોતું નથી કેમકે ગૃહસ્થોની ભક્તિ ગાંડીતૂર બની છે. મુનિઓની ભક્તિમાં ગૃહસ્થો ઘેલા બની ગયા છે.

ચંદનબાળાજીને એવી વસતિ મળી હતી કે રાત્રિએ કાળો સાપ નીકળ્યો હતો. આજના ઉપાશ્રયો તો અફલાતુન મળે છે. એમ બધી બાબતોમાં અનુકૂળતાનો ઢગલો થાય છે. જે પ્રતિકૂળતા છે તે મુખ્યત્વે ગુરુ અને સહવર્તીઓના આક્રોશાદિની છે. આને આક્રોશ પરીષહ કહેવામાં આવે છે.

વસ્તુતઃ ગુર્વાદિક વડીલોના આક્રોશને સમતાપૂર્વક સહન કરવો જોઈએ. એક જગાએ કહ્યું છે કે જેમ સરાણ ઉપર ઘસાતો મણિ રાજાના મુગટ સુધી પહોંચે છે તેમ ગુરુના કઠોર વચનથી ખખડાવાયેલા શિષ્યો જગતમાં મોટાઈને પ્રાપ્ત કરે છે.

ચંદનબાળાજીના આક્રોશને મૃગાવતીજીએ અને ચંડરુદ્રાચાર્યના આક્રોશને તેમના શિષ્યે વધાવ્યો પણ પડકાર્યો નહિ તો તેઓ કેવું ઝટપટ કેવળજ્ઞાન પામી ગયા !

ગુરુના આક્રોશને પડકારનારા કૂલવાલક મુનિ સાધુજીવનથી કેવા ભ્રષ્ટ થઈ ગયા !

વૈરાગ્ય કલ્પલતામાં મહોપાધ્યાયજીએ કહ્યું છે કે, " દીક્ષા લેવાના દિવસે મુમુક્ષુના હૈયે જે ઉલ્લાસ (શ્રદ્ધા) ઊછળતો હોય છે તેને જ જો 'કાયમી' બનાવી દેવાય તો સિંહની જેમ સંસારની ગુફામાંથી નીકળેલો મુમુક્ષુ સિંહની જેમ ભરપૂર સત્વ સાથે સાધુજીવન જીવી શકે છે. એ આત્માને ગમે તેવા પ્રતિકૂળ સંયોગોમાં કદી ઉદ્વેગ થતો નથી.

પ્રસ્તુત શ્લોકમાં ગ્રન્થકારશ્રીએ એવું સિંહસત્વ ધરાવતાં પુંડરિક મુનિને ઉદ્દેશીને કહ્યું છે કે અખંડ ચારિત્રધર તે મહાત્માએ બે દિવસના થોડા જ કાળમાં કેવું જબરું આત્મહિત સાધી લીધું !

આ બે શ્લોકોમાં જે વાતો કરી છે તેનાથી આવું ચિત્ર સ્પષ્ટ ઉપસી આવે છે કે થોડાક સમયની ચારિત્રધર્મની ઘોર વિરાધના કે ઉત્તમ આરાધના, એની પૂર્વની દીર્ઘકાલીન આરાધનાને કે વિરાધનાને સાવ નિરર્થક બનાવી શકે છે.

આનો અર્થ એ થયો કે મુમુક્ષુએ અંત સમય સુધી આરાધકભાવમાં જ રહેવું જોઈએ અને અન્તર્મુહૂર્ત માત્રનો વિરાધકભાવ સેવવો ન જોઈએ.

ચંડકૌશિક સાપના જીવે પૂર્વના ત્રીજા ભવે છેલ્લે છેલ્લે જે તીવ્ર કષાય કર્યો તેનાથી તે આરાધના-માર્ગના ફળોથી વંચિત રહી ગયા. એટલું જ નહિ પણ એ તીવ્ર કષાયભાવ પછીના ભવોમાં વધુ ને વધુ વકરતો ગયો. અરે, સાક્ષાત્ દેવાધિદેવ

પરમાત્મા મહાવીરને જીવતા બાળી નાંખવાનો તીવ્ર પ્રયત્ન કર્યો.

સામાન્યતઃ જીવે અનાદિકાળના ભવભ્રમણમાં દુષ્ટ અધ્યવસાયોને જ તીવ્રતા સાથે તગડા કર્યા છે, શુભ અધ્યવસાયોની ધારા નબળી જ રહી છે એટલે અશુભ અધ્યવસાયો પૂરી તાકાતથી વારંવાર ત્રાટકતા હોય છે. આવી શક્તિ શુભ અધ્યવસાયોમાં હોતી નથી. એટલે અશુભ અધ્યવસાયો પોતાનું ધાર્યું કામ કરી નાંખે છે.

આમાંથી એક જ વાત વિચારવી કે આપણે કયારેય વિષયો સેવવા નહિ અને કષાયો કરવા નહિ. તે જાગ્રત થાય તેવા નિમિત્તો પાસે જવું જ નહિ. વિષય-કષાયના જાગરણ સમયે જો આયુષ્યનો અશુભ બંધ પડી જાય તો વર્ત્તમાન ભવમાં કરેલી બધી આરાધનાઓને નિષ્ફળ બનાવી દે.

ધારો કે આ ભવમાં સુંદર શ્રમણત્વ પાળ્યું પણ આયુબંધની પળ અશુભ અધ્યવસાયની હતી એટલે કૂતરાનું આગામી આયુષ્ય નિશ્ચિત થયું. સાધુ મરીને કૂતરો થયો ! હાય, હવે એની કેવી દશા !

ભોગસુખ હાર્યો, યોગસુખ પણ હારી ગયો.

કૂતરો બનીને આખી રાત ભસતો રહે. ખાવાના કોઈ ઠેકાણા નહિ. દિવસો સુધી ભૂખ્યા રહેવાનું. સહુથી હટ્ હટ્ થવાનું. ટાઢ, તરસ બધું સહવાનું. જિનશાસનને તો દૂરથી રામરામ કરી દેવાના.

આવું અઘટિત થવા ન દેવું હોય તો જીવનની પ્રત્યેક પળ ઉપર ચોકી મૂકવી જોઈએ. તેને ઉજાળવી જોઈએ. ભલે પછી ગમે તે પળે આયુબંધ થઈ જાય.

આ બધું તે જ મુમુક્ષુ માટે શક્ય છે જેને ઝટપટ મોક્ષ પામવાની તીવ્ર તાલાવેલી છે. અનંતકાળથી ચાલતી રઝળપાટથી જેના પગ થાકી ગયા છે; જેથી જે હવે કાયમ માટે કયાંક બેસી જવા માંગે છે; જે અનંતી વાર મરી મરીને પરેશાન છે; જે અનંતી વાર જન્મી જન્મીને કંટાળી ગયો છે, જે કર્મરાજની અનંતી લાત ખાઈ ખાઈને વાજ આવી ગયો છે, જેનું લક્ષ હવે માત્ર મોક્ષ બન્યું છે, તે પામવા માટે જે સકળ કર્મક્ષય કરવા માટે કટિબદ્ધ બન્યો છે, એવો કર્મક્ષય સાચા મુનિ થયા વિના શક્ય નથી એ વાત જેના હૈયે બરોબર ઠસી ગઈ છે, એથી જે ગુણભંડાર મુનિઓ વગેરેના સુકૃતોની ભારોભાર અનુમોદના કરે છે અને પોતાનાથી થઈ ગયેલા અનંતકાલીન પાપોને જે ખૂબ ખૂબ ધિક્કારે છે. એ બદલ જેની આંખેથી તળાવ ભરાઈ જાય તેટલા અશ્રુ સતત વહ્યા કરે છે.

આવો આત્મા જ્ઞાનીઓ પાસેથી જાણે છે કે મુમુક્ષુએ જીવનની પ્રત્યેક ક્ષણ ઉપર પોતાની જાગ્રત ચોકી મૂકવી જોઈએ. એકાદ પળનું પણ ઝોકું એ આધ્યાત્મિક દુનિયાની ભાષામાં ઝોબું બની રહે છે. આવો માણસ પંડિત કહેવાય છે. **खणं जाणाहि पंडिए ।**

સામાન્યતઃ એમ કહી શકાય કે ઇતિહાસનું (ભાવીનું) સર્જન યુગોની સાધના કે વિરાધનાથી જેટલું થતું નથી તેટલું એક જ ક્ષણની - આયુબંધકાલીન - સાધના કે વિરાધનાથી થઈ જાય છે. કંડરિકની એક જ ક્ષણે એક હજાર વર્ષની ઘોર તપસાધનાનો મહાયજ્ઞ હોલવીને ખતમ કરી નાંખ્યો. અને ભાઈ પુંડરિકે ચંદ ક્ષણોમાં નવો અદ્‌ભુત ઇતિહાસ ખડો કરી દીધો !

કર્મોની આ રમતને પારખવી કે પકડવી તે અતિ મુશ્કેલ કામ છે. સમજદાર આત્માએ તો બીજું કોઈ પણ ગણિત કર્યા વિના વર્ત્તમાન ક્ષણથી જ - જાગ્યા ત્યારથી સવાર સમજીને - આરાધનાના જીવનનો અપ્રમત્તભાવે આરંભ કરી દેવો જોઈએ. પછી શી રીતે આયુબંધ અશુભ પડે છે ? તે જોઈ લઈશું. વળી જો નિયતિને જ એ બંધ અશુભ જ પાડવો હોય તો તેને કોઈ રોકી શકતું નથી. તેની આગળ તારક તીર્થંકરદેવોનો આત્મા પણ લાચાર છે.

શાલિભદ્ર મુનિની સાધના કેટલી જોરદાર હતી ? હાથવેંતમાં જ મોક્ષ હતો : સર્વકર્મક્ષય હતો છતાં નિયતિએ તેમનું ભાન ભુલાવ્યું. ભદ્રા માવડીના કરુણ રૂદન સામે તે ઝૂકી ગયા અને અનશનની ઘોર સાધનાની સ્થિતિમાં માવડી સામે કરુણાસભર દૃષ્ટિ કરી દીધી ! બસ... ખેલ ખતમ થઈ ગયો. જે મોક્ષ બે ચાર પળોમાં થઈ જવાનો હતો તે હવે પૂરા તેત્રીસ સાગરોપમ માટે લંબાઈ ગયો. મુનિવર સર્વાર્થસિદ્ધ વિમાનમાં ગયા. એમના જોડીદાર નિર્વિઘ્ને મોક્ષ પામી ગયા.

શું કંડરિક કે શું પુંડરિક ! જેની જે સ્થિતિ સર્જાય છે તેમાં અંતે તો નિયતિને જ સલામ ભરવી પડે છે. છતાંય કંડરિકના વિષયાભિલાષ... કષાયની ઉત્કટતાને નિર્દોષ તો ન જ છોડી શકાય. પુંડરિકની વૈરાગ્યની ધગધગતી ધૂણીને અને પરમ સમતાની છેલ્લી આરાધનાને યશ તો દેવો જ પડે.

* * *

**काउण संकिलिट्ठं सामन्नं दुल्लहं विसोहिपयं ।**
**सुज्झिज्जा एगयरो करिज्ज जइ उज्जमं पच्छा ।। 253 ।।**

**उज्झिज्ज अंतिरि च्चिय खंडियसबलादउव्व हुज्ज खणं ।**
**ओसन्नो सुहलेहड तरिज्जव पच्छ उज्जमिउं ।। 254 ।।**

**અર્થ :** જે સાધુએ શરૂઆતના જીવનમાં સાધુપણાને અતિચારાદિથી કલુષિત કરી નાંખ્યું હોય તેને પાછળથી નિર્મળ ચારિત્રની પ્રાપ્તિ થવી તે ઘણું મુશ્કેલ છે.

હા, જો તે જોરદાર ઉદ્યમ કરીને અપ્રમત્તભાવનું સાધુપણું જીવવા લાગે તો એવો વિરલ સાધુ શુદ્ધ ચારિત્રી બની શકે ખરો.

કોઈ સાધુ વચમાં જ સાધુવેષ છોડી દે અથવા ક્ષણે ક્ષણે ઘણા બધા અતિચારોના સેવનથી સાધુપણાને મલિન (સબલ) કરે, અથવા (આદિ પદથી) તદ્દન છોડી દે, આ રીતનો શિથિલ (અવસન્ન) સાધુ - વિષયસુખે લમ્પટ બનેલો - પાછળથી જો ચારિત્રપાલનમાં ઉદ્યમી બનવા જાય તો તે શક્ય રહેતું નથી.

**વિવેચન :** આ બે શ્લોકમાં ગ્રન્થકાર સ્પષ્ટપણે જણાવે છે કે એક વાર સાધુજીવનને અતિચારાદિથી ખતમ કરી ચૂકેલો સાધુ પાછળથી નિર્મળ સાધુપણું જીવવા માટે પ્રયત્ન કરે તો તેને સફળતા મળે નહિ. (કોક અપવાદ સિવાય)

આ વિધાનનું રહસ્ય એ છે કે આત્માના પ્રદેશ પ્રદેશમાં મુનિજીવનની નાની મોટી શિથિલતાઓ વ્યાપી જતાં એ જીવના પરિણામો નિષ્ઠુર બની જાય છે. આ નિષ્ઠુરતા દૂર કરવી એવી મુશ્કેલ બને છે કે જીવનના પાછલા ભાગમાં ઉત્તમ સાધુજીવન જીવવાનું અતિ મુશ્કેલ બની જાય છે.

જેણે સાધુવેષમાં ડગલે ને પગલે નિષ્ઠુરપણે જિનાજ્ઞાની અઘોર ઉપેક્ષા કરી તેનો ચારિત્રમોહનીય કર્મનો બંધ નિકાચિત પણ થઈ ગયો હોય અથવા તીવ્ર અનિકાચિત થયો હોય. વળી મનના પરિણામો એકદમ નિષ્ઠુર બની ગયા હોય. એવો સાધુ પ્રાયશ્ચિત્ત કરવામાં સાવ નબળો હોય - ન જ કરતો હોય - તેને હવે ઉગરવું એ શક્ય નથી.

આવી સ્થિતિમાં તે સાધુ જીવનપરિવર્તન કરી શકે જેણે શિથિલ જીવનકાળમાં શિથિલતાઓને સતત સેવવા છતાં - અથવા સાધુવેષ છોડી દેવા છતાં - સતત પશ્ચાત્તાપ કર્યો હોય. એક બાજુ પાપ અને તરત તેનો સજ્જડ પશ્ચાત્તાપ જેવી સ્થિતિવાળો સાધુ પાપ કરવામાં નિષ્ઠુર બન્યો નથી એટલે તેને ઉગરવાની તક ખરી.

નિષ્ઠુરતા અને સાચો પશ્ચાત્તાપ એક સાથે રહી શકતા નથી.

અતિ ભારે કક્ષાનું - નિકાચિત વગેરે પ્રકારનું - ચારિત્રમોહનીય કર્મ જેણે બાંધ્યું હોય તે આત્મા સાધુવેષને જ ધારણ કરનારો હોય. એની પાસે ભલે છઠ્ઠું ગુણસ્થાન ન હોય પણ જો ચોથું ગુણસ્થાન હોય તો તે વેષધારી સાધુને પાપમાં નિષ્ઠુરતા ન હોય અને તીવ્ર પશ્ચાત્તાપ સતત રહ્યા કરતો હોય. એ ગુરુ પાસે સતત - વારંવાર - શુદ્ધ પ્રાયશ્ચિત્ત અવશ્ય કરતો રહેતો હોય.

નંદિષેણ મુનિ ઉત્તમ કોટિનું ચારિત્રપાલન કરતા હતા છતાં નિકાચિત કર્મોદયે તેમનો સાધુવેષ છોડાવી દીધો. આમ છતાં વેશ્યાને ત્યાં રહીને પણ તેમના પરિણામો - સંસાર ભોગવવાની વાતમાં - બિન્ધાસ્ત (નિષ્ઠુર) નહોતા બન્યા. આથી જ તે પશ્ચાત્તાપથી સતત પ્રજવળતા હતા.

જયાં સમ્યગ્દર્શન ઝળકતું હોય ત્યાં આવી સ્થિતિ બની રહે કે એ આત્મા અતિચારાદિ સેવતો હોય, દોષસેવનમાં તેના અધ્યવસાયો સંકિલષ્ટ છતાં નિષ્ઠુર ન હોય (કેમકે સમ્યગ્દર્શન સાથે અનંતાનુબંધી કષાયો રહી શકતા નથી.) તે આત્મા દોષસેવન વખતે ય રડતો હોય, સેવન પછી તો ખૂબ રડતો હોય, જો તેનામાં વિરતિ - પરિણામ પણ જીવંત હોય તો પશ્ચાત્તાપની સાથોસાથ શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરતો હોય.

ગ્રન્થકારશ્રી કહે છે કે આવી સ્થિતિના આત્માઓ વિરલ હોય. બાકી વારંવાર દોષોને સેવનારો આત્મા પાછળથી ઉત્તમ જીવનનો અભિલાષી બન્યો હોય, તે માટે પુરુષાર્થ કરતો હોય છતાં તેને સફળતા મળે નહિ.

જેનું આંતરબંધારણ જ નબળું પડી ગયું હોય તેનામાં હવે 'બળ'ની અપેક્ષા રાખવી તે અસ્થાને છે.

આ ચર્ચા ઉપરથી દરેક નૂતન દીક્ષિતે સમજવું જોઈએ કે શરૂના મુનિ-જીવનમાં તેને ઉત્તમકોટિનું જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવવા માટે જ આગ્રહી બની રહેવું જોઈએ.

કોઈ પણ કારણસર - આરોગ્ય, શાસનપ્રભાવના, ખૂબ સ્વાધ્યાયકરણ વગેરે - જો તે ઘણી બધી છૂટછાટોને ભોગવશે તો તેમાંથી બેઠા થવાનું અત્યન્ત મુશ્કેલ બની જશે. પુષ્કળ અપવાદો સેવીને કોઈ પણ કાર્ય સિદ્ધ કરવું એમાં આ મોટું જોખમ છે. આવી સ્થિતિમાં તેવા કાર્યોને ગૌણ કરી દેવા પડે.

પહેલું આત્મહિત પછી જ બીજી કોઈ પણ વાત. જૈનદર્શનનો આ પ્રાણભૂત સિદ્ધાન્ત છે.

સામાન્યતઃ સાધુની નજર મોક્ષ સુધી પહોંચી હોય પણ તેવો વિકાસ ન થયો હોય તો છેવટે પરલોક તરફ તો નજર પહોંચવી જોઈએ. ત્યાં દુર્ગતિ ન થઈ જાય તેની ચિન્તા સતત રહેવી જોઈએ. દુર્ગતિ એટલે દુઃખોવાળી ગતિ એવો અર્થ નહિ કરતાં જિનશાસન વિનાની ગતિ એવો અર્થ કરવો જોઈએ. આ ભવમાં સાવ શિથિલ જીવન અને ભોગલક્ષી જીવન... તેનાથી જો દુર્ગતિ નિશ્ચિત હોય તો તેવા ભોગલક્ષી જીવનનો શો અર્થ ?

ઓલા નંદિષેણ કે શેલક મુનિના દૃષ્ટાન્ત નહિ લેવા જોઈએ; જેઓ પાછળના જીવનમાં ઉચ્ચ વિકાસને પામી ગયા હતા. આ વાત ગ્રન્થકારશ્રીએ કરી દીધી છે ક એવા શિથિલો તો વિરલા જ હોય જેમનો પાછળથી વિકાસ થતો હોય.

* * *

**अवि नाम चक्कवट्टी चइज्ज सव्वं पि चक्कवट्टिसुहं ।**
**न य ओसन्नविहारी दुहिओ ओसन्नयं चयइ ।।255।।**

**અર્થ :** હજી ચક્રવર્તી છ ખંડનું રાજ તજીને ઉત્તમકક્ષાનો સાધુ બની શકશે, પણ સાવ શિથિલ બનેલો સાધુ પોતાની શિથિલતાઓને દૂર નહિ કરી શકે.

**વિવેચન : તૃણ પરે ષટ્‌ખંડ તજીને, ચક્રવર્તી પણ વરીઓ,**
**એ ચારિત્ર શિવસુખકારણ, તે મેં દિલમાં ધરીઓ.**

ગ્રન્થકારશ્રીએ બે આત્માઓ વચ્ચેનો કેટલો મોટો વિરોધાભાસ ખડો કરી દીધો છે !

ચક્રવર્તી છ ખંડનું રાજ તણખલાંની જેમ છોડી શકે.

શિથિલતાના કાદવમાં ખૂંપી ગયેલો સાધુ પ્રમાદ ન છોડી શકે : ચા કે વિગઈઓ ન છોડી શકે.

આમાં કારણ છે; જીવની ભારેકર્મિતામાંથી ઉત્પન્ન થતી પ્રમાદ અવસ્થા.

આ સાધુ બહારથી જલસા કરતો ભલે આનંદમાં દેખાય પણ લોકોથી તેની તર્જના થાય, ગોચરી વહોરવા જાય ત્યારે અપમાન થાય, જેમ તેમ ખાવાથી રોગો થાય... આમ સરવાળે તો તે શિથિલાચારી આલોકમાં પણ દુઃખી જ થતો હોય છે.

બારમાંથી દસ ચક્રીઓએ સંસાર ત્યાગીને આત્મહિત સાધ્યું. સુભૂમ અને બ્રહ્મદત્ત ચક્રી નરકે ગયા.

પ્રમાદભરપૂર સાધુ કદાચ નરકે ન જાય તો ય દેવગતિની અધમસ્થિતિઓને જરૂર પામે. ત્યાં ગયા બાદ તેમની પૂર્વભવીય સ્થિતિ યાદ આવે, સેવેલા પ્રમાદાદિ બદલ તેમને ભારોભાર પશ્ચાત્તાપ થાય, પણ રાંડ્યા પછીના ડહાપણનો શો અર્થ ?

આ ત્રણ શ્લોકો મારા જેવા સાધુને ગંભીર ચિન્તામાં મૂકી દે તેવા છે. મને મોટો 'શાસનપ્રભાવક' સાધુ પહેલેથી કલ્પવામાં આવ્યો. બીજી બાજુ મારું આરોગ્ય ગૃહસ્થપણાથી ખૂબ ખરાબ રહેતું. આથી એની કાળજીમાં જ મારા પૂજનીય ગુરુદેવે વધુ લક્ષ કેન્દ્રિત કરી દીધું. આના પરિણામે હું પુષ્કળ દવાઓ, પુષ્કળ વિગઈઓ અને પુષ્કળ આધાકર્માદિના સેવનમાં ફસડાઈ ગયો.

સ્વાધ્યાયમાં હું એક્કો હોવાથી પૂજ્ય ગુરુદેવને મારા માટે મોટી આશા બંધાઈ હતી કે હું કોઈ મહાન સાધુ બનીશ. આ માટે તેમણે મારા આરોગ્યની સવિશેષ કાળજી લેવા માંડી.

વિગઈ અને આધાકર્મી દોષે મારા આરોગ્યને વધુ બગાડ્યું. એની પલોજણ કરવા જતાં હું પ્રમાદમાં ચકચૂર બની ગયો. છાપાંઓના વાંચનથી માંડીને ઘણી બધી એવી છૂટછાટો લીધી જેનાથી મારું આત્મહિત તળીએ જઈને બેઠું.

તન તો સુધર્યું નહિ અને મન બગડી ગયું. આજે મારી દીક્ષાનું સુડતાલીસમું વર્ષ પસાર થઈ રહ્યું છે. હું એક પણ દોષમાંથી બહાર નીકળી શક્યો નથી. બલકે વધુ ને વધુ દોષોના અને અનારોગ્યાદિ દુઃખોના કલણમાં ખૂંપતો જાઉં છું.

ગ્રન્થકારશ્રી સ્પષ્ટ કહે છે કે આવા શિથિલ સાધુઓ પાછળના જીવનમાં તપોમય કે ત્યાગમય જીવન જીવવા માંગે તો ય જીવી શકે નહિ.

આ વાત મારા માટે એકદમ સાચી ઠરી છે. હું રોજ ઉત્તમ જીવન જીવવાની શરૂઆત કરવાના અભરખા સેવું છું પણ મારું સત્ત્વ જરાક પણ ઊભું થતું નથી. મારું મન પશ્ચાત્તાપથી સતત સળગી રહ્યું છે. શુદ્ધ પ્રાયશ્ચિત્તમાં ય હું એટલા માટે પાછો પડતો નથી કે જો હું તેમ ન કરું તો મારી ઉપર દુર્ગતિના દુઃખોના પહાડો તૂટી પડે. મને ખબર છે કે મારી વર્ત્તમાન સુખશીલતા એટલી બધી તીવ્ર છે કે એ દુઃખોને પરલોકમાં સહન કરવાની કલ્પનાથી જ ધ્રૂજવા લાગું છું.

ઓલા શેલક કે નંદિષેણની જેમ પાછલા જીવનમાં સુધારો થવાની કોઈ સંભાવના મારા જીવનમાં જણાતી નથી. "મારું પરલોકે શું થશે ?" એ ચિંતા મને ખૂબ કોરી ખાય છે.

* * *

**नरयत्थो ससिराया बहु भणइ देहलालणासुहिओ ।**
**पडिओ मि भए भाउ अ तो मे जाएह तं देहं ।। 256।।**

**को तेण जीवरहिएण संपयं जाइएण हुज्ज गुणो ?**
**जइ सि पुरा जायंतो तो नरए नेव निवडंतो ।।257।।**

**અર્થ :** નરકમાં રહેલો શશિપ્રભ રાજાનો જીવ (ધર્મ કરીને દેવ થએલા) પોતાના ભાઈને કહે છે, "હે ભાઈ ! પૂર્વના શરીરના લાલનપાલનથી આનંદમંગળ માનેલો હું (નરકથી ઉદ્‌ભવતાં) ભયમાં પડ્યો છું. માટે મારા તે શરીરને તું કષ્ટ દે.

તેના ઉત્તરમાં તેનો ભાઈ સૂરપ્રભનો જીવ કહે છે "જીવરહિત બનેલા તે શરીરને હવે વર્ત્તમાનમાં કષ્ટ દેવાથી શો લાભ ? જો પહેલાં (તું જીવતો હતો ત્યારે) તે શરીરને તપ વગેરેના કષ્ટો આપ્યા હોત તો તું આ નરકમાં આવી પડત નહિ."

**વિવેચન :** રાજા જિતારી ધર્મમાં લીન બન્યા. તેમણે મોટા પુત્ર શશિપ્રભને રાજ આપ્યું. યુવરાજ સુરપ્રભે ગુરુમુખેથી દેશના સાંભળીને દીક્ષા લીધી. ચારિત્રધર્મનું સુંદર પાલન કરીને સુરપ્રભ મુનિ બ્રહ્મ-દેવલોકે ગયા.

વિષયસુખમાં તીવ્રતાથી મગ્ન બનેલો રાજા શશિપ્રભ મરીને ત્રીજી નારકમાં ગયો.

એક વાર સુરપ્રભ-દેવે અવધિજ્ઞાનનો ઉપયોગ મૂકીને ભાઈ શશિપ્રભને ત્રીજી નારકમાં ભયંકર વેદના ભોગવતો જોયો. સ્નેહાધીન બનીને દેવ તેની પાસે ગયો. તેને કહ્યું, "ભાઈ ! તેં મારું કહ્યું માન્યું નહિ તેનું આ ફળ તને મળ્યું." શશિપ્રભે કહ્યું, "તદ્દન સાચી વાત છે. મેં તે ભવમાં સાધુ થઈને મારા દેહને તપ વગેરે દ્વારા જો પુષ્કળ પીડા આપી હોત તો મારી આ દશા થાત નહિ. હવે તું તે મારા દેહને પુષ્કળ કષ્ટ દે. લાકડી વગેરેથી માર. જેથી હું આ નરકમાંથી નીકળું."

સુરપ્રભ દેવે તે બધી વાત અસંભવિત જણાવી, કેમકે તે પૂર્વીય દેહનું હાલ અસ્તિત્વ જ ન હતું. વળી, (જો એ દેહ હોય તો પણ) એ નિર્જીવ દેહને કષ્ટ આપવાથી કર્મક્ષય ન થાય અને નારકમાંથી બહાર નીકળી પણ ન શકાય. જો તેં પોતે જ તારા તે વખતના સજીવ દેહને કષ્ટ આપ્યું હોત તો નરકમાં પડવાનો પ્રસંગ ન આવત.

આમ કહીને સુરપ્રભ દેવ સ્વસ્થાને ચાલી ગયો.

આ કથાનક આપણા કાનમાં એ વાત કરી જાય છે કે દેહને કષ્ટ આપ્યા વિના - ખાધે પીધે - કર્મક્ષય થઈ શકતો નથી. દશવૈકાલિક સૂત્રમાં **'देहदुःखं महाफलं'** કહ્યું છે.

જે મહાત્માઓએ મોક્ષ મેળવ્યો છે તે કર્મક્ષયથી મેળવ્યો છે. તે કર્મક્ષય દેહને વધુમાં વધુ કષ્ટ આપ્યા વિના થયો નથી.

દેહને દુઃખ આપવાની જે વાત છે તે દેહની સાત ધાતુઓની ઉત્તેજનાને શાન્ત કરવા માટે છે. જો સાત ધાતુ ઉત્તેજિત થાય તો વાસના જાગે. તેથી પુષ્કળ કર્મબંધ થાય. દેહને દુઃખ દેવા છતાં જો વાસનાઓ શાન્ત પડતી ન હોય તો દેહને દુઃખદાન નિરર્થક બની જાય.

તપથી વાસનાઓને ક્ષીણ કરવાની છે. માત્ર દેહને ક્ષીણ કરવાનો કોઈ અર્થ નથી.

એમ કહેવાય છે કે ગૌતમ બુદ્ધ પરમાત્મા પાર્શ્વનાથજીના શાસનમાં ચન્દ્રકીર્તિ મુનિ તરીકે જૈન સાધુ હતા. એકદા ઉગ્ર તપ કર્યો તેમાં તે બેભાન થઈ ગયા. ઉપચારાદિથી જાગ્રત અવસ્થામાં આવ્યા બાદ તેમણે કોઈ ગાયકને તંબૂરાનો તાર સરખો કરતો જોયો. તારને જો સાવ ઢીલો મૂકે તો સૂર ન નીકળે. જો વધુ પડતો સખત કરે તો ય સૂર ન નીકળે. બે ની વચ્ચેનો માર્ગ લે તો જ સૂર નીકળે. આ પરિસ્થિતિ જોઈને તેમણે તપ વગેરે દરેક વિષયમાં મધ્યમ માર્ગ અપનાવવામાં ધર્મ જોયો. આમ તેમણે બૌદ્ધધર્મને મધ્યમમાર્ગી જાહેર કર્યો. તેમનું સૂત્ર એ રહ્યું કે, " **शरीरमाद्यं खलु धर्मसाधनम्** । શરીર એ ધર્મ કરવા માટેનું પ્રથમ સાધન છે. એટલે તેને સાવ કૃશ કરી દેવાય નહિ." અસ્તુ.

પરમાત્મા મહાવીરદેવ સર્વજ્ઞ હતા. તેમણે દેહકષ્ટને સાધનામાર્ગની સફળતા માટે આવશ્યક માન્યું છે.

બેશક, તે કૃપાળુ એમ તો નથી જ કહેતા કે "શરીર ખતમ થઈ જાય, ઈન્દ્રિયો સાવ નબળી પડી જાય એટલો બધો તપ કરો." ના. આવી સ્થિતિનો તો તેમણે સ્પષ્ટ નિષેધ કર્યો છે, કેમકે તેટલી હદે જતાં માણસનું મૃત્યુ થઈ જાય.

સાધના સદેહે થાય. જો મૃત્યુ થાય તો સાધના અકાળે અધૂરી રહી જાય.

શારીરિક બળ એટલું તો રાખવું જોઈએ કે જેથી પાંચ ઈન્દ્રિયો બરોબર

કામ આપે અને કાયા ધર્મક્રિયાઓને વિધિવત્ આરાધી શકે. મન પણ દૂધ-ઘી વગેરે પદાર્થોને આરોગવાની લેશ્યામાં અટવાઈ ન જાય. એટલે દેહકષ્ટ એ સાધના માટે જરૂરી તો છે જ. એને દૂધ-ઘી વગેરે વિગઈઓથી પુષ્ટ કરવામાં ચિત્તની વિચલિતતા થવાની પૂરી સંભાવના છે.

•

સાધનામાં સફળતા પામવાની 'શોર્ટ-કટ' તપ છે, 'સરળ-કટ' ભક્તિયોગ છે, જ્યારે 'શ્રેષ્ઠ કટ' જ્ઞાનયોગ છે.

સામાન્ય લોકોને તપ વધુ અનુકૂળ આવતો હોય છે. તેમને ભક્તિમાં લીનતા અને જ્ઞાનમાં મસ્તી આવતી નથી.

પરમાત્મા મહાવીરદેવ અન્ય રીતે પણ કૈવલ્ય પામી શકે તેમ હતા છતાં તેમણે સાડા બાર વર્ષની સાધનામાં સાડા અગિઆર વર્ષ નિર્જળ ઉપવાસ કર્યા છે. કેમકે આ બાહ્ય તપથી સાત ધાતુઓનું શમન થાય છે એ વાત તે કૃપાળુ જગતને સમજાવી રહ્યા છે.

ચિત્તવૃત્તિમાંથી સંકલેશોનો ક્ષય બાહ્ય તપ દ્વારા તરત સધાય છે. અંતિમ સમતા સહજ રીતે સિદ્ધ થાય છે.

જ્ઞાનીઓ કહે છે કે જેનાથી ઉપવાસાદિ સ્વરૂપ અનશન ન થાય તેણે ઊણોદરી, વૃત્તિસંક્ષેપ (દ્રવ્યત્યાગ), રસત્યાગ (વિગઈત્યાગ), કાયકલેશ (દેહકષ્ટ) અને સંલીનતા (અંગોપાંગ-સ્થૈર્ય) નામનો તપ કરવો જોઈએ. આ થયા; બાહ્ય તપ.

આમનાથી કયાંય ચડી જાય, અપૂર્વ કર્મક્ષય કરે તેવા છ અભ્યન્તર તપ છે. જેમાં સર્વશ્રેષ્ઠ તપ ગુરુ પાસે વિધિવત્ પ્રાયશ્ચિત્તકરણ છે.

પાપો સેવતા સેવાઈ ગયા પણ તેમનું શુદ્ધ પ્રાયશ્ચિત્ત તો કરવું જ જોઈએ. એ છે; ગુરુ પાસે પાપોની નિખાલસ કબૂલાત. આ રીતે કબૂલાત કરનારને કર્મસત્તા ખૂબ ઓછી સજા કરે છે. દુનિયામાં પણ આ ન્યાય હોય છે. જે અપરાધોને કબુલતો નથી તેને કસ્ટડીમાં લઈને અતિશય – થર્ડ ડીગ્રી સુધીનો – ત્રાસ દેવાય છે.

તે પછીનો અભ્યન્તર તપ છે; વિનય. વિનયને ગુણશિરોમણિ કહેવાયો છે કેમકે તે દોષશિરોમણિ અહંકારના ચૂરેચૂરા કરી નાંખે છે. મુનિજીવનનો આરંભ વિનય ગુણથી થતો હોવાથી ઉત્તરાધ્યયનમાં વિનય-અધ્યયનને પ્રથમ સૂત્ર તરીકે લેવામાં આવ્યું છે.

તે પછીનો અભ્યન્તર તપ છે; વૈયાવચ્ચ. બાળ, વૃદ્ધ, ગ્લાન અને તપસ્વીની ખાસ વૈયાવચ્ચ કરવી જોઈએ. જેમની સેવા કરાય તેમનામાં જે ગુણની પ્રાપ્તિ હોય તે ગુણ આપણામાં સંક્રાન્ત થઈ જાય. બાળ વગેરેમાં વાસના-વિહીનતા ગુણ છે તે આપણામાં પ્રાપ્ત થાય. આમ વૈયાવચ્ચથી અત્યન્ત ખતરનાક ઈન્દ્રિયરમણતા દોષ ખતમ થાય છે.

એ પછીનો તપ છે; સ્વાધ્યાય. તેનાથી આત્મરમણતા પ્રાપ્ત થાય છે.

ત્યારબાદ ધ્યાન અને કાયોત્સર્ગ નામના બે તપ કહ્યા છે. તેમનાથી સ્વરૂપરમણતા પ્રાપ્ત થાય છે.

રાજા શશિપ્રભે ભોગોમાં ચકચૂર બનીને જિંદગી બરબાદ કરી. યુવરાજ સુરપ્રભે જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવીને આત્મહિત સાધી લીધું.

જે સમયે જે કર્તવ્યરૂપ હોય તે કરી લેવાય તો જ બુદ્ધિમત્તા કહેવાય. પાછળથી ભાન થાય અને પશ્ચાત્તાપ થાય એનો ઝાઝો અર્થ સરતો નથી.

માનવજીવનની પ્રાપ્તિ એ એવી સુંદર તક છે કે તેમાં કર્મક્ષયની આરાધના કરી લેવી જોઈએ. સંસારના ભોગસુખોનો તો દેવલોકમાં ભરપૂર અવકાશ છે. એની વાત માનવજીવનમાં થઈ શકે નહિ.

* * *

**जावऽऽउ सावसेसं जाव य थोवो वि अत्थि ववसाओ ।**
**ताव करिज्जप्पहिअं मा ससिराया व सोइहिसि ।। 258 ।।**

**અર્થ :** જ્યાં સુધી આયુષ્ય બાકી છે; જ્યાં સુધી મનમાં થોડોક પણ ઉત્સાહ (વ્યવસાય) રહ્યો છે ત્યાં સુધીમાં આત્મહિત કરી લેવું જોઈએ. શશિરાજાની જેમ પાછળથી શોક કરવાનો પ્રસંગ ન આવવો જોઈએ.

**વિવેચન :** જ્ઞાનીઓએ કહ્યું છે, ભાઈ ! જ્યાં જાગતા રહેવાનું છે ત્યાં તું ઊંઘે છે કેમ ? અને જ્યાંથી ભાગી છૂટવાનું છે ત્યાં તું વિસામો લેવા કેમ બેઠો છે ? (સંયમધર્મમાં જાગતા રહેવાનું છે, વિષયસુખોથી ભાગી છૂટવાનું છે.)

કેમકે તારી પાછળ રોગ, જરા અને મોત ધસમસતા આવી રહ્યા છે. કદાચ તને રોગ નહિ કનડે તો સીધું ઘડપણ આવી જશે, તે બે વિના સીધું મોત પણ તારી ઉપર ત્રાટકી શકે છે.

બીજા શબ્દોમાં આ વાત એ રીતે કહી શકાય કે જયાં સુધી રોગ-વિકારો જાગે નહિ, જયાં સુધીમાં જરા-રાક્ષસી ધસી આવે નહિ અને જયાં સુધી મોતના ડાકલા બજવા શરૂ થાય નહિ ત્યાં સુધીમાં આત્મહિત સાધી લેવું જોઈએ.

"કાળા માથાનો માનવી ધારે તે કરી શકે : તેના માટે કશું અશક્ય નથી." આ વાત સાચી નથી. ગમે તેવો મોટો રૂસ્તમ રોગ, ઘડપણ અને મોતને ટાળી શક્તો નથી. રોજ સવાસો રૂપિયાનું ઈંજેક્શન (સો વર્ષ પૂર્વે) મોતને નિવારવા માટે ગાયકવાડ લેતા હતા છતાં મોત ત્રાટક્યું. ખૂબ રિબાઈને મર્યા.

ભારતીય પ્રજાને પરસ્પર લડાવી મારીને ખતમ કરવાની વાત ભારે આવેશથી કરનારા બ્રિટનના પ્રધાન ડલેસને કેન્સર થયું ત્યારે તેણે એક લાખ ડોલરનું ઈનામ જાહેર કર્યું હતું. પણ ડલેસને મોત ભરખીને જ રહ્યું.

જેણે મરવું નથી એણે જનમવાનું બંધ કરવું પડે. આ વાત એકધારું રડતાં બાળકને મહાસતી મદાલસાએ કરી હતી કે "બેટા ! શું તને જમડો દેખાયો છે ? જેથી તું સતત રડ્યા કરે છે ? બેટા ! તારું રૂદન જોઈને દયા કરે : તને છોડી દે એવો દયાળુ જમડો નથી. એ તો તને લઈને જ જશે.

જો તારે મરવું ન હતું તો તારે મારા પેટે જનમવું જ ન હતું. ભલે, હવે જે થયું તે થઈ ગયું. આ ભવમાં તું એવી સાધના કર કે તું અજન્મા બની જાય. પછી જમડો તારી નજીક ફરકી પણ નહિ શકે."

**मृत्योर्बिभेषि किं बाल ! स च भीतं न मुञ्चति ।**
**अजातं नैव गृह्णाति कुरु यत्नमजन्मनि ।।**

જ્ઞાનીઓ કહે છે કે મુનિજીવન પામીને એટલો જોરદાર કર્મક્ષય કરો કે આ ભવે જ અજન્મા થઈ જવાય. તે શક્ય ન હોય તો વધુમાં વધુ સાત આઠ ભવે તો અજન્મા થઈ જ જવાય.

જો પ્રાથમિક કક્ષાનું પણ મુનિજીવન નિરતિચારપણે પળાય : જ્યાં અતિચાર લાગે ત્યાં પ્રાયશ્ચિત્તથી શુદ્ધિ કરી લેવાય તો આઠ ભવે કેવળજ્ઞાન પામવું એ કોઈ મોટી વાત નથી. પરન્તુ જો મુનિજીવનની પ્રમાદાદિ દોષોથી પુષ્કળ વિરાધના કરાશે તો કદાચ ક્રોડો ભવે પણ મોક્ષ નહિ થાય. કેટલીક વાર તો મુનિજીવન (વિરાધનાઓથી ભરપૂર)થી સંસારભ્રમણ, સંસારી લોકો કરતાં ય વધી જાય. અભ્રકભસ્મ ખાઈને જો ગાંઠીઆ – ભજીઆ ખાવાના કુપથ્ય કરાય તો ભસ્મ ખાધા વિના કુપથ્ય કરનારા કરતાં રોગવૃદ્ધિ પુષ્કળ વધુ થઈ જાય તેમાં શી નવાઈ છે ?

આ જીવ કેવો કમનસીબ છે કે તેને માનવદેહનું અને મુનિજીવનનું મૂલ્ય સમજાતું નથી. તેમને તુચ્છ ભોગસુખો ખાતર વેડફી નાંખે છે.

અન્યત્ર કહ્યું છે : હાય, આ માણસે તો :

રાખ પામવા માટે ગોશીર્ષચંદનનું લાકડું બાળી નાંખ્યું.

બકરો ખરીદવામાં હાથી વેચી માર્યો.

કલ્પવૃક્ષ ઊખેડી નાંખીને દીવેલીઆનું વાવેતર કર્યું !

હાય ! હાય ! બિચારો મનુષ્યદેહ અને મુનિજીવન હારી ગયો ! તુચ્છ વિષયભોગો પાછળ પાગલ બનીનેસ્તો.

**दहइ गोसीससिरिखंडछारक्कए छगलगहणट्ठमेरावणं विक्कए ।**
**कप्पतरुतोडी एरंड सो वावए जुज्जि विसएहिं मणुअत्तणं हारए ।।**

ભર્તૃહરિએ કહ્યું છે કે, "શરીર ગળી ગયું હોય, માથે પળીઆં આવી ગયા, દાંત તૂટી ગયા, હાથે લાકડી લઈને ચાલવાના દિવસો આવી ગયા હોય તો ય માણસ જીવવાની આશામાં અને આશામાં આગળ ને આગળ ધકેલાતો હોય છે. પણ છેવટે તેને મરવું તો પડે જ છે. આ રહ્યો, તે શ્લોક :

**अङ्गं गलितं पलितं तुण्डं दशनविहीनं जातं मुण्डम् ।**
**वृद्धो याति गृहीत्वा दण्डं तदपि न मुञ्चत्याशापिण्डम् ।।**

ગ્રન્થકારશ્રીની નજરમાં માનવદેહ અને મુનિજીવનની અતિ દુર્લભતા એવી આવી ગઈ છે કે તે આ બે બરબાદ થાય તેવું કાંઈ પણ - એક ક્ષણ માટે ય કરવાની વારંવાર ના પાડતાં રહે છે.

પરમાત્મા મહાવીરદેવ પ્રથમ શિષ્ય ઈન્દ્રભૂતિ ગૌતમસ્વામીજીને માનવદેહ અને મુનિજીવનની અનેક રીતે દુર્લભતા બતાડીને વારંવાર એક વાત - ધ્રુવપદની જેમ - કરતાં કે, "હે ગૌતમ ! એક ક્ષણનો પણ પ્રમાદ સેવીશ નહિ."

ફરી પેલી વાત યાદ કરો કે ક્ષણો જ ઇતિહાસનું સર્જન કરે છે; યુગો નહિ.

પ્રસન્નચન્દ્ર રાજર્ષિ એક ક્ષણમાં સાતમી નારકના દળીઆં સંગૃહીત કરે છે. વળી એક ક્ષણમાં સર્વાર્થસિદ્ધ વિમાનને યોગ્ય પુણ્યકર્મનો અઢળક સંગ્રહ કરે છે. વળી એક ક્ષણમાં ઘાતીકર્મોનો નાશ કરીને કૈવલ્ય પ્રાપ્ત કરી લે છે.

તે પછીની એક જ ક્ષણે મગધપતિ શ્રેણિક પ્રસન્નચન્દ્રની ભાવી ગતિ પૂછે

છે. પ્રભુ સર્વાર્થસિદ્ધ વિમાનની ગતિ કહે છે ત્યાં તો વળતી એક જ ક્ષણે કૈવલ્ય પામવાના કારણે દેવદુંદુભિનો નાદ સંભળાય છે.

આથી જીવનની પ્રત્યેક ક્ષણ આરાધકભાવમાં પસાર થવી જોઈએ. આમ થતાં સમગ્ર જીવન આરાધકભાવમય બની જશે.

આખા જીવનની ચિન્તા ન કરો. એ ચિન્તા માથાનો ભાર બની જશે. માત્ર એકેકી ક્ષણની ચિન્તા કરો. જે વર્ત્તમાન ક્ષણ છે તેની જ ચિન્તા કરવી ઘટે. દરેક ભાવી ક્ષણ વર્ત્તમાન ક્ષણ બનવાની છે. તેને જ સંભાળી લેવી જોઈએ.

* * *

**घित्तुण वि सामन्नं संजमजोगेसु होई जो सिढिलो ।**
**पडइ जइ वयणिज्जे सोअइ अ गओ कुदेवत्तं ।। 259 ।।**

**અર્થ :** સાધુપણું (સાધુવેષ) લઈને પણ જે આત્મા સંયમના યોગોમાં શિથિલ બને છે તે સાધુ આલોકમાં નિન્દા (વચનીયતા) પામે છે અને પરલોકે હલકી દેવગતિ પામે છે. હવે ત્યાં તે પૂર્વભવે થયેલી ભૂલો ઉપર પશ્ચાત્તાપ કરે છે.

**વિવેચન** : શિથિલાચારી સાધુના બે ભવ બગડે છે. 'બાવાના બે બગડ્યા.' એ કહેવત આ સ્થળે સાર્થક બને છે. બિચારો આલોકમાં લોકનિંદાનો ભોગ બને છે. પરલોકે હલકી દેવગતિનો ભોગ બને છે.

'લોકનિંદા' એ ઉપલક્ષણ છે. એનાથી આરોગ્યનાશ, ચિત્તપ્રસન્નતાનાશ, લોકપ્રિયત્વનાશ, રિબામણ ભરેલા ઘડપણ અને મોત સમજવા.

જેમ તેમ ખાનારો, ભોગાર્થી બનીને વિષયલંપટ બનનારો, અનેક પ્રકારના જાતીય (વિજાતીય, સજાતીય, સ્વજાતીય) પાપો કરીને આરોગ્યને ખતમ કરનારો થાય. અકાળે ઘડપણ અને અનેક મહારોગો (દમ વગેરે) ધસી આવે અને છેલ્લે ભારે રિબામણ સાથે અસમાધિમરણ થાય.

આવું મરણ થવાથી હલકી કક્ષાની દેવગતિ (દેવલોકમાં ઝાડુ મારવાની, ઢોલ વગાડવાની, નાચવાની) મળે.

આવી દેવગતિ મળ્યા પછી તેની પરંપરા (અનુબંધ) ચાલે. લાખો - કરોડો વર્ષો સુધી તે જીવ બિચારો દુર્ગતિઓમાંથી બહાર આવી શકે નહિ.

આની વિરુદ્ધબાજુને હવે આપણે જોઈએ.

જો તે સાધુ શિથિલ જીવન જીવવાને બદલે જિનાજ્ઞાપ્રતિબદ્ધ જીવન જીવે, નાનકડો પણ દોષ ન સેવાઈ જાય તેની સજ્જડ કાળજી કરે, ગુરુની અપ્રતીમ સેવા કરે, જીવદયાને શ્વાસપ્રાણ બનાવે અને બ્રહ્મચર્ય વ્રતને નૈષ્ઠિક રીતે સંપૂર્ણ પાળે તો એનો પરલોક તો આબાદ બની જાય પરન્તુ આલોકમાં પણ તે અત્યન્ત લોકપ્રિય બને. તેના તપોમય જીવનને લીધે તેનું ઊભય - આરોગ્ય તંદુરસ્ત રહે. ગુરુકૃપા પામવાથી તેનું મન અતીવ પ્રસન્ન રહે. બ્રહ્મચર્ય સિદ્ધ થવાથી તેના દેહમાંથી ઊર્જાનો ધોધ સતત વહેતો રહે, જે લોકકલ્યાણમાં અત્યંત ઉપયોગી બને. તેનું મન સ્વાધ્યાયમય હોય એટલે પ્રત્યેક પળે અપૂર્વ નિર્જરા થયા કરે.

આ બધી વાતોથી તે અત્યન્ત પ્રસન્ન રહે. તે ડગલે ડગલે જિનાજ્ઞાઓનું અણિશુદ્ધ પાલન કરે છે તેનો આનંદ તો આસમાનને આંબી જાય.

જેમ આલોકમાં તે બાદશાહોનો બાદશાહ તેમ પરલોકે પણ તેને દેવેન્દ્ર અને નરેન્દ્રની ઉચ્ચ પદવીઓ મળે. અરે, એનાથી પણ મૂલ્યવાન વસ્તુ-અનાસક્તિ ભાવ - મળે એટલે અંતે તેને મુક્તિનું પરમધામ મળે.

જિનાજ્ઞાના પાલકને નકરા લાભ, લાભ અને લાભ.

નકરો આત્માનંદ, બ્રહ્માનંદ, યોગાનંદ.

ઉપકારી ગુરુને પાણી આપવામાં, એક નાનકડી કીડીનો જાન બચાવવામાં, નારી સામે આંખનું મટકું પણ નહિ મારવામાં અંતરે કેટલો આનંદ આવા મુનિઓને ઊભરાતો હશે એનું વર્ણન કલમથી કે વાણીથી કરી શકાય તેમ નથી. સંસારી લોકો એની કલ્પના પણ કરી શકે નહિ. એનું સ્વપ્ન પણ આવે નહિ.

ઓલા ગંદકીમાં આળોટતાં અને ગંદું આરોગતા ભૂંડને માનવ-દુનિયાના મિષ્ટાન્નોની અને મોજમજાની ગંધ પણ કયાંથી આવે ? એને તો પોતાનામાં જ સ્વર્ગ દેખાય.

રાબને મિષ્ટાન્ન સમજતાં રબારીને, શેઠના દીકરાના લગ્ન વખતે શેઠને પરાણે ઘેબર ખવડાવવો પડ્યો હતો. કેમકે રબારીને તો રાબમાં જ બત્રીસ પકવાન્નો દેખાયા હતા. ઘેબરના કાણાંઓમાં જીવડા ભરાયા હોવાની તેને શંકા હતી.

માત્ર પાંચ પપૈયાના જૂના-ખખડીને ઘરડા થઈ ગએલા ઝાડ ઉપર એક ખેડૂત પોતાનું ગુજરાન કરતો. પપૈયાની ખાસ આવક ન હોવાથી કારમી ગરીબી તેને

ઘેરી વળી હતી. તેની પાસે દસ એકર જમીન હતી. તેમાં સોનું પાકે તેમ હતું પણ તેને તેની કોઈ કલ્પના ન હતી.

એક વાર તેનો જીગરી દોસ્ત મળવા આવ્યો. કાળઝાળ ગરીબી જોઈને તે ધ્રૂજી ગયો. વાળુ કરીને રાતે વાતો કરતાં બધી વાત જાણી લીધી. મિત્રે કહ્યું, "આ પાંચ પપૈયાને કુહાડો ઝીંકીને ઢાળી દે. પછી દસ એકર જમીનની ખેતી કર. તેમાં બાજરાનું બિયારણ નાંખ. આજુબાજુના ખેડૂતો પાસેથી હળ, બળદ વગેરે ભાડેથી લે. જો વરસાદ સારો થશે તો તું આવતા વર્ષે મેડીબંધ મકાનમાં મોજથી રહેતો થઈ જશે. તારા સંતાનો અને પત્નીને અંગે નવા વસ્ત્રો આવી જશે."

પપૈયા—પોતાનું સર્વસ્વ-કુહાડીથી ઢાળી દેવાની સૂચનાથી ખેડૂતને ચક્કર આવી ગયા. તેણે બધી વાતની ધરાર ના પાડી. દોસ્તમાં દુશ્મન દેખાયો.

દોસ્તે નક્કી કર્યું કે કુહાડાથી પપૈયા ઢાળીને ભાગી જવું. પછી એની મેળે મિત્રો સહાય કરશે અને ધરતી ઉપર સ્વર્ગ ઊતરશે.

સવારે ત્રણ વાગે ઊઠીને દોસ્તે એ યોજના પાર પાડી. તરત દોસ્ત ભાગી છૂટ્યો. ત્યાર પછીનું બધું એની ધારણા મુજબ થયું.

વળતે વર્ષે એ જ્યારે ખેડૂતના ઘેર આવ્યો ત્યારે બધા દેદાર બદલાઈ ગયા હતા. સંતાનો ગાંડાઘેલા બનીને એને વળગી પડ્યા હતા.

સંસારી લોકો ભોગસુખના ભોગવટામાં જ સ્વર્ગ અને મોક્ષ દેખે. એમને એના ત્યાગમાં રહેલા અવર્ણનીય આનંદની કલ્પના જ ન આવે. સંસાર ત્યાગીને સાધુ થઈને ત્યાગ, તપનો આનંદ માણવાની પ્રેરણા કરનારા સાધુઓ તેમને કડવા ઝેર લાગે.

આનંદ ભોગ ભોગવવામાં નથી, તેના ત્યાગમાં છે. 'तेन त्यक्तेन भुञ्जीथाः' એ આર્ષવચનને તેઓ દૂરથી જ પ્રણામ કરે અને ખસી જાય.

આ જીવો અત્યન્ત દયાપાત્ર ગણાય. પણ તેમને ઉગારવાનો ઉપાય જરા ય સરળ નથી. કોક કલ્યાણમિત્ર જ તેમનું કલ્યાણ કરી શકે.

ભોગીઓ દયાપાત્ર છે, પણ ઓલો સાધુ સંસાર ત્યાગીને સાધુવેષમાં જે ભોગી બની ગયો, જેણે બે ય ભવ બગાડ્યા, એ ધિક્કારપાત્ર કહેવાય. એની દયા ન ખવાય.

* * *

**सुच्चा ते जीअलोए जिणवयणं जे नरा न याणंति ।**
**सुच्चाण वि ते सुच्चा जे नाउण न वि करंति ।। 260 ।।**

**અર્થ :** આ જીવલોકમાં જે સાધુઓ જિનાજ્ઞા શું છે ? તે જાણતા નથી તેઓ ઉપર શોક કરવો જોઈએ. પણ તેઓ ઉપર તો ખૂબ વિશેષ શોક કરવો જોઈએ જે સાધુઓ જિનાજ્ઞાને જાણ્યા પછી પણ તેનું પાલન કરતા નથી.

**વિવેચન :** દુર્યોધન કહેતો કે, "હું ધર્મ શું છે ? તે જાણું છું છતાં તેનું પાલન કરતો નથી. વળી અધર્મ શું છે ? તે પણ જાણું છું પણ તેનો ત્યાગ કરતો નથી."

ગ્રન્થકારશ્રી કહે છે કે જે જીવો જે તે અનુષ્ઠાનાદિના વિષયમાં જિનાજ્ઞા શું છે ? તે જાણતા નથી એટલે તે જિનાજ્ઞાનો અમલ કરતા નથી એ જીવોને પણ નિર્દોષ તો ન જ કહેવાય. તેમનું જે તે જિનાજ્ઞાના વિષયમાં અજ્ઞાન છે એ જ તેમનો ગુનો છે. અંગ્રેજીમાં કહેવત છે, **Egnorance is not excuse.** અજ્ઞાનતા એ કાંઈ બચાવ નથી.

આ આગ છે : તે દઝાડે... એવું નહિ જાણનાર બાળક આગને અડે તો દાઝી જ જાય. એમાં એને બચાવ ન મળે.

આ ઝેર છે : તે મોત લાવે, એવું નહિ જાણનાર માણસ ભૂલમાં ઝેર ખાઈ જાય તેથી તે મરી જાય.

પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુમાં જીવ છે. તેની હિંસા ન કરાય એવું નહિ જાણતાં અજૈનો જો તેની હિંસા કરે તો તેમને પાપકર્મનો બંધ થઈને તેના ઉદયમાં દુઃખ સહેવું જ પડે.

એટલું ખરું કે જાણીને ઝેર ખાનાર અને અજાણતાં ઝેર ખાનારમાં થોડોક ફેર પડે. જાણીને જે ઝેર ખાય તે તીવ્રતાથી ઝેર ખાય, તેને પાછળથી કોઈ બચાવી ન લે એટલા માટે ઝેર ખાઈને દિવેલ પીએ. આ માણસને ઊલટી કરાવીને પણ બચાવી શકાતો નથી.

જાણીબૂઝીને જિનાજ્ઞાનું પાલન નહિ કરતા સાધુના પરિણામ નિષ્ઠુર હોય છે એથી તે વધુ ગુનેગાર ગણાય.

અજાણમાં જિનાજ્ઞાનો અપાલક દયાપાત્ર છે.

જાણપણામાં જિનાજ્ઞાનો અપાલક ધિક્કારપાત્ર છે. હા, જાણકાર જો આગાઢ કારણે જિનાજ્ઞાના ઉત્સર્ગમાર્ગને ન પાળે તો ય તે અપવાદમાર્ગનો પાલક બને

છે એટલે તે જિનાજ્ઞાનો જ પાલક કહેવાય. પણ અપવાદમાર્ગરૂપ જિનાજ્ઞાનું પાલન તેને જ કરવાની જિનાજ્ઞા છે જે સાધુ ઉત્સર્ગમાર્ગનું પાલન કરવા જતાં આત્માનું અહિત કરી દે તેવી સ્થિતિ છે.

પણ ઉત્સર્ગમાર્ગની જિનાજ્ઞાને પાળવામાં કોઈ કષ્ટ પડતું હોય એટલે પ્રમાદના કારણે - નિષ્કારણ અપવાદમાર્ગ સેવે તો જિનાજ્ઞાપાલન કર્યું ન કહેવાય.

ઉત્સર્ગના સ્થાને ઉત્સર્ગ જ પાળવો જોઈએ. અપવાદના સ્થાને અપવાદ સેવવો જ પડે. તેમાં વ્યત્યય થઈ ન શકે. તેવું કરનારો સાધુ જિનાજ્ઞાનો અપાલક કહેવાય. જો જાણીને તેમ કરે તો તે ધિક્કારને પાત્ર છે. અજાણતાં કરી બેસે તો દયાપાત્ર છે.

તે અપવાદ-માર્ગ એ અપવાદમાર્ગ ત્યારે જ કહેવાય જ્યારે ગીતાર્થ ગુરુની આજ્ઞાથી આગાઢ કારણે - સકારણ - તેનું સેવન કરવું પડતું હોય. નિષ્કારણ સેવનમાં અપવાદ એ માર્ગ ન રહેતાં ઉન્માર્ગ બની જાય. તેમાં જિનાજ્ઞા નથી.

* * *

**दावेउण धणनिहिं तेसिं उप्पाडिआणि अच्छीणि ।**
**नाउणं वि जिणवयणं जे इह विहलंति धम्मधणं ।। 261 ।।**

**અર્થ :** જિનવચન જાણ્યા પછી જે તેને નિરર્થક કરે છે તેણે તો ધનનો નિધિ કોકને દેખાડ્યા પછી તેની આંખો ફોડી નાંખે.

**વિવેચન :** જિનધર્મને જાણ્યા પછી તેને નિષ્ફળ કરવું એટલે તેનો જીવનમાં અમલ ન કરવો. તેનો લાભ નહિ ઉઠાવવો.

કોઈને ધન દેખાડીને જો તેની આંખો ફોડી નંખાય તો તે માણસ તે ધનનો શું ઉપયોગ કરશે ? તેના માટે ધન નિષ્ફળ જવાનું છે.

પ્રસ્તુતમાં જિનવચન મળ્યું પણ જેને જરાય ફળ્યું નહિ એવા સાધુઓની અહીં વાત કરવામાં આવી છે.

આવી સ્થિતિ થવામાં સૌથી મુખ્ય કારણ પ્રમાદભાવ છે. જ્યારે સિંહની જેમ છલાંગ મારીને સંસારત્યાગ કર્યો હોય પછી જો તે આત્મા સાધુચર્યામાં શિયાળ બની જાય તે કેવું ?

જિનવચનને જાણ્યા પછી તેને આચરવામાં ઉલ્લાસ ઊછળે નહિ તો એ જિનવચન વાંઝિયું - નિરર્થક બને છે.

જિનવચનની આત્મામાં પરિણતિ થયા બાદ આત્મા તે મુજબનું જીવન જીવવા એકદમ સજ્જ હોય. સંસારી લોકોના સ્નેહભાવને લીધે જે તપ વગેરે મુમુક્ષુ કરી શકતો ન હતો તે બધું સંયમજીવનમાં સાવ સહેલું બની જાય. મોક્ષમાર્ગની આરાધનામાં દીક્ષિત સાધુને ગુર્વાદિકની કોઈ રૂકાવટ હોય નહિ.

આવી અનુકૂળતા છતાં દીક્ષિત આત્મા જો પ્રમાદમાં પડે તો તેનું જીવન તે હારી ગયો કહેવાય.

પ્રમાદ એટલે મુખ્યત્વે વિષયો અને કષાયોની ઉત્તેજના. આના કારણે તો જીવ ઉન્મત્ત બનીને અનેક દોષોને સેવતો રહ્યો અને સંસારભ્રમણ કરતો રહ્યો.

હાય, દીક્ષા લીધા પછી પણ તેના આ સંસ્કારો જીવંત રહ્યા. હવે તેને 'પડી રહેવા' સિવાય કશું ગમતું નથી.

સાધુની આવી સ્થિતિ થવામાં મુખ્ય બે કારણો છે (૧) વૈરાગ્યની ઓછી માત્રા. (૨) ભરપૂર અનુકૂળતાઓનો સ્વીકાર.

વર્તમાનમાં ગૃહસ્થો મુનિઓ પ્રત્યે વિશિષ્ટ સદ્ભાવ ધરાવતા હોય તે રીતે તેમને વધુ પડતી અનુકૂળતાઓ કરી આપતા હોય તેમ લાગે છે. તેમાં ય ગોચરીના વિષયમાં તો ભક્તોની ભારે ઘેલછા જોવા મળે છે. વળી વડીલોનો વિજાતીય સંપર્ક પણ વધ્યો છે. આની અસર નૂતન દીક્ષિતો ઉપર ઝડપથી થાય છે. કેટલાકોએ તો મધ્યમ કે ગરીબ સ્થિતિના કારણે ગૃહસ્થજીવનમાં ન જોયા હોય તેવા સુખ-સાધનો મુનિજીવનમાં જોવા મળતાં તેઓ પાગલ જેવા બનીને કરાંજીને તે ભોગસુખોને આરોગવા તૂટી પડે છે.

વિગઈઓનું સેવન, વિજાતીયનો ગાઢ પરિચય અને વિભૂષા મુનિજીવનના તાલપુટ ઝેર કહેવાય. એકાદનું પણ તીવ્રતાથી સેવન તે મુનિના ભાવપ્રાણોને તત્ક્ષણ હણી નાંખે.

જો આવા ઐયાશી મુનિઓની સંખ્યામાં વધારો થતો જાય તો શ્રમણ-સંઘ ભારે કફોડી હાલતમાં મુકાય.

ન તે આચારસંહિતા બનાવી શકે.

ન તે ઊંચું માથું કરીને દુનિયામાં ફરી શકે.

ન તે સંગઠિત થઈ શકે.

ન તેની આમન્યા (મર્યાદા) બની રહે.

આવો શ્રમણસંઘ કેટલા શ્વાસોચ્છવાસ ખેંચી શકશે તે કોઈ કહી શકે નહિ.

શિથિલ સાધુઓનું જોર દૈનંદિન વધતું જાય છે. એમની સંખ્યામાં સંગદોષને કારણે ખૂબ વધારો થવા લાગ્યો છે. આ સ્થિતિને જડમૂળથી સુધાર્યા વિના જે નૂતન દીક્ષાઓ ધડાધડ-હોલસેલમાં - થઈ રહી છે તે ખૂબ જોખમી બનવાની પૂરી શકયતા છે.

કાં રોગ દૂર કરો,

કાં કામચલાઉ રીતે દીક્ષા સ્થગિત કરો અથવા પૂરી ચકાસણી કર્યા બાદ દીક્ષા કરો.

અફસોસ ! કોણ આ બધું કરી શકે ? સંઘાચાર્ય અને સંગઠન વિના કશું ન થઈ શકે.

જે ગ્રુપના મુખ્ય વડીલ ગીતાર્થ ન હોય, જેમને શાસ્ત્રગ્રન્થોની વાચના દેતા આવડતી ન હોય, જે આશ્રિતોને વાત્સલ્ય આપી શકતાં ન હોય તે ગ્રુપ જિનશાસનનું શત્રુગ્રુપ કહેવાય. તેનામાં ચાલતી બિન્ધાસ્ત શિથિલતાઓ ઉધઈની જેમ જિનશાસનને કોરી નાંખશે.

અરે, કોક તો વડીલ જાગો, કોક મહાગીતાર્થ આગળ આવો. કોકે તો કાંઈક કરવું જ પડશે. આગળ વધી રહેલા શિથિલતાના સર્વનાશી વાવાઝોડાને કોકે તો કયાંક અટકાવવું જ પડશે.

પેલા જુવાન નેપોલીઅનના શબ્દો મને યાદ આવે છે. **Somebody must stop him some where.**

વેણીભાઈ પુરોહિતના ઉદ્‌ગારો અહીં ટાંકું છું :

***બાપદાદાની બાંધેલી ડેલી, હોય ફળીબંધ એક હવેલી.***
***ગામની ચિંતા ગોંદરે મેલી, એ ય નિરાંતે લીંબડા હેઠે, ઢોળીઆ ઢાળી;***
***સહુ સૂતા હોય એમ કાં લાગે. આપણામાંથી કોક તો જાગે...***

જો કોઈ મહાપુણ્યવાન નરબંકો (ગીતાર્થ મુનિ) હિંમત કરીને બહાર આવે : આગળ વધે તો સફળતા મળવામાં કોઈ શંકા નથી. તેણે માથે કફન બાંધવું પડે : પરિણામોની ચિંતા વધુ પડતી કર્યા વિના લક્ષ્યાંકને સિદ્ધ કરવા માટે ધસી જવું પડે.

પેલા યુદ્ધમોરચે ધસી ગયેલા છસો સૉલ્જરો માટે કવિએ કરેલી કલ્પનાને આબેહૂબ રીતે જીવનમાં જીવંત કરીને આગળ વધી જવું પડે :

**In to the velley of death, rode the six hundred.**

**There is nothing to ask how and why ? But only to do and die...**

શ્રમણસંઘને આચારથી તંદુરસ્ત અને જિનાજ્ઞાથી પ્રતિબદ્ધ બનાવવાની કામગીરી સૌથી પ્રથમ થવી જોઈએ. કેમકે તેની શિથિલતાઓ જ નવા નવા થતાં જતાં સાધુ- સાધ્વીઓને પ્રમાદી બનાવે છે. હવે એમનો કેટલા ટકા દોષ કાઢવો ?

* * *

**ठाणं उच्चुच्चयरं मज्झं हीणं च हीणतरगं वा ।**
**जेण जहिं गंतव्वं चिट्ठा वि से तारिसी होइ ।। 262।।**

**અર્થ :** આ જગતમાં ઘણા બધા ઉચ્ચ-નીચ સ્થાનો છે. ઉચ્ચ અને ઉચ્ચતર, મધ્ય, હીન અને હીનતર સ્થાનો છે. જે જીવે જયાં જવાનું છે તે જીવની ચેષ્ટાઓ પણ તેવી જ થતી હોય છે.

**વિવેચન :** દેવલોક એ ઉચ્ચસ્થાન કહેવાય. મોક્ષ એ ઉચ્ચતર સ્થાન કહેવાય. મનુષ્યગતિ મધ્યમ સ્થાન ગણાય. તિર્યંચગતિ હીન સ્થાન કહેવાય. નારકગતિ હીનતર સ્થાન કહેવાય.

આમાંથી જે સ્થાને જે જીવે જવાનું હોય તે રીતે તે જીવની તેના વર્ત્તમાન જીવનમાં ચેષ્ટાઓ થતી હોય છે.

કહેવત છે કે, ઘો મરવા પડે ત્યારે વાઘરીવાડે જાય.

ઘોને સાવ હીનગતિમાં જન્મ લેવાનો હોવાથી તે જ્યારે મરવા પડે ત્યારે તે વાઘરીવાડે જવાની ચેષ્ટા કરે. એની બુદ્ધિ આવી ભ્રષ્ટ થાય.

જે આત્માને જે ગતિમાં જવાનું હોય તે પ્રમાણે તેનો અંતસમય પલટાય, પણ સામાન્યતઃ જીવનકાળ દરમ્યાન પણ આત્મા પોતાને જયાં ઉત્પન્ન થવાનું હોય તેના પ્રમાણેનું જીવન જીવતો હોય અથવા છેવટે તો તે પ્રમાણેની લેશ્યા બની જ જાય.

તદ્દન ધાર્મિક ભાવોથી ભરપૂર શ્રેણિક અને કૃષ્ણ નરકગામી થવાના હતા એટલે સાવ છેલ્લે તેમની લેશ્યા એકદમ અશુભ બની ગઈ.

જ્યારે ઉલટપક્ષે ગોશાલકાદિની લેશ્યા શુભ બની ગઈ.

પરમાત્મા મહાવીરદેવના જે પાંચમા નંબરના ગણધર બનવાના હતા તે સુધર્મા બ્રાહ્મણે પ્રભુને પ્રશ્ન પૂછયો હતો કે, "શું જે જેવો વર્ત્તમાનમાં હોય તે તેવો

જ ભવિષ્યમાં થાય ? એટલે શું મનુષ્ય મરીને મનુષ્ય જ સતત થયા કરે ? અને કૂતરો મરીને સતત – સદા માટે – કૂતરો જ થયા કરે ? હે પ્રભુ ! શાસ્ત્રમાં આવું વિધાન કેમ કર્યું હશે ? મનુષ્ય દુષ્કર્મો કરીને કૂતરો ન બની શકે ? અને કૂતરો અજાણપણે ય કોઈ સુકૃત કરતો હોય તો તે દેવ પણ ન બની શકે ?"

પરમાત્માએ ઉત્તર આપ્યો કે, "જે જેવો હોય તે તેવો થાય." એનો અર્થ એ છે કે "ભીતરમાં જે જેવો હોય તે તેવો થાય." કોઈ માણસ ખોળીઆથી માણસ હોય પણ ભીતરમાં કૂતરા જેવો (ઈર્ષ્યાળુ) હોય તો તે કૂતરો થાય.

વર્ત્તમાનમાં કૂતરો છે અને ભવિષ્યમાં પણ કૂતરો થાય.

વર્ત્તમાનમાં જે દેવ ભીતરમાં માણસાઈના ગુણો ધરાવતો હોવાથી 'માણસ' છે તે મરીને માણસ થાય. આ રીતે ઘટના કરવાથી શાસ્ત્રવાક્ય સંગત થઈ જશે.

સુધર્માને આ ઉત્તરથી પૂર્ણ સંતોષ થયો.

અન્યત્ર કહ્યું છે, "જેની જેવી ગતિ તેવી તેની મતિ.. અથવા જેવી જેની મતિ તેવી તેની ગતિ."

ગ્રન્થકારશ્રીએ આ જ વાત જરાક ઊલટાવીને કરી છે કે જે જેવો ભવિષ્યમાં થવાનો હોય તે તેવો વર્તમાનમાં હોય.

જે ભવિષ્યમાં દેવ થવાનો છે તે દેખાતો માણસ વર્ત્તમાનમાં ભીતરમાં દિવ્ય ગુણો ધરાવતો દેવ હોય.

સાધુ જેવા ગુણો - હીન, હીનતર, ઉચ્ચ કે ઉચ્ચતર–ધરાવે તે રીતે તેનો ભાવી જન્મ થાય.

હીન તિર્યંચમાં, હીનતર નારકમાં, ઉચ્ચ મનુષ્યમાં, ઉચ્ચતર મોક્ષમાં જાય.

* * *

**जस्स गुरुंमि परिभवो साहुसु अणायरो खमा तुच्छा ।**
**धम्मे य अणहिलासो अहिलासो दुग्गइए उ ।। 263।।**

**અર્થ :** જે સાધુ ગુરુ પ્રત્યે સદ્ભાવ ધરાવતો નથી, જેને સાધુઓ પ્રત્યે અનાદર છે, જેની ક્ષમા હલકી કક્ષાની છે, જેને ધર્મ કરવાની ઈચ્છા નથી તે સાધુ દુર્ગતિનો ઈચ્છુક છે એમ કહેવું પડે.

**વિવેચન :** જેણે દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની ઓળખ આપી; જેણે હાથ ઝાલીને ઘોર સંસારમાંથી આત્માને બહાર કાઢ્યો - એ રીતે જેણે એ આત્માને ચૌદ રાજલોકના

જીવોનું અભયદાન અપાવ્યું; જે કઠોર મોક્ષમાર્ગે ભોમીઆ બન્યા એવા મહાન ગુરુ અપેક્ષાએ ભગવાન કરતાં ય વધુ ઉપકારક છે. તેમના પ્રત્યે મનથી પણ જો તિરસ્કાર થાય અથવા આગળ વધીને તેમનો ત્યાગ કરાય તો તે આત્મા જેવો ભૂંડો તો ભૂંડ પણ ન કહેવાય. આવા આત્માને ખાનદાન ન કહેવાય, કુળદીપક ન કહેવાય, તે શાસનદીપક બને તેવી આશા કદી ન રખાય.

સંભવ છે કે ગુરુમાં પક્ષપાત, ક્રોધ, આહારસંજ્ઞા, સુખશીલતાદિ દોષોમાંથી કોઈ દોષ જોર મારતો હોય પણ તેટલા તેમના માઈનસની સામે તેમના થયેલા ઉપકારોના પ્લસ મેરુ પર્વત જેટલા છે. તેની નોંધ કેમ લેવાતી નથી ? વળી ગુરુ કાંઈ ભગવાન થોડા છે કે તેમની પાસે સર્વથા નિર્દોષતાની અપેક્ષા રખાય ? સાચા ગુરુઓ પોતાનાથી સેવાઈ ગયેલા દોષની ખુલ્લી કબૂલાત શિષ્યો પાસે કરે. આનાથી વધુ તો છદ્મસ્થ ગુરુ પાસે શી અભિલાષા રાખી શકાય ?

આ બધી વાતનો નિષ્કર્ષ એ નીકળે છે કે ગુરુ અત્યંત ઉપકારી છે. તેમની ખૂબ સેવા કરવી જોઈએ. તે ન બને તો તેમનો અવર્ણવાદ કરવો ન જોઈએ : સાંભળવો પણ ન જોઈએ. જે આનાથી પણ નીચે ઊતરે છે તે સાધુ અનંતસંસારી બને છે.

ગ્રન્થકારશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે ગુરુને તિરસ્કારતો સાધુ દુર્ગતિને આમન્ત્રણ દઈ રહ્યો છે.

દત્ત નામના શિષ્યે ઉત્કૃષ્ટ કક્ષાના ગુરુ ઉપર શિથિલ હોવાનો આરોપ મૂક્યો હતો. આગાઢ કારણોસર ગુરુએ સ્થિરવાસ કર્યો હતો. શિષ્યોને સ્થિરવાસ થાય તે ગુરુને ઈષ્ટ ન હતું એટલે તમામ શિષ્યોને વિહાર કરાવીને પોતે કષ્ટ વેઠીને પણ ઉત્તમ સંયમજીવન જીવતા હતા.

એકદા દત્ત શિષ્ય તેમની પાસે આવ્યો ત્યારે ગુરુનું આસન તે જ ખૂણે જોયું જે ખૂણે શિષ્યોના વિહાર વખતે હતું. આ ઉપરથી તરંગી શિષ્યે અનુમાન કર્યું કે, "ગુરુદેવ દર મહિને ખૂણો બદલવારૂપ સ્થિરવાસનો અપવાદ પણ સેવતા નથી. કેવા શિથિલ છે મારા ગુરુ ?"

વસ્તુતઃ યોગાનુયોગ ગુરુને એ જ ખૂણો આવ્યો હતો જે પહેલાં હતો અને આજે ય હતો.

આ પછી એવી બે ત્રણ ઘટના બની જેમાં શિષ્યે ઊંધી કલ્પના કરીને ગુરુને 'શિથિલ' નક્કી કર્યા.

આ બધું થતાં ઉપાશ્રયના અધિષ્ઠાયક દેવને - જે સ્થિરવાસી ગુરુનો ભક્ત બની ગયો હતો તેને - દત્ત મુનિ ઉપર ખૂબ ક્રોધ ચડ્યો.

રાત્રે ભયંકર અંધકાર કરીને વાવાઝોડું કર્યું. આકાશમાં વીજ-કડાકા થવા લાગ્યા. શિષ્ય ખૂબ ગભરાઈ ગયો. તેણે ગુસ્સામાં ગુરુથી દૂર આસન રાખ્યું હતું. તેને ગુરુદેવ પાસે પહોંચવું હતું. ગુરુએ વૈક્રિય શકિતથી એક આંગળીને તેજસ્વી બનાવીને શિષ્યને કહ્યું, "આ પ્રકાશ તરફ આવ. હું અહીં છું."

અહીં પણ શિષ્યને ઊંધું પડ્યું. તેણે વિચાર્યું કે "તેના ગુરુ ફાનસનો ઉપયોગ કરે છે. કેવા શિથિલ થઈ ગયા છે !"

હવે અધિષ્ઠાયક દેવથી સહન ન થયું. ગુરુ તરફ જતાં શિષ્યને ધક્કો દઈને જમીન ઉપર પછાડી નાંખ્યો. ત્રાડ પાડીને દેવે તેની દુષ્ટતા બદલ ખૂબ ઠપકો આપ્યો.

પછી શિષ્યે ગુરુને અંતરથી ખમાવ્યા.

શું આટલો બધો તિરસ્કાર શિષ્યથી થઈ શકે ખરો ? ગ્રન્થકારશ્રી સાચું કહે છે કે આ બધા ધંધા દુર્ગતિ તરફ જવાના ધંધા કહેવાય.

દેહની બધી ચામડી ઉતારીને તેના બનાવેલા જોડા ઉપકારી ગુરુને પહેરાવાય તો ય તેના ઉપકારનો બદલો જો ન વળી શકતો હોય તેવા ગુરુ પ્રત્યે તુચ્છ કારણોસર જે શિષ્યને તિરસ્કાર થતો હોય તેને અમારો લાખ લાખ વાર ધિક્કાર છે.

હાય, એવા શિષ્યોને બે હિતવચનો કહેતાં બિચારા (!) ગુરુ ગભરાતા હોય છે. સંવેગરંગશાળામાં કહ્યું છે કે, "જેને બે હિતવચનો કહેવામાં ગુરુને 'બીક' લાગે છે તે શિષ્યને ધિક્કાર છે."

કાલકસૂરિજી મહારાજને શિષ્યોનો ત્રાસ એટલો બધો વધી ગયો હતો કે તેમને કાઢી મૂકવાને બદલે પોતે જ ગચ્છમાંથી જતા રહ્યા હતા.

યુગપ્રધાનતુલ્ય કહેવાતા આ આચાર્યનું શિષ્યોના વિષયમાં કેટલું નબળું પુણ્ય હશે ?

ગુરુ હિતવચન નહિ કહે તો કોણ કહેશે ? એ કડક શબ્દોમાં કાંઈક કહે તો ય તે તેમની નિગ્રહકૃપા છે. તે અનુગ્રહકૃપાથી ચડિયાતી છે.

મા બાળકને પેંડો ખવડાવે તે તેની અનુગ્રહકૃપા કહેવાય. પણ કોઈ વાંકમાં આવે ત્યારે તમાચો મારે તે પણ તેની કૃપા જ કહેવાય, એનું નામ નિગ્રહકૃપા.

શિષ્યોનું વર્તન સારું ન હોય છતાં ગુરુ તો પોતાના છેલ્લા શ્વાસ સુધી તેને માર્ગસ્થ બનાવવાનો યત્ન કરે. હા, તેવા 'વિચિત્ર' ને ઠપકારે ખરા પણ સાથે જ વાત્સલ્ય પણ દેતા જાય.

અરે, ભાઈ ! જે પાણીએ મગ ચડે તે પાણીએ ચડાવવા પડે.

ગોરા કુંભારે ગુરુજનોને શિખામણ દેતાં કહ્યું છે કે, "હું જે રીતે ઘડો તૈયાર કરું છું તે રીતથી તમે શિષ્યને તૈયાર કરો.

ચાક ઉપર માટીનો લોંદો ચડાવીને તેને ઘડામાં રૂપાન્તરિત કરવા માટે હું એક હાથે ઘડાને જોરથી ઠપકારું છું. પણ બીજો હાથ અંદર રાખીને તે ગોળો તૂટી ન પડે એટલે હેતથી ટકાવી રાખું છું.

આમ એક આંખે ભીમ તો બીજી આંખે કાન્ત બનાય તો મારા ઘડાની જેમ શિષ્ય સારો તૈયાર થાય."

કલિકાલમાં શિષ્યોને 'સારા' તૈયાર કરવા માટે ગુરુઓને ખૂબ સહન કરવું પડે તેમ છે. પણ જો પૂરી ક્ષમા રાખીને ગુરુ સહન કરે તો શિષ્યો રત્નતુલ્ય બને ખરા.

સૂરાચાર્ય પોતાના શિષ્યોને ઉત્તમ કક્ષાના પાઠી બનાવવા માટે ભણાવતી વખતે આંકણીથી મારતા. એક દી' ગુરુએ આમ ન કરવા જણાવ્યું ત્યારે સૂરાચાર્યજીએ કહ્યું, "ગુરુદેવ ! આમ ન ફટકારું તો આ ચેલાઓ સારા તૈયાર થઈ શકે તેમ નથી."

જો કે છેવટે ગુરુની વાત સૂરાચાર્યે કબૂલ રાખીને શિષ્યોને ભણાવવા લાગ્યા હતા.

ભલા, કોઈને પિત્ત થયું હોય તો તેના શમન માટે ખાટોખસ લીંબુનો રસ પાવો પડે. પણ એમ સાવ ખાટો રસ કોણ પેટમાં ઉતારશે ? આ માટે લીંબુમાં સાકર નાંખીને લીંબુનું મીઠું શરબત બનાવવું પડે.

લેમન (લીંબુ) નહિ પણ લેમોનેડ (લીંબુનું શરબત).

ભલા ! આ હલાહલ કલિકાલ ચાલે છે. ભૂતકાલીન આદર્શ શિષ્યોની અપેક્ષા કોઈ ગુરુ રાખશે તો પરેશાન થશે. જે શિષ્ય 'સરેરાશ સારો' હોય તેને પ્રેમથી અપનાવી લેવામાં, તેના નાના નાના દોષો બદલ શિખામણ દેવાની નીતિમાંથી નીકળી જવામાં મજા છે.

ઓલો કૂલવાલક ! ગુરુની વખતોવખતની શિખામણથી એવો ત્રાસી ગયો કે એક વાર તેણે ગુરુને મારી નાંખવાનો પ્રયત્ન કરી દીધો !

અત્યુત્તમ કક્ષાના શિષ્યોને યાદ કરવા હોય તો ગૌતમ ગણધર, મૃગાવતીજી અને ચંડરુદ્રાચાર્યના શિષ્ય સ્મરણમાં આવે. કેવા એ મહાન આત્માઓ ! ગુરુ જે કહે તે પ્રમાણ. કોઈ વાતે બચાવ નહિ. આથીસ્તો તેમણે વીતરાગ અવસ્થા પ્રાપ્ત કરી.

કોઈનો પણ અવર્ણવાદ ન થાય. તેમાં ય ગુરુનો અવર્ણવાદ તો ન જ થાય.

જે વાતે વડીલો (માતાપિતા, ગુરુ વગેરે)ની ના હોય તે વાતમાં આગળ વધનારા - કૃપા પામ્યા વિનાના - તમામનો તેમના અભિયાનમાં ધરખમ રકાસ થયા વિના ન રહે.

રાવણનો ભાણિયો શંબૂક ! માતાપિતાની અનિચ્છાએ વિદ્યા સાધવા ગયો. મોતને ભેટ્યો.

'આરણક'ની કથામાં આવતો શિષ્ય ! ગુરુની ના ઉપર રૂપ-પરિવર્ત્તનની વિદ્યાને સિદ્ધ કરી તો ધડ અને મસ્તક જુદા થઈને પડ્યા !

હંસ અને પરમહંસ મામા-ગુરુ હરિભદ્રસૂરિજીની ભાવનાથી પ્રતિકૂળ ચાલ્યા. બે ય ના જાન ગયા !

પેલો વિદ્યાસિદ્ધ મહાભારતીય કૌશિક ! એક પ્રતિવ્રતા નારીએ એની આબરૂના કેવા ધજાગરા ઊડાડી દીધા ! કેવો ગર્વ મીટાવી દીધો !

મારું સ્પષ્ટ માનવું છે કે આ જગતનું સૌથી મોટું - મુનિજીવનનું - પાપ અબ્રહ્મનું છે; પણ એથી ય મોટું પાપ બ્રહ્મસ્વરૂપ ગુરુ પ્રત્યેનો અસદ્‌ભાવ, તિરસ્કાર, દ્રોહ છે. અબ્રહ્મના પાપનું ફળ હજી આવતા ભવો સુધી લંબાય, પણ ગુરુદ્રોહના પાપનો પરચો આ ભવમાં અવશ્ય મળી જાય. આ સ્વાનુભવની વાત છે. ત્રણેક વખત ગુરુદ્રોહ કર્યો. દરેક વખત પરચો જોરદાર મળ્યો.

**ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ દીવો, ગુરુ દેવતા....**

એ વાત તદ્દન સાચી છે.

કોકે ત્યાં સુધી કહ્યું છે કે સાક્ષાત્ ગુરુ-દર્શનના લાભો તો અમાનસમાન છે પણ તેમના દેહના મૃતકના દર્શનના, અરે, મૃતકની ભડભડ જલતી જ્વાલાના દર્શન, અરે, મૃતકના ધૂમાડાના કે તેની રાખના પણ દર્શન જેને મળી જાય તે આત્મા પણ પરમગતિને પ્રાપ્ત કરે.

પેલો ભાન ભૂલેલો ગોશાલો ! જેનો પ્રભુએ સ્વીકાર નથી કર્યો છતાં 'માન ન માન, મૈં તેરા મહેમાન,' ન્યાયથી 'હું તમારો શિષ્ય છું.' એમ કહીને શિષ્ય બની બેઠો.

આ નાલાયક માણસે પ્રભુને ખૂબ હેરાન કર્યા. તેની હલકી-ગંદી ચર્યાઓથી ઉશ્કેરાયેલા ટોળાએ તેના ગુરુ તરીકે પરમાત્માને જ્યારે ને ત્યારે પીટ્યા.

છેલ્લે તો એણે જ પરમાત્મા ઉપર તેજોલેશ્યાની આગ છોડી મૂકી. પ્રભુ બળીને મૃત્યુ તો ન પામ્યા પણ છ માસ સુધી પિત્તપ્રકોપ થતાં લોહીના ઝાડા થતા રહ્યા. તેથી હૃષ્ટપુષ્ટ એવું તેમનું શરીર કબૂતરના પગ જેવું પાતળું થઈ ગયું. આવા પાપીને પણ તેના કરુણ મોતના છેલ્લા દિવસે ગૌતમસ્વામીજીને મોકલીને જગાડ્યો. તેણે પોતાના નીચ કર્મો ઉપર ઘોર પશ્ચાત્તાપ કર્યો. તે વખતમાં તેને સમ્યગ્દર્શન પ્રાપ્ત થયું. મરીને બારમા દેવલોકે ગયો.

સાતમી નારકે જવાને સર્જાયેલા પાપાત્માને પ્રભુએ બારમા દેવલોકે મોકલી આપ્યો.

આ ગુરુદ્રોહી ગોશાલક દેવલોકમાંથી નીકળ્યા બાદ પ્રત્યેક પાપના અતિ કરુણ ફટકાઓ ખાશે. વારંવાર આગથી કે શસ્ત્રથી મરશે. એવો અનંતકાળ પસાર કરશે. ત્યાર બાદ કર્મલઘુતા થતાં માનવદેહ પામશે. સાધુ થશે. કેવળજ્ઞાન પ્રાપ્ત કરશે. એ વખતે એની પહેલી દેશનામાં પોતાના કલંકિત ભૂતકાળની વિસ્તારથી વાતો કર્યા બાદ શ્રોતાજનોને કહેશે, "તમારાથી બીજો કોઈ ધર્મ ન થાય તો ભલે, પણ તમે કદી ગુરુદ્રોહ કરશો નહિ. એના અતિ કટુ ફળો મેં અનંતા કાળમાં ભોગવ્યા છે."

કેવળજ્ઞાની ગોશાલકની આ વાત તમામ સાધુ-સાધ્વીઓએ ગંભીરપણે વિચારવી જોઈએ. વાતવાતમાં ગુરુ પ્રત્યે તિરસ્કાર, નફરત, ધિક્કાર, અપલાપ, ખુલ્લો બળવો વગેરે જેઓ કરી બેસે છે તેમણે એક વાર તેમના પગે માથું મૂકીને ખૂબ પશ્ચાત્તાપ કરવો જોઈએ. પુષ્કળ આંસુ વહેવડાવવા જોઈએ. શુદ્ધ પ્રાયશ્ચિત્ત કરવું જોઈએ. ખાસ કરીને તેમના પ્રત્યે ઉત્કૃષ્ટ બહુમાન સાથે નવી જિંદગીનો આરંભ કરવો જોઈએ.

મને મૃગાવતીજી અને ચંડરુદ્રાચાર્યના શિષ્ય વારંવાર યાદ આવે છે. ખરેખર તો તેમનો કોઈ ગુનો ન હતો છતાં પોતાનો લેશ પણ બચાવ ન કરતાં, ગુરુએ આપેલા ઠપકા બદલ કે તાડન બદલ પોતે જ દોષિત હોવાની વાતનો એકરાર

કરીને ગુરુને પરેશાન કર્યા બદલ એવો જોરદાર પશ્ચાત્તાપ કર્યો કે તે બન્નેને અન્તર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રાપ્ત થયું. હા,. તે રત્ન ઉપકારી ગુરુને તેમણે ભેટ આપ્યું.

ગ્રન્થકારશ્રી કહે છે કે ગુરુ પ્રત્યે તિરસ્કારભાવ જેવું બીજું પાપ છે સાધુ - સાધ્વીઓ પ્રત્યે અનાદર (તિરસ્કાર) ભાવ.

એ તો નિશ્ચિત છે કે હૂંડા અવસર્પિણીના આ ભયાનક કાળમાં શ્રમણત્વનું પાલન કરવું અતિ અતિ દુષ્કર છે. આ વાત "ચરણ ધરણ નહિ ઠાય". શબ્દોથી આનંદઘનજી મહારાજે બીજા અજિતનાથ ભગવંતના સ્તવનમાં કહી છે.

વીતરાગસ્તોત્રમાં કલિકાલસર્વજ્ઞ ભગવંતે શ્રમણ-શ્રમણીઓનું હતાશામય આત્મસંવેદન વ્યક્ત કર્યું છે. સામાન્ય રીતે કેટલાક સાધુ - સાધ્વીઓ સિંહની જેમ દીક્ષા લેવા છતાં શિયાળ જેવા બની જાય છે. એમનો દીક્ષાના પ્રથમ દિવસનો જબરદસ્ત ઉલ્લાસ ઓસરી જવાથી આવું બને છે. તેઓ જેમ જેમ કષ્ટોને સહવાની વાતમાં કાયર બનતાં જાય છે તેમ તેમ તેમનું જીવન સાવ શિથિલ બનવા લાગે છે.

આવા સાધુ-સાધ્વીઓ દસ–વીસ ટકાથી વધુ તો નહિ જ હોય. ઘઉંમાં કાંકરાનો ન્યાય લગાડીને એમની તરફ ન જોતાં જે ઉત્તમ કક્ષાના આરાધકો છે તેમને જ આદર્શરૂપ બનાવવા જોઈએ.

જ્યારે પુણ્યપાલ રાજાના આઠ સ્વપ્નોના ફળવર્ણનમાં પરમાત્માએ પોતાના શ્રીમુખે 'ભાવી કાળનું' કરુણ ચિત્ર રજૂ કર્યું છે ત્યારે આપણે એ વિચારવું જોઈએ કે હજી તો થોડાંક (દસ-વીસ ટકા જેટલા) આત્માઓ જ સાધુત્વના પાલનમાં નબળા પડેલા દેખાય છે. એંસી ટકા જેટલા મહાત્માઓ સરેરાશ સુંદર જીવન જીવે છે તો શા માટે તેમને જોઈને શ્રમણો તરફ આદર-બહુમાન ન કેળવવા ?

બગીચાના ગુલાબ ઉપર બુલબુલ બેસે. મધુર સ્વરે ગીતો ગાય. બગીચામાં ક્યાંક વિષ્ઠા પણ પડી છે. તેમાં ચાંચ મારનારો તો કાગડો કહેવાય.

આપણે બુલબુલ જ બનવું જોઈએ.

મગધપતિ શ્રેણિકનું સમ્યગ્દર્શન અત્યન્ત નિર્મળ હતું. દેવપરીક્ષામાં માછલી પકડતાં સાધુને અને મોટા પેટવાળી – ગર્ભવતી–સાધ્વીને રજૂ કરાયા તો ય તેઓ જરાય વિચલિત ન થયા. તે સાધ્વીએ મગધપતિનો ઠપકો સાંભળીને કહ્યું કે, "મને એકલીને શું કહો છો ? ચંદનબાળા, મૃગાવતી સહિત ઘણા બધા સાધ્વીઓ આવી રીતે કલંકિત બનેલા છે !" એ વખતે ભયંકર ક્રોધાવેશમાં ત્રાડ પાડીને મગધપતિએ તેમને કહ્યું, "ચૂપ રહો. ખબરદાર જો આવું ફરી બોલ્યા છો તો. તમારું પાપ છાવરવા માટે તમે મહાપવિત્ર મહાત્માઓને ભાંડો છો ?"

કઢંગી સ્થિતિમાં સાધુને જોવા છતાં રાજમાર્ગેથી પસાર થતાં મન્ત્રી શાન્તનુએ વંદન કર્યું હતું. પેલો સાધુ ધ્રૂજી ગયો હતો. તેને પોતાની કાળી ચાદર બદલ ખૂબ આઘાત લાગ્યો હતો. શત્રુંજયની છાયામાં તેણે અનશન લગાવી દીધું હતું.

વિશેષઆવશ્યકભાષ્યમાં 'કર્મસિદ્ધ' કોને કહેવાય ? તેની વાતમાં એક દૃષ્ટાન્ત આપ્યું છે.

કોઈ સાધુ ધીમે ધીમે જીવનમાં શિથિલ થયો. તેણે વેષ ત્યાગી દીધો. તેનું શરીર હૃષ્ટપુષ્ટ હતું એટલે મજૂર બનીને આજીવિકા રળવા લાગ્યો. એને ખબર પડી કે નજીકના નગરનો રાજા નગર ફરતો વિરાટ કિલ્લો બનાવે છે. જે વધુ કામ કરે તેને વધુ દામ ચૂકવે છે.

આ મજૂર ત્યાં પહોંચ્યો. એક સાથે મોટા પાંચ પત્થરો ઊંચકીને તે કિલ્લે પહોંચતો. તેની ગતિ અત્યન્ત તેજ હતી. બીજા કરતાં પાંચ ગણું કામ કરતો હોવાથી રાજાએ મુકાદમ દ્વારા તેને અમુક માર્ગ ફાળવી આપ્યો. જયાંથી કોઈએ પસાર થવું નહિ તેવો આદેશ અપાયો.

એક દિ'ની વાત છે. આ વાતથી અજાણ જૈન શ્રમણોનું વૃન્દ વિહાર કરતાં ત્યાં આવ્યું. તે પ્રતિબંધિત માર્ગ વાટે ચાલવા લાગ્યું. એમની સામેની દિશાથી ધમધમ કરતો મજૂર પાંચ પત્થરો (માથે, બગલમાં, હાથમાં) ઊંચકીને આવતો હતો. સાધુઓને જોઈને તેણે પત્થરો બાજુ ઉપર મૂકી દીધા. સહુને ઘેઘૂર વૃક્ષ નીચે બેસાડ્યા. ભાવપૂર્વક વિધિવત્ પ્રત્યેક સાધુને વંદના કરી. આમાં ઠીકઠીક સમય નીકળી ગયો. તેના પ્રત્યે ઈર્ષ્યા ધરાવતા મુકાદમે રાજાને ફરિયાદ કરી. રાજાએ મજૂરને કારણ પૂછયું. મજૂરે કહ્યું, "જે મારા કરતાં પણ વધુ ભાર ઉપાડે છે તેમની હું સેવા કરવાનો. એ માટે આપ મને કાંઈ પણ કહેશો નહિ. હું પાંચ પત્થરો ઉપાડું છું તે અમુક જ સમય પૂરતાં છે; મારે આરામ કરવો હોય તો હું તેમને બાજુ ઉપર મૂકી શકું છું. રાત્રે તો હું આ બોજ ઉઠાવતો નથી. જ્યારે આ મહાત્માઓ ચોવીસેય કલાક પાંચ મહાવ્રતોરૂપી પાંચ પત્થરો ઉઠાવે છે. ઊંઘમાં પણ અને શૌચ વગેરે જતાં પણ...

મહારાજ ! મારી વાત આપને મંજૂર ન હોય તો મને નોકરીમાંથી ફારગતી આપો."

રાજા શું બોલે ? ઊલટું, જૈન મુનિઓના કઠોર મહાવ્રતોના પાલન બદલ તે પ્રસન્ન થયા. મજૂરની નોકરી ચાલુ રાખી.

છદ્મસ્થપણાને લીધે અત્યન્ત સંભવિત દોષો (ઉત્તરગુણ સંબંધિત)ને જોઈને ગૃહસ્થો ભડકી ઊઠે તે બરોબર ન કહેવાય. તેવા સમયે તે સાધુના માબાપ બનીને ગંભીરતાથી દોષનિવારણ થાય તેવો યત્ન કરે અથવા ઉપેક્ષા કરે. પરંતુ અનાદર તો નહિ જ.

આ સત્યઘટના છે. મુંબઈના કોટ વિસ્તારમાં આવેલા ઉપાશ્રયમાં કેટલાક સાધુઓ હતા. એક દી' સવારે બે મિત્રો તેમને વંદના કરવા ગયા. તે વખતે બે સાધુઓ નવકારશી વાપરવા માટે ઝોળી-પાતરા લઈને નીકળ્યા. એ જોઈને મનોમન ગિન્નાયેલા એક ભાઈએ બીજાને કહ્યું, "જો, સંસારીની જેમ સવારના પહોરમાં સાધુઓને પણ ચા-પાણી કરવા જોઈએ છે. ક્યાં રહ્યું સાધુપણું ?"

મિત્રે કહ્યું, "આવું ન બોલ. એ મહાત્માઓ બ્રહ્મચર્ય પાળે છે, સ્વાધ્યાય કરે છે વગેરે ગુણો જો. બીજાના દોષ શા માટે જુએ છે ? આવું જેમતેમ તું બોલે છે, કદાચ તારી જીભને લકવો થઈ જશે."

અને.... ખરેખર તરત જ તેમ થયું. ઉપાશ્રયના છેલ્લા પગથિયાં ઉતરતાં જ તે ભાઈને લકવાનો હુમલો આવી ગયો. જીભ ખેંચાઈ ગઈ !

કદાચ કોઈ સાધુ મોટા દોષવાળો હોય તો તેને એકાંતમાં સમજાવવો. ગંભીર રહેવું. ઘરમાં દીકરી ગર્ભવતી થઈ જાય તો કેટલી બધી ગુપ્તતા સાથે તેનું ઔષધ થાય છે ?

જિનશાસનના સાધુની પણ આવી વિધિ થવી ઘટે. તે કાર્ય મહાશ્રાવકો જ ગુરુની સંમતિ લઈને કરી શકે. એવી વાતોને છાપે ચડાવી દેવાથી તમામ શ્રમણો પ્રત્યે જૈનો અને અજૈનોને નફરત થાય છે. આવી શાસનહીલના મોટા કર્મબંધનું કારણ બને છે.

ખરેખર તો એવું ઓપરેશન ગીતાર્થ ગુરુએ-ગચ્છાધિપતિએ–કરવું જોઈએ. જો તે ચલાવી લે તો બીજા સાધુઓનું અહિત થવાનો પૂરો સંભવ છે.

કરંડીઆની અંદર એકાદ બગડેલી કેરીને જો દૂર ન કરાય તો બાકીની સારી કેરીઓ જોખમમાં ગણાય.

સડવા લાગેલા હાથને કાપી નાંખવામાં જો આનાકાની થાય તો બાકીના અંગોમાં સડો પેસી જાય. ગમે તેવું પોતાનું–અભેદભાવે રહેલું - એ અંગ હોય, જરાય દયા લાવ્યા વિના તેને દૂર કરી દેવું પડે.

તેવું નહિ કરનાર ગુરુનું સંસારભ્રમણ વધી જાય.

ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં ત્રીજી વાત એ કરે છે કે મામુલી ક્ષમા રાખવાથી આત્મહિત જોખમાય છે. ક્ષમાનું ક્ષેત્ર વિશાળ હોવું જોઈએ. અરે, ચૌદ રાજલોકના સંપૂર્ણ ક્ષેત્રમાં સર્વત્ર ક્ષમાને પ્રસરાવવી જોઈએ. પરમાત્મા મહાવીરદેવ આગની સામે સર્વત્ર પાણીના ફુવારા ફેંકતા હતા. સંગમ જેવા ભયંકર આત્મા તરફ પણ તેમણે ક્ષમા રાખી હતી. તે એટલી બધી ઊંચી કક્ષાએ હતી કે તેથી પ્રભુની આંખે ઝળઝળીઆ આવ્યા હતા. પોતાને પડેલાં અનહદ દુઃખને તેમણે તેને પડનારા અનંત દુઃખની ચિંતામાં ઓગાળી નાંખ્યું હતું.

પ્રભુએ વિચાર્યું કે "એણે મને જે દુઃખ પહોંચાડ્યું છે તે દુઃખ તો તેના ભાવી અનંત ભવોમાંના પ્રત્યેક ભવમાં પડવાનું છે. હાય, એ બિચારાનું શું થશે ? વળી મને પડેલું દુઃખ મુક્તિલક્ષી છે. એનું દુઃખ અનંત ભ્રમણલક્ષી છે."

આવી ક્ષમા દરેક સાધુએ રાખવી ઘટે. પણ જે સાધુ સ્વાર્થ સાધી લેવા પૂરતી -તુચ્છ-ક્ષમાને ધારણ કરે છે તે સાધુનું આત્મહિત જોખમમાં મુકાય છે.

સાધુત્વનું બીજું નામ સહિષ્ણુતા છે અથવા ક્ષમા છે. જો એનું પ્રમાણ મામુલી (તુચ્છ) હોય તો સદ્ગતિ અને મુક્તિની સંભાવના રહેતી નથી. જ્યાં સહિષ્ણુતા (ક્ષમા) નથી તે સાધુ નથી. તે પ્રાણ વિનાનું કલેવર છે.

ગ્રન્થકારશ્રી કહે છે કે કેટલાક સાધુઓને ધર્મ તરફ અરુચિ હોય છે. ધર્મ એટલે ક્રિયાકાંડ, દેહદુઃખરૂપ તપ, વિહારાદિ અનુષ્ઠાનો... જો ક્રિયાઓ તરફ રસ ન હોય તો એ મુનિનું આવી બન્યું.

ક્રિયારુચિ જીવોને ચરમાવર્ત્તકાલીન કહ્યા છે. જે સાધુ અચરમાવર્ત્તી હોય તેને ક્રિયાધર્મમાં કે તપ વગેરેમાં બિલકુલ રુચિ ન હોય. તે સંમૂર્ચ્છિમની જેમ ક્રિયાઓ કરે : સૂત્રોને ગબડાવે. વળી તે નિત્યભોજી હોય, તેને તિથિઓના દિવસોએ પણ તપ ફાવતો ન હોય. વળી તેને પરમાત્માની આજ્ઞાઓના પાલનમાં ય રસ ન હોય. તે સાધુ એટલા પૂરતો જ થયો હોય કે કશી તકલીફ વિના ખાઈપીને તગડા પડી રહેવાનું મળે અને ભગત લોકોના માનસન્માન મળે. સદા વરઘોડા નીકળે. સામૈયા થાય. સ્વામીવાત્સલ્ય થાય. માલમલીદા ઉડાવી શકાય. આ સાધુ નકરા વિષાનુષ્ઠાનનો ભોગ બનેલો હોય.

ગ્રન્થકારશ્રી આ શ્લોકના છેલ્લા ચરણમાં કહે છે કે આવો સાધુ અસલમાં દુર્ગતિનો જ ઈચ્છુક ગણાય. કેમકે તેની ત્રણેય બાબતો–ગુરુપરાભવ, સાધુઓ પ્રત્યે

અનાદર અને ધર્મમાં અરુચિ... ભેગા મળીને તે આત્માને ઘસડીને દુર્ગતિ ભેગો કરીને રહે.

ઓ સાધુ ! તું પરલોક તરફ નજર કર. દુર્ગતિમાં ધકેલાઈ જવાના ધંધા ન કર. કર્મરાજા ત્યાં તારી જોરદાર પીટાઈ કરશે. ડાહ્યો થા. તું આપઘાત કરી રહ્યો છે ! જરાક સમજ.

* * *

**सारीरमाणसाणं दुक्खसहस्साण वसणपरिभीया ।**
**नाणंकुसेण मुणिणो रागगइंदं निरुंभंति ।। 264 ।।**

**અર્થ :** તનના અને મનના હજારો દુઃખોનું કષ્ટ પરલોકે ધસી આવવાની કલ્પનાથી ધ્રૂજી જતાં મુનિઓ જ્ઞાનરૂપી અંકુશથી રાગગજેન્દ્રને કાબૂમાં રાખે છે.

**વિવેચન :** ઉત્તમ કક્ષાના મુનિઓ તે છે જે મોક્ષ પામવામાં સંકટભૂત લાગવાથી રાગાદિ દોષોનું સેવન કરતાં નથી. પણ જેમની નજર હજી મોક્ષ સુધી પહોંચી નથી તેવા મુનિઓ–મધ્યમકક્ષાના-પરલોકમાં ભયાનક દુર્ગતિઓની પરંપરા ચાલવાની બીકથી રાગાદિ દોષોનું સેવન કરતા નથી.

તમામ સાધુવેષ ધારી આત્માઓને મોક્ષપ્રીતિ ન પણ પેદા થઈ હોય; પરન્તુ તેમને ય પરલોક – ભીતિ તો હોવી જ જોઈએ. ત્યાંની દુર્ગતિના દુઃખોની કલ્પનાથી તે ધ્રૂજી ઊઠતા હોય અને પાપ કરતાં પાછા પડી જતાં હોય. કોક પાપ થઈ જાય તો ય બાપોકાર ચીસો પાડતા હોય : રડતા હોય.

ગૃહસ્થ હોય કે સાધુ હોય પણ તે ધર્મી ત્યારે જ કહેવાય જ્યારે દુર્ગતિના દુઃખોની તેને પુષ્કળ ભીતિ લાગ્યા કરતી હોય.

આમ થવાથી તે દોષ સેવે તો પણ બહુ અલ્પકર્મબંધ થાય.

શાળાના શિક્ષકે બાળકને કડક શબ્દોમાં કહ્યું હોય કે, "કાલે જો લેસન કરીને નહિ આવે તો પાંચસો બેઠક કરાવીશ."

હવે એ નાદાન બાળક ઘરે જઈને ક્રિકેટ રમવા લાગી જાય તો ય તેના મનમાં એક ભય સતત રહે કે, "જો હું લેસન નહિ કરું તો ભારે મુસીબત થશે."

આથી રમવા છતાં રમવામાં આનંદ ન આવે.

નારક અને તિર્યંચના દુઃખોની તો કોઈ સીમા નથી. પણ દેવગતિમાં ય ઈર્ષ્યા, અતૃપ્તિના કારણે માનસિક ત્રાસ અસહ્ય બને છે. લડાઈ પણ થાય છે. જીવન

કડવું ઝેર બને છે. આયુષ્યક્ષય થવાના સમયે દેવ - દેવી વચ્ચે વિરહ પડવાનો ખ્યાલ આવતાં છ - છ મહિના સુધી તેઓ કરુણ રુદન કરે છે.

વળી મનુષ્યજીવન પણ માનસિક સંકલેશોથી ભરપૂર હોય છે. વળી રોગ, ઘડપણ, દગો, વિશ્વાસઘાત, સ્વાર્થ, ગરીબી, ભૂખમરો, માંદગી વગેરેના કારણે અત્યન્ત દુ:ખમય બની શકે છે. આમ ચારે ય ગતિના પરલોક દુ:ખમય છે. આનો ખ્યાલ જીવંત રહે તો પાપ થાય તો ય તેની મજા ખતમ થઈ જાય છે.

આવી સમજ એ જ્ઞાનયોગ છે.

આ અંકુશ છે; રાગ-ગજેન્દ્રના તોફાનોને કાબૂમાં રાખવાનો.

જ્ઞાનયોગી સમયે સમયે અનંત કર્મક્ષય કરે. જે અજ્ઞાની ક્રોડો ભવે પણ ન કરી શકે.

કહ્યું છે,

***કષ્ટ કરો, સંજમ ધરો ગાળો નિજ દેહ.***
***જ્ઞાનદશા વિણ જીવને નહિ કર્મનો છેહ.***

હા, પ્રભુભક્તિથી પણ રાગાદિદોષો કાબૂમાં આવે પણ જ્ઞાનયોગની તોલે ભક્તિયોગ ન આવી શકે.

* * *

**सुग्गइमग्गपइवं नाणं दिंतस्स हुज्ज किमदेयं ।**
**जह तं पुलिंदएणं दिन्नं सिवगस्स नियगच्छिं ।। 265 ।।**

**અર્થ :** સદ્ગતિમાં જવા માટેના માર્ગમાં દીપક સમાન જ્ઞાનને દેનારા ગુરુને શિષ્યે શું ન દેવું જોઈએ ?

પેલા ભિલ્લે મહાદેવને પોતાની આંખ આપી દીધી !

**વિવેચન :** ગ્રન્થકારશ્રી આ શ્લોકમાં ગુરુનો મહિમા બતાડતાં કહે છે કે સદ્ગતિના માર્ગમાં દીપક સમાન જ્ઞાન જે ગુરુએ આપ્યું એ ગુરુને શિષ્યે શું ન આપી દેવું જોઈએ ? સબૂર, બધું આપી દે તો ય તેમના ઉપકારનો બદલો તો વળતો જ નથી. અહીં દૃષ્ટાન્તમાં ભિલ્લનું દૃષ્ટાન્ત આપ્યું છે.

જંગલમાં મહાદેવના મંદિરે રોજ બે માણસો મહાદેવજીની પૂજા કરતા. એકનું નામ મુગ્ધ, જાતનો બ્રાહ્મણ, કાંઈક સુખી.

તે ખૂબ ઊંચા દ્રવ્યોથી પૂજા કરતો. ભિલ્લ જે પૂજા કરતો તે ભાવવિભોર બનીને પૂજા કરતો. છેલ્લે ખૂબ નાચતો.

એક વાર મહાદેવે તેની ભક્તિની ભરપૂર પ્રશંસા કરી. તે વખતે મુગ્ધ ખૂણામાં ઊભો બધું સાંભળી ગયો. બીજે દી' એણે મહાદેવને ઠપકો આપતાં કહ્યું, "મારી ઉત્કૃષ્ટ દ્રવ્યોની ભક્તિ છતાં મારી સાથે કદી વાત પણ નથી કરી. પ્રત્યક્ષ દર્શન પણ આપ્યા નથી. અને ઓલા હલકા દ્રવ્યોથી પૂજા કરનારની સાથે કાલે ભારે હેતથી તમે વાત કરી. અરે, એ તમને જે પ્રક્ષાલ કરે છે તે કોઈ પવિત્ર નદીનું પાણી નથી પણ ગમે તે પાણીનો મોંમાં કોગળો ભરીને તમારી ઉપર ફેંકે છે. આ તો કેવી ઘોર આશાતના ! આ બધું મારાથી સહન થતું નથી."

મહાદેવે કહ્યું, તું શાન્ત થા. અને આવતી કાલે આવજે. એની ભક્તિને જોજે. બીજે દી' મહાદેવે પોતાની એક આંખ મૂર્તિમાંથી ખેંચી કાઢી. બાદ મુગ્ધ આવ્યો.

એક આંખનો અભાવ જોઈને ઉશ્કેરાઈ ગયો. કયા જંગલી લોકોએ આવું નીચ કામ કર્યું ? વગેરે ખૂબ બોલ્યો. પછી પૂજા કરીને મંદિરમાંથી બહાર નીકળે છે એ જ વખતે ભિલ્લ મંદિરમાં પ્રવેશ્યો.

પ્રભુને આંખ ન જોતાં-તરત જ-પોતાની એક આંખ છરીથી કાપી નાંખીને લગાડી દીધી. પછી મોંમાં ભરેલા કોગળાથી પ્રક્ષાલ કર્યો. છેલ્લે ખૂબ નાચ્યો. ભિલ્લ રવાના થતાં મહાદેવ પ્રગટ થયા. મુગ્ધ ખૂણેથી બહાર નીકળ્યો. મહાદેવે કહ્યું, "જોઈ ને, ભિલ્લની ભાવભરપૂર ભક્તિ ! તું દ્રવ્યભક્તિ કરે છે. તે ભાવભક્તિ કરે છે. અમને દેવોને ભાવ-ભક્તિ પસંદ છે."

ગ્રન્થકારશ્રી કહે છે કે જ્યારે વિશ્વની સર્વોત્કૃષ્ટ વસ્તુ જ્ઞાન ગુરુએ શિષ્યને આપ્યું છે. આ જ્ઞાન પ્રાપ્ત થયા પછી કેવા કેવા આધ્યાત્મિક શિખરો ઉપર શિષ્ય ચડે છે ? એ બધું જોતાં એમ લાગે કે એવા ગુરુની પાછળ પોતાનું સર્વસ્વ ન્યોચ્છાવર કરી દેવું જોઈએ.

તન તૂટી જાય ત્યાં સુધી તેમની ભક્તિ કરવી જોઈએ.

અધ્યયન, તપ, સેવા વગેરે વિષયોમાં એમની જે જે અપેક્ષા હોય તે બધી શિષ્યે પૂરી કરવી જોઈએ. એમની ઈચ્છાને ચાલાક શિષ્યે જાણી લઈને કામ પતાવી દેવું જોઈએ જેથી તેમને આજ્ઞા કરવાની જરૂર ન રહે.

ઈચ્છા જાણીને કામ કરી લે તે ખરો શિષ્ય કહેવાય. ગુરુને આજ્ઞા કરવા સુધી જવું પડે તેમાં શિષ્યત્વની ખામી ગણાય.

ગ્રન્થકારશ્રીએ ભિલ્લના દૃષ્ટાન્ત દ્વારા એ સૂચિત કર્યું છે કે ગુરુને શિષ્યની માત્ર દ્રવ્યભક્તિ–ગમે તેટલી હોય તો ય–મંજૂર નથી. તેને ગુરુ પ્રત્યે ભારોભાર બહુમાન હોવું જોઈએ. બહુમાનવાળો શિષ્ય ઓલા ભિલ્લની જેમ આંખો જ નહિ પણ જાન આપી દેવા તૈયાર થઈ જાય.

જ્યારે દિવ્ય સર્પની ગુરુ પાસે માંગણી થઈ કે, "તમારા ખોળામાં માથું રાખીને સૂતેલા શિષ્યનું મને એક ગ્લાસ લોહી આપો તો હું તેનો જાન નહિ લઉં."

ગુરુએ તરત શિષ્યના ગળાની ધોરી નસ ઉપર છરીથી છેદ મૂક્યો. ધડધડ વહેવા લાગેલા લોહીથી ગ્લાસ ભરીને સર્પને આપી દીધો.

જ્યારે શિષ્યની ધોરી નસ ઉપર છરી ફરી ત્યારે શિષ્યની આંખ ઊઘડી ગઈ. પણ તેણે જોયું કે ગુરુદેવ પોતે જ આ કાર્ય કરી રહ્યા છે ત્યારે તે તરત આંખ મીંચીને ઘસઘસાટ ઊંઘી ગયો.

તેના જાગ્યા બાદ ગુરુએ તેને સવાલ કર્યો કે, "મેં ગળે છરી ફેરવી ત્યારે તને મારા માટે શું લાગ્યું ?"

જવાબ મળ્યો "ગુરુ જે કરે તે બધું બરોબર."

આનું નામ ગુરુ તરફનું શિષ્યનું બહુમાન.

ગુરુની કાયાથી ભક્તિ (દ્રવ્યભક્તિ) કરાય અને જો હાર્દિક બહુમાન ન રખાય તો એ ભક્તિનું મૂલ્ય શૂન્ય છે.

માત્ર ભક્તિથી ગુરુ રીઝતા નથી. અને શિષ્યને પણ તેનો ફાયદો મળતો નથી. જો તે બહુમાન રાખે તો ઊભયને ફાયદો છે. એમાં ય શિષ્યને વિશેષ આત્મલાભ છે. તે એ રીતે કે ગુરુને એવા બહુમાની શિષ્યમાં ઘણી ઉત્તમતા જણાય. તેથી તેની ઉપર તેમની કૃપા ખૂબ વરસે. એ કૃપા એટલે ગુરુ દ્વારા આત્મહિતસાધક મન્ત્રાદિક વસ્તુઓની પ્રાપ્તિ; અમૂલ્ય શિખામણનો વખતોવખત લાભ વગેરે.

ગુરુની શિષ્યને સૌથી મોટી ભેટ તે તેમની હિતશિક્ષા છે. જેમ જેમ શિષ્યની પાત્રતા વધતી-વિકસતી જાય તેમ ગુરુ તેને વાત્સલ્યભરી એવી શિખામણો આપે કે શિષ્યનો મન-મોરલો મન મૂકીને નાચે.

આ સ્થિતિમાં શિષ્યને સંસાર તો કદી યાદ ન આવે, પણ તે એવો ગુરુમય બને કે તેને તમામ પરપદાર્થોની પ્રીત છૂટી જાય. તે અન્તર્મુખ થાય. તેનો સંસાર ઘણો પરિમિત થઈ જાય.

આવા એકાદ પણ શિષ્યનું મૂલ્ય આંકી ન શકાય તેવું અમૂલ્ય હોય છે. ગુરુની કૃપાથી તેનું પુણ્ય એટલું બધું વધી જાય કે તે જિનશાસનનો જવાહર બને. પ્રભાવક સાધુ બને. હજારોનો તારણહાર બને. કટોકટીના સમયમાં જિનશાસનનો સંરક્ષક બને.

સ્વની શુદ્ધિ કાજે સાધુ થયેલો આ શિષ્ય સર્વના કલ્યાણનું નિમિત્ત બને.

ભલા, આના કરતાં શિષ્યનું વધુ હિત કયું હોઈ શકે ?

આ હિતની પ્રાપ્તિ ગુરુ-બહુમાનથી શકય છે, માત્ર ભક્તિથી નહિ. એટલે ભિલ્લના દૃષ્ટાન્તથી ગ્રન્થકારશ્રીએ બહુમાન ઉપર ભાર મૂક્યો છે. આ ત્રણ વાત મનમાં બરોબર બેસાડી દેવી જોઈએ :

(૧) જો તપ ન થાય તો ત્યાગ કરો.

(૨) જો ગાથાઓ ન ચડે તો કલાકોનો પરિશ્રમ કરો.

(૩) જો સ્વાસ્થ્યાદિના કારણે ગુરુની ભક્તિ ન થઈ શકે તો બહુમાન રાખો.

ગ્રન્થકારશ્રીએ આ શ્લોકમાં કહ્યું છે, "ઉપકારી ગુરુને ન આપવા જેવું જીવનમાં શું છે ? જો આંખ પણ ફોડી શકાય, લોહી પણ દઈ શકાય તો જાન પણ કેમ ન અપાય ? દોષોનું બલિદાન કેમ ન દેવાય ?

ગ્રન્થકારશ્રી આગળ ઉપર ગુરુનો ઉપકાર શું છે ? તે સમજાવવાના છે.

* * *

**सिंहासणे निसन्नं सोवागं सेणिओ नरवरिंदो ।**
**विज्जं मग्गइ पयओ इअ साहुजणस्स सुअविणओ ।। 266 ।।**

**અર્થ :** જેણે પોતે જ ચંડાલને સિંહાસન ઉપર બેસાડ્યો અને પછી મહારાજા શ્રેણિકે તેને પ્રણામ કરીને વિદ્યા માંગી. આ રીતે સાધુએ ગુરુદત્ત શ્રુતનો વિનય કરવો : ગુરુનો વિનય કરવો.

**વિવેચન :** મગધપતિના ઉદ્યાનમાં તમામ ઋતુના પુષ્પો અને ફળો બારે માસ થતા. નગરના એક ચંડાલની પત્ની સગર્ભા થઈ. તેને માગસર માસમાં કેરી ખાવાનું મન થયું. પતિને વાત કરી. મગધપતિના બગીચાના આંબા ઉપર કેરીઓ પાકી ગઈ હતી. બગીચાની ચોફેર સખત ચોકીપહેરો હોવાથી પ્રવેશ થઈ શકે તેમ ન હતો. ચંડાલ પાસે અવનામિની અને ઉન્નામિની વિદ્યા હતી. તેણે પહેલી વિદ્યા

દ્વારા ઉદ્યાનની બહાર રહીને કેરીવાળી ડાળ ઝુકાવી. કેરીઓ લઈને ઉન્નામિની વિદ્યા દ્વારા ડાળને ઉપર ચડાવી દીધી.

બીજે દી' રક્ષકોએ રાજાને કેરી ચોરાયાનું નિવેદન કર્યું. કડક તપાસ દ્વારા અભયકુમારે ચોર પકડી પાડ્યો. તેણે પોતાની પાસે રહેલી બે વિદ્યાની વાત કરતાં રાજાએ તે વિદ્યા પોતાને દેવા જણાવ્યું. રાજા સિંહાસને બેઠા હતા. ચંડાલે જમીન ઉપર ઊભા રહીને વારંવાર વિદ્યા શીખવાડવા યત્ન કર્યો પણ બધું નિષ્ફળ ગયું. રાજાએ અભયકુમારને વાત કરી. તેણે કહ્યું, "વિદ્યાદાન કરે તે ગુરુ કહેવાય. તેનો વિનય કરવો જોઈએ. તેને ઉચ્ચ આસને બેસાડીને તમે નીચે બેસીને વિદ્યા ગ્રહણ કરો."

રાજાએ તેમ કરતાં વિદ્યાઓ સિદ્ધ થઈ. ચંડાળને પુષ્કળ ધન આપીને રાજાએ વિદાય કર્યો.

ગ્રન્થકારશ્રી કહે છે કે જો ચંડાલનો ઉત્તમ વિનય થાય તો વિદ્યાદાતા ગુરુનો વિનય શિષ્યોએ કેટલો બધો કરવો જોઈએ ?

શાસ્ત્રમાં તો ગૃહસ્થ એવા ગુરુનો પણ વિનય (વંદનાદિ) કરવાનું જણાવ્યું છે. તે આ રીતે :

કોઈ સાધુએ જબરી ગીતાર્થતા પ્રાપ્ત કરી પણ કર્મસંયોગે તેનું પતન થયું. તે ઘરભેગો થયો. તેણે લગ્ન કર્યું. સંતાનો થયા.

કેટલાક સાધુઓને જે અભ્યાસ કરવો હતો તેનું સાંગોપાંગ જ્ઞાન આ ગૃહસ્થ વિદ્વાન પાસે જ હતું. તેની પાસેથી બધો શાસ્ત્રાભ્યાસ કરવા માટે સાધુએ તેની વિવિધ સેવા-શુશ્રુષા કરવી જોઈએ. તે ત્યાં સુધી કે જો તેના ઘરવાળાઓ તેની માંદગીમાં કે વૃદ્ધાવસ્થામાં સ્નાનાદિ સંબંધિત કાળજી કરતા ન હોય, ભોજન બાબતમાં તેની તર્જના કરતા હોય તો તે બધી જવાબદારી સાધુઓએ લઈ લેવી.

જ્યારે તે પ્રસન્ન હોય ત્યારે તેને ચોલપટ્ટો પહેરાવીને સાધુતુલ્ય બનાવવા. પછી વંદન કરીને પાઠ લેવો.

આ કેટલી મોટી વાત કહેવાય ? સામી વ્યક્તિ પતિત છે, પરણેલી છે, બાળબચ્ચાના સંસારવાળી છે છતાં ઉપર જણાવ્યા પ્રમાણે જ્ઞાન લેતાં વિનય કરવો જોઈએ.

તો જે ઉત્તમ કક્ષાના ગીતાર્થ ગુરુ છે તેના વિનયમાં શી રીતે ખામી રખાય ? જ્ઞાનીઓ કહે છે કે તેમને જે પ્રકારના દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અનુકૂળ હોય તે રીતે બધું કરવું. તે તે અનુકૂળ એવા પિત્ત વગેરેના શામક આંબળા વગેરે દ્રવ્યો લાવ્યા બાદ જો તેમને વધી પડે તો અન્ય સાધુઓએ વાપરી લેવા. પણ તેમના માટે તે તે અનુકૂળ દ્રવ્યો લાવવા તો ખરા જ. આ બધી રીતે વિદ્યાદાતા ગુરુમાં આરોગ્યાદિજનિત જેટલી વધુ પ્રસન્નતા થાય તેમ કરવાથી તે ખૂબ ઉલ્લાસથી જ્ઞાનદાન કરે.

જ્ઞાનપ્રાપ્તિ જેવી મોટી કોઈ વાત મુનિજીવનમાં નથી.

ભૂતકાળમાં ઋષિઓના આશ્રમમાં જે વિદ્યાર્થીઓ ભણતા તે ઋષિના ઘરનું નાનું મોટું તમામ કામ કરતા. ઋષિવર પાઠ ગમે ત્યારે આપે, પાઠ ન પણ આપે.... પંદર દહાડે એકાદ વાર આપે તો તેની સામે વિદ્યાર્થીઓ કદી અવાજ નહિ ઉઠાવતા : પરસ્પર ચડભડાટ પણ નહિ કરતા.

અત્યન્ત પ્રસન્નતા સાથે પંદર દહાડે પણ અપાયેલો પાઠ શિષ્યોના ઉત્કૃષ્ટ વિનયને કારણે ખૂબ યાદ રહેતો. તેમાંથી જાતજાતનો ક્ષયોપશમ થતો. ઘણું બધું તો એની મેળે આવડવા લાગી જતું.

શિષ્યોનો સર્વોત્કૃષ્ટ ગુણ ગુરુવિનય છે. ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે જે શિષ્યો ઉદ્ધત છે તે હડકાયેલી - ગંધાયેલી કૂતરી જેવા છે, જેને દરેક જગાએથી હટ્ હટ્ કરીને કાઢવામાં આવે છે.

ગુરુનો અવિનય કરનાર શિષ્યનું પુણ્ય બળી જાય છે. તેને ચારે બાજુથી અપયશ મળે છે. આદરેલા કામો અધૂરાં રહી જતાં હોય છે.

જગતનો સૌથી મોટો દોષ અહંકાર છે. તે તમામ શક્તિઓને, લબ્ધિઓને અને ગુણોને ખતમ કરે છે. એ અહંકારને ખતમ કરવાની તાકાત વિનય (નમસ્કારભાવ) માં છે. અહંકાર ખતમ કર્યા વિના મુનિજીવનની કોઈ આરાધના કરાય નહિ. માટે સૌ પ્રથમ વિનય, ખાસ કરીને ગુરુવિનય કરવો જોઈએ.

મહોપાધ્યાય યશોવિજયજીએ 'ગુરુતત્વવિનિશ્ચય'માં ગુરુ-મહિમા કરતાં કહ્યું છે કે, "અમારા જેવા મૂર્ખાઓ પણ ચાર માણસમાં પૂજાતા થયા છે તેમાં ગુરુકૃપા જ કારણ છે. આનાથી વધુ મોટું આશ્ચર્ય આ જગતમાં બીજું કયું હોઈ શકે ! એક સ્થળે કહ્યું છે :

***પ્રભુસેવા સોલહ વરસ ગુરુસેવા પલ ચાર***
***તો ભી નહિ બરાબરી વેદન કીઓ વિચાર***

જ્યારે આવો ગુરુમહિમા તમામ ધર્મોના ગ્રન્થોમાં ગવાયો છે ત્યારે એ વાત પથ્થર ઉપર લખાયેલા શબ્દોની જેમ હૈયે લખાઈ જવી જોઈએ કે દીક્ષાદાતા, વિદ્યાદાતા ગુરુનો અવિનય કદી કરવો ન જોઈએ. એમાં વળી જે પ્રાયશ્ચિત્તદાતા ગુરુ છે એ તો ગુરુ નહિ પણ ગુરુમા છે. તેમને તો સાક્ષાત્ ભગવાન સમજવા જોઈએ. કેમકે દીક્ષિત જીવનમાં થયેલી ભૂલોનું શુદ્ધિકરણ કરી આપીને વિરાટ સંસારભ્રમણને સ્થગિત કરી દીધું છે.

* * *

**विज्जाए कासवसंतिआए दगसुअरो सिरिं पत्तो ।**
**पडिओ मुसं वयंतो सुअनिह्नवणा इय अपथ्था ।। 267 ।।**

**અર્થ :** કાશ્યપ નામના હજામની દગશૂકરે–ત્રિદંડીએ લક્ષ્મી મેળવી.

કોઈએ તેને પૂછયું, "તેં આ વિદ્યા કયાંથી મેળવી ? જવાબમાં તેણે હજામનું નામ દેવાને બદલે યોગી પાસેથી મેળવ્યાનું કહ્યું. આ જૂઠ બોલતાં જ તેનો આકાશસ્થ ત્રિદંડ જમીન ઉપર પડી ગયો. શ્રુતજ્ઞાન (વિદ્યા) આપનારનો અપલાપ કરવો તે વિદ્યાનું અપથ્ય (કુપથ્ય) બને છે.

**વિવેચન :** ત્રિદંડને આકાશમાં અદ્ધર રખાય તેવી વિદ્યા-અંબરાવલમ્બિની–ત્રિદંડી સાધુને કોઈ હજામે શીખવી. પણ કોકે ગુરુનું નામ પૂછતાં 'હજામ' ન કહેતાં સરસ્વતી દેવીનું વિદ્યાદાત્રી તરીકે જૂઠું નામ આપ્યું. આમ થતાં જ ત્રિદંડ ધરતી ઉપર પડી ગયો.

આ પ્રસંગમાં અહંકાર નામનું ભૂત જ તોફાન કરતું દેખાય છે. વિદ્યા મેળવીને પચાવવામાં તો નમસ્કાર (વિનય) જોઈએ.

આ શ્લોકમાં 'જળ-શૂકર' શબ્દ છે. તેનો અર્થ જળમાં સદા સ્નાન કરતો ભૂંડ જેવો - ત્રિદંડી કહ્યો છે.

કોઈ કહે છે કે ત્રિદંડીએ સરસ્વતીજીના નામના સ્થાને હિમવંતવાસી યોગીનું વિદ્યાગુરુ તરીકે નામ આપ્યું હતું.

વિદ્યાસાધક ગુરુ કોઈ પણ હોઈ શકે. તે હજામ પણ હોય અને ચોર પણ હોય. જુગારી પણ હોય.

પ્રભવસ્વામીજી ગૃહસ્થજીવનમાં ચોર હતા.

સિદ્ધર્ષિ જુગારી હતા.

સાધુનું કૂળ અને ઔષધિનું મૂળ પુછાય નહિ. તે મળે પણ નહિ. તેની ખબર હોય તો ય કહેવાય નહિ. તેના સંસારપર્યાયને શિષ્યોએ–ભક્તોએ ભૂલી જવો જોઈએ. તેમની વર્ત્તમાનકાલીન ગુરુ તરીકેની ઉત્તમ જિંદગી તરફ જ નજર કરવાની હોય.

જે ગુરુના હલકા કૂળને જયાં ત્યાં પ્રકાશિત કરે તે શિષ્ય કેટલો હલકો કહેવાય. જો તે કોઈ વિદ્યાને સિદ્ધ કરી ચૂકયો હોય તો તે વિદ્યા ખતમ થવામાં તેની હલકાઈ, તેનો અહંકાર જ કામ કરે છે.

કોઈક વાર એવું બને કે ગુરુ સંસારીપણે ગરીબ હોય, અથવા સાધુજીવન પામ્યા પછી પણ જ્ઞાનાવરણીયકર્મના તીવ્ર ઉદયથી અભણ હોય... આવા ગુરુઓની ગરીબી કે અભણપણાને શિષ્યે કદી વગોવવા ન જોઈએ.

ઓલા કાન કઠિયારાના નબળા કુળને આગળ કરીને નગરલોકોએ કેવો વગોવ્યો હતો ! અરે, ગુરુ સુધર્માસ્વામીજીને પણ તેના દીક્ષાદાતા તરીકે વગોવ્યા હતા, કે આવા ભિખારીઓને ગણધર ભગવંતે દીક્ષા આપી ! આ અપલાપથી ત્રાસી ગયેલા ગણધર ભગવંતે તે નગરમાંથી વિહાર કર્યો હતો કેમકે જયાં અપ્રીતિ થાય ત્યાં રહેવાય નહિ એવું પરમાત્માનું વચન છે. એ તો સારું થયું કે અભયકુમારે બધી વાતને સુલટાવી.

બેશક, ગુરુના મૂલગુણોમાં ખામી હોય તો તેમને પડકારવા જોઈએ, પણ તે બધું પૂર્વે જણાવ્યા મુજબ ખાનગીમાં પતાવવું જોઈએ.

ગંગામાએ તેવા સાધુને સંઘ સાથે ઘરે પધરામણા કરાવ્યા. ગોચરી – પાણીનો લાભ લીધો. બપોરે તેમને એક ખંડમાં લઈ ગયા. અને એકાએક આંખો ફેરવી નાંખી. સખ્ત શબ્દોમાં તેમને ખખડાવી નાંખ્યા. અને થાળીમાં લાવેલા ગૃહસ્થના કપડા અત્યારે જ પહેરી લેવાનો આદેશ કર્યો.

મુનિ ખૂબ ગભરાઈ ગયા. પોતાના કાળા જીવન સંબંધમાં ભરપૂર પશ્ચાત્તાપ થયો. ખૂબ રડ્યા. ગંગામાએ ગુરુ પાસે સંપૂર્ણ શુદ્ધિ કરવાની શરતે સારી રીતે

વિદાય આપી. મુનિનો જીવનપલટો થઈ ગયો.

ગુરુમાં ઉત્તરગુણોની ખામી હોય તો તેને શિષ્યોએ નભાવી લેવી પડે જો તે વિશિષ્ટ કોટિના શાસનપ્રભાવક હોય તો.

બાકી મૂલગુણોની ખામીવાળા ચમરબંધીને પણ છોડાય નહિ.

* * *

**सयलंमि वि जीवलोए तेण इह घोसिओ अमाघाओ ।**
**इक्कं पि जो दुहत्तं सत्तं बोहेइ जिणवयणे ।। 268 ।।**

**અર્થ :** આ જગતમાં તે જ્ઞાનદાતા ગુરુ એક પણ સંસારી જીવને જિનવચનના વિષયમાં 'અત્યન્ત ઉપાદેય' તરીકે બોધ આપે છે : તેને સાધુ બનાવે છે તે ગુરુ ચૌદ રાજલોકમાં અમારિ (અમાઘાત) ની ઘોષણા કરે છે.

**વિવેચન :** ગુરુ એકાદ પણ દુઃખમય સંસારમાં પડેલા જીવને જિનવચનનો બોધ આપીને સંસારથી મુક્ત કરે છે : દીક્ષા આપે છે તે ગુરુ તેના દ્વારા ચૌદ રાજલોકમાં 'અમારિ'નો પડહ વગાડે છે.

એક આત્મા સાધુ થાય એટલે તેના દ્વારા ચૌદ રાજલોકના સર્વજીવોની હિંસા બંધ થાય. આમ તેને તમામ જીવોના 'અમારિ'નો લાભ મળે. આ લાભ પ્રેરક બનેલા ગુરુને પણ મળે.

એકાદ ગાય વગેરેને કસાઈ પાસેથી છોડાવવામાં કેટલો આનંદ થાય છે ? તો ચૌદ રાજલોકના અનંત જીવોને પોતાના નિમિત્તથી થતી તમામ પ્રકારની હિંસામાંથી છોડાવાય એનો આનંદ તે સાધુ થનાર આત્માને કેટલો થાય ?

સબૂર ! ગુરુએ હજી તો તે એક આત્માને જીવોને મારતો બંધ કર્યો. પણ તે સાધુના વિહારાદિના ગમનાગમન વગેરે વખતે ઘણા બધા જીવો તેના દેહાદિને સ્પર્શે છે અને તરત મરી જાય છે. આ દ્રવ્યહિંસા તો અટકી નથી. અરે, તારક તીર્થંકરદેવોને પણ દ્રવ્યહિંસા તો થયા જ કરતી હોય છે. આ હિંસા ત્યારે બંધ થાય જો આત્મા સિદ્ધપદને પામે. હવે તેના નિમિત્તથી કોઈ પણ આત્મા મરશે પણ નહિ.

છદ્મસ્થભાવના સાધુપણામાં મારવાનું બંધ થાય. સિદ્ધત્વપર્યાય પામ્યા બાદ પોતાના નિમિત્તનું મરવાનું પણ બંધ થઈ જાય.

આ સિદ્ધિ મેળવવામાં સંસારતારક ગુરુ મુખ્ય કારણ છે. તેમણે એક જીવનો હાથ ઝાલ્યો, તેને અનેક પ્રકારની ઊભી થતી પરિસ્થિતિઓમાં બધી રીતે સાચવી લઈને સમાધિમાં રાખ્યો. કર્મક્ષયની આરાધનામાં ભરપૂર માર્ગદર્શન આપ્યું એવા ગુરુનો શિષ્ય ઉપર કેટલો ઉપકાર થયો ?

આવા ગુરુનો અવિનય કરવો, તેમની નિંદા કરવી, તેમને ધિક્કારવા એના જેવું અધમાધમ પાપ બીજું કયું હોઈ શકે ? આથી જ ગુરુદ્રોહના પાપનો પરચો આ ભવમાં જ શિષ્યને મળી જતો હોય છે.

ગુરુની 'ના' ઉપર જે શિષ્યો જે તે કાર્યમાં ધસી ગયા તે તમામ આત્મહિતને ખોઈ બેઠા. હવે તેના પારખાં કરવાના ન હોય.

હું ગુરુભક્ત હતો છતાં જે ત્રણ-ચાર વાર મેં પણ ભાન ભૂલીને દ્રોહ કર્યો તેનો પરચો મને મળ્યા વિના રહ્યો નથી. ત્યારથી સ્વપ્નમાં ય ગુરુદ્રોહ નહિ કરવાનો મારો દ્રઢ સંકલ્પ થયો.

ગુરુની સેવા કરવી એ કોઈ મામુલી વાત નથી. જો સેવા બરોબર કરી તો મેવાના ઢગલા થશે; નહિ તો નાનકડી પણ કુસેવાના કટુ ફળો ભોગવવા પડશે. આ વિષયમાં જેને પોતાની જાત માટે શંકા હોય તેણે ગુરુથી છેટા રહીને ગુરુની આરાધના કરવી જોઈએ.

ગુરુ એ તાપણાંની આગ છે.

તાપણાંથી ઠંડી દૂર કરવી હોય તો કપડાને સંકોરીને વિધિસર બેસવું જોઈએ. જો તેમાં ભૂલ થાય તો કપડા બળે અને બે ચાર મિનિટમાં કાયા રાખ થઈ જાય.

જો શિષ્ય બનવું હોય તો એકલવ્યને આદર્શ બનાવવો જોઈએ. ગુરુ દ્રોણાચાર્ય તેનો વિકાસ ઈચ્છતા ન હતા; તેથી તેનો અંગૂઠો ગુરુદક્ષિણા પેટે લઈ લીધો. આવી ક્રૂરતા છતાં એકલવ્ય ગુરુને અંતરથી ચાહતો હતો. આથી જ તે સવાઈ અર્જુન બની શકયો હતો.

ગુરુને આરાધવા છે તો આપણે જ આરાધવાના છે. તેમના તરફથી કૃપા આદિની પણ અપેક્ષા પહેલેથી રાખવી નહિ. આપણે ઉત્કૃષ્ટ ભક્તિ કરીશું તો કૃપા મળીને જ રહેવાની છે. કદાચ એકલવ્યની જેમ ન મળે તો ય આપણો એક તરફી બહુમાનભાવ નિશ્ચિતપણે લાભકારી બનવાનો છે.

એક વાત ખરી કે જો શિષ્ય ઉપર ગુરુની પ્રસન્નનજર (કૃપા) વરસતી રહે તો કામ કરવામાં શિષ્યનો ઉત્સાહ ખૂબ વધી જાય. આ ઉત્સાહ જ તેને કાર્યોમાં સફળતા આપે છે. ગુરુની કૃપા કરતાં કૃપાજનિત ઉત્સાહ કાર્ય કરે છે. એ કૃપા (પ્રસન્નતા) જેને નથી તેને ઉત્સાહ આવતો નથી, તેથી તેને કાર્યમાં સફળતા મળતી નથી. જો એકલવ્ય ઉપર દ્રોણાચાર્યની પ્રસન્નતા હોત તો એકલવ્ય હજી વધુ સારો બાણાવલિ બની શક્યો હોત.

* * *

**सम्मत्तदायगाणं दुप्पडियारं भवेसु बहुएसु ।**
**सव्वगुणमेलियाहि वि उवयारसहस्सकोडिहिं ।। 269 ।।**

**અર્થ :** ગુરુ ઉપર શિષ્ય ઘણા ભવોમાં ક્રોડો ઉપકારો કરે – ગુરુએ કરેલા સર્વ ઉપકારોની સામે - સમ્યક્ત્વના દાતા ગુરુનો ઉપકાર વાળવો અતિ મુશ્કેલ છે.

**વિવેચન :** સમ્યગ્દર્શનની એક સેકંડની આત્માને - એક જ વાર - સ્પર્શના થાય એટલે તે જીવનો અનંતાનંત ભવો (અનંત પુદ્ગલપરાવર્ત્ત) નો સંસાર કપાઈ જાય. માત્ર અર્ધપુદ્ગલપરાવર્ત સંસાર બાકી રહે. એ જીવનું સમ્યક્ત્વથી અનેક વાર (૨ હજારથી ૯ હજાર વાર) પતન થાય તો ય તે એવા પાપો ન જ કરી શકે જેનાથી તેનો મર્યાદિત બનેલો - અર્ધપુદ્ગલપરાવર્ત્ત–સંસાર વધી જાય.

અનંતી વાર ઓઘા લીધા, જબ્બર દ્રવ્યચારિત્ર પાળ્યું તો ય જે સમક્તિ ન મળ્યું તે સમક્તિ જે ગુરુ મેળવી આપે તે ગુરુના ઉપકારનો શી રીતે બદલો વળે ?

ગ્રન્થકારશ્રી ખાસ કરીને ગુરુ પ્રત્યે ઉચ્છૃંખલ - દોષદ્રષ્ટા બનેલા શિષ્યોને આ વાત કરવા માંગે છે કે, "તમે ગુરુનો તિરસ્કાર ન કરો. તમારા માટે ગુરુ ભગવાન કરતાંય વિશેષ છે. ગુરુની બહુમાનપૂર્વક સેવા કરનારા દ્રવ્ય-દીક્ષિત અનંતા સાધુઓ મોક્ષ પામ્યા છે તો ભાવ-દીક્ષાવાળા શિષ્યોની તો શી વાત કરવી !"

ગુરુદ્રોહના પરચા અતિ ભયાનક હોય છે એ વાત તમારે બરોબર ધ્યાનમાં રાખવી ઘટે.

**सम्मत्तम्मि उ लद्धे ठइयाइं नरतिरियदाराइं ।**
**दिव्वाणि माणुसाणि य मोक्खसुहाइं सहीणाइं ।। 270 ।।**

**અર્થ :** સમ્યક્ત્વ મળ્યા પછી નારક, તિર્યંચગતિમાં ગમન સજ્જડ બંધ થાય; અને વૈમાનિક દેવલોક જ મળે. વળી દેવોને મનુષ્યભવ જ મળે. આ બધું સમક્તિના હાથમાં હોય.

**વિવેચન :** અનંત વાર નારક, તિર્યંચગતિમાં ગયેલો જીવ સમક્તિી હોય તો તે ગતિનું ભ્રમણ બંધ કરે. અને મોક્ષ સુધીની સિદ્ધિઓ હાંસલ કરે એ કેટલી મોટી વાત છે !

આ બધી સફળતાના મૂળમાં ગુરુ છે માટે તેનો ઉપકાર અનંત બને છે. તેનો બદલો વાળવાનું કાર્ય અતિ મુશ્કેલ બને છે.

**ઉપસંહાર :** ઉપદેશમાળા ગ્રન્થના કુલ શ્લોક ૫૪૪ છે. અહીં ૨૭૦મા શ્લોકનું વિવેચન પૂર્ણ થયું. ૨૭૪ શ્લોકનું વિવેચન બાકી છે.

આ ગ્રન્થનું લેખન કરતાં મારો આત્મા અદ્ભુત પદાર્થોથી અત્યન્ત ભાવિત થયો છે. મારું નબળું સાધુજીવન આમૂલચૂલ બદલવાના મને કોડ જાગ્યા છે. પણ તેમાં મને કેટલી સફળતા મળશે ? તે હું જાણતો નથી; કેમકે સુખશીલતાના કાદવમાં આ ભેંસ એવી બેસી ગઈ છે કે તેને દંડાથી મરાય તો ય ઊભી થાય તેમ નથી.

અસ્તુ. આ ગ્રન્થ લઘુકર્મી સાધુ-સાધ્વીજીઓને તો અત્યન્ત ભાવિત કરશે. સાથે તેમના જીવનને પણ વધુ ને વધુ ઊર્ધ્વગામી બનાવશે.

કોટિ કોટિ વંદન કરું છું તે પરમાત્મા મહાવીરદેવના ખુદના શિષ્ય મહાભાગ્યવાન્, અવધિજ્ઞાની ધર્મદાસ ગણિ મહારાજાને !

તેમણે પરમાત્માની દેશનાઓ સમવસરણમાં સાક્ષાત્ સાંભળી હોય, પછી આત્મામાં તેનું મંથન થયા બાદ જે ઉપદેશમાળા ગ્રન્થનું સર્જન થાય, તેના પદાર્થો અતિ અદ્ભુત હોય તેમાં કોઈ નવાઈ નથી.

ઉપદેશમાળા વિવેચનનો ચોથો ભાગ અહીં પૂર્ણ થાય છે. આ લેખન કરતાં જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો તેની ત્રિવિધે ક્ષમા માંગું છું.

જય હો સર્વજ્ઞશાસનનો !

જય હો તારક તીર્થંકરદેવોનો !

જય હો સંયમધર મહાત્માઓનો !

**તપોવન (સાબરમતી)**
**વિક્રમ સંવત ૨૦૫૭, કા. સુદ ૧૨**
**તા. ૮-૧૧-૨૦૦૦**

**લિ.**
**ગુરુપાદપદ્મરેણુ**
**પં. ચન્દ્રશેખર વિ.**

ઉચ્ચ સંસ્કાર સાથે ઉચ્ચ શિક્ષણના
સોપાન સર કરવાના લક્ષને વરેલા

# તપોવનમાં ભણતા બાળકો

અતિથિઓને નમોનમઃ કરે છે.

....રોજ નવકારશી કરે છે.

...રોજ અષ્ટ પ્રકારી જિનપૂજા કરે છે.

...રોજ રાત્રિભોજનનો ત્યાગ કરે છે.

...રોજ ગુરુવંદન કરે છે.

...રોજ નવી નવી વાર્તાઓ સાંભળે છે.

...રોજ કુમારપાળ રાજાની આરતિ ઉતારે છે.

...રોજ નવી નવી વંદનાઓ ગાય છે.

...રોજ નવા સ્તવનના રાગ શિખે છે.

...કોમ્પ્યુટર શિખે છે.... કરાટે શિખે છે...

...સ્કેટિંગ શિખે છે... યોગાસન શિખે છે...

...સંગીતકળા શિખે છે... નૃત્યકળા શિખે છે...

...લલીતકળા શિખે છે... ચિત્રકળા શિખે છે...

...વક્તૃત્વકળા શિખે છે... અભિનયકળા શિખે છે...

...અંગ્રેજીમાં Speech આપતા પણ શિખે છે...

માતા પિતાના સેવક બને છે

પ્રભુના ભક્ત બને છે.

ગરીબોના બેલી બને છે.

પ્રાણીઓના મિત્ર બને છે.

શક્તિમાન બનવા સાથે ગુણવાન બને છે.

# નવી પેઢીના શિક્ષણયુક્ત સંસ્કરણનો સફળ પ્રયોગ

## બે તપોવન

**પ્રેરક : પૂ. પં. શ્રી. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબ**

**સ્થળ : (૧) નવસારી પાસે ૪૬ વીઘા, સ્થાપના ઇ.સ. ૧૯૮૩, જૂન, ધો. પાંચથી દસ.**

**(૨) સાબરમતી પાસે ૩૬ વીઘા, સ્થાપના. ઇ.સ. ૧૯૯૪, જૂન, ધો. પાંચથી બાર**

### સુંદર : સુદૃઢ શિક્ષણ વિભાગ

ભારતીય પ્રજા-ખાસ કરીને તેની નવી પેઢ-ઉપર પશ્ચિમની ઝેરી જીવનશૈલીનું વાવાઝોડું કાતીલ વેગથી ધસતું રહ્યું છે.

આમાંથી નવી પેઢીને ઉગારી લેવા માટે **બે તપોવનોનું ધરતી ઉપર અવતરણ થયું છે.**

મેકોલે શિક્ષણ અત્યન્ત બેધાધંટુ હોવા છતાં; સંસ્કરણ ક્ષેત્રે 'શૂન્ય' આંક ધરાવતું હોવા છતાં એનો ગાળીઓ ભારતીય પ્રજાના ગળે એવો ભીંસાવાયો છે કે તેનાથી - ક્રોડો સંતાનોના જીવનનો અમૂલ્ય સમય બરબાદ થવા છતાં તે અનિવાર્ય અનિષ્ટ તરીકે પ્રજાની સાથે બરોબર એકરસ થઈ ગયું છે.

આથી તપોવનને એ શિક્ષણ સ્વીકારવું પડ્યું છે. તેના વિના સંસ્કરણનો વેલો ચડવો લગભગ મુશ્કેલ બન્યો છે. છતાં તપોવનના સંચાલકોની એવી ભાવના ખરી કે તેને દૂર કરાય તો સારું.

બાકી આજે તો શિક્ષણ-વિભાગને પણ વધુ ને વધુ સુંદર અને સુદૃઢ કરવાની ફરજ પડી છે.

**આથી જ અહીં :**

**(૧) ધો. પાંચથી અંગ્રેજી વર્ગો ફરજીયાત છે.**

**(૨) ધો. પાંચથી બાળકો અંગ્રેજીમાં ધારાવાહી રૂપે બોલી શકે તે માટેના ખાસ વર્ગો લીંગ્વીસ્ટીક લેંગ્વેજ લેબોરેટરી તથા સ્પોકન ઇંગ્લીશ રાખવામાં આવ્યા છે.**

**(૩) કોમ્પ્યુટરનો વિશિષ્ટ કોર્સ કરાવાય છે. ટૂંક સમયમાં કોમ્પ્યુટર - સેન્ટરો ખોલવામાં આવશે.**

## આઈ. એ. એસ કક્ષાની વિશિષ્ટ તાલીમ

સાબરમતી તપોવનમાં ધો. ૧૧, ૧૨ છે તેમાં 'કોમર્સ' સ્ટ્રીમ રાખવામાં આવી છે વળી ત્યાં કોમ્પ્યુટરનો એકદમ વિશિષ્ટ કોર્સ કરાવાય છે.

ધો. બારમાંથી નીકળેલા તેજસ્વી વિદ્યાર્થીઓને આઇ.એ.એસ. કક્ષાના અધિકારીઓ બનાવવાની તાલીમ ચાલુ થઈ છે. સંભવત : આ તાલીમ દિલ્હી-વિદ્યાલયોમાં આપવામાં આવશે. એવો સ્પષ્ટ ખ્યાલ છે કે જો ધર્મરક્ષા અને રાષ્ટ્રરક્ષા કરવી હશે તો આ તાલીમ પામેલા આપણા માણસો વિના ચાલી શકશે નહિ.

**પણ સબૂર !**

આ બધુ શિક્ષણ તેને જ ફળે જે 'માણસ' હોય. જેને પરંપરાગત મૂલ્યો પ્રત્યે આદર હોય; અને જે પરંપરાગત વ્યવસ્થાઓનો તથા ચાર પુરુષાર્થની અહિંસક સંસ્કૃતિનો કટ્ટર પક્ષપાતી હોય.

આ પાયા વિનાની પેલી ઇમારત તદ્દન નકામી છે. વર્તમાનમાં પ્રજાની જે ખરાબ હાલત થઈ છે તેના મૂળમાં આ ભૂલ છે.

**તપોવનમાં `માણસ' તૈયાર કરાય છે. એ માટે ધર્મના પવિત્ર ક્રિયાકાંડોનું ચુસ્તપણે પાલન કરાય છે.**

વળી રોજની પ્રભુભક્તિ વડે બાળકોને એવા પુણ્યવાન્ અને શુદ્ધિમાન બનાવાય છે. જેથી તેમને દુ:ખો જોવા ન મળે અને દોષોના સેવનથી ભ્રષ્ટ થવું ન પડે. ના, આવી સફળતાઓ હાંસલ કરવાની શક્તિ મેકોલે શિક્ષણમાં ધરાર નથી.

## મંગલવર્ધની દ્વારા ગ્રામપ્રવાસ

તપોવન પાસે મંગલવર્ધની નામની ગાડી છે. તે બધી વ્યવસ્થાઓથી સુસજ્જ છે. આ ગાડી દ્વારા વિવિધ ધોરણોના તપોવની બાળકો ગામડાઓમાં ૮-૮ દિવસનો પ્રવાસ કરે છે. ત્યાં વક્તવ્યો, નૃત્યો, સ્પર્ધાઓ વગેરે અનેક આકર્ષક આયોજનો કરીને પ્રજાના જીવનમાંથી ભૂંસાતા જતાં સુસંસ્કારોને ફરી જાગ્રત કરે છે. સવાલ જવાબોના કાર્યક્રમ દ્વારા તેમની ગેરસમજો દૂર કરે છે. રામાયણ મહાભારતની કથાઓ કહેવા દ્વારા લોકોમાં પરંપરાગત મૂલ્યોની પ્રતિષ્ઠા કરે છે.

## પર્યુષણપર્વ તાલીમ

તપોવની બાળકોને ચૂંટીને પર્યુષણ પર્વની તાલીમ આપવામાં આવે છે. તેવા કુલ ૪૦ થી ૫૦ બાળકો ૩-૩નાં જૂથમાં વહેંચાઈ જઈને ૧૫ જેટલા ક્ષેત્રોમાં જ્યાં મુનિ ભગવંતો વગેરે પહોંચી શક્યા નથી ત્યાં પર્વાધિરાજની આરાધના કરાવવા જાય છે. તેમનું ધાર્મિક વક્તવ્ય કથાઓ ઉપરની પકડ, ક્રિયાઓમાં શુદ્ધિ, વિધિ અંગેનું સંપૂર્ણ જ્ઞાન, તથા વિનય-વિવેક જોઈને ગામેગામના સંઘો સ્તબ્ધ બને છે.

એવું લાગે છે કે તૈયાર થઈને, જીવંત બનીને, દોડવા લાગેલું તપોવનનું આ 'મોડેલ' જો ઠેર ઠેર ઊભું થઈ જાય તો ભારતીય પ્રજાનું જીવન-સ્તર બધી રીતે ઉન્નત થાય.

તપોવનની 'ફી' એટલી બધી ઓછી કે તપોવનોને દર વર્ષે ૯ થી ૧૨ લાખ રૂ. નો તોટો આવે છે. 'કોર્પસ' કરવા દ્વારા-વ્યાજમાંથી ચલાવીને આ તોટામાંથી ઝટ નીકળી જવાનો પ્રયત્ન ચાલુ છે.

**તપોવનના પ્રેરક પં. ચન્દ્રશેખરવિજયજીનું સ્વપ્ન હતું કે તપોવન દ્વારા વિવિધ ક્ષેત્રોમાં વિભૂતિઓ પેદા કરવી.**

દા.ત. (૧) **રાજકીયક્ષેત્રે સુભાષચન્દ્ર બોઝ કે ચન્દ્રશેખર આઝાદ પેદા થાય.**

(૨) **સંસ્કૃતિરક્ષાના ક્ષેત્રે સ્વામી વિવેકાનંદ પ્રગટ થાય.**

(૩) **ધર્મક્ષેત્રે હેમચન્દ્રાચાર્યજી કે ગૂર્જરેશ્વર કુમારપાળ જન્મ પામે.**

આવી આઠ દસ વિભૂતિઓ પેદા થાય તોય ભયોભયો ! આજના વિષમકાળમાં તો આટલુય ઘણું બધું !

હા, તેમને ખબર છે કે આંબાની કલમ વાવનારને આંબાની કેરીઓ ખાવાનું કે જોવાનું સૌભાગ્ય સાંપડતું નથી. પણ તેનો કોઈ વાંધો નથી.

બીજ વાવવાનું; પહેલી ઇંટ મૂકવાનું સૌભાગ્ય પણ અતિ દુર્લભ છે.

ચાલો, આપણે સહુ - તેમના ભક્તો - તેમનું સ્વપ્ન ધરતી ઉપર અવતારીએ. તેમણે આંખો મીંચી દીધી હશે તો સ્વર્ગેથી આપણે મેળવેલા રૂડાં ફળોને તે જોયા કરશે.

## તપોવનો માટે જાણવા જેવું

* **બે ય તપોવનોના દાનને કરમુક્તિ [કલમ ૮૦ જી પ્રમાણે]નો લાભ પ્રાપ્ત છે.**

* **બે ય તપોવનોના કારક અને પ્રેરક પૂજ્યપાદ પં. ચન્દ્રશેખર વિજયજી મહારાજ સાહેબ છે. તેમની દેખરેખ નીચે સંસ્કરણનો યજ્ઞ ચાલે છે.**

## નવસારી-તપોવન

### તપોવન-સંસ્કારધામ

મુ. ધારાગિરિ
પો. કબીલપોર, જિ. નવસારી (ગુજ.)
'વર્ધમાન સંસ્કૃતિધામ' એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૬૩૭) ૫૮૯૫૯, ૫૮૯૨૪.

## સાબરમતી-તપોવન

### તપોવન-સંસ્કારપીઠ

મુ. અમીયાપુર
પો. સુઘડ તા. ચાંદખેડા
જિ. ગાંધીનગર, (ગુજ)
'જીવન જાગૃતિ ટ્રસ્ટ' એ નામથી દાનની રકમ ચેક કે ડ્રાફ્ટ રૂપે મોકલવી.
ફોન (૦૨૭૧૨) ૭૬૨૭૩, ૭૬૩૪૧.

### તપોવન [નવસારી પાસે]માં ચાલતી પાઠશાળાના પંડિતો તૈયાર કરતી

## સંસ્કૃત પાઠશાળા

**છેલ્લા સાત વર્ષથી નવસારી પાસે આવેલા તપોવનમાં ધાર્મિક શિક્ષકોને તૈયાર કરતી પાઠશાળા ચાલે છે.**

**પં. ચન્દ્રશેખરવિજયજી મ. સાહેબના** શિષ્યરત્ન **મુનિશ્રી જિતરક્ષિતવિજયજી** તેના માર્ગદર્શક છે. **શ્રાદ્ધરત્ન અમુલખભાઈ** તથા **સુશ્રાવક ભૂપેન્દ્રભાઈ** મુખ્ય પંડિતો છે. ન્યાય, વ્યાકરણ, પંચસંગ્રહ, છ કર્મગ્રન્થ, બે બુકો, પ્રકરણો, કાવ્યો વગેરે ભણાવાય છે.

જેમની આર્થિક સ્થિતિ અનુકૂળતાભરી નથી.તેમને નિઃશુલ્ક પણ ભણાવાય છે. આજ સુધીમાં પચ્ચીસ જેટલા વિદ્યાર્થીઓ પંડિત બનીને વિવિધ પાઠશાળોમાં ગોઠવાયા છે.

નિવાસની સગવડતા વિશેષ હોવાથી જૈનસંઘને આમન્ત્રણ છે કે તે વધુ વિદ્યાર્થીઓને મોકલે.

**દાનવીર સુશ્રાવકોને વિનંતિ છે કે તેઓ પોતાનું વિશિષ્ટ ઔદાર્ય દાખવે.**